# શ્રીદત્તપ્રબોધ

## ભાગ-૧





# પરમ ભાગવત શ્રી અનંતસુત વિઠ્ઠલ ઉર્ફે
# કાવડીબુવા

# શ્રીદત્તપ્રબોધ

## ભાગ-૧



ભાગ-૧ - ભાગ-૨ - ભાગ-૩ની

કુલ કિંમત : ૧૬૦

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ

નારેશ્વર

## પરમ ભાગવત શ્રી અનંતસુત વિઠ્ઠલ ઉર્ફ કાવડીબુવા વિરચિત

# શ્રીદત્તપ્રબોધ (ગુજરાતી ગદ્યાંતર)

## (મૂળ મરાઠી ગદ્ય ઉપરથી)

---


મરાઠી ગદ્યાનુવાદ : શ્રી વિષ્ણુપંત મોરેશ્વર પૂજારી

ગુજરાતી ભાષાંતરકર્તા : શ્રી વાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર

પ્રકાશક : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર.

ગ્રાફિક્સ : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય

'રાહ-રંગપ્રેમની', આણંદ-૩૮૮ ૦૦૧

મોઃ ૯૮૨૫૨ ૯૪૦૦૪

www.rrpnwebsol.com

આવૃત્તિ : પ્રથમ

સોમવાર, કારતક વદ અમાસ,

તા. ૨-૧૨-૨૦૧૩


પૂ.શ્રી રંગ અવધૂત મહારાજની પુણ્યતિથિ

**૧ સેટ (૧ થી ૩ ભાગ)**

# પ્રકાશકનું નિવેદન

મુ. ધીરુભાઈ જ્યારે દત્તાત્રેય વિષે પીએચ.ડી. માટે સંશોધન કરતા હતા ત્યારે શ્રીદત્તપ્રબોધ ગ્રંથ દુર્લભ હતો. તપાસ કરતાં એમના એક સદ્ભક્તને ત્યાં હતો. તેમણે તેમને એક એક અધ્યાય લઈ જઈ વાંચી પરત કરી તે પછીનો અધ્યાય આપવાની શરત મૂકી હતી. એટલો એ દુર્લભ હતો અને એમના ભક્તો માટે તો પ્રાણપ્રિય હતો.

એ ગ્રંથ આજે ગુજરાતીમાં છપાઈને બહાર પાડવામાં શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર નિમિત્ત બને છે તેનો અતિ આનંદ છે.

આ ગ્રંથનું મરાઠી ભાષાંતર પહેલાં ડોંબીવલીથી શ્રી ઝૂરળેજી દ્વારા પ્રગટ થયું હતું તેનું જ ગુજરાતી, મરાઠીમાંથી ગુર્જર ભાષામાં અનુવાદની હથોટી ધરાવનાર પૂ.શ્રીના અનન્ય ભક્ત એવા શ્રી વાસુદેવભાઈ નંદુરબારકરે કરી આપ્યું તે બદલ એમનો આભાર. વળી નારેશ્વર તરફથી દાતાને પણ તે નારેશ્વર છાપશે એમ આશ્વસ્ત કર્યા તેવા વિશ્વાસ બદલ પણ ટ્રસ્ટ તેમનું ઋણી રહેશે.

દાતા જે અનામી રહેવા માગે છે તેમના ઉપર પૂ.શ્રીના અમોઘ આશીર્વાદની વર્ષા હો એવી શુભેચ્છા સહ મૂક આભાર!

ગ્રંથ મોટો હોવાથી એના ત્રણ વિભાગો કર્યા છે તેથી ગ્રંથ ખરીદનારે એ બધા જ વિભાગો સાથે ખરીદવાના રહેશે જેથી હિસાબી કામકાજમાં સરળતા રહે. તે માટે પણ એ સૌનો અગાઉથી જ આભાર!!

પૂ.શ્રીના ચરણોમાં સા.દ. પ્રણામ!!!

પ્રકાશક

# મરાઠી ગદ્યરૂપાંતર

## આમુખ

॥ શ્રીગણેશદત્ત ગુરુભ્યો નમઃ ॥

ભગવાન શ્રી દત્તાત્રેય, રાજરાજેશ્વરી કરવીરનિવાસિની શ્રી જગદંબાની જ કૃપાથી નિર્માણ પામેલો ગ્રંથરાજ શ્રીદત્તપ્રબોધ (પરમ ભાગવત શ્રી કાવડીબુવા વિરચિત)ના ગ્રંથનો મરાઠી ગદ્યાનુવાદ શ્રીદત્તભક્તોને ઉપાસના અર્થે અર્પણ કરીએ છીએ. શ્રીદત્તપ્રબોધ મૂળ ગ્રંથની મરાઠી ઓંવી છંદમાં શ્રી વિઠ્ઠલ અનંત પિંપળગાંવકર ઉર્ફે કાવડીબુવાએ ઈ.સ. ૧૮૬૦માં રચના કરી. પ્રસ્તુત ગ્રંથના કુલ ૬૧ અધ્યાય અને ઓંવી સંખ્યા આશરે ૧૪૫૦૦ છે. આ ગ્રંથ શ્રી કાવડીબુવા સમાધિસ્થ થયા પછી ૪૦ વર્ષે પ્રસિદ્ધ થયો. (ત્યાં સુધી તેની લખીને પ્રત કઢાતી હશે તેમ માનવું રહ્યું.)

પ્રથમ આવૃત્તિ ખલાસ થયા પછી ૫૦-૬૦ વર્ષોથી ગ્રંથ દુર્લભ થયો અને દત્તભક્તો તે ગ્રંથના લાભથી વંચિત રહ્યા. આ ગ્રંથ ભાવિક ભક્તો માટે જાણે દત્ત સંપ્રદાયનો એક કોષ જ છે. કારણ સ્પષ્ટ છે કે આ ગ્રંથમાં શ્રી કાવડીબુવાએ સાધકોને ઉપયોગી પારમાર્થિક વિષયોની છણાવટ સુંદર રીતે કરી છે. પ્રમુખતઃ જ્ઞાન, કર્મ અને ઉપાસનાનું ઉદાહરણ સાથે સીધી સાદી ભાષામાં વિવેચન કર્યું છે. તેમ છતાં આ ગ્રંથની ભાષા ૧૫૦ વર્ષ જૂની હોઈ તેનું મરાઠી ગદ્યરૂપાંતર નૃસિંહવાડીના ગુરુભકત શ્રી વિષ્ણુપંત પૂજારીએ કર્યું છે જેથી સર્વ ભક્તોને તે જ્ઞાન સુલભ થાય.

અત્યાર સુધી શ્રી નૃસિંહસરસ્વતી સેવા મંડળે આ દિવ્ય ગ્રંથની કુલ છ આવૃત્તિઓ પ્રકાશિત કરી છે અને શ્રી દત્તાત્રેય વિશે અપ્રગટ

વાઙ્મય નવેસરથી પ્રસિદ્ધ કરી સાધકોને ઉપલબ્ધ કરાવ્યું છે. આ ગ્રંથ માટે અનેક ભક્તોએ વિવિધ પ્રકારની સેવા અર્પણ કરી છે. તેમના નામનો ઉલ્લેખ ન કરતાં તે સર્વ ભક્તોને સર્વત્ર વિજય મળે, તેમના સર્વ દુઃખોનું નિવારણ થાય અને કલ્યાણદાયિની ઈશ્વરકૃપા તેમને પ્રાપ્ત થાય તેવી દત્તભગવાનના ચરણે પ્રાર્થના કરીએ છીએ.

આ ગ્રંથના મુદ્રણ અંગેનું કામ એક સદ્ભક્ત શ્રી સુરેશ આબાજી પંગેરકર અને તેમના સહકાર્યકરોએ અત્યંત પરિશ્રમપૂર્વક પૂર્ણ કર્યું છે. અમે તેમના ઋણી છીએ. આ ગ્રંથને વાંચ્યા પછી વાચકોને મૂળ ગ્રંથ વાંચવાની જિજ્ઞાસા થશે અને તે જિજ્ઞાસા ઈશ્વર તેમની પૂર્ણ કરશે તે માટે લેશમાત્ર શંકા નથી.

સાધકોએ આ ગ્રંથ નિત્ય વાંચન માટે રાખવો. આ ગ્રંથમાં ભગવાન દત્તાત્રેય વિશે વિસ્તૃત માહિતી, ઉપાસનાનાં વિવિધ અંગો, ભક્તિમાં ગુરુનું અસાધારણ મહત્ત્વ, સાધકનું કર્તવ્ય આમ વિવિધ વિષયોની માહિતી આપેલી છે. આ ગ્રંથનું અવલોકન ફક્ત દત્ત વિચારધારાના ઉપાસકોને જ નહીં પરંતુ બીજા સંપ્રદાયના લોકોને પણ માર્ગદર્શકની ગરજ સારશે અને જ્ઞાન પ્રાપ્ત કરાવશે.

છેવટે સર્વ ભાવિક ભક્તોએ આ ગ્રંથનું નિત્ય પઠન કરવું તેવી ઈચ્છા પ્રગટ કરી ભગવાન શ્રી દત્તાત્રેય અને કરવીર (કોલ્હાપુર) નિવાસિની શ્રી જગદંબાના ચરણે આ વાઙ્મયી સેવા અર્પણ કરું છું.

વ. ન. ઝૂરળે

શ્રી નૃસિંહ સેવા મંડળ, ડોંબીવલી.

❀ ❀ ❀

# ગ્રંથ રચનાકાર શ્રી કાવડીબુવાનો પરિચય

જન્મઃ તા. ૧૧-૪-૧૭૯૭ સમાધિઃ તા. ૨૪-૬-૧૮૬૩

પિંપળગાવ, મહારાષ્ટ્ર. વડોદરા.

શ્રીદત્તપ્રબોધ ગ્રંથના રચનાકાર શ્રી કાવડીબુવાનો જન્મ તા. ૧૧-૦૪-૧૭૯૭ના દિવસે ચૈત્ર મહિનાની પૂર્ણિમાને દિવસે (હનુમાન જયંતી) સવારે ૧૦:૩૦ વાગે થયો હતો. તેઓનો જન્મ મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના પારનેર તાલુકાના પિંપળગાંવ નામના ગામમાં થયો હતો. તેમનું ગોત્ર ભારદ્વાજ હતું. વંશ પરંપરાથી તેઓ વતનના કુલકર્ણી (તલાટી) હતા. કીર્તન અને પુરાણકથનની પરંપરા પણ તેમના વંશમાં ઘણા સમયથી ચાલુ હતી. તેમના ઉપાસ્ય દૈવત વિઠ્ઠલ અને તેમનો સંપ્રદાય આનંદ હતા. જીવનના ઉત્તરાર્ધમાં તેમણે તેમનાં માતા-પિતાને કાવડમાં ચાત્રા કરાવી પછી ગુજરાતના વડોદરા શહેરમાં સ્થિર થયા હતા.

શ્રી કાવડીબુવાની અટક પિંપળગાંવકર હતી. પરંતુ શ્રવણની જેમ તેમણે માતાપિતાને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવી હતી આથી તેઓ કાવડી બુવા તરીકે પ્રસિદ્ધ થયા. તેમનો જન્મ દત્ત સંપ્રદાયના સંત શ્રી નિરંજન રઘુનાથના આશીર્વાદથી થયો હતો. તેમના પ્રપિતામહ પંઢરપુરની વારી કરી ત્યાં કીર્તન કરતા. તે સમયે સ્વયં શ્રી વિઠ્ઠલ ભગવાન પક્ષીનું રૂપ લઈ હાથમાં મોરપીંછનો પંખો તેમને નાંખતા.

એક વખત કારમો દુકાળ પડ્યો ત્યારે તેમણે પોતાના કોઠારો લોકો માટે ખુલ્લા કર્યા અને સરકારી ગોદામો પણ ખોલી નાંખ્યાં. સરકારી તપાસ થઈ અને અંગ્રેજ અમલદારે જયારે જાણ્યું કે

કાવડીબુવાએ પોતાના સર્વ કોઠારો લૂંટાવીને પછી સરકારી ગોદામો લોકો માટે ખોલી નાંખ્યા. લોકો પ્રત્યેની કરુણા જોઈ તે કાવડીબુવા પર ખુશ થયો.

તેમના પિતાની પંચોતેરમી જયંતી ઉજવ્યા પછી પિતાએ પ્રસ્તાવ મૂક્યો કે કાવડમાં બેસાડી તું અમને યાત્રા કરાવ. કાવડીબુવાએ સહર્ષ સંમતિ આપી અને નામસપ્તાહની ઉજવણી પછી તેઓ તીર્થયાત્રાએ નીકળ્યા. તેમના પિતા સાથે નિત્ય સત્સંગ થતો. પિતા શ્રી અનંતરાયે તેમને તે સત્સંગ લખી લેવા જણાવ્યું. યાત્રાના સમયપત્રકમાં તે શરૂ ન થયું. તેઓ નૃસિંહવાડી ગયા તો શ્રી અક્કલકોટ મહારાજનાં તેમને દર્શન થયાં અને તેમણે પણ ગ્રંથ લખવા આજ્ઞા કરી.

ગાલવક્ષેત્રે કાવડીબુવાનું આગમન થયું. અહીં ગાલવ મુનિનો આશ્રમ હતો. દત્તજયંતીનો ઉત્સવ આવ્યો. જે કીર્તનકારને આમંત્રણ આપ્યું હતું તે આવી ન શક્યા. આથી ગ્રામજનોએ કાવડીબુવાને જન્મ આખ્યાન કહેવા વિનંતી કરી. શ્રી કાવડીબુવાએ પ્રથમ ના કહી પરંતુ બીજી વ્યવસ્થા શક્ય ન હોવાથી તેમણે તે આમંત્રણ સ્વીકાર્યું. દત્તજન્મનું આખ્યાન સર્વ શ્રોતાઓને ગમ્યું. દત્ત ભગવાનને પણ ગમ્યું. રાત્રે સ્વપ્નમાં દત્ત ભગવાને બ્રાહ્મણ સ્વરૂપે દર્શન આપી આજ્ઞા કરી કે ગ્રંથની રચના કર. હું તને સર્વ રીતે સહાય કરીશ. શ્રી કાવડીબુવા ધ્યાન અને આત્મચિંતનમાં જ મગ્ન રહેતા. આથી પ્રવચન કે આખ્યાન જેવી બહિર્મુખ પ્રવૃત્તિથી તેઓ દૂર રહેતા. પરમેશ્વરને પણ તેવા જ જ્ઞાનોત્તર ભક્તિ ધરાવતા ભક્ત દ્વારા ચરિત્રલેખન કરાવવું યોગ્ય લાગ્યું.

પ્રવાસ દરમ્યાન ફરી શ્રીદત્ત તેમને બ્રાહ્મણવેશે મળ્યા અને ગ્રંથરચનાની યાદ અપાવી. યાત્રા દરમ્યાન તેમની માતાનો દેહાંત ગયાક્ષેત્રમાં થયો. માતાના પલ્લામાં વિઠ્ઠલ ભગવાનની મૂર્તિ પધરાવી.

પિતા અનંતરાયે કાશીમાં સંન્યાસ લીધો અને ત્યાં જ દેહત્યાગ કર્યો. પિતાનું સંન્યાસાશ્રમનું નામ અનંતાનંદ સરસ્વતી રાખવામાં આવ્યું. તેમણે પણ નિત્ય આધ્યાત્મિક સત્સંગ થતો તેને ગ્રંથ સ્વરૂપે લખવા આજ્ઞા કરી.

કાવડીબુવાને ગણેશ ભગવાનનો તાંબુલપ્રસાદ મળ્યો અને ગ્રંથ નિર્વિઘ્ને પૂરો થશે તેમ વરદાન આપ્યું. ગ્રંથ માટે તેમણે નારદપુરાણનો આધાર લીધો. કર્મ-વેદાંત-પુરાણનો યોગ્ય સમન્વય કરી શ્રીદત્ત અને તેમના ઉપદેશને વિષય બનાવી ઉજ્જૈનમાં ગ્રંથ લખવાનો પ્રારંભ કર્યો. શ્રી દત્ત ભગવાને અનસૂયા માતાને જે ઉપદેશ કર્યો હતો તે ગ્રંથમાં ગ્રથિત કરેલો હોવાથી ગ્રંથનું નામ શ્રીદત્તપ્રબોધ રાખ્યું. તેના ૪૦ અધ્યાય ઉજ્જૈનમાં લખાયા. તે પછી તેમને કોઈ પ્રેરણા ના થઈ. આથી ગ્રંથનો આધાર નારદપુરાણની પ્રધાન દેવતા શ્રીકૃષ્ણની દ્વારકા નગરીની યાત્રા કરવાનું નક્કી કર્યું.

દ્વારકામાં કાવડીબુવાને દર્શન કરતાં જ ભાવસમાધિ લાગી અને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. છતાં આગળનો ગ્રંથ લખવા કોઈ પ્રેરણા ના થઈ. બીજા દિવસે તેમણે ફરી પ્રાર્થના કરી. આથી દ્વારકાધીશે તેમના બીજા સ્વરૂપનાં દર્શન કરવા ડાકોર જવા આજ્ઞા કરી. ડાકોરમાં પણ તેમને ભાવસમાધિ લાગી અને ડાકોરનાથે તેમને આજ્ઞા કરી કે ધર્મપુરી વડોદરામાં વસવાટ કરો અને ત્યાં જ ગ્રંથનું લેખન પૂર્ણ થશે. બાકીના ૨૧ અધ્યાય વડોદરામાં લખાયા.

આ ગ્રંથ ઉપર તેઓ વડોદરામાં પ્રવચન કરતા. અનેક ભક્તોએ આ ગ્રંથ હાથથી લખી લીધો. તા. ૨૩-૩-૧૮૬૦ના રોજ ગ્રંથ લખાઈ ગયો. ગ્રંથની પૂજા કરી તેની શોભાયાત્રા કાઢવામાં આવી.

શ્રી કાવડીબુવાએ વડોદરામાં ભજનમંડળોની સ્થાપના કરી. તેમણે વેદ પાઠશાળાનું પણ સંચાલન કર્યું. એક ભક્તે તેમને

શ્રીરામમંદિર બાંધી આપ્યું. આ મંદિર વડોદરામાં માંડવીથી ગેંડીગેટ દરવાજા તરફ જતાં આવે છે. મંદિરમાં નિત્ય પુરાણ અને વેદપારાયણ થતાં. તા. ૨૪-૬-૧૮૬૩, અષાઢ સુદ ૮, બુધવાર, શક ૧૭૮૫ના રોજ તેઓ નિર્વાણ પામ્યા. તેમણે અનેક લોકોનાં દુઃખ દૂર કર્યાં અને મનોકામના પૂરી કરી. જ્ઞાનપ્રબોધનું કાર્ય તેમનું મુખ્ય કર્તવ્ય હતું.

તેમણે જે કાવડમાં બેસાડી માતા-પિતાને યાત્રા કરાવી હતી તે કાવડ વડોદરામાં ગેંડીગેટ રોડ પરના મંદિરમાં દર્શન માટે હજુ પણ વિદ્યમાન છે. ભક્તો તેનાં દર્શન કરી ભાવવિભોર થાય છે.

શ્રીગુરુદેવ દત્ત.

❁ ❁ ❁

# શ્રીદત્તપ્રબોધ- ગુજરાતી ભાષાંતરકારના બે બોલ

॥ શ્રીગણેશદત્ત ગુરુભ્યો નમઃ ॥

બે વર્ષ પહેલાં શ્રી કાવડીબુવાનું ચરિત્ર અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયું. તે ચરિત્રમાં છેલ્લું પ્રકરણ તેમણે લખેલા ગ્રંથ શ્રીદત્તપ્રબોધ વિશે હતું. તે ચરિત્ર વાંચન કરી ઘણા વાચકોએ આ ગ્રંથ પણ પ્રગટ થાય તેમ ઈચ્છા વ્યક્ત કરી. ગ્રંથ બૃહદ્ હોઈ ખાસ્સી વિચારણા માંગી લે તેમ હતું. તેમાં શ્રી રંગ અવધૂત (પૂ.બાપજી-નારેશ્વર) ફાઉન્ડેશન, મુંબઈએ સક્રિય સહયોગ આપવાથી આ પ્રકાશન કરવું સહજ બન્યું છે.

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ એ આધ્યાત્મિક વિચારધારાને પુષ્ટ કરવા અનેક પ્રકાશનો પ્રસિદ્ધ કરે છે. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મુ.ડૉ. શ્રી ધીરુભાઈ શિવપ્રસાદ જોષીએ જહેમત ઊઠાવી પ્રૂફો સુધારવાની કામગીરી ઉપાડી લીધી. ગ્રાફિક્સ માટે આણંદના શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય તથા શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાયનો તેમના યોગદાન બદલ આભાર માનું છું.

શ્રી નૃસિંહસરસ્વતી સેવા મંડળ, અ-૫, જયજય શ્રીરામ સહનિવાસ, રાજાજી પથ, ડોંબીવલી-પૂર્વ, જી. ઠાણે, પીન-૪૨૧૨૦૧ના શ્રી અવિનાશ ઝૂરળેએ શ્રીદત્તપ્રબોધ મરાઠી ગદ્યરૂપાંતરનું ગુજરાતી ગદ્યરૂપાંતર માટે સહર્ષ સંમતિ આપી તેથી તેમનો પણ આભાર માનું છું. આ ગ્રંથના પ્રકાશન માટે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ જેમણે પણ શુભેચ્છા વ્યક્ત કરી છે અને આંશિક યોગદાન આપ્યું છે તે સર્વનો અંતઃકરણપૂર્વક આભાર.

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ તથા ભગવતી રુકમામ્બાના ચરણે દંડવત્ પ્રણામ કરી વિરમું છું.

વાચકોના પ્રતિભાવ આવશે તો ભાષાંતરકારને ગમશે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના સમાધિ શતાબ્દી વર્ષમાં આ ગ્રંથ પ્રકાશિત થાય છે તેનો વિશેષ આનંદ! મારા માતાપિતાને યાદ કરી સર્વને ગુરુદેવ દત્ત.

ફ્લેટ જી-૭, સેક્ટર ૮-એ,
નિર્ણયનગર, ચાંદલોડિયા,
અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોનઃ (૦૭૯)૨૭૬૨૩૨૩૭
મોઃ ૯૧૩૭૪૬૦૧૯૭

સંતચરણરજ,
વાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર

❁❁❁

# આરતી નિંબરાજની (શ્રી કાવડીબુવાના પૂર્વજ)

આરતી નિંબરાજા। જયા સિદ્ધ સહજા।
મી તૂં પણ માવળલે। બ્રહ્મ દેખણે વોજા ॥ ૧ ॥
સ્વરૂપી ભેદ નાહી। સ્થૂળ સૂક્ષ્મ પાહી।
યા પરી વિચરતો। સર્વ દેખણે તેહી ॥ ૨ ॥
નિર્ગુણરૂપ આહે। સગુણરૂપ કાજા।
યજે વોની લવ લાહે। ભક્ત તારિલે વોજા ॥ ૩ ॥

(૨)

આરતી નિંબરાજા। ગુણાતીત ગુણાલયા।
ભાવે તુજ ઓવાળિતો। કેલી કુરવંડી કાયા ॥ ૧ ॥
સર્વાત્મક તુંચી હોસી। જ્ઞાનઘન ગાવિલાસી।
અદ્વય અભેદ તૂં। કૃપે દીના ઉદ્ધરસી ॥ ૨ ॥
અનંતસુત આળવિતો। તુમ્હાં સર્વત્ર લક્ષિતો।
સચ્ચિદ્ઘન આત્મતત્વી। લાભ અલભ્ય લાભતો ॥ ૩ ॥

❁❁❁

# પિતાશ્રી અનંતરાય સદ્‌ગુરુની આરતી

આરતી અનંતરાયા । સ્વામી સદ્‌ગુરુ સદયા ।
નમીતસે તવ પાયા । 'સુત' કુરવંડુનિ કાયા ॥ ધ્રુ ॥
હોતા પર્જન્યવૃષ્ટી । જીવ ઝાલા બહુ કષ્ટી ।
પાંડુરંગે રક્ષિયેલે । પ્રાર્થુનિ ત્વાં કેલા કાલા ॥ ૧ ॥
ઠેવૂની વરદ હસ્ત । યાત્રા ઘડવિલી સમસ્ત ।
ઘેઈ પ્રયાગી સંન્યાસ । 'સુત' ચરણી સેવેસ ॥ ૨ ॥
ક્ષેત્ર ગાલવસ્થાની । વિપ્રવેશેં ત્વાં યેવુનિ ।
આજ્ઞાપિલે લેખનાસી । સાહ્ય હોવૂન મી તૂંશી ॥ ૩ ॥
વિશ્વાસોની વચનાસી । ઈંદ્રપુરી આરંભિલા ।
ગ્રંથ દત્તપ્રબોધાસી । દત્તે સદયે બોલવિલા ॥ ૪ ॥
એકસષ્ટ અધ્યાયાંત । ગ્રંથ વદવિલા સમસ્ત ।
દત્તચરણાંતે અર્પિત । 'સુત' અનંતરાયા ॥ ૫ ॥
કરિતા પઠણ ઔદુંબરી । દત્તાત્રેયા કૃપા કરી ।
નિરસોની ભવરોગા । પાવે સત્વર ઉપાયા ॥ ૬ ॥
અનંત શ્રી સદ્‌ગુરુપિતા । નામે રાધિકામાતા ।
વિઠ્ઠલ વિનવિતસે । કૃપાદાન દે 'સુતા' યા ॥ ૭ ॥

❁ ❁ ❁

## ॥ શ્રી ગુરુપરંપરા ॥

આદિનાથ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
બ્રહ્મદેવ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
અત્રિનાથ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
દત્તાત્રેય ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
જનાર્દન ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
એકનાથ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
નરહરી ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
નિંબરાજ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
જયરામ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
શિવરામ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
નારાયણ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
અનંત ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
વિઠુરાજ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
ગોપાળ ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥
શંકર ગુરુ માઝે આઈ । મજલા ઠાવ ધાવા પાચીં ॥

❁❁❁

## શ્રીદત્તપ્રબોધ સપ્તાહ પારાયણ અને પંદર દિવસના પારાયણનો વિધિઃ

શ્રીદત્તપ્રબોધ ગ્રંથ ભગવાન દત્તાત્રેયની પ્રેરણાથી લખાએલો હોવાથી તેનું નિત્ય વાંચન ભક્તોને ઉપયોગી ઠરશે. પારાયણ થકી દત્ત ભગવાનની કૃપા થયા વગર રહેશે નહીં. આવું વરદાન સ્વયં દત્ત ભગવાને આ ગ્રંથને આપ્યું છે. તેનું સપ્તાહ તેમજ પંદર દિવસનું પારાયણ થઈ શકે છે.

વિધિઃ માતાપિતા, કુળદેવતા તેમજ ગુરુનું સ્મરણ કરી પારાયણની શરૂઆત કરવી. એક આસન, એક સ્થળ રાખવું. ગ્રંથ માટે રંગોળી પૂરી ઘીનો દીવો રાખવો. ફલાહાર, બ્રહ્મચર્ય ઇત્યાદિ નિયમો પાળવા. ગ્રંથનું રોજ પુષ્પથી પૂજન કરવું. સમાપ્તિ સમયે આરતી કરી પ્રસાદ ધરાવવો. બ્રાહ્મણ, સુવાસિની, કુમારિકાને ભોજન કરાવવું અથવા મંદિરમાં સિધુ આપવું.

### સપ્તાહ પારાયણ

| દિવસ | અધ્યાય | ઓંવી |
|---|---|---|
| ૧ | ૧ થી ૯ | ૨૦૯૭ |
| ૨ | ૧૦ થી ૧૯ | ૨૦૬૦ |
| ૩ | ૨૦ થી ૨૯ | ૧૯૫૯ |
| ૪ | ૩૦ થી ૪૦ | ૨૦૫૯ |
| ૫ | ૪૧ થી ૪૮ | ૨૦૦૯ |
| ૬ | ૪૯ થી ૫૫ | ૨૦૯૩ |
| ૭ | ૫૬ થી ૬૧ | ૧૯૫૯ |

# પંદર દિવસનું પારાયણ

| દિવસ | અધ્યાય | ઓંવી |
|---|---|---|
| ૧ | ૧ થી ૪ | ૧૦૬૬ |
| ૨ | ૫ થી ૯ | ૧૦૩૧ |
| ૩ | ૧૦ થી ૧૪ | ૧૦૪૦ |
| ૪ | ૧૫ થી ૧૯ | ૧૦૨૦ |
| ૫ | ૨૦ થી ૨૪ | ૯૨૮ |
| ૬ | ૨૫ થી ૨૯ | ૧૦૩૧ |
| ૭ | ૩૦ થી ૩૫ | ૧૦૨૮ |
| ૮ | ૩૬ થી ૪૦ | ૧૦૩૧ |
| ૯ | ૪૧ થી ૪૪ | ૯૩૯ |
| ૧૦ | ૪૫ થી ૪૮ | ૧૦૭૦ |
| ૧૧ | ૪૯ થી ૫૧ | ૮૧૯ |
| ૧૨ | ૫૨ થી ૫૪ | ૯૮૭ |
| ૧૩ | ૫૫ થી ૫૭ | ૯૭૩ |
| ૧૪ | ૫૮ થી ૫૯ | ૬૪૫ |
| ૧૫ | ૬૦ થી ૬૧ | ૬૨૮ |
| | | ૧૪,૨૩૬ |

નોંધઃ જે ભક્તોને નોકરી-ધંધાને લીધે સવારે વાંચનનો સમય ન મળે તો સાંજે હાથ-પગ ધોઈ નિત્ય આ ગ્રંથનું વાંચન કરશે તો પણ દત્તપ્રભુ કૃપા કરશે.

❁ ❁ ❁

## અનુક્રમણિકા


| અધ્યાય નં. | વિવેચન | પાન નં. |
|---|---|---|
| | **-: ભાગ-૧ :-** | |
| ૧ | મંગલાચરણ, ગણેશ, સરસ્વતી, ગુરુ, માતાપિતા, સંતો, શ્રોતાઓને વંદન અને સ્તવન. | ૧ |
| ૨ | શ્રીદત્તની પ્રાર્થના, અનસૂયાના ષડ્ઐશ્વર્યગુણોનું વર્ણન અને પતિવ્રતાનું આખ્યાન. | ૧૧ |
| ૩ | અત્રિ આશ્રમમાં નારદમુનિનું આગમન. ત્યાંનું વૃત્ત બ્રહ્મલોક, સત્યલોક અને કૈલાસમાં કથન કર્યું. તેથી પૃથ્વીલોકની સતીનો મહિમા જાણી રમા, ઉમા અને સાવિત્રીને આવેલો દ્વેષયુક્ત ક્રોધ. | ૨૩ |
| ૪ | બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, પત્નીઓના કહેવાથી સિંહાચલમાં આવ્યા. અનસૂયાએ ત્રિદેવને બાળક બનાવ્યા. | ૩૨ |
| ૫ | નારદનું સ્વર્ગમાં ગમન. ઉમા, રમા, સાવિત્રી સાથે વાર્તાલાપ. શક્તિત્રયે નારદને દેવતાઓની શોધમાં મોકલ્યા. | ૪૨ |
| ૬ | નારદ શક્તિત્રયને સમજાવી સિંહાચલમાં લઈ આવ્યા. ત્રિદેવનાં બાળસ્વરૂપો બતાવ્યાં અને બાળસ્વરૂપમાંથી દેવો પૂર્વવત્ બન્યા. | ૫૧ |

| અધ્યાય નં. | વિવેચન | પાન નં. |
|---|---|---|
| ૭ | અનસૂયાને દેવો દ્વારા વરપ્રાપ્તિ અને દેવો પોતપોતાના સ્થળે ગયા. | ૬૮ |
| ૮ | વિષ્ણુ ભગવાન દેવતાઓને વૈકુંઠમાં લઈ જાય છે. અનસૂયા ગર્ભવતી થઈ. દુર્વાસાનો જન્મ. | ૭૬ |
| ૯ | શ્રી અવધૂતનું જન્મકથન. સર્વ સુરવરોનું આગમન, તેમણે કરેલું અવધૂતનું સ્તવન અને ત્યાંથી લીધેલી વિદાય. | ૮૬ |
| ૧૦ | શ્રીદત્તનું નામકરણ, ફરીથી ગર્ભવતી થએલી અનસૂયા અને ચંદ્રનો જન્મ. | ૯૨ |
| ૧૧ | બાળલીલાનું વર્ણન, વ્રતબંધ યાત્રા જવા માટે સંવાદ. | ૯૮ |
| ૧૨-૧૩ | યાત્રાનું વર્ણન. | ૧૦૯ |
| ૧૪ | યાત્રાથી પુનરાગમન. દેવતાઓ સાથે મિલન, માતા-પિતા, ઋષિઓને થએલો આનંદ. | ૧૩૩ |
| ૧૫ | જ્ઞાન ઉપદેશ, સેવાભક્તિ વિવરણ. | ૧૪૧ |
| ૧૬ | શ્રીદત્તને વિવાહ માટે માતાપિતાનો આગ્રહ. જ્ઞાનબોધથી તે વિચારનો અસ્વીકાર. ચંદ્રને ગૃહસ્થાશ્રમી બનાવ્યો. | ૧૫૩ |
| ૧૭-૨૦ | શ્રીદત્તે અનસૂયા માતાને ચોવીસ ગુરુ વિશે વિવેચન કર્યું. | ૧૬૬ |
| ૨૧ | અનસૂયાએ પૂછેલા આધ્યાત્મિક પ્રશ્નોના જવાબ શ્રીદત્તે આપ્યા. મૂળમાંથી પંચભૂત ઉત્પત્તિ ઇત્યાદિનું વિવરણ. | ૨૧૦ |

| અધ્યાય નં. | વિવેચન | પાન નં. |
|---|---|---|
| ૨૨ | પચ્ચીસ તત્ત્વ નિરૂપણ. | ૨૧૪ |
| ૨૩ | યદુ, સહસ્રાર્જુન અને પરશુરામ કથાનું નિરૂપણ. | ૨૨૧ |
| ૨૪ | પિંડે- તે બ્રહ્માંડે વિશે વિવેચન. | ૨૩૦ |
| ૨૫ | નરદેહમાં સ્થિત વિવિધ દ્વીપ, ખંડ, મેરુ, પાતાળ અને તત્ત્વનું નિરૂપણ. | ૨૩૮ |
| ૨૬ | ષટ્ચક્રનું ભેદન, અજપાજપનું વિવરણ, માત્રાનું વિવરણ. | ૨૪૯ |
| | -: ભાગ-૨ :- | |
| ૨૭-૩૨ | અનસૂયા માતાએ પૂછેલા ચાલીસ પ્રશ્નોના ઉત્તરો. | ૨૫૯ |
| ૩૩ | અનસૂયાને થએલો અનુતાપ, સદ્ગુરુને શરણે જવું અને પ્રસાદપ્રાપ્તિ. | ૩૨૧ |
| ૩૪ | પ્રસાદપ્રાપ્તિનું વર્ણન. | ૩૩૬ |
| ૩૫ | શુકસનકાદિક ઋષિઓનું સિંહાદ્રિ પર દત્તદર્શન માટે આગમન. પ્રશ્નોત્તરથી થએલો સર્વને આનંદ. | ૩૪૬ |
| ૩૬ | દત્તાત્રેયનું ગિરનાર પર્વત પર આગમન, ગોરક્ષનાથનું જન્મકથન. | ૩૫૭ |
| ૩૭ | ગોરક્ષે કરેલી ગુરુસેવા. ચર્પટનાથનો અંગીકાર. ગોરક્ષને યોગાસન પર આરૂઢ કર્યો. | ૩૬૯ |
| ૩૮ | મચ્છિંદ્રનું મલ્યાળ દેશમાં આગમન. ગોરક્ષ અને કાનિફનું મિલન. | ૩૮૩ |
| ૩૯ | ગોરક્ષનું મલ્યાણ દેશમાં ગમન. મચ્છિંદ્રની સ્ત્રીરાજ્યમાંથી કરેલી મુક્તિ. | ૩૯૨ |

| અધ્યાય નં. | વિવેચન | પાન નં. |
|---|---|---|
| ૪૦ | મચ્છિંદ્રને થએલો લોભ. તેનું ગોરક્ષ દ્વારા નિવારણ. અવંતી (ઉજ્જૈન)માં આગમન. | ૪૧૦ |
| ૪૧ | ભર્તૃહરિ આખ્યાન. | ૪૨૩ |
| ૪૨ | ભર્તૃહરિને થએલો અનુતાપ. | ૪૪૦ |
| ૪૩ | ભર્તૃહરિને મળેલી યોગસિદ્ધિ. | ૪૫૪ |
| ૪૪ | ગોરક્ષ-મચ્છિંદ્રનું અવંતીથી નિર્ગમન, પશ્ચિમ પ્રદેશમાં આગમન. શ્રીદત્ત-ગોરક્ષનું મિલન, વાદ-વિવાદનો પ્રારંભ. | ૪૭૩ |
| ૪૫ | ગોરક્ષ-દત્ત વાદ-વિવાદ. | ૪૮૮ |
| ૪૬ | જ્ઞાનપ્રબોધ. | ૫૦૨ |
| ૪૭ | સંતાકૂકડીની રમત. ગોરક્ષનું અદશ્ય થવું. | ૫૨૩ |
| ૪૮ | ગોરક્ષને થએલો અનુતાપ. શ્રી દત્તાત્રેયનું પ્રગટ થવું. દેવ અને યોગીઓને થએલો આનંદ. | ૫૪૦ |
| ૪૯ | યોગી, સિદ્ધ, સાધુ, ગોરક્ષ, મચ્છિંદ્રને શ્રીદત્ત દ્વારા બોધ. | ૫૬૦ |
| | **-: ભાગ-૩ :-** | |
| ૫૦ | જન્મલીલા નિરૂપણ, રેવા માહાત્મ્ય, જનનીસ્થળ (અનસૂયા ક્ષેત્ર)ની શોધ, યોગીઓને આપેલું આશ્વાસન તથા શ્રીદત્તનું અદશ્ય થવું. | ૫૭૪ |
| ૫૧ | શ્રી દત્ત ભગવાન જનાર્દનપંતને પાવન કરે છે. એકનાથની ગુરુસેવા. | ૫૯૫ |

| અધ્યાય નં. | વિવેચન | પાન નં. |
|---|---|---|
| ૫૨ | એક પાઈની ભૂલ માટે એક્નાથે ઊઠાવેલો પરિશ્રમ. દત્તલીલાલાઘવ અને અનુતાપ. | ૬૨૦ |
| ૫૩ | એકનાથને થએલાં દત્તદર્શન. યાત્રા પૂરી કરી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. નારાયણ સંતુષ્ટ થયો. | ૬૪૦ |
| ૫૪ | શ્રીહરિએ શ્રીખંડ્યાનું રૂપ લઈ એકનાથને ઘેર સેવા કરી. એકનાથની આળંદીયાત્રા. અજાનવૃક્ષના મૂળિયા જ્ઞાનેશ્વરના ગળાથી દૂર કર્યાં. | ૬૬૮ |
| ૫૫ | શ્રીપાદે (દંડવતે મહારાજ) કરેલી લીલા. એકનાથે પોઠિયાને ઘાસ ખવડાવ્યું. ચાંગારાણાનું કથાનક. | ૬૯૪ |
| ૫૬ | શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ પર રચેલી ટીકા. દાસોપંત ચરિત્ર, મણિકર્ણિકાએ ઉપકૃત કર્યા. | ૭૧૭ |
| ૫૭ | એકનાથને થએલા અવધૂતનાં દર્શન. નરહરિકથા. નિંબરાજને અનુતાપ. | ૭૪૫ |
| ૫૮ | નિંબરાજનું તીર્થાટન, સદ્‌ગુરુ ચરણે શરણે જવું. | ૭૭૧ |
| ૫૯ | રુકિમણીએ કરેલી નિંબરાજની પરીક્ષા. | ૭૯૨ |
| ૬૦ | કીર્તન દરમ્યાન નિંબરાજના ખભા પર વિઠ્ઠલે ઊભા રહી મોરપંખથી પવન નાંખ્યો. નિંબરાજને વરદાન. | ૮૧૭ |
| ૬૧ | નિંબરાજના વંશનો વિસ્તાર. દેહઠાણ ક્ષેત્રનું મહોત્સવ વર્ણન. | ૮૪૨ |

# ॥ શ્રીદત્તપ્રબોધ ॥

## અધ્યાય - ૧

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥
॥ શ્રીદત્તાત્રેયાય નમઃ ॥

હે ગજાનન હેરંબ, તને પ્રણામ હજો. તું મંગલાધીશ, મંગલકર્તા, અમંગલનાશક અને દયાઘન છે. તું ખરાબ બુદ્ધિનો નાશ કરનાર અને બધાં જ કાર્યોમાં સિદ્ધિ આપનાર છે. તારા એક હાથમાં અંકુશ જેવા શસ્ત્રોને ધારણ કરી તેં સિંદૂરાસુરનો નાશ કર્યો. તું ભક્તવત્સલ, ભયહર્તા અને દીનોદ્ધારક છે. તું ગણોનો અધિપતિ હોઈ ભક્તોની મનોકામના પૂરી કરે છે, હે મોરયા, તારી કૃપા સિવાય કોઈ પણ ગ્રંથ સૌંદર્યપૂર્ણ બનતો નથી.

જે પ્રમાણે વરસાદ વગર પાક, જળ વગર કૂવો, પૌરુષત્વ વગર પુરુષ અને પ્રાણ વગર શરીર તે જ પ્રમાણે તારી કૃપા વગર રસયુક્ત કાવ્ય શક્ય નથી. તારી કૃપા પ્રાપ્ત કરવા કેવા પ્રયત્ન કરવા તે મને સમજાતું નથી. હું ખૂબ જ ચિંતામાં છું. તારો એકાક્ષર બીજમંત્ર 'ગં'ના જાપ કરી અનુષ્ઠાન કર્યું તેમના પર તેં કૃપા કરી છે. હું દીન પામર છું. કોઈ પણ સાધનનો મેં આશ્રય કર્યો નથી, આથી કેવળ તારા નામનું સ્મરણ કરું છું અને અનન્ય ભાવથી હું તારા શરણે આવ્યો છું. હવે તારા બિરુદને સત્ય કરવા મારા પર કૃપા કર.

તું સર્વત્ર નિવાસ કરે છે તો મારામાં જ કેમ નિવાસ કરતો નથી? તારી સ્તુતિ દેવ, માનવ અને ગંધર્વ પણ ગાય છે. હું પણ તારી સ્તુતિ

કરું છું. આથી તું મારા અપરાધની ક્ષમા કરી મને અભય આપ અને ગ્રંથ પૂર્ણ કરાવ. આ પ્રમાણે મનમાં ભાવપૂર્વક પ્રાર્થના કરતાં જ શ્રી ગજાનન હૃદયમાં પ્રગટ થયા. તેમના ચરણે મસ્તક મૂકતાં જ તેમણે ગ્રંથ પ્રત્યે અભયનું દાન કર્યું.

શ્રી ગજાનનના સગુણરૂપનું શું વર્ણન કરવું? કોમળ ચરણકમળના રંગના રક્ત ચરણ પગલાં, સુશોભિત દસ આંગળીઓ, તારાની જેમ શોભતા નખો, પગમાં કર્ણમધુર નાદ કરનાર ઘુંઘરું (પાયલ), પગની આંગળીઓમાં શોભાયમાન વીંટલા-વિંછીયો, ઘુંટણ, તેજસ્વી જાંઘ, કમર પર પરિધાન કરેલા પીતાંબર, ઉપર ડોલનાર નાગ, ઝીણો મધુર અવાજ કરનાર ઘંટડી, વિશાળ ઉદર, ડોલનાર સ્તન, પ્રચંડ ચતુર્ભુજ દંડ, અખંડ મેખલા, બાજુબંધ, હાથમાં પહેરેલાં રત્નકંકણો અને હાથની આંગળીઓમાં શોભતી રત્નજડિત મુદ્રિકા, હાથનાં તળવાં તામ્રવર્ણનાં, હસ્ત અંગુલીઓના અગ્ર જાણે કે દસ ચંદ્ર જ જોઈ લો!

તેમના બે હાથમાં અનુક્રમે પરશુ અને અંકુશ ધારણ કરેલા છે. ત્રીજો હાથ ભક્તોને અભય પ્રદાન કરનાર છે. તેમના કંઠમાં મોતીઓની માળા શોભી રહી છે. નાભિપર્યંત પહોંચનારી એકસેર, મોતીઓની માળામાં હીરા સાથે અનેક રત્નો જડેલાં છે. આ બધાથી તેમનું હૃદયસ્થળ શોભી રહ્યું છે. ગણપતિનું મુખ સૂંઢથી શોભાયમાન છે. બંને બાજુ વિશાળ કાન, શુભ્ર એકદંત અને સૂક્ષ્મ દૃષ્ટિ અને બે નેત્ર ચમકે છે.

બંને આંખો પર ભ્રમર અને વિશાળ કપાળ શોભી રહ્યું છે. બંને કાનની બાજુએ વાંકડિયા વાળ ફેલાયેલા છે. ભાલ પ્રદેશ (કપાળ)માં કેશર કસ્તુરીની સુગંધ અને ચંદ્રની ધવલકાંતિથી તે શોભાયમાન છે. અનેક દિવ્ય રત્નોથી યુક્ત મુગટ માથા પર લખલખાટ પ્રકાશી રહ્યો છે. રત્નો સાથે નાનો સર્પ સહઅસ્તિત્વ ધરાવે છે. કાનના

કુંડળોની આભાથી સૂર્ય પણ લજ્જિત થાય છે. મસ્તકના કેશ પર મોતીઓ બિંદી સાથે શોભે છે. શ્રી ગજાનનના રૂપની સંપન્નતા કોટિ સૂર્યના તેજને પણ પાછું પાડે તેવી છે. શ્રી ગજાનન ભરાવદાર ઉંદર પર આરૂઢ થએલા હોઈ ઋદ્ધિ-સિદ્ધિ તેમને હાથ જોડી ચામર ઢોળી રહી છે.

આ પ્રકારના મંગળકારી હેરંબ મારા હૃદયકમળમાં પ્રગટ્યા અને ગ્રંથારંભ કરવા મને આજ્ઞા કરી. એકદંતને વંદન કરી મેં સ્તવનનો પ્રારંભ કર્યો. હે ગુણાલય ગણપતિ, તારો જયજયકાર હો. હે ધુંડિરાજ, મોરયા, દુર્વાંકુરપ્રિય, મહાકાય, કમલભૂષણ, મંદારપ્રિય (આંકડાનો છોડ જેને પ્રિય છે તેવા), શમીપ્રિય (ખીજડાના પાંદડા જેને પ્રિય છે તેવા), શમીધારક, વિઘ્નનાશક, તને ભાવપૂર્ણ વંદન હજો. હે ચૌદ વિદ્યાના સાગરરૂપ, ઐશ્વર્યસંપન્ન તેમજ ઉદાર, સિંદૂરથી અર્ચન કરેલા સર્વેશ્વર, તને નમસ્કાર હજો. હે સુરવરરક્ષક, દૈત્યસંહારક, વિષ્ણુરૂપ, અજ્ઞાનનાશક, કવિપોષક તમને નમન હજો. હે ગૌરીનંદન, સકળનિયંતા, કાર્યના કારણરૂપ, તું અંતરંગના ગુણોને જાણે છે. આ પ્રકારના સ્તવનથી સંતુષ્ટ થઈ ગજાનને અભય આપી મનની ઈચ્છા નિર્વિઘ્નપણે પૂર્ણ થશે તેવું આશ્વાસન આપી ચિત્ત સ્થિર રાખી ગ્રંથલેખન માટે આજ્ઞા આપી હૃદયમાં નિવાસ કર્યો.

## સરસ્વતીવંદન

હવે બ્રહ્મકુમારી સરસ્વતીને વંદન કરીએ. તેની કૃપાથી જ ભક્તને વાણી અને શબ્દ પ્રાપ્ત થાય છે. હે જગદંબા વાગ્-ઈશ્વરી, તું ૐકારરૂપથી જગતમાં વ્યાપ્ત છે. તને હું આદરપૂર્વક નમસ્કાર કરું છું. તારી કૃપાની મહત્તા કવિજનો જાણે છે. તારી સત્તાથી વાણીને રસ પ્રાપ્ત થાય છે. તારી કૃપાથી મૂગાઓ પણ વાચાળ બને છે.

જ્યાં તારું વાસ્તવ્ય નથી હોતું તેવી વાણીની કોઈ કિંમત નથી. આથી હે સરસ્વતી માતા હું તને અનન્ય ભાવથી વંદન કરું છું. મારા અંતઃકરણનો હેતુ તું જાણે છે. સંસ્કૃત ભાષાનું જ્ઞાન મને ન હોવાથી હું તારી પ્રાકૃતભાષામાં સાદા શબ્દોમાં સ્તુતિ કરું છું. સમર્થની મહાનતા દીનજનોના સંરક્ષણમાં છે. હે કરુણાઘન, તું મને મદદ કરી સુખી કર.

ઉપર પ્રમાણે સરસ્વતી માતાની સ્તુતિ કરતાં તે હૃદયાકાશમાં પ્રગટ થઈ. તેની પ્રભા ચોમેર ફેલાઈ. તે હંસ ઉપર આરૂઢ થઈ તેના હાથમાં બ્રહ્મવીણા ધારણ કરેલી હતી. દેવીએ સફેદ વસ્ત્ર પરિધાન કર્યું હતું અને કસ્તુરીયુક્ત તિલક કર્યું હતું. તેણે કરેલા શણગારોમાં સુંદર મોતીઓની માળા, હાથમાં રત્નકંકણો, મુદ્રિકા (અંગુઠી), કંઠમાં પ્રકાશિત ઝવેરાત, કાનમાં કુંડળો, સુવર્ણ ફૂલોના અનેક અલંકારો, ચંદ્રહાર, બાજુબંધ, વીંટલા-વિંછીઓ, કમરપટ્ટો, પગનાં ઝાંઝર, નાકમાં મોતીની નથણી, ઈત્યાદિ અલંકારોથી દેવી શોભાયમાન હતી. દેવીનું સ્વરૂપ અત્યંત તેજસ્વી, રમણીય હોઈ ત્રિભુવનમાં અલૌકિક એવું દેવીનું અતિ મોહક રૂપ હતું. તે દેદીપ્યમાન રૂપની તુલનામાં કશું આવી શકે તેમ નથી.

સરસ્વતીનું વાહન હંસ જેની કાંતિ દૂધ જેવી સફેદ, લાંબાં પીંછાં, તામ્રવર્ણનાં નયનો, વિશાળ ધારદાર ચાંચ, લાલાશ પડતા પગ, મોંમાં મોતીની માળા, આવી હંસારૂઢ સરસ્વતીને જોતાં જ તેના ચરણોમાં વંદન કરતાં જ મનનો ખેદ દૂર થયો. દેવી તરફ દૃષ્ટિ કરતાં જ તેના સ્તવનનો મેં પ્રારંભ કર્યો. હે શારદા ભવાની, જગન્માતા, ત્રૈલોક્યની પાલક, તારો જયજયકાર હો. નિગમ (વેદો) અને આગમ (વેદારિક્ત શાસ્ત્રો-પુરાણો) તારા પ્રસાદની કામનાથી તારું સ્તવન કરે છે. તારી કૃપાથી જ પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી આ ચારે વાણી સુરસ થાય છે. તારા લીધે જ્ઞાનશક્તિ પ્રાપ્ત થાય છે. તું ચરાચરવ્યાપક અને

મૂળપીઠનિવાસીની છે. હે નિજાનંદમગ્ન સર્વજ્ઞ, ગુણપ્રજ્ઞ, મારા પર કૃપા કર. કાવ્ય રચનાની ઈચ્છા મનમાં રાખીને હું તારા શરણે આવ્યો છું અને પ્રાર્થના કરું છું. મારા બોબડા બોલથી પ્રસન્ન થઈ શરણાગતરક્ષક દેવીએ મને અભય પ્રદાન કરી સહાય કરવાનું આશ્વાસન આપ્યું અને કહ્યુંઃ હું તારા જિહ્વાગ્રે નિવાસ કરીને રસયુક્ત વાણી બોલાવીશ. તું નિર્ભય થઈને ગ્રંથનો આરંભ કર. આ પ્રમાણે આશ્વાસન આપી દેવીએ મારી જીભ પર વાસ કર્યો.

## સદ્‌ગુરુને વંદન

હવે હું સદ્‌ગુરુનાથને વંદન કરું છું. તેઓ સર્વજ્ઞ તેમજ હંમેશાં ઉદાર છે. શરણે આવેલી વ્યક્તિ પર કૃપા કરી તેના અજ્ઞાનનો નાશ કરી, તેના અંતઃકરણમાં જ્ઞાનદીપ પ્રજવલિત કરી તેને ભવસાગર પાર કરાવે છે. સદ્‌ગુરુ અવિનાશી, નિર્મળ, અચળ અને અઢળ છે. તેઓ ભક્તના અહંકારનો નાશ કરી, ત્રિવિધ તાપનું હરણ કરી દીનજનોનો ઉદ્ધાર કરે છે. સેવક (ભક્ત)ની ઉપાધિનું નિવારણ કરી તેને પોતાના પદ એટલે કે બ્રહ્માનંદ પદ પર આરુઢ કરાવે છે.

હે સદ્‌ગુરુરાય, જ્ઞાનસાગર, વિજ્ઞાનરૂપ, હું આપના ચરણે શરણે આવ્યો છું. હે સમર્થ, સર્વવ્યાપક, દયાળુ, મોહને છેદનાર, તત્ત્વનો બોધ કરનાર, દીનને પાવન કરનાર, કૃપામૂર્તિ, તું આ લોક તેમજ પરલોકમાં તારવા સમર્થ છે. ત્રણેય ભુવનોમાં (પૃથ્વી, પાતાળ અને સ્વર્ગ)માં તારા સિવાય શ્રેષ્ઠ એવું કોઈ નથી. આ પ્રમાણે બધાં જ શાસ્ત્રો કહે છે. માતા-પિતા શ્રેષ્ઠ છે. પરંતુ તેઓ માયાના પાશમાં પરોવે છે. સદ્‌ગુરુનાથ માયાનો નાશ કરે છે. આથી તારું સ્વરૂપ સર્વશ્રેષ્ઠ હોઈ તેને કોઈ ઉપમા નથી.

હું હીન, દીન, અપરાધી, મલિન, અન્યાયી અને સર્વદોષપૂર્ણ હોવા છતાં તારા શરણે આવ્યો છું. આથી તું મને ક્ષમા આપી મને

શરણ આપ અને મારા જેવા અનાથ પર કૃપા કર. તારા સિવાય હું અન્ય કોને વિનંતી કરું? આ પ્રકારની વિનંતીના જવાબમાં તે કૃપાળુ સદ્‌ગુરુ અંતઃકરણમાં પ્રગટ થયા અને પૂછ્યુંઃ આટલી વિનંતી શા માટે? તને કયું સંકટ આવ્યું? મેં જવાબમાં જણાવ્યુંઃ હે પરાત્પર સદ્‌ગુરુ, આપે મને અતિ ગુપ્ત વાત પ્રગટ કરી જ્ઞાન પ્રદાન કરી મોક્ષપદ આપ્યું. તે ઉપકારનો બદલો તો આપી શકું એમ નથી પરંતુ એક વિનંતી છે. કોઈ ગ્રંથ લેખન થાય અને સમય વૃથા વેડફાઈ ન જાય. કોઈ કહે કે અનેક મોટા મોટા કવિઓએ ઉત્તમ ગ્રંથોની રચના કરી છે અને જડ-મૂઢ લોકોનો ઉદ્ધાર કર્યો છે. તેની સામે તારી શી વિસાત? તે વાત પણ તેટલી જ સાચી છે. પરંતુ જુઓ! ગરુડ પક્ષી આકાશમાં ઊંચે વિહાર કરે છે તેની તુલનામાં આપણે નાના હોઈએ એટલે ચકલીની જેમ માળામાં પડ્યા રહેવાનું?

ધનવાન મનુષ્યે દબદબાપૂર્વક પૂજા કરી એટલે ગરીબ મનુષ્યે પૂજા કરવાનું જ છોડી દેવું જોઈએ? જવાબમાં સદ્‌ગુરુ હાસ્યવદનથી બોલ્યાઃ પોતપોતાની શક્તિ જોઈ વર્તન કરવું. તારા મનનો હેતુ મેં જાણ્યો છે. એકાગ્ર મનથી સદ્‌ગુરુનું ધ્યાન કર અને ગ્રંથલેખનનો પ્રારંભ કર. કોઈ પણ પ્રકારની ચિંતા કરીશ નહીં. ગ્રંથમાં વક્તા હું જ છું. તું નિમિત્તમાત્ર છે. આ પ્રકારે અનંતરૂપ સદ્‌ગુરુએ પ્રસન્નતાપૂર્વક આશ્વાસન આપતાં જ મારા અંતઃકરણમાં ગુરુપ્રેમ ઉછાળા મારવા લાગ્યો અને ભક્તિભાવથી તેમનાં ચરણોને દઢપણે પકડી લીધા. ગુરુપ્રસાદ સંપાદન થવાથી મારું મન પરમાનંદમાં ડોલવા લાગ્યું.

તે પછી માતૃદેવતા-પિતૃદેવતાને વંદન કરું છું. હું ગર્ભાવસ્થામાં હતો ત્યારે માતાએ મારી કેટલા પ્રકારે કાળજી લીધી? જન્મ થયા પછી મોટો થતાં મારાં ખાનપાન, સ્વચ્છતા અને ઈતર વાતોમાં ધ્યાન રાખી મારું શ્રેષ્ઠ રીતે લાલન-પાલન કર્યું. મારી જનોઈ, વિદ્યા-ઉપાર્જન,

વિવાહ ઇત્યાદિ સર્વ વસ્તુઓ સમયસર કરવાની કાળજી લઈ શરીરને સર્વ સંસ્કાર કરાવી મને સુસંસ્કૃત કર્યો, પ્રૌઢ કર્યો. પ્રપંચ અને પરમાર્થ બંને બાબત મારી કાળજી લીધી. તેઓ બંને ધન્ય છે. પુત્ર માટે માતાપિતાથી જુદા કોઈ દેવ નથી. આ પ્રમાણે વેદ અને બીજાં શાસ્ત્રો કહે છે. તેમની સેવા કરવાની લાયકાત પણ મારામાં નથી. માતાપિતાને જે દેવ માને છે તેઓ પૃથ્વી પર ખરેખર ધન્ય છે. તેમને મારા નિરંતર નમસ્કાર હજો. તેમની ચરણધૂળ મારા મસ્તક પર રાખું છું.

મારી માતાનું નામ રાધિકા અને પિતાનું નામ અનંત. તેઓ જ મારા ઉપદેશકર્તા સદ્‌ગુરુ છે. તેમને અનન્યભાવથી શરણે ગયો ત્યારે અંતઃકરણમાં તેમણે મને અભયપ્રદાન કર્યું. આ ગ્રંથને પરિપૂર્ણ થવા સદ્‌ગુરુ અનંત અને તેમની શક્તિ રાધિકા સર્વથા સમર્થ છે. તેમણે જ મને શિક્ષા આપી કે હંમેશાં સંતોને શરણે જજે. સંતોને શરણે જવાથી, તેમની સ્તુતિ કરી પ્રીતિભાવથી વિનંતી કરીશ એટલે તારું કલ્યાણ થશે. તારે કોઈ પણ ચિંતા રહેશે નહીં. આવી માતાપિતાની સલાહ માનીને સંતોને હું અનન્યભાવથી શરણ આવ્યો છું. હે સંત મહોદય, દીનજનોનું અજ્ઞાન નષ્ટ કરવા તમે પૃથ્વી પર અવતરીને પ્રગટ થયા છો. વ્યાસ, વાલ્મિકી, શુક, મારુતિ, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ઇત્યાદિ તમારાં જ રૂપો છે. ધર્મસ્થાપનાનું કાર્ય, ભક્તિનિરૂપણ અને પતિતોદ્ધાર માટે જ તમારો અવતાર છે.

કલિકાળને લીધે ઉત્પન્ન થનારા દોષોને નષ્ટ કરવાનું તેમજ જગતનો ઉદ્ધાર કરવો તે જ તમારા સગુણ રૂપનું કાર્ય છે. તમે યોગિઓમાં શ્રેષ્ઠ, સર્વજ્ઞ, શાંત, દાંત મૂર્તરૂપે વેદસ્વરૂપ જ છો. તપસ્વી, વેદજ્ઞ, યજ્ઞયાગકર્તા પૈકી કોઈ પણ તમારી તુલનામાં આવી શકે નહીં.

સાક્ષાત્ વિષ્ણુ ભગવાન તમારા ઉપરના પ્રેમથી ઘેલા થઈ તમારી આજુબાજુ ફરતા હોય છે. તમારી કીર્તિનું વર્ણન કરવા સમગ્ર પૃથ્વીનો કાગળ વાપરીએ તો પણ ઓછો પડે. ઈતર દેવતાઓ તમારો વૈભવ જોઈ પ્રશંસા કરતા થાકતા નથી. તમે અદ્વય, નિઃસંગ, સદાચરણી, દીનો પર દયા કરનાર અતિ કોમળ અંતઃકરણવાળા અને શરણાગતના રક્ષક છો. તમારી આવી સર્વાંગી કીર્તિ સાંભળી હું અતિ ત્વરાથી દોડી આવીને તમારા ચરણવંદન કરી અભયદાનની યાચના કરું છું. આ પ્રમાણે સ્તુતિ સાંભળી સંતો આનંદથી ડોલી ઊઠ્યા અને બોલ્યાઃ હે અનંતસુત (શ્રી કાવડીબુવા), સ્તુતિ કરીને તને અતિ શ્રમ થયો. હવે તારા મનમાં કઈ ઈચ્છા છે તે કથન કર. તારી ઈચ્છા અવશ્ય પૂરી થશે. તેમનું અભયવચન સાંભળી તેમના ચરણો પર મસ્તક મૂકી પ્રાર્થના કરીઃ સર્વ સાધુ-સંતોએ કવિ-મહાકવિઓએ કાવ્યો, અભંગ, ભજનોની રચના કરી. શ્લોક, આર્યા (છંદનો પ્રકાર) ઈત્યાદિની રચના કરી. અનેક પ્રકારની અનુભવસિદ્ધ રચનાઓ કરી. તે સર્વ સાહિત્ય ઈશ્વરના પ્રસાદરૂપ હોઈ સર્વમાન્ય થયું.

હું તેટલા માટે ઉદાસ છું કે મારા પર નારાયણ પ્રસન્ન કેમ થતા નથી? મારા મનમાં પણ સાહિત્યરચના કરવાની વાંછના છે. પ્રત્યુત્તરમાં ચતુર સંતોએ સૂચન કર્યું કે આજે રાત્રે પરમેશ્વરને પ્રાર્થના કરી તેમની સમક્ષ શયન કર અને કોઈ સ્વપ્નદષ્ટાંત થાય તો એમને કથન કરજે. તેમની આજ્ઞા અનુસાર કરતા રાત્રીના ઉત્તરાર્ધમાં સ્વપ્નમાં એક બ્રાહ્મણે આવીને મારા મુખમાં તાંબુલ (પાનનું બીડું) આપ્યું. આમ કરતાં જ મારી જિહ્વા પર લાંબા લાલ ચટક વાળ ઉગ્યા. દાંતમાંથી એક માંસતંતુ નીકળ્યો. તેને ખેંચીને દૂર કરતા તે લાંબો ને લાંબો જ થતો ગયો. રાત્રી પૂરી થતાં ત્વરિત હું સંતજનનાં દર્શને ગયો. તેમને વંદન કર્યાં અને સ્વપ્નવૃત્તાંત કથન કર્યું. સ્વપ્નદષ્ટાંત સાંભળી સંતવૃંદને ખૂબ જ

આનંદ થયો. તેમણે સ્વપ્નનો અર્થ કહ્યો કે તારા પર અનંત (ગુરુ) પ્રસન્ન થયા છે. તારું કવિત્વ અખંડ ચાલશે. તારી કવિત્વશક્તિને વિશેષ માન્યતા-પ્રતિષ્ઠા મળશે જે તેની સુરસતાને લીધે હશે.

સંતોનું અભયવચન સાંભળી મેં તેમને દંડવત્ પ્રણામ કર્યા. આ પ્રમાણે સંતોની સ્તુતિ કરી તેમણે મારો આશ્રિત તરીકે સ્વીકાર કરતા હવે હું શ્રોતાજનોને દંડવત્ પ્રણામ કરું છું. હે શ્રોતાઓ, તમે જ્ઞાનના સાગર, ચતુર, વિચક્ષણ, રસજ્ઞ, પંડિત, અતિ સુશીલ, શાંત, વિખ્યાત, ગુણગ્રાહક અને અર્થજ્ઞ છો. તમને હું આદરપૂર્વક નમસ્કાર કરું છું. તમે ભાવિક, પ્રેમાળ અને સંપન્ન છો. તમે આનંદની વર્ષા કરનાર, મેઘસ્વરૂપ છો. તમારા લીધે ગ્રંથ સફળ થાય છે. તમે ગ્રંથાર્થરૂપી મોતીઓને વીણનાર ગ્રંથ સરોવરના હંસ છો. તમે જ્ઞાનપીઠના ઝવેરી પરીક્ષક છો. સ્વીકારવા યોગ્ય તેટલું જ તમે સ્વીકાર કરો છો. તમારા થકી જ ગ્રંથની રસવૃદ્ધિ થાય છે. તમારા લીધે જ વક્તાનો ઉત્સાહ વૃદ્ધિંગત થાય છે. મતિહીન તેવો હું તમને વિનંતી કરું છું કે મને દીનને તમે કાળજીપૂર્વક સંભાળો. કોઈ પણ પ્રકારની યોગ્યતા કે અધિકાર ન હોવા છતાં તમારા સાન્નિધ્યની હું યાચના કરું છું. હું કેટલુંક વિવેચન કરવા ઈચ્છું છું. તમે કૃપા કરશો (શાંત ચિત્તે સાંભળશો) તોજ મારી ઈચ્છા સાર્થક થશે. નહીં તો તે નિરર્થક જશે. બંને હાથ જોડીને તમારાં ચરણો પર માથું મૂકું છું. મારી પ્રાર્થના સાંભળી શ્રોતાઓ આનંદિત થઈ કહેવા લાગ્યાઃ તમે આટલા ગદ્ગદ્ થઈ અમારી સ્તુતિ કેમ કરો છો? અમે તમારી વાણીનો અદ્ભુત કીર્તનરસ શ્રવણ કરવા આતુર છીએ. કાવ્યાર્થનું અમને રસપાન કરાવો. તમને બોલાવનાર શ્રી અનંત જ અહીં શ્રવણ માટે પણ ઉપસ્થિત હોવાથી તે જ બંનેની (શ્રોતા અને વક્તાની) કાળજી લેશે. અમે મન અને કર્ણ બંને આપને સમર્પિત કર્યાં છે. હવે તમે અમને

ગ્રંથરસનું પાન કરાવો. અમારું નસીબ ઉઘડ્યું. તેથી જ ઈશ્વરે તમને બોલવાની આજ્ઞા કરી. આથી સર્વ (પ્રકારના) શ્રોતાઓને તૃપ્ત કરો. શ્રોતા વક્તા સમરસ થવાથી ગ્રંથરસની વૃદ્ધિ થાય જ છે.

હવે હું, ભારદ્વાજ ઋષિ, જેમના કુલગોત્રમાં મેં જન્મ લીધો, તેમને પ્રેમપૂર્વક વંદન કરું છું. ગંગા નદીના પ્રવાહથી ઘેરાયેલા પ્રયાગક્ષેત્રમાં ભારદ્વાજ ઋષિનો ઉત્તમ આશ્રમ આવ્યો છે. તે પછી કુલદેવતા શ્રીમત્સદ્ગુરુ અનંતને વંદન કરું છું. બધા જ દેવી-દેવતાઓ તેમનામાં સ્થિત છે. એક જ શરીરની જેમ વિવિધ ઈંદ્રિયો હોય છે. તે જ પ્રમાણે દૈવતશ્રેષ્ઠ સદ્ગુરુના અંગ સ્વરૂપે બધા દેવતાઓ હોય છે. આ ગ્રંથના નિમિત્તથી શ્રી ગજાનન, શ્રી સરસ્વતી, શ્રી સદ્ગુરુ, માતા-પિતા, સંત-મહંત, શ્રોતાઓ, ગોત્રઋષિ અને કુલદૈવત શ્રી અનંત કે જેઓ અનંત બ્રહ્માંડના નિયામક છે તેનું સ્તવન શક્ય બન્યું. શ્રી જગદીશ્વર આ ગ્રંથનો વિસ્તાર વધારનાર હોઈ તેના વિલાસને તે જ કથન કરશે. તેની સત્તાથી જ સઘળું શક્ય બનશે. હું કર્તા નથી જ. ઈશ્વરની લીલા અગાધ છે. તે જેમના પર કૃપા કરે છે તેનું માહાત્મ્ય અકલ્પિત વધારે છે અને તેના દ્વારા અકલ્પિત કાર્યો કરાવે છે. આથી સજ્જનોના ચરણે મારા દીનની વિનંતી છે કે આ ગ્રંથનિર્માણના રહસ્યને જાણી લેવું.

॥ ઈતિ પ્રથમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁ ❁ ❁

# અધ્યાય - ૨

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥
॥ શ્રીદત્તાત્રેયાય નમઃ ॥

હે શ્રીદત્ત, તું અવિનાશી, સમર્થ, નિર્વિકાર, જગદાત્મા, દુઃખ હરણ કરનાર અને માયાતીત છે. તને મારા વંદન. હે અરૂપ, સત્ત્વ-રજ-તમ-ગુણાત્મક દયાસાગર, ચિદ્‌ઘન, સર્વેશ્વર, દયાળુ, ઉદાર મહામૂર્તિ, તને નમસ્કાર. તું મહાસિદ્ધ, વિમલ, આનંદગર્ભ, ચિદ્‌વિલાસરૂપ અને ભેદ તેમજ અભેદથી પર છે. હે મહામુનિ યોગીરાજ, તારો જયજયકાર હજો. તું સર્વવ્યાપી, અપાર, યોગીરાજ છે. દેવ અને ઋષિ તને વંદન કરે છે. તપોધન અત્રિમુનિ અને તેમની પતિવ્રતા શિરોમણિ પત્ની અનસૂયાના સંતોષ માટે તું તેમનો પુત્ર થયો. જગતના ઉદ્ધાર માટે ત્રિપુટી ધારણ કરી અવતાર લઈ શરણે આવેલાને દર્શન આપે છે અને યોગ-આચરણનું શિક્ષણ આપે છે. જેમના પર તું કૃપા કરે છે તેને સ્વ-સ્વરૂપમાં લીન કરે છે અથવા તેને ઈચ્છિત વસ્તુ આપી ક્ષણાર્ધમાં તેના અજ્ઞાનને હરી લે છે.

તારી કીર્તિ અપાર છે. તું દીન-અનાથને શરણ આપી પતિતોનો ઉદ્ધાર કરે છે. હે દીનદયાળ, આથી જ હું તારાં ચરણકમળ પાસે શરણે આવ્યો છું. કૃપા કરી મારા અંતઃકરણની ઈચ્છા પૂર્ણ કર. હે અવધૂત, મારાં મા-બાપ, સગાં, સંપત્તિ, યશશ્રી, કુલદૈવત, ગુરુનાથ, રક્ષણકર્તા વગેરે તું જ છે. મારો મનોદય તું જાણે જ છે. તેને સફળ બનાવવા તું શક્તિમાન છે. ક્ષુદ્ર જીવડા જેવો હું મેરુ પર્વતને ઊંચકવાનો પ્રયત્ન કરું છું. પરંતુ તારી કૃપા વગર કોઈ એક નાનકડો પથ્થર પણ ઊંચકી

શકતો નથી. તારી કૃપા હોય તો સામાન્ય માખી પણ મેરુ પર્વતને ફૂલની જેમ સહજ ઊંચકી શકે છે. શાસ્ત્રીય નિરુપણ કરવાની મારી ઈચ્છા છે પરંતુ હું બુદ્ધિહીન છું. આથી હું તારા શરણે આવ્યો છું. તું કૃપા કરે તેની હું પ્રતીક્ષા કરું છું. તું ત્વરિત આવ. તને આર્તસ્વરે બોલાવીને મારો કંઠ રૂંધાઈ ગયો છે. તેં અનેકનો ઉદ્ધાર કર્યો છે. તારું બિરુદ સત્ય કર.

ગાયે વાછરડાનો, સિંહે સિંહબાળનો અને હરણીએ તેના બચ્ચાનો ત્યાગ કર્યો તો તેનું રક્ષણ કોણ કરશે? તું મારા જેવા અજ્ઞાની બાળકનો ત્યાગ કરીશ નહીં. મારી વિનંતી સાંભળીને શ્રીદત્ત ભગવાને મારા કાનમાં કહ્યુંઃ પૂર્વે ગાલવઋષિના સ્થળે મારા જન્મદિન નિમિત્તે તેં મારી સ્તુતિ કરી ત્યારે વૃદ્ધ વિપ્રના વેશે મેં તને દર્શન આપી મારી જન્મકથા તને કહીને પ્રસાદ આપ્યો હતો. તે પ્રસંગે તેં કરેલું જન્માખ્યાનનું કીર્તન શ્રોતાઓને ખૂબ જ ગમ્યું હતું. તે કથાનક યાદ કરીને સંતરૂપી શ્રોતાઓને ગ્રંથ લેખનથી સંતુષ્ટ કર. મારી લીલા, પવિત્ર કથા, ગુહ્ય જ્ઞાન, આત્મચર્ચા વગેરેનું વિવેચન કરી સર્વને સંતોષ પ્રદાન કર. આ દિવ્ય વાણી પ્રસાદરૂપે સાંભળી મારી વૃત્તિ તન્મય થઈ શાંત થઈ ગઈ. શરીર શૂન્ય થઈ ગયું.

શ્રોતાઓએ તેવા સમયે મને સાવધ કરી કહ્યુંઃ સાવધાન થાવ! તમારા હૃદયકબાટમાં સંગ્રહાયેલા શ્રીદત્ત ભગવાને આપેલાં જ્ઞાનભંડારને અમારા માટે ખુલ્લો કરો. અમે શ્રવણ કરવા આતુર છીએ. શ્રોતાઓની ઉત્કંઠા જોઈ મૃદુભાષામાં તેમનું ગૌરવ કરી તેમની મહાનતાની તુલનામાં મારી અત્યલ્પ યોગ્યતાને સ્વીકારી, તેમની ઈચ્છા અનુસાર શ્રીદત્તાત્રેયે ગાલવક્ષેત્રે કહેલો સ્વજન્મવૃત્તાંત શ્રોતાઓને કહેવા લાગ્યો. તે આ પ્રમાણેઃ નિર્ગુણ, નિર્વિકાર, નિરાભાસ, નિરામય, નિરંતર અને નિરંજન, ઈશ્વર નારાયણ, રમારમણ, સાકારરૂપ લઈ અવનિ પર પ્રગટ થયો.

તે જ અનંત પાસેથી બ્રહ્મદેવ અને તેમના થકી અત્રિ ઉત્પન્ન થયા. તે યોગેશ્વર અત્રિની અનસૂયા નામની પતિવ્રતા, લાવણ્યસંપન્ન અને સુશીલ પત્ની હતી. તે હંમેશાં પતિસેવા માટે તત્પર રહેતી અને પતિની આજ્ઞા અનુસાર જ વર્તન કરતી. અત્રિઋષિનું ભોજન થયા પછી જ તે પોતાનું ભોજન કરતી. ઘણી સ્ત્રીઓ એવી હોય છે કે દેખાડવા ખાતર પતિવ્રતાપણું દાખવે છે પરંતુ તેમના ચિત્તમાં દ્રવ્યલાલસા હોય છે. પોતાની ઈચ્છાવિરુદ્ધ થોડું પણ થયું તો તેઓ પતિ સાથે ઉગ્ર દલીલમાં ઉતરી જાય છે. ઈચ્છા પ્રમાણે થાય તો કૂતરીની જેમ પાછળ-પાછળ આવે છે. અનસૂયા મોહમાયારહિત પતિવ્રતા હતી. એક કવિએ પતિવ્રતાનાં લક્ષણો કહ્યાં છેઃ

કાર્યેષુ મંત્રી વચનેષુ દાસી,
ભોજયેષુ માતા શયનેષુ રંભા ।
ધર્માનુકૂલા ક્ષમયા ધરિત્રી,
ભાર્યા ચ ષાડ્ગુણ્યવતીહ દુર્લભા ॥

અર્થઃ રાજ્ય રક્ષણ કરનાર મંત્રી રાજાનું મન સમજી કારભાર ચલાવે છે. પ્રસંગાનુસાર કામ કરે છે અને જરૂર પડે યુદ્ધનો પડકાર પણ ઝીલે છે. પ્રજાનું પાલન કરી તેમને સંતુષ્ટ રાખે છે. રાજ્યનો વહીવટ કાબેલપણે ચલાવે છે. હંમેશાં જાગ્રત રહી રાજની કીર્તિ વધારે છે. નીતિ અને સ્વધર્મનું અચૂક પાલન કરે છે. આવો ગુણ પતિવ્રતામાં હોય છે.

હવે પતિવ્રતાનો બીજો ગુણ દાસીનો. આ ગુણ દેખાય છે સહેલો પરંતુ આચરવામાં કઠણ છે. ઘરમાં હલકાંથી સારાં કામ કરવાં પડે છે. નાનાં મોટાં સર્વ કામ કરવાં પડે છે. કામ કરતાં બધાનાં મન પણ સંભાળવાં પડે છે. સવારમાં વહેલાં ઊઠી પાણી ભરવું, અનાજ સાફ કરવું, વાસણ માંજવાં, કચરો કાઢી સ્વચ્છતા રાખવી, ઢોર-ઢાંખરની

માવજત કરવી, માલિક અને માલકણની સેવા કરવી. બધાં જ કામો કરી માલકણનાં બાળકોને પણ રમાડવાં પડે છે. આ માટે યોગ્ય ગુણ પતિવ્રતામાં હોવો જોઈએ.

ત્રીજો ગુણ ભોજન વિષેનો છે. તે માટે માતાનું ઉદાહરણ આપ્યું છે. કવિ કહે છે કે બાળકના ગમા-અણગમાને ધ્યાનમાં રાખી માતા તેના બાળકને પોતાના હાથથી કોળિયા ખવડાવે છે. બાળક રૂઠે, ગુસ્સે થાય, કંટાળે, બાળક અન્નનો બગાડ કરે અથવા તિરસ્કાર કરે તો પણ મીઠા શબ્દોથી સમજાવીને માતા બાળકને પટાવી ખવડાવે છે. બાળકનું ભોજન થયા વગર માતા ભોજન કરતી નથી. આ માટે માતાની ઉપમા આપી.

ચોથો ગુણ શયનેષુ રંભા એમ કવિ કહે છે. રંભા તો અપ્સરાનું નામ છે અને તે સ્વર્ગમાં હોય છે. તે પૃથ્વી પર કેવી રીતે પ્રાપ્ત થાય? ઉત્તમ ગુણોથી ચતુરાઈ અને કુશળતાથી પતિના ચિત્તને સંતોષ આપી તેને સંતોષ આપવો, સુખ આપવું, પ્રેમથી સંભાષણ કરવું અથવા એકાંતમાં પ્રીતિ વધારવી. આથી રંભાની ઉપમા આપી છે. પતિની કોઈ પણ પ્રકારની પરિસ્થિતિ હોય તેમાં સંતોષપૂર્વક પત્ની જો પતિની સેવા કરે તો પતિને પત્ની રંભા પ્રમાણે ભાસે. જેની પત્ની પતિને સર્વથા અનુકૂળ થઈ વર્તે તે પુરુષ ખરેખર ધન્ય છે.

પત્ની મનની નિર્મળ અને ધર્માચરણ બાબતમાં અનુકૂળ હોવી જોઈએ. આ પ્રકારની આધ્યાત્મિક ટોચ પર બિરાજેલી ઉદાર સ્ત્રીની કથા હું કહું છું. 'કાંતિ' નામની નગરીમાં શ્રીયાળ નામનો રાજા હતો. રાજા, તેની રાણી ચાંગુણા અને પુત્ર ચિલ્લાળ (ચેલૈયો) ત્રણેય શિવના પરમ ભક્ત હતા. તેઓની ધર્મરત, ઉદાર અને ઉત્તમ રીતે અતિથિસત્કાર કરનાર તરીકે નામના હતી. એક દિવસ, દેવર્ષિ નારદ રાજાના ઘેર પધાર્યા. રાજાએ તેમનું આદરપૂર્વક પૂજન કરી તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. નારદમુનિએ સંતુષ્ટ થઈ રજા લીધી અને કૈલાસ પ્રતિ પ્રયાણ

કર્યું. કૈલાસ પહોંચીને ભગવાન શિવજીના દર્શન કર્યા. વાતચીતના દોરમાં નારદમુનિએ કહ્યું કે પૃથ્વી પર અનેક શિવભક્તો છે પરંતુ શ્રીચાળરાજા, તેની પત્ની અને પુત્રની તોલે આવે તેવો એક પણ શિવભક્ત નથી. ઘેર આવેલા અતિથિને ભગવાન શંકર સમજી તેમનો આદર-સત્કાર કરી ત્રણેય જણ તેમનું પૂજન કરે છે. અતિથિને સન્માનપૂર્વક ઈચ્છિત દાન આપે છે. અતિથિ-સત્કારમાં જરા પણ ઢીલાશ કરતા નથી. પુત્ર ચિલ્લાળ (ચેલૈયો) તો અતિ શિવભક્ત છે. શિવજીને હકીકત સાંભળી આનંદ થયો. નારદ પ્રસ્થાન કરી ગયા પછી શિવજીએ પોતાનું રૂપ પરિવર્તન કરી ભક્તને જોવા પૃથ્વી પર આવ્યા.

શિવજીએ મલીન રૂપ લીધું. શરીર પર ગંદા ચિંથરાં લપેટ્યાં. તેમના શરીરમાંથી લોહી અને પરુ વહેતું હતું. આવું રૂપ લઈ મોટી મોટી દર્દનાક ચીસો પાડતા રાજમહેલના દ્વારે આવીને ઊભા રહ્યા. દ્વાર ઉપર આવીને તે બૂમબરાડા પાડીને કહેતો હતો કે હું ખૂબ જ ભૂખ્યો છું અને મને ઈચ્છિત ભોજન આપો. અતિથિ બારણે આવ્યો જાણી શ્રીચાળરાજા દ્વારે આવ્યો અને અતિથિને ચરણવંદન કરી હાથ જોડી બોલ્યોઃ હે સ્વામીસમર્થ, મારા માટે શી આજ્ઞા છે?

અતિથિએ કહ્યુંઃ હે રાજા, તું દાતા છે. મારી ઈચ્છા તું પૂરી કર. રાજાએ પ્રાર્થનાના સુરમાં કહ્યુંઃ હે અતિથિ, મારું શરીર, મન, ધન, સર્વ વૈભવ અને પત્ની પણ શિવસેવા માટે હાજર છે. અતિથિએ કહ્યુંઃ મને રાજવૈભવની આકાંક્ષા નથી. હું ભૂખ્યો હોવાથી મને ફક્ત ઈચ્છિત ભોજન આપો. તારી કીર્તિ સાંભળીને હું આટલે દૂર આવ્યો છું. અત્યાર સુધી મેં અનેક પકવાનોનો આસ્વાદ લીધો છે. આજે કેવળ નરમાંસ ભક્ષણ કરવાની ઈચ્છા છે. મારી ઈચ્છા તું પૂરી કર. તું સત્તાધીશ છે આથી કિંમત આપી લાવીશ અથવા ચોર, જાર, કેદી, ગરીબનું માંસ લાવીશ તો તેનો હું સ્વીકાર કરીશ નહીં.

મને પવિત્ર, સુશીલ, નિર્મળ અંતઃકરણવાળા તેમજ ધાર્મિક વ્યક્તિનું જ માંસ સ્વીકાર્ય છે. શ્રીચાળે અતિથિના ચરણ પર મસ્તક મૂકી કહ્યુંઃ મારો જ સ્વીકાર કરો. અતિથિએ કહ્યુંઃ તું યાચકોનો દાતા છે. આ બંનેનો સંવાદ સાંભળી ઉપસ્થિત ચાંગુણારાણી ઝડપથી આગળ આવી અને અતિથિ યોગીને ચરણવંદન કરી બોલીઃ હે દીનદયાળ કૃપાવંત, તમે રાજાનો સ્વીકાર કરતા નથી તો હું મારી જાતને પતિકાર્ય માટે અર્પણ કરું છું. તમે મારો સ્વીકાર કરો. આટલું બોલતાં-બોલતાં રાણીનો કંઠ રૂંધાયો અને તેના નેત્રોમાંથી આંસુ વહેવા લાગ્યા.

અતિથિ રાણીને કહે છેઃ હે રાજ્ઞી, તું અમારા જેવા યાચકો માટે માતા સમાન છે. તારો સ્વીકાર કરીએ તો અમને દોષ લાગે. અતિથિ યોગીનો ઉત્તર સાંભળી શ્રીચાળ રાજા અને ચાંગુણા રાણી બંને હાથ જોડીને અતિથિને પ્રાર્થના કરવા લાગ્યાઃ હે દયાઘન સ્વામી, આપ શું ઈચ્છો છો તે સ્પષ્ટ જણાવો. તમે કહો તેનું માંસ આપીશું. ઈચ્છાભોજન સ્વીકારી અમારા સત્ત્વનું રક્ષણ કરો. અતિથિએ કહ્યુંઃ તમારો એકમાત્ર સુકોમળ પુત્ર ચિલ્લાળ મને આપો. જો નહીં આપો તો હું તમારી સત્ત્વહાનિ કરી જતો રહીશ.

અતિથિનું આશ્ચર્યકારક વચન સાંભળી રાજા-રાણી સ્તબ્ધ થયા. હવે સત્ત્વહરણ થશે તેવો વિચાર તેમના મનમાં હતો તે જ અરસામાં રાજપુત્ર ચિલ્લાળ અચાનક ત્યાં આવ્યો. તેને રાણીએ બોલાવતાં કહ્યુંઃ બેટા, નજીક આવ. પયઃફેન ધવલ શંકરને તું ખૂબ ગમે છે. ચિલ્લાળે અતિથિને ચરણે નમી નમસ્કાર કર્યા. માતાપિતાના ચહેરા તરફ તેનું ધ્યાન જતાં તે મ્લાન દેખાયા. તે અતિથિયોગીનું ચંચલ મન પણ જાણી ગયો.

ચિલ્લાળે તેને પૂછ્યુંઃ તમારા મનમાં જે ઈચ્છા હોય તે જણાવો. યોગીએ કહ્યુંઃ ભોજનમાં હું નરમાંસ માગું છું. ચિલ્લાળે માતાને કહ્યુંઃ

માતા, અતિથિની ઈચ્છા પૂર્ણ કરો. ચાંગુણારાણીએ કહ્યુંઃ તેઓ અમારા શરીરનો સ્વીકાર કરતા નથી. તેઓ તારા શરીરની અભિલાષા રાખે છે. ચિલ્લાળે કહ્યુંઃ જો મને અર્પણ કરવામાં આવે તો મારું ભાગ્ય જ ઉઘડી ગયું તેમ કહેવાય. ચિલ્લાળનું વચન સાંભળી યોગીને આનંદ થયો પરંતુ બાહ્યતઃ તે અટ્ટહાસ્ય કરી બોલ્યોઃ અરે! ભૂખ્યા માણસને ત્વરિત આહાર આપો... મારાથી હવે ધીરજ રહેશે નહીં.

શ્રીચાળરાજા અને ચાંગુણારાણીએ કહ્યુંઃ હે અતિથિ! અમારો પુત્ર ચિલ્લાળ તમને અર્પણ કર્યો છે. બાળક ચિલ્લાળે પોતે પણ અતિથિને વિનંતી કરી. યોગી અતિથિ બૂમબરાડા પાડી ક્રોધિત સ્વરે બોલ્યોઃ 'હું કોઈ જંગલી વાઘ, વરુ કે રીંછ છું કે બાળકને મારા દાંતથી ફાડી ખાઉં? તમારી સત્ત્વશીલ, ઉદાર અને સારાસાર જાણનાર તરીકેની કીર્તિ છે તે સદંતર ખોટી છે તેની મને ખાતરી થઈ છે. તમને સત્ત્વહીન કરીને જ હું જઈશ.'

અતિથિનું વચન સાંભળી રાજા-રાણી દોડીને તેના ચરણોમાં પડ્યા અને વિનંતી કરી કે તમે જેમ કહેશો તેમ જ કરીશું. અતિથિએ કહ્યુંઃ બાળકને કાપીને તેનું માંસ રાંધીને સંતોષપૂર્વક (મનમાં દુઃખ ન લાવતાં) આપો. ચાંગુણાએ 'અવશ્ય તેમજ થશે' એમ કહી ચિલ્લાળને ઉંચકીને ત્વરિત પાકશાળામાં ગઈ. તેને ખોળામાં લઈને તે કહે છેઃ હે મારા હૃદયના ટૂકડા, તું કેટલો ઉદાર અંતઃકરણનો છે? યોગીને સ્વશરીરનું દાન કરી તેં અમારા કુળનો ઉદ્ધાર કર્યો છે. તારી ઉંમર નાની હોવા છતાં તારી બુદ્ધિ એક પ્રૌઢ જેવી છે. તારા પર શંકર ભગવાન પ્રસન્ન થાવ!

ચિલ્લાળે માતાને કહ્યુંઃ તું હવે મોહમાં પડ્યા વગર સત્વરે કાર્યનો પ્રારંભ કર. તેણે વધુમાં કહ્યુંઃ આજનો દિવસ મોટા ભાગ્યનો દિવસ છે. યોગીને મારા શરીરનું ભોજન મળતાં જ શિવશંકર અને યોગી પ્રસન્ન

થશે. મને પણ શિવચરણમાં સ્થાન મળશે. પુત્રનું કથન સાંભળી ચાંગુણા ગદ્ગદિત થઈ. તેણે ધીરજપૂર્વક શસ્ત્ર લઈ બાળકનો શિરચ્છેદ કર્યો. ષડ્રસ ભોજન બનાવ્યું. માથું માત્ર રહેવા દીધું. સર્વ પદાર્થ લઈ તે યોગી પાસે આવી.

રાજાએ આસન પાથરી યોગીની પૂજા કરી. ચાંગુણારાણીએ રસોઈનાં વાસણ સામે મૂક્યાં. યોગીએ અંતર્જ્ઞાનથી જોઈ ક્રોધી થઈને જણાવ્યું કે તેમની સાથે કપટ કરવામાં આવ્યું છે. મને તમે અપવિત્ર રસોઈ પીરસો છો. રાજાએ અપરાધ અંગે પૂછતા યોગીએ જણાવ્યું કે શરીરમાં મુખ્ય અવયવ માથું છે. તે જ તમે સંતાડી રાખ્યું છે. રાજાએ પત્ની તરફ જોતાં તેણે અપરાધ કબૂલ કર્યો અને ભૂલ સુધારવા તક આપવા વિનંતી કરી. યોગીએ આજ્ઞા કરી કે ચિલ્લાળના માથાને તેમની સમક્ષ ખાયણામાં ખાંડો.

ચાંગુણાએ આંખો પર પાલવ બાંધી શિરને ખાંડવા લાગી. યોગીએ કહ્યુંઃ આંખોમાં આંસુ લાવી દુઃખપૂર્વક દાન આપવાના હોય તો હું અત્યારે જ પાછો જતો રહું છું. પુત્રશોકથી ભલે રડતા રહો. આથી રાજા-રાણી દોડીને યોગીના ચરણે પડ્યા અને પાછા ન જવા વિનંતી કરી. તેમની ઈચ્છા પ્રમાણે થશે તેમ કહ્યું. યોગીએ કહ્યુંઃ હે ચાંગુણા, ચિલ્લાળનું માથું કૂટતા આનંદપૂર્વક ગીતો ગા. ચાંગુણા તો તે માટે પણ કબૂલ થઈ.

ચાંગુણા ગાવા લાગીઃ હે સુકુમાર, તું ધન્ય છે. તારી પાસે પૂર્વપુણ્યાઈ હોવાથી તારું તું દાન કરી શક્યો. તારી કીર્તિ ત્રિભુવનમાં ફેલાશે. તું કૈલાસના રાજાને પ્રિય થઈ તેના ખોળામાં બેસીશ. અમારા માટે તું શંકર ભગવાનની પ્રાર્થના કર. અમે મોહમાંથી મુક્ત થઈએ તેવી શિવજીને વિનંતી કર. તેં અમારા પૂર્વજો સાથે અમારો ઉદ્ધાર કર્યો છે. હે શિવશંકર, તું સત્વર આવ અને અમને તારા શરણમાં રાખ.

ચાંગુણાના ગીતથી યોગીને સંતોષ થયો. ચાંગુણાએ માથાનું માંસ રાંધીને યોગી પાસે લાવી મૂક્યું. યોગી ભોજન કરવા બેઠા. ભોજનનો સંકલ્પ લીધા પછી તેણે રાજાને કહ્યુંઃ તું પણ મારી પંક્તિમાં ભોજન કરવા બેસ. રાજા ચકિત થયો પરંતુ તેમ બહારથી ન બતાડતા વિનંતી કરી કે યોગીરાજ તમે ભોજન કરો અને પાત્રમાં ઉચ્છિષ્ટ પ્રસાદ રહેવા દેજો. તમે સ્વસ્થપણે ભોજન કરો. અતિથિયોગી ગુસ્સે થયા અને કહ્યુંઃ તું જમવા નહીં બેસે તો હું જમ્યા વગર જતો રહીશ અને તારા સત્ત્વનું હરણ કરીશ.

અતિથિનો ગુસ્સો જોઈ રાણીએ શ્રીચાળને ભોજન માટે પંક્તિમાં બેસવા સૂચવ્યું. રાજા જમવા બેઠા એટલે યોગીએ રાણીને પણ જમવા સાથે બેસાડી. ત્રણેય ભોજન કરવા બેઠા. એકાએક યોગી ગુસ્સાથી આસન પરથી ઊઠી ગયા અને બૂમબરાડા પાડવા લાગ્યા કે તેઓ હવે ભોજન કરશે નહીં કારણ કે રાજા-રાણી બંને બાળહત્યારા છે અને નિઃસંતાન પણ. હવે તમારું સત્ત્વહરણ કરીને જ જઈશ. રાજા-રાણી બંનેએ યોગીના પગ પકડ્યા અને કહ્યું કે તેમની આજ્ઞા થકી જ તેમણે બાળહત્યા કરી હતી. હવે તમે અમને દોષી ઠેરવો છો?

યોગીએ કહ્યુંઃ તમે પોતાને મહાન શિવભક્ત કહેવડાવો છો. તે તમારી પ્રાર્થના સાંભળશે નહીં? તેમને પ્રાર્થના કરો અને ચિલ્લાળને બૂમ પાડો. શિવશંકર પોતાના બિરુદને સાચું ઠેરવશે. યોગીની આજ્ઞા અનુસાર રાજા-રાણીએ આર્તસ્વરથી શંકર ભગવાનની સ્તુતિ કરવા પ્રારંભ કર્યો. તેમની આંખોમાંથી ગંગા-જમુના વહી રહી હતી. શરીર પર રોમાંચ ખડા થયા. તેમનો કંઠ ગદ્‌ગદ્‌ થયો.

હે શંકર (કલ્યાણ કરનાર) વૃષભધ્વજ, પન્નગહાર, અમારી પ્રાર્થના સાંભળી બધાં કામ બાજુ પર મૂકી અહીં ત્વરિત આવ. અમે તારા બાળક અનાથ જેવા એક મોટા સંકટમાં સપડાયા છીએ. અમારાથી

દુઃખની યાતના સહન થતી નથી. અમારા બંનેનો અંત હાથવેંતમાં છે. માટે જલદી દોડીને આવ. આ પ્રકારે રાજા-રાણીએ શંકર ભગવાનની આર્તસ્વરે પ્રાર્થના કરી.

ભક્તોની પ્રાર્થના સાંભળી ભગવાન તરત જ વૃષભ પર આરુઢ થઈ ત્યાં હાજર થયા. પાર્વતી સાથે ચિલ્લાળ પણ વૃષભ પર બેઠેલો હતો. શંકર ભગવાને શંખનો અવાજ કરતાં જ બંને રાજા-રાણીએ ઉપર દૃષ્ટિ કરી. તેમણે ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યા. આશુતોષે તેમને ઉઠાડ્યા અને આલિંગન આપ્યું. પિનાકપાણિએ પ્રસન્ન થઈ કહ્યું કે તેઓ તેમની ભક્તિ જોઈ ખુશ છે. જોઈએ તે વર માંગી લો.

રાજા-રાણીએ હાથ જોડીને વિનંતી કરી કે અતિથિ ભૂખ્યો છે તેને સંતુષ્ટ કરો. શંકર ભગવાને કહ્યુંઃ હું જ અતિથિ બની આવ્યો હતો. તમારું સત્ત્વ જોવા મેં જ તમને યાતના આપી. કસોટીમાં તમે ઉત્તીર્ણ થયા. તમારી ભક્તિ, નિષ્ઠા અને ઉદારતાનો જોટો જડે તેમ નથી. આથી હું ગિરિજા સાથે પ્રગટ થયો છું. ઈચ્છિત વરદાન માંગો. રાજા-રાણીએ બે હાથ જોડી વિનંતી કરી કે તેમની કૃપાથી તેમને કશી પણ ખોટ નથી. શિવચરણમાં તેમને સ્થાન મળે. ભક્ત જે વસ્તુની માંગણી કરે તે વસ્તુ જ ઈશ્વર તેમને આપે છે. આથી જે ભક્તના અંતઃકરણમાં શ્રેષ્ઠ અનન્ય ભક્તિ છે તે ખરેખર ધન્ય છે.

આ પ્રકારની પાંચેય ગુણોથી સંપન્ન પતિવ્રતા જવલ્લે જ મળે. હજારોમાં એકાદ સ્ત્રી પતિવ્રતા હોય છે. ઉપર જણાવેલા પાંચેય લક્ષણોથી યુક્ત પતિવ્રતા જડવી મુશ્કેલ જ!

હવે છઠ્ઠો ગુણ ક્ષમાનો. પૃથ્વીનો ક્ષમાનો ગુણ જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી. ખેડૂત જમીનને હળથી ખેડે, ચાસ પાડે, તેમાં ખાડા ખોદે, જમીનમાં કૂવા, તળાવ બનાવે. ઈમારત માટે પાયા ખોદાવે. જમીન ખોદીને કાદવ બનાવે. (કુંભાર માટલા માટે.) લોકો તેના પર

મળમૂત્રનો ત્યાગ કરે છે. મૃત મનુષ્યના શબને જમીનમાં દાટે છે. શબને જમીન પર બાળે છે. કેટલાક તેના પર મંદિરો બાંધે તો કેટલાક તેના પર પાપાચરણ કરે છે. જુદાં જુદાં કાર્યો પ્રતિ તે સુખ કે દુઃખ દર્શાવતી નથી. ધરતીમાતાનો આ ક્ષમાનો ગુણ અલગ તરી આવે છે.

ઉપર દર્શાવેલા છ ગુણ ધરાવતી અનસૂયા પતિવ્રતાઓની માતા તરીકે જ શોભે છે. તે બધી જ માયા-મમતાનો ત્યાગ કરી પતિ સાથે સહ્ય પર્વત પર નિવાસ કરતી હતી. અત્રિઋષિ પણ હંમેશાં તપસ્યામાં સાવધાન રહી સ્વાનંદમગ્ન રહેતા હતા. ત્રિકાળ-સ્નાન, સંધ્યા, હોમ, જપ અને અતિથિ અભ્યાગતની સેવામાં તેમનો સમય સુખેથી પસાર થતો હતો. લોકવસતીથી દૂર એકાંતમાં પતિ-પત્ની બંને ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યયુક્ત થઈ સત્યસ્વરૂપમાં મગ્ન હતા. જેવી રીતે ગૌતમઋષિ અને તેમની પત્ની અહલ્યા, અતિથિ અભ્યાગતોનો સત્કાર કરી ભોજન આપી તૃપ્ત કરતાં તેવી જ રીતે સતી અનસૂયા પણ અતિથિઓની મનોભાવથી સેવા કરી તેમને ભોજન આપીને તૃપ્ત કરતા. આ પુણ્યપરાયણ દંપતી ખરેખર ધન્ય હતા.

આવા અલૌકિક દંપતીની કીર્તિ ત્રણેય લોકમાં ગાજે છે અને કીર્તિગાન કરનારનું દુર્દૈવ ભસ્મ થઈ જાય છે. તેમનાં સમૂળ પાપો પણ ભસ્મ થઈ જાય છે. સંતપુરુષોનો મહિમા સાંભળનારનું તેમજ તેમની સેવા કરનારનું અવશ્ય કલ્યાણ જ થાય છે. સંતની કૃપા થતાં જ સર્વ પ્રકારના દોષો નષ્ટ થાય છે. તેઓ પોતાના ભક્તો પર કૃપારૂપી છાંયડો કરી તેમને સંકટોમાંથી બચાવે છે. સાધુ-સંતોના ચરણે જ સાચું સુખ હોય છે અને તેમની કૃપાથી જ ઈશ્વરનાં દર્શન શક્ય બને છે. જો સંતોના ચરણોમાં પ્રીતિ થઈ તો સહજતાથી સાયુજ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. સંતચરણોની મહત્તા કયા શબ્દોમાં વર્ણવવી? બધા જ તીર્થો તેમના ચરણકમળમાં વાસ કરે છે.

આથી જ અનંતસુત સંતોને કાલીઘેલી ભાષામાં વિનવે છેઃ મને આપના ચરણોની સેવા અખંડપણે આપો અને આ રસભરિત ગ્રંથના પ્રવાહને અખંડપણે પ્રવાહિત થવા દો.

આગળની કથા અલૌકિક છે. અત્રિ અને નારદની મુલાકાત થશે. નારદમુનિની અદ્‌ભુત લીલાનું વર્ણન સદ્‌ગુરુ જ કરાવશે. શ્રોતાઓએ સાવધાન થઈ તે લીલાનું શ્રવણ કરવું.

॥ ઈતિ દ્વિતીયોऽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

---

પાદટીપઃ ઘણી પુરાણકથાઓમાં રૂપકો છે. બોધને ગૂઢ રીતે ગૂંથી લેવામાં આવ્યો છે. બુદ્ધિશાળી માણસો જ તેને સમજી શકે છે. (૧) પરમ કૃપાળુ, દયાઘન શંકર ભગવાન ભક્તના પુત્રનું માંસ ખાવા માંગે એ અજુગતુ છે. ઈશ્વર માંસ ખાવા માંગે એટલે કે સાધકનું માંસ ઉપાસના-સાધના દરમ્યાન ઓછું થવું જોઈએ. યોગીઓ પ્રાણાયામ દ્વારા અને ભક્તો શરીરની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરી શરીરનું વજન ઘટાડે છે. તેવો અર્થ આમાંથી લઈ શકાય. (૨) પુત્રને મારી તેનો શોક ન જણાવો જોઈએ એટલે કે આત્મા સિવાય પુત્ર, પતિ, પત્ની, ભાઈ, બહેન, પોતાનું શરીર પણ આસક્ત થવા માટે યોગ્ય નથી. તે બધું નાશવંત હોવાથી તે વિશે શોક કરવો નહીં. કથાનકનો ગર્ભિત અર્થ એવો બિલકુલ નથી કે પોતાના પુત્રનો વધ કરવો અને તે વિશે પૈશાચિક આનંદ દર્શાવવો. શાસ્ત્રોમાં પશુ, પક્ષી, વનસ્પતિ, જીવજંતુ કે નિર્જીવ પદાર્થો પ્રતિ પણ સહિષ્ણુ થવા આદેશ છે. આથી યોગ્ય તે અર્થ બુદ્ધિશાળી માણસે ધર્મશાસ્ત્રોમાંથી લેવો. (૩) પુત્રના મૃત્યુ પછી કહેવામાં આવ્યું છે કે જો ઈષ્ટમાં શ્રદ્ધા હોય તો શંકર ભગવાનની આર્તસ્વરે પ્રાર્થના કરો, પુત્રને બોલાવો તો તે જીવંત થશે. તે દર્શાવે છે કે શ્રદ્ધા હોય તો અશક્યને શક્ય બનાવે છે. (૪) ઉચ્ચ આધ્યાત્મિક શિખરે પહોંચવા માટે તન, મન, ધન, કીર્તિ, મોહ, માયા, મમતા, દુન્યવી સંબંધોને દાવમાં લગાવવા પડે છે. બીજી દુન્યવી ચીજો ધન, સત્તા, ચતુરાઈથી પ્રાપ્ત કરી શકાય પરંતુ શ્રેષ્ઠ ઈશ્વરીય પ્રેમ, વિશુદ્ધ પ્રેમ-ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થાય છે.

# અધ્યાય - ૩

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥
॥ શ્રીદત્તાત્રેયાય નમઃ ॥

ૐકારસ્વરૂપ હે દત્ત ભગવાન, તને નમસ્કાર! તું અખિલ અભંગ અને કૃપાળુ છે. તારા ચરણે મેં મસ્તક મૂક્યું છે. તારી કથાનું તું જ શ્રવણ કરાવ. હું અજ્ઞાની તેમજ મતિમંદ છું. ભાવિક ભક્તો, સંતો, જ્ઞાનીઓ, અનુભવી અને ચતુર શ્રોતાઓ કથાશ્રવણના હેતુથી મોટી સંખ્યામાં ઉપસ્થિત છે. કથારસનું પાન કરનાર તેઓ ભ્રમરો છે. તે બધાના મનોરથોને પૂર્ણ કરવા ફક્ત તું જ એક સમર્થ છે.

શ્રોતાઓએ ગયા અધ્યાયમાં શ્રીચાળરાજાની તેમજ અત્રિ-અનસૂયાની કથા સાંભળી. હવે આગળની કથા સાંભળો. સહ્યાદ્રિની તળેટીમાં મહર્ષિ અત્રિનો રમ્ય આશ્રમ હતો. વૃક્ષોની ઘટાદાર છાયા, સર્વત્ર પાંગરેલા લતાસમૂહનો છાંયડો, ફળપુષ્પોથી શોભાયમાન વનસ્પતિ સૃષ્ટિ પર્વત પર ઠેરઠેર દગ્ ગોચર થતી હતી. તે આશ્રમમાં અત્રિ અને અનસૂયા તપશ્ચર્યામાં કાળક્રમણ કરતા હતા.

એક દિવસ નારદમુનિએ અકસ્માત આશ્રમની મુલાકાત લીધી. અત્રિઋષિએ તેમને પ્રેમથી આલિંગન આપ્યું. તે સમયે બંને શિવ અને વિષ્ણુ પ્રમાણે દેખાયા. અત્રિઋષિએ નારદજીની પૂજા કરી. આથી નારદજી સંતોષ પામ્યા. સતી અનસૂયાનું આચરણ જોઈ તેમણે તેના પતિવ્રતાચરણ માટે ધન્યોદ્‌ગાર કાઢ્યા. ઉભય પતિ-પત્નીની મુલાકાત લઈ નામસ્મરણ કરતા કરતા નારદજીએ વિદાય લીધી. ત્યાંથી તેઓ સીધા બ્રહ્મલોક આવ્યા.

બ્રહ્મલોકમાં બ્રહ્માજી અને સાવિત્રી એક આસન પર બિરાજમાન હતા. નારદજીએ ઉભય માતાપિતાને આદરપૂર્વક નમસ્કાર કર્યા. માતા-પિતાએ નારદજીને આશીર્વાદ આપ્યા અને ક્ષેમકુશળ પૂછ્યા. નારદજીએ બ્રહ્માજીને કહ્યુંઃ હે તાત, આપ તો સર્વજ્ઞ છો તેમ છતાં પૂછો છો એટલે કહું છું કે આપે સ્વર્ગલોક તેમજ સપ્ત પાતાળ બનાવ્યા છે પરંતુ મૃત્યુલોકની રચના આપે અદ્ભુત કરી છે. અનેક ધર્મ અને વર્ણની રચના કરી વિવિધ પ્રકારના લોકોને વિવિધ પ્રકારનાં સાધનો પ્રયોજ્યાં છે.

સ્વધર્માચરણ, મર્યાદાપાલન, તપોનુષ્ઠાન, વિવેક, જ્ઞાનચર્ચા, કર્મધર્મ અને શ્રેષ્ઠાચાર ઇત્યાદિથી નરનારીના આધ્યાત્મિક ઉત્થાનની વ્યવસ્થા કરી છે. દા.ત. સેવક માલિકની ઈશ્વર સમજી સેવા કરે તો ઈશ્વર તેનાથી સંતોષ પામી તેને આધીન થાય છે. આ જ વાત અતિથિ અને ગૃહસ્થાશ્રમીને લાગુ પડે છે. અતિથિ સંતોષ પામે તો ગૃહસ્થ યજમાનનો ઉદ્ધાર થાય છે. આ જ રીતે પુત્ર જો માતાપિતાને ઈશ્વર માનીને સેવા કરે તો તે સેવા ઈશ્વરને પહોંચે છે અને ઈશ્વર તે ભક્તને આધીન થાય છે.*

શૂદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણ આ ચારે વર્ણોએ પણ કેવી સેવા કરવી તેનો સેવાક્રમ વર્ણવ્યો છે. લોકો ઈતર સાધનોનો પણ આશ્રય લે છે. જેમ કેઃ યજ્ઞ-યાગ, અન્નદાન, જપ, ધ્યાન, અનુષ્ઠાન, હઠયોગસાધના, યમ-નિયમપાલન, દાનધર્મ. પરંતુ આ બધા સાધનોનો સકામ બુદ્ધિથી આશ્રય લે છે. તેનાથી મને સંતોષ થયો નથી. ફરતા-ફરતા હું સહ્યાદ્રિ પર્વત પર ગયો. ત્યાં અચાનક એક આશ્રમ દેખાયો.

---

* પુંડલિકે માતા-પિતાની સેવા કરી તે જોઈ વિઠ્ઠલ ભગવાન સ્વયં તેને દર્શન આપવા આવ્યા અને વરદાન આપ્યાં.

તે આશ્રમમાં તમારા પુત્ર અત્રિ સાથે મુલાકાત થઈ. તેની પત્ની અનસૂયા એ એક શ્રેષ્ઠ પતિવ્રતા સતી છે. હું ત્રણેય લોકમાં વિચરણ કરું છું. મેં અનેક પતિવ્રતા સ્ત્રીઓ જોઈ છે પરંતુ અનસૂયા જેવી શ્રેષ્ઠ પતિવ્રતાને જોઈ નથી. નારદજીનું આ વક્તવ્ય સાંભળી બ્રહ્માજીને અતિ આનંદ થયો. પરંતુ સાવિત્રીને આ સાંભળીને મનમાં ક્રોધ આવ્યો. મત્સર બુદ્ધિ પેદા થઈ.

સાવિત્રીએ નારદને મોટા અવાજે કહ્યુંઃ એક સતીના વખાણ કરે છે અને બીજી સતીની નિંદા કરે છે? સ્વર્ગલોકની સતીઓ તેના કરતા હીન છે? નારદે કહ્યુંઃ માતા, જ્યાં શાંતિ નથી ત્યાં પાતિવ્રત્ય નથી. ઉમા, લક્ષ્મી અને તું પણ તેની દાસી તરીકે શોભો. આવું કથન સાંભળી સાવિત્રી ગુસ્સામાં નારદને શાપ આપવા તૈયાર થઈ. નારદે રોકડું પરખાવ્યું કે મારી વાણી અસત્ય હોય તો જ તારો શાપ મને હાનિ કરશે. નારદજીએ માતા-પિતાને વંદન કરી ત્યાંથી વિદાય લીધી.

બ્રહ્મલોકથી નીકળી નારદજી કૈલાસ પર્વત પર શિવલોકમાં ગયા. ત્યાં શિવ-પાર્વતી ચોપાટ રમતા હતા. નારદજીએ શિવજીને નમસ્કાર કર્યા. શિવજીએ નારદનું સ્વાગત કર્યું. શિવજીએ કુશળ વૃત્તાંત પૂછ્યો. નારદે પ્રાર્થના કરતા કહ્યુંઃ હે શંકર, તું સર્વનો આધાર છે. કોઈ પણ બાબત તારાથી અજ્ઞાત નથી. શંકર ભગવાને કહ્યુંઃ તે વાત બરોબર છે પરંતુ તું કીર્તનાચાર્ય છે અને તારું વિચરણ ત્રણેય લોકમાં હોય છે. આથી વિશેષ કોઈ બાબત હોય તો જણાવ.

નારદે કહેવાની શરૂઆત કરી. હે સર્વેશ્વર, હું ત્રિભુવનમાં ફરતો રહું છું. મેં બૈરાગી, ભોગી, ત્યાગી, પુણ્યવાન, યમી, દમી, કામી, કર્મશીલ, સુશીલ, શૂર, પ્રાજ્ઞ, જિતેંદ્રિય ઈત્યાદિ સર્વ પ્રકારના લોકોને જોયા છે. પરંતુ આશાપાશમુક્ત, પ્રપંચમાં હોવા છતાં માયાની અસરરહિત, નિર્વિકાર અને શાંત એવો ફક્ત એક અત્રિઋષિને જ જોયો.

સહ્યાદ્રિ પર્વત પર રહીને તે અને તેની પત્ની તપશ્ચર્યા કરી રહ્યાં છે. અત્રિ શાંત, વિરક્ત, ઉદાર, દયાળુ અને હંમેશાં શાશ્વતસ્વરૂપમાં લીન રહે છે. સતી અનસૂયા હંમેશાં પતિસેવામાં જ મગ્ન રહે છે. તેમાં જ તેને આનંદ મળે છે. હે શિવશંકર, ત્રણેય લોકમાં વિચરણ કરતા મેં કવચિત્ પતિવ્રતાઓને જોઈ છે. કોઈ દ્રવ્ય માટે, કોઈ પુત્ર માટે, કોઈ લૌકિકાચાર તરીકે અને કોઈ પતિના સૌંદર્યને જોઈને બાહ્યાચાર તરીકે પતિસેવા કરે છે.

જો પતિ મૂર્ખ, નિર્ધન, મલિન, યોગી, વિતરાગી, મનોરથ પૂર્ણ ન કરનાર હોય તેનું અપમાન કરવા પણ અચકાતાં નથી. આવી સ્ત્રીઓને જોઈને મારું મન ખિન્ન થયું. લાવણ્યની ખાણ જેવી અનસૂયા હંમેશાં પતિસેવામાં મગ્ન હોય છે. તેમાં જ તેને આનંદ મળે છે. અનસૂયા આ એક જ પતિવ્રતા જે અતિ નિર્મળ અને શ્રેષ્ઠ સાધ્વી છે. બીજી બધી જ સ્ત્રીઓ તેની દાસી તરીકે જ શોભે! નારદનું ભાષણ સાંભળી શિવજીને સંતોષ થયો પરંતુ અપર્ણા ગુસ્સે થઈ. તેણે ક્રોધમાં આવી કહ્યુંઃ તું પોતાને સાધુ કહેવડાવે છે અને બીજી સ્ત્રીઓની નિંદા કરી અનસૂયાની પ્રશંસા કરે છે? અનસૂયાની યોગ્યતાની કોઈએ ચકાસણી કરી છે? તેની યોગ્યતાને વધારી અમારી સામે અતિશયોક્તિ કરે છે?

નારદે પાર્વતીમાતાને કહ્યુંઃ માતા, તારા તમોગુણયુક્ત ભાષણથી જ સાચા-ખોટાની પરખ થઈ ગઈ છે. આથી અંબા શાપ આપવા તૈયાર થઈ. નારદે શાંતિથી કહ્યુંઃ મારું વચન અસત્ય હશે તો જ મને શાપ નડશે. આટલું કહીને નારદજી ત્યાંથી પ્રસ્થાન કરી ગયા.

સંકીર્તનના આચાર્ય નારદજીએ "નારાયણ, નારાયણ" એમ ઉચ્ચાર કરતા કૈલાસથી વિદાય લીધી અને વૈકુંઠલોકમાં પહોંચ્યા. વૈકુંઠમાં નારદજીએ ચતુર્ભુજ, કમલનેત્ર, કિરીટકુંડલમંડિત, વૈજયંતીધારી, અનેક આભૂષણભૂષિત શ્રી વિષ્ણુનાં દર્શન કર્યાં. શ્રી વિષ્ણુના ચારેય હાથમાં

અનુક્રમે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યાં હતાં. પરિધાન કરેલો પીતાંબર વીજળી જેવો ચળકતો હતો. નારદે શ્રી વિષ્ણુને નમસ્કાર કર્યા. શ્રી વિષ્ણુએ તેમનો આદર કર્યો અને પ્રેમથી સંભાષણ કરતા કહ્યુંઃ નારદ, આજનો દિવસ ખરેખર ધન્ય છે! તને જોયા પછી મારો બધો જ થાક ઉતરી ગયો. તારી ભક્તિથી હું પ્રસન્ન છું. તું મારો પ્રિય આપ્ત છે. ખરું જોતાં તું જ મારો પ્રાણ અને હું ફક્ત શરીર જ છું. મને નિર્ગુણને તમારા જેવા ભક્તોએ સગુણત્વ પ્રદાન કર્યું. તમે જ મને યાદ અપાવી હંમેશાં જાગ્રત રાખો છો. અન્યથા હું હંમેશાં નિદ્રાધીન જ હોઉં છું. તમારા સિવાય બીજા કોઈને પણ મારું અસ્તિત્ત્વ જણાતું નથી. તમે મારા જ્ઞાનનું પણ જ્ઞાનસ્વરૂપ છો.

ભગવાનના મીઠા મધ જેવા વચનો સાંભળી નારદે ઉત્તર આપ્યોઃ હે દેવાધિદેવ, આ દાસનો ગર્વ ન વધારશો. તમારાં ચરણો જ અમારો વૈભવ છે. તું જ સચ્ચિદાનંદરૂપ, પૂર્ણબ્રહ્મ, અવિનાશી, નિરંજન, અરૂપ, નિરાકાર, હિરણ્યગર્ભસ્વરૂપ, માયાતીત, ભેદાભેદરહિત અને અનિર્વાચ્ય છે. નિગમ (વેદો) અને આગમો (શાસ્ત્રો-પુરાણો)ને તારો અંત જડતો નથી. તું અમારા માટે સાકાર થયો છે. પિતા કેટલીક વાર પુત્રને પણ (બોલાવવા માટે) પિતા તરીકે સંબોધન કરે છે જેથી તે સાંભળી પુત્ર પુનઃ પિતાને પિતા તરીકે સંબોધન કરે. માતા પણ પુત્રને બોલાવવા તે જ શબ્દથી (માતા શબ્દથી) તેને સંબોધન કરે છે. તે જ પ્રમાણે મારામાં લાયકાત ન હોવા છતાં તું અમારું ગૌરવ કરે છે. હે અનંત, તારા ચરણે મને મસ્તક મૂકવા દે.

ઉપરનો વાર્તાલાપ થયા પછી બંનેએ પરસ્પર આલિંગન આપ્યું. વિષ્ણુએ તેને પૂછ્યુંઃ ક્યાંથી આવ્યો? કોઈ વિશેષ સમાચાર? નારદે જોયું કે લક્ષ્મીમાતા પણ નજીકમાં આસનસ્થ હતી. તેણે બે હાથ જોડી જવાબ આપતા કહ્યુંઃ મેં ત્રણેય લોકમાં ભ્રમણ કર્યું છે. તેમાં મને

પૃથ્વીલોક ગમ્યો. તેની તુલનામાં બીજા લોકો નગણ્ય જ! તે પૃથ્વીલોકમાં તારાં અનેક સ્વરૂપો છે. વિભૂતિઓ, તપસ્વીઓ, સિદ્ધો, સાધુ, મહંત, યોગેશ્વર, જ્ઞાની, વિવેકસંપન્ન, વેદજ્ઞ ઇત્યાદિ બધા તારાં જ સ્વરૂપો છે.

પ્રપંચ અને પરમાર્થ બંનેમાં દક્ષ, ચતુર, વક્તા, બાલોન્મત્તપિશાચ જેવા રહેનાર, પવિત્ર આચરણ કરનાર નરનારી, સ્તોત્ર જપ કરનાર એવા વિવિધ લોકોને મેં જોયા. વિવિધ તીર્થો, નગરો અને ક્ષેત્રોને પણ જોયાં. વિવિધ પ્રકારની સેવાના પ્રકારો, સાધના અને સાધકોને પણ જોયા. મેં ક્રૂર અને ઘાતકી લોકોને પણ જોયા. હે જગતના ઉદ્ધારક, આ પ્રકારનો ભૂલોકનો વિસ્તાર જોઈ મને આનંદ થયો. પરંતુ આશા, લોભ, મોહ, મત્સર, ક્રોધ અને મદ જેવા દૂષણોથી બધાને ઘેરાએલા જોયા. આ કારણથી જ બધા લોકોને જન્મમરણના ફેરામાં ઘેરાએલા જોયા. નિરપેક્ષ કર્મ મને ક્યાંય દેખાયું નથી. નિરપેક્ષ (નિષ્કામ) કર્મ મને ફક્ત એક જ સ્થળે દેખાયું અને હું સમાધાન પામ્યો.

હું સહ્યાદ્રિ પર્વત પર ગયો. ઋષિઓનાં દર્શન કર્યાં. ત્યારે અચાનક મને મહર્ષિ અત્રિ દેખાયા. તેઓ શાંત, વિરક્ત, આશારહિત અને સ્વાનંદમગ્ન દેખાયા. તેમની પત્ની અનસૂયા એ મહાપતિવ્રતા, સાદ્વી અને વિરક્ત છે. પતિ એ તેના પ્રાણ કરતાં પણ પ્રિય છે. તે પતિને હંમેશાં સંતુષ્ટ રાખે છે. તે જ પ્રમાણે અતિથિનો આદર-સત્કાર કરી તેમને ઈચ્છિત ભોજન પ્રેમથી આપે છે. તે બીજાના દુઃખથી દુઃખી થાય છે; દયાળુ છે અને સદા પરોપકારી છે. હે વિશ્વવ્યાપક સર્વેશ્વર, અનસૂયા જેવી શ્રેષ્ઠ સ્ત્રી ત્રિભુવનમાં જડવી મુશ્કેલ છે. સદ્‌ગુણસંપન્ન, સુલક્ષણા અનસૂયાનાં દર્શન એવી વ્યક્તિને જ થાય છે જેમની પાસે વિપુલ પુણ્યસંચય હોય.

અનંત બ્રહ્માંડોની ઇતર પતિવ્રતા સ્ત્રીઓ તેની સેવા કરવાની પાત્રતા ધરાવે છે. નારદે કરેલી અનસૂયાની પ્રશંસા સાંભળી શ્રીપતિએ

ધન્યોદ્‌ગાર વ્યક્ત કર્યા. પરંતુ લક્ષ્મીથી અનસૂયાની પ્રશંસા સહન ન થઈ. તેણે નારદને ક્રોધયુક્ત મુદ્રામાં કહ્યુંઃ તારું મન તો યોગ્ય ઠેકાણે છે ને? એક જ પતિવ્રતાની પ્રશંસા કરે છે અને બીજી સતીઓની નિંદા કરે છે? તું કેવો ભક્ત (સંત) છે તેની મને જાણ છે. નિંદા કરવાનો ગુણ તેં ક્યાંથી લીધો? આ બ્રહ્માંડમાં અમે ત્રણ સતીઓ જ (ઉમા, રમા, સાવિત્રી) શ્રેષ્ઠ છીએ. લક્ષ્મીનાં વચન સાંભળી નારદે કહ્યુંઃ તમે સતી અનસૂયાના ચરણવંદન કરશો એટલે તમારું કલ્યાણ થશે. નારદનાં આ વાક્‌બાણ લક્ષ્મીના હૃદયમાં સોંસરવાં ઉતરી ગયાં. તત્કાળ તે નારદને શાપ આપવા તૈયાર થઈ.

લક્ષ્મીએ કહ્યુંઃ તું જેની પ્રશંસા કરે છે તેની સાથે તને હું શાપ આપીશ. નારદે રોકડું પરખાવ્યુંઃ કાગડાના શાપથી કોઈ પશુ મરણ પામતું નથી. મારું વચન અસત્ય હોય તો જ મને શાપ નડશે. આમ કહીને નારદ વિષ્ણુચરણોમાં વંદન કરી ત્યાંથી જતા રહ્યા. તે પછી ઉમા, રમા અને સાવિત્રી અનસૂયાની પ્રશંસા સાંભળી મનમાં અતિ દુઃખી થયાં.

એક વખત સાવિત્રી અને ગૌરી વૈકુંઠમાં રમાને મળવા ગઈ. પરસ્પર ક્ષેમકુશળ પૂછીને લક્ષ્મી સાવિત્રીને કહે છેઃ સખી, તે દિવસે તારો નંદન નારદ અહીં આવ્યો હતો અને સ્વામીને પોતાની મીઠી વાણીથી મોહિત કર્યો. લોકચર્ચા કરતાં કરતાં અત્રિ અને અનસૂયાની કથા કહેવા લાગ્યો. અનસૂયાના પાતિવ્રત વિશે બોલતાં તેણે કહ્યું કે ત્રિભુવનની બધી જ પતિવ્રતા સ્ત્રીઓ તેની દાસી થવા યોગ્ય છે. તેની વાત સાંભળી મેં ગુસ્સો કર્યો અને શાપ આપવા તૈયાર થઈ ત્યારે તેણે પડકાર ફેંક્યો કે તેનું વચન અસત્ય પૂરવાર કરશો ત્યારે જ શાપ તેને નડશે. નારદનું આ વચન સાંભળી હું અતિ ચિંતાથી ઘેરાઈ છું.

લક્ષ્મીનું વાક્ય સાંભળી સાવિત્રીએ કહ્યુંઃ અમારા ઘેર પણ આ જ થયું. પાર્વતીએ પણ તેમાં સુર પૂરાવતા કહ્યું કે કૈલાસમાં પણ

આનું જ પુનરાવર્તન થયું. ત્રણેય સમદુઃખી સ્ત્રીઓ ભેગી મળી. પરસ્પર સલાહ મંત્રણા કરી નારદના વચનને અસત્ય ઠેરવવા શું કરવું જોઈએ તે વિશે ચર્ચા-વિચારણા કરવા લાગી. પાર્વતીએ કહ્યુંઃ સહુ પ્રથમ દરેકે પોતાના પતિ પાસેથી વચન લઈ લો. પછી આપણો હેતુ કહેજો. જો પતિ બહાનાબાજી બતાવે તો રિસામણાં, મનામણાં દ્વારા આપણા કાર્યને વેગ અપાવો. પતિને અનસૂયાનું સત્ત્વહરણ કરવા તૈયાર કરો. આ ઉપાય સર્વમાન્ય ઠર્યો. ત્રણેય દેવીઓ પોતપોતાના ઘેર ગઈ અને પતિસેવામાં રત થઈ.

જેવી રીતે દાંભિક ઠગ સાધુનો વેષ પરિધાન કરી કપટ વેષે ધ્યાન કરી તને રસ્તે જતા આવતા માણસાને ઠગે છે અને તેમનું ધન હરણ કરે છે અથવા બગલો એક પગ પર ઊભો રહી ધ્યાનનો ઢોંગ કરી માછલી નજીક આવતા તેનો શિકાર કરે છે તેવી જ રીતે ત્રણેય મહાશક્તિઓ પોતાનો હેતુ સિદ્ધ કરવા પતિસેવામાં મગ્ન થયા. આ પ્રમાણે પતિસેવા કરતા પતિ તેમના પર પ્રસન્ન થયા. ત્રણેય દેવોએ પ્રસન્ન થઈ પૂછ્યુંઃ તમારા મનમાં શું છે તે જણાવો. ત્રણેય દેવીઓએ પ્રથમ વચનપૂર્તિ કરવાનું વચન લીધું અને પછી પોતાનો મનોદય પ્રગટ કરતા કહ્યુંઃ નારદે જે કહ્યું તે તમે સાંભળ્યું જ છે. અમારા કરતા અનસૂયાની પ્રશંસા કરી અમને હીન દર્શાવી છે. આથી નારદનું વાક્ય ખોટું ઠરે તેમ અમારો હેતુ છે. તમે જઈને એવી કોઈ યુક્તિ કરો કે જેથી અનસૂયાના સત્ત્વનું હરણ થાય. તેમ કરવાથી તેની જગતમાં અપકીર્તિ થશે અને તેમ થતા નારદને પણ શાપ આપી શકાશે.

ત્રણેય દેવીઓનો વિચાર સાંભળી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે અનુક્રમે સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતીને કહ્યુંઃ તમારો વિચાર યોગ્ય નથી. તેનું કારણ એ જ કે અનસૂયાએ પોતાનું શ્રેષ્ઠત્વ તમારી આગળ રજૂ કર્યું નથી. બીજી બાજુ જોતાં અત્રિ અને અનસૂયા એવાં શ્રેષ્ઠ

બાળકો છે જેમની નિષ્ઠા માટે જેટલું કૌતુક કરીએ તેટલું ઓછું છે. રાજા ગરીબને રંજાડે અથવા સિંહે બકરીને બ્હીવડાવી તેમાં કયો પુરુષાર્થ છે? તમારો પ્રયાસ પણ આ જ પ્રકારનો છે જે યોગ્ય નથી. યોગ્ય વિચાર કરી નિર્ણય લો. બીજી વાત એ છે કે નારદે જે નરી આંખે જોયું તેનું વર્ણન તમારી સમક્ષ કર્યું છે. તમારા વિશે કશું અજુગતું બોલ્યો નથી. તમે જ વિના કારણ ક્રોધ કરો છો અને અમને સંકટમાં નાખો છો.

ત્રણેય દેવોએ તેમની પત્નીઓને સમજાવવા પ્રયત્ન કર્યો પરંતુ સાવિત્રી, રમા અને ઉમા ખિન્ન થઈને રિસાઈ ગયાં. તેમણે પતિદેવોને કહ્યુંઃ તમારો અમારા પર જરાયે પ્રેમ જ નથી. નારદની પોપટપંચીથી તમારું પેટ ભરાય છે. નારદ એવો સૂત્રધાર છે કે ભલભલાના બાર વગાડે. તે નારદ જ તમને પ્રિય છે અને અમે પારકા? તમારી સમક્ષ લોકોએ અમારી નિંદા કરવી અને તેને તમે સાંભળી રહો તે જ અમારું દુર્ભાગ્ય? આમ કહી એ ત્રણેય દેવીઓ પોક મૂકીને રડવા લાગી.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ મનમાં વિચાર કરવા લાગ્યા કે આપણી શક્તિઓ જો ખિન્ન રહે તો જીવનમાં સમરસતા ન રહે. તેમને સંતોષ આપવા આપણે તેમની ઈચ્છા પૂરી કરવી જ પડશે. આમ વિચાર કરી ત્રણેય પતિદેવો તેમની પત્ની પાસે ગયા અને સાંત્વન આપતાં કહેવા લાગ્યા કે એક દૃષ્ટિએ તમે અનસૂયાના સત્ત્વહરણનો સૂચવેલો માર્ગ યોગ્ય છે. હવે અમે સત્વર તે માટે જ જઈએ છીએ. આ અમારું વચન છે. આમ કહીને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભેગા થઈ વિચાર વિનિમય કરી અદ્‌ભુત લીલા કરે છે તે શ્રોતાઓ સાંભળો. સંતશ્રેષ્ઠ પણ શ્રી દત્તપ્રસાદવાણી શ્રવણ કરવા ઉત્સુક છે. આ અનંતસુત (કાવડીબુવા) તેમના ચરણે ભ્રમર થઈ ચકરાવો લે છે. સાધુસંત અને શ્રોતાઓએ અનંતસુતનો સ્વીકાર કર્યો છે અને મારા જેવા મૂઢ દ્વારા

આ ગ્રંથ વદાવી રહ્યા છે. આથી જ હું બાળકની જેમ કાલીઘેલી ભાષામાં લવારો કરી રહ્યો છું.

॥ ઈતિ તૃતીયોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૪

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥
॥ શ્રીદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ દત્તાત્રેય, તારા સ્મરણથી તાપત્રયનો નાશ થાય છે. હે વ્યાપક ત્રિગુણવ્યાપક ભગવાન્! તું ત્રણેય ભુવનોમાં વંદ્ય છે. તને મારા નમસ્કાર. ચતુર્મુખ બ્રહ્મદેવ પણ તારા માહાત્મ્યનું વર્ણન કરવા શક્તિમાન નથી. હે સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ, સુખધામ, તને વંદન હજો. તું અવિનાશી, આનંદમૂર્તિ, સદય અને સર્વજ્ઞ હોવા છતાં માયાની પેલે પાર છે. ઋષિ અને દેવ હંમેશાં તારા ચરણે રત હોય છે. તું અનાથને માટે કલ્પતરુ, શરણાગતનો રક્ષક અને મનોરથને પૂરો કરનાર છે. મને બાળકબુદ્ધિથી ગ્રંથ લખવાની ઘેલછા લાગી છે. આથી તું મેઘ બનીને શ્રોતાઓરૂપી ચકોર પક્ષીઓની આશા પૂરી કર. મારી વિનંતી માન્ય કરીને દત્ત ભગવાન બુદ્ધિ પ્રદાન કરનાર થયા. આ પહેલા ત્રણ અધ્યાયોનું આદરપૂર્વક શ્રવણ આપ સહુ શ્રોતાઓએ કર્યું. હવે આગળ પણ શ્રવણનું અનુસંધાન ચાલુ રાખો.

સાવિત્રી, રમા અને ઉમાએ પોતપોતાના પતિ પાસેથી વચન લઈ લીધું. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર આ ત્રણેય દેવતાઓ ચિંતાતુર થયા.

કયા ઉપાયથી સતીનું સત્ત્વહરણ થશે? ત્રણેય દેવતાઓનો એક જ સૂર હતો કે ત્રણેય સ્ત્રીઓએ આપણને મોટા સંકટમાં નાખ્યા છે. અનસૂયા શ્રેષ્ઠ પતિવ્રતા છે અને સ્નુષા (દીકરાની વહુ) વિષે વિપરિત ભાવ કેવી રીતે ધારણ કરી શકાય? સ્ત્રીબુદ્ધિ અનુસાર કાર્ય કરવાથી નાશ જ થશે. કોઈ ઉપાય જડતો ન હતો. દેવોએ વિચાર કર્યો, જો આપણે આ પ્રમાણે ગયા તો અત્રિ-અનસૂયા આપણી સેવા કરશે અને આપણને વરદાન આપવા ફરજ પાડશે. ક્રોધરૂપ લઈ ત્યાં જઈશું તોય ઉભય દંપતી શાંતિનો ત્યાગ કરશે નહીં. બંને પતિ-પત્ની સાત્ત્વિક અને ઉદાર છે. પ્રપંચ અને પરમાર્થ બંનેમાં તેઓ દક્ષ છે.

આકાશમાં સૂર્યને મેશ લગાડવા જો કોઈ તૈયાર થાય તો તે ભસ્મ થશે. તેવી જ રીતે અહીં પણ થશે. વિષ્ણુએ કહ્યુંઃ થનાર ઘટના થઈને જ રહેશે. પ્રારબ્ધ પ્રમાણે જે થાય તે ભોગવવું જ રહ્યું. વૃથા સમયનો અપવ્યય શા માટે? અનસૂયા શુદ્ધ તપાચરણરત હોવાથી તેના મનને અનુકૂળ તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે તેની વિષ્ણુને જાણ હતી. પ્રગટપણે વિષ્ણુ બોલ્યાઃ મને એક યુક્તિ જડી છે તે સાંભળો.

આપણે દ્વિજવેષ ધારણ કરીશું. પૃથ્વી પર સહ્યાદ્રિ પર્વત આવ્યો છે. તે મારું જ સ્વરૂપ છે. તેના પર અનેક પુણ્યશાળી ઋષિ અને યોગીઓ નિવાસ કરે છે. તે મહા વિશાળ પર્વત પર માયાપુરી (હાલનું માહૂર) સ્થિત છે. ત્યાં અત્રિઋષિ વાસ્તવ્ય કરે છે. આપણે ગુપ્તપણે વેશપલટો કરી તેમના આચરણનું અવલોકન કરીશું. ઋષિ આશ્રમમાં ન હોય ત્યારે આપણે ત્યાં પ્રગટ થઈશું અને અનસૂયા પાસે નગ્ન ભિક્ષાની માગણી કરીશું. તેણે આનાકાની કરતાં જ તેને શાપ આપીશું અને તેનું સત્ત્વહરણ કરી ત્વરિત પાછા આવીશું. શ્રી વિષ્ણુની યુક્તિ સાંભળી બ્રહ્મદેવ અને શંકર ભગવાનને આનંદ

થયો. તે પછી કોઈને પણ કશું કહ્યા વગર તેઓ ત્રણેય દેવતા વિપ્રવેષ ધારણ કરી પૃથ્વીલોકમાં આવ્યા.

માર્ગક્રમણ કરતા શંકરને માયાપુરી શિખર દેખાયું. તે શિખર ઉપર અનેક રમણીય વૃક્ષો, લતાઓ હતી. તે પૈકી અનેક ફૂલ અને ફળથી શોભાયમાન હતા. (ગ્રંથકર્તાએ આશરે સો જેટલાં વૃક્ષોનાં નામ આપ્યાં છે.) અનેક વન્ય પ્રાણી, ભ્રમર, હરણ, સાપ, વાનર જેવા અસંખ્ય પ્રાણીઓ હતા. (ગ્રંથમાં ૮૧ પ્રાણીઓનાં નામ આપ્યાં છે.) જળાશયોમાં અસંખ્ય જળચર પ્રાણીઓ જેમકે માછલીઓ, કાચબાઓ, દેડકા, જળકૂકડીઓ, મગર ઈત્યાદિ વિહાર કરતા હતા. આ પ્રમાણે વનચર વનમાં, જળચર જળમાં અને ખેચર આકાશમાં વિહાર કરતા હતા. મનુષ્યો પણ અહીં-તહીં ભ્રમણ કરતા હતા. તેટલામાં અત્રિઋષિનો આશ્રમ દેખાયો. આશ્રમ જોઈ ત્રણેયને આનંદ થયો.

ત્રણેય દેવતાઓએ આશ્રમની ગુપ્તરૂપથી પ્રદક્ષિણા કરી અને વંદન કર્યાં. તે મનોહર દૃશ્ય જોઈ અને ત્યાંની શાંતિ અને સાત્ત્વિક આંદોલનોથી તેઓ જે કાર્ય માટે આવ્યા હતા તેનું તેમને વિસ્મરણ થયું. કાર્ય યાદ આવતાં યોગ્ય તકની રાહ જોવા લાગ્યા. અત્રિઋષિ આશ્રમમાં ન હોય ત્યારે જ પ્રગટ થવું યોગ્ય, અન્યથા જો તેઓ હાજર હોય તો અંતર્જ્ઞાનથી આપણી યોજના જાણી તરત જ શાપ આપશે. આથી સાવધાન રહેવું.

આશ્રમમાં અત્રિઋષિએ અનસૂયાને બૂમ પાડી નજીક બોલાવી અને તેઓ તપોવનમાં જાય છે તેમ કહ્યું. અનસૂયાએ અત્રિમુનિને પૂછ્યુંઃ આપ તપાચરણ માટે વનમાં જાવ છો તે યોગ્ય જ છે. પરંતુ આપની અનુપસ્થિતિમાં આશ્રમમાં કોઈ અભ્યાગત આવે તો તેમનું સ્વાગત, આતિથ્ય કેવી રીતે કરવું? જો કોઈ મુશ્કેલી આવે તો તેનું નિવારણ કેવી રીતે કરવું? અનસૂયાનો પ્રશ્ન સાંભળી ઋષિએ કહ્યુંઃ

અતિથિપૂજા અને સેવા નિર્ભયપણે કરવી. કમંડલુમાં મારું ચરણોદક ભરી રાખવું. ઘોર સંકટના સમયે તેનું પ્રોક્ષણ કરવાથી કાર્ય નિર્વિઘ્ને પાર પડશે. ઉપાય સાંભળી અનસૂયાએ ઋષિનું પૂજન કર્યું. ચરણવંદના કરી અને ચરણોદકથી કમંડલુ ભરી લીધું. અત્રિઋષિ તપ માટે વનમાં ગયા અને આશ્રમમાં અનસૂયા એકલી રહી ગઈ.

અનસૂયા હવે આશ્રમમાં એકલી જ હતી, આથી ત્રણેય દેવોએ તક ઝડપી. સાધુવેષે તેની સમક્ષ પ્રગટ થયા. મધુર વાણીથી સાધુઓએ અનસૂયાને કહ્યુંઃ અમે ત્રણેય વિપ્ર ખૂબ ભૂખ્યા છીએ. તું શ્રેષ્ઠ પતિવ્રતા છે તેમ જાણી અમે તારે દ્વારે આવ્યા છીએ. તું અમને નગ્ન ભિક્ષા પીરસ. તું પતિવ્રતા માતા છે આથી હે જગદંબા, અમને ઈચ્છિત ભોજન આપ. અતિથિ સાધુઓનું વિચિત્ર ભાષણ સાંભળી અનસૂયા મનમાં વિચાર કરવા લાગીઃ આ અભ્યાગત વિપ્રો આવું અનુચિત દાન કેમ માગે છે? તેઓ આપણને કષ્ટ આપવા આવ્યા હોય તેમ લાગે છે. જો તેમને ના પાડીશું તો તેઓ આપણું સત્ત્વહરણ કરી જશે.

અનસૂયા વિચાર કરવા લાગી કે આવી પરિસ્થિતિમાં પતિદેવ પણ આશ્રમમાં નથી. આતિથ્ય ન કરીએ તો પણ દોષ લાગશે. આથી તેણે બ્રાહ્મણોને અંદર બોલાવ્યા. આસન આપી અર્ઘ્ય પાદ્ય આદિ ઉપચારથી તેમની પૂજા કરી અને તેમને વંદન કર્યાં. અતિથિઓને સ્વસ્થ બેસવા કહીને તે રસોઈઘરમાં ગઈ. અનસૂયા પાસે પતિસેવાનું વિશેષ તપોબળ હોવાથી તેણે વિપ્રોના કથનનું રહસ્ય જાણ્યું. તેણે અંદર જઈ ઘોડિયાને ગોદડી નાંખી તૈયાર કર્યું. પતિચરણતીર્થનું પાત્ર લઈ તે બહાર આવી. તે તીર્થ તેણે હાથમાં લીધું અને ત્રણેય સાધુઓ પર છાંટ્યું. અત્રિઋષિએ સંકટસમયે ચરણોદક પ્રોક્ષણ કરવા સૂચના આપી હતી. ચરણોદક પ્રોક્ષણ કરતાં જ ત્રણેય અતિથિ બાળક બની ગયા.

હસે અને ફૂલ ખરે તેમ હાસ્યવદનવાળી ત્રણેય બાળમૂર્તિઓ ભૂખથી રડવા લાગી. તે બાળકોને જોતાં જ અનસૂયાના અંતઃકરણમાં વાત્સલ્યભાવ પ્રગટ થયો. તેના મનમાં પુત્રવત્ સ્નેહ ઉદ્ભવ્યો અને તેનાં સ્તન દૂધથી ભરાઈ ગયાં. વિપ્રોએ નગ્ન ભિક્ષા માંગી તેનો ખ્યાલ કરી તેણે કંચુકી દૂર કરી અને ત્રણેય બાળકોને એક-એક કરી સ્તનપાન કરાવી તૃપ્ત કર્યા. તે પછી તેણે કંચુકી પરિધાન કરી અંતર્ગૃહમાં ગઈ. પાણીને ગરમ કર્યું અને ત્રણેય બાળકોને એક-એક કરી તેલમર્દન કરી ચોળી-ચોળીને સ્નાન કરાવ્યું. પોતાના વસ્ત્રથી તેમને સારી રીતે લૂછ્યા, કાન ફૂંક્યા, તાલુ પર તેલમર્દન કર્યું અને પારણામાં સુવડાવ્યા. એક બાળક શ્યામ વર્ણનું, બીજું ગૌર વર્ણનું અને ત્રીજું કર્પૂર રંગનું હતું. ત્રણેય બાળકો અત્યંત તેજસ્વી, મોહક દેખાતા હતા. તેમના પર વસ્ત્ર ઓઢાડીને અનસૂયા પારણાને ઝૂલવવા લાગી. તે જ સમયે તેના મુખ થકી નીચેનું હાલરડું નીકળ્યુંઃ

## હાલરડું

ગૌરવર્ણનો ચતુરાનન, સૃષ્ટિ રચીને થાક્યો જાણ,
સુખેથી પોઢ હે ન્હાનલા, પારણું હલાવું પોઢ રે... ॥ ૧ ॥

શ્યામવર્ણના ચતુર્ભુજધારી, અવતાર લઈને પ્રજા પાળે,
થાક્યો હશે અધોક્ષજ, ભક્તોકારણે થાક્યો રે... ॥ ૨ ॥

સ્મશાનવાસી દિગંબર, ભસ્મવિભૂષિત કર્પૂરગૌર,
નિદ્રા લે હે ભૂતસંહારક પંચવદન પોઢો રે... ॥ ૩ ॥

કમલાસન ચતુરાનન, વેદસ્થાપક બ્રાહ્મણ,
સત્યલોકવાસી સગુણેશ્વર, કમલોદ્ભવ પોઢો રે... ॥ ૪ ॥

પદ્મલોચન કેશવ, નવમેઘરંગ જગજીવન,
શેષશયન ગદાધર, જગદુદ્ધારક પોઢો રે... ॥ ૫ ॥

ગંગાધારી ગૌરીપ્રિય, પન્નગભૂષણ કરુણાલય,
પશુપતિ તું નીલકંઠ, ભવભયહારી પોઢો રે... ॥ ૬ ॥

રજોગુણાત્મક પાકશાસન, તામસ અને મદનાંતક,
સત્ત્વગુણી આંખો બંધ કરો, મધુસુદન પોઢો રે... ॥ ૭ ॥

અર્થઃ હે ગૌરવર્ણના બ્રહ્મદેવ, સૃષ્ટિરચના કરી તું થાકી ગયો હોઈશ. તું સુખેથી નિદ્રા કર. હે શ્યામવર્ણના ચતુર્ભુજ વિષ્ણુ, પ્રજાનું પાલન કરવા તું વિવિધ અવતાર ધારણ કરે છે. હે ભક્તરક્ષક, તું થાકી ગયો છે માટે હવે વિશ્રાંતિ લે.

હે સ્મશાનવાસી, ભસ્મલિપ્ત કપૂર જેવી શરીરકાંતિ ધરાવનાર, પાંચમુખ ધરાવનાર, તને સંહાર કરતાં ખૂબ પરિશ્રમ થાય છે. હવે સુખેથી વિશ્રાંતિ લે. હે કમલોદ્ભવ ચતુર્મુખધારી, સત્યલોકમાં નિવાસ કરનાર સત્યલોકના નિવાસી, વેદોની સ્થાપના કરનાર બ્રહ્મા, તને હું વહાલથી ઝૂલાવું છું. હે કમળનયન લક્ષ્મીપતિ, મેઘશ્યામ, જગતમાં સર્વત્ર વ્યાપી રહેનાર, શેષ નાગ પર શયન કરનાર, ગદાધર, તને હું હાલરડાં સંભળાવું છું. સુખેથી પોઢી જા.

હે ગૌરીપ્રિય ગંગાધર, સર્પના આભૂષણોને ધારણ કરનાર, નીલકંઠ, કરુણાસાગર, તું શયન કર. આ પ્રમાણે અનસૂયાએ ખૂબ જ હેતથી બાળકોને પારણામાં પોઢાવ્યા. તે પછી અનસૂયાએ સ્નાન કરી રસોઈ કરી. આવેલા અતિથિઓનો સત્કાર કરી તે તેમને ભોજન આપતી. ઘરકામ પતાવીને અનસૂયા બાળકોને રમાડતી. અકસ્માત અત્રિઋષિ તપાચરણ સમાપ્ત કરી આશ્રમમાં પાછા આવ્યા. આશ્રમમાં હાલરડાં સાંભળી તેમને આશ્ચર્ય થયું.

ગૃહપ્રવેશ કરતાં જ અનસૂયાએ તેમના ચરણવંદન કરી બેસવા આસન આપ્યું. અર્ઘ્ય-પાદ્યાદિથી સ્વામીચરણોની પૂજા કરી અને પ્રદક્ષિણા કરી તેમની સ્તુતિ કરી. અનૂસયાનું પ્રસન્ન મન જોઈ

અત્રિઋષિએ તેને પૂછ્યુંઃ આજે તારું મન આનંદથી હિલોળા લે છે. કોઈ વિશેષ લાભ થયો કે શ્રી વિષ્ણુનાં દર્શન થયાં? મંગલગીતો શાથી ગાય છે? ઉત્તર આપતા ગંગા પ્રમાણે પવિત્ર અનસૂયાએ સર્વ હકીકત સંભળાવીઃ આપે આશ્રમ છોડ્યા પછી એક દિવસ અઘટિત બન્યું. ત્રણ અતિથિ બ્રાહ્મણ બારણે આવ્યા અને 'ભવતિ ભિક્ષાન્ન દેહિ' એમ ઘોષ કર્યો.

મેં ત્રણેય અતિથિઓને આશ્રમમાં બોલાવી આસનસ્થ કર્યા અને યથાયોગ્ય પૂજા કરી. તેઓ બોલ્યાઃ અમે ખૂબ જ દૂરથી તમારી કીર્તિ સાંભળી આવ્યા છીએ. ખૂબ શ્રમિત છીએ. તમે યાચકને ઈચ્છાભોજન આપો છો તેમ સાંભળ્યું છે. ઈચ્છાભોજનની મનોકામના અમારા મનમાં છે. હે સ્વામી, તમારી કૃપાથી તેમનો મનોરથ મેં જાણ્યો કે સત્ત્વહરણ કરવાના ઉદ્દેશથી તેઓ આવ્યા છે. પ્રશ્નનો સામનો કેવી રીતે કરવો તે વિશે હું વિચાર કરતી હતી તેટલામાં જ તેઓએ ઘાંટો પાડીને કહ્યુંઃ ભૂખથી અમારા પ્રાણ વ્યાકુળ થયા છે. અમને ભોજન આપી અમારી ક્ષુધાને શાંત કર. જો તે શક્ય ન હોય તો તેમ કહે. અમે ભૂખ્યા જ પાછા ફરીશું.

ત્રણેય અતિથિઓની માંગણી સાંભળી મેં તેમને કહ્યુંઃ એક ક્ષણ માટે દયા કરો. સત્ત્વહરણ કદાચ થાય તેમ લાગતાં હું ઝડપથી આશ્રમમાં ગઈ, પારણું સજાવીને બહાર લઈ આવી અને તમારું ધ્યાન ધરી ચરણોદક તેમના પર પ્રોક્ષણ કર્યું. ત્વરિત ત્રણેય અતિથિ નાનકડા બાળકો બની ગયા અને ક્ષુધાથી આક્રંદ કરવા લાગ્યા. બાળકો પ્રતિ દૃષ્ટિ કરતાં જ વાત્સલ્યભાવને લીધે મારા સ્તનમાં દૂધ ભરાયું. મેં કંચૂકી કાઢી એક-એક બાળકને ખોળામાં લઈ ધવરાવવા લાગી અને તેમની ભૂખ દૂર કરી. આ રીતે ત્રણેયને દુગ્ધપાન કરાવીને વસ્ત્રાસન પર સૂવડાવ્યા.

તે પછી વસ્ત્રપરિધાન કરી ત્રણેય બાળકોને તેલ ચોળીને ગરમ પાણીથી ન્હવડાવ્યા અને પારણામાં મૂકી પારણું ઝૂલાવતા હાલરડાં ગાવા લાગી. અકસ્માત આપનું આગમન થયું. હવે બાળકો સૂઈ ગયા છે. હવે તમે બાળકોનું અવલોકન કરજો. અત્રિને આશ્ચર્ય થયું. તેઓ ત્વરિત પારણા પાસે ગયા. બાળકોને જોઈને અત્રિને અતિ આનંદ થયો. તેમણે કહ્યુંઃ ઈશ્વરની લીલા અગાધ છે. જ્ઞાનદષ્ટિએ સર્વ જાણીને અત્રિઋષિ અનસૂયાને કહેવા લાગ્યાઃ તારું ભાગ્ય શ્રેષ્ઠ છે; તારી ઈચ્છા પૂરી થઈ. આ કોઈ બાળકો નથી, આ શેષશાયી નારાયણ, કમલોદ્ભવ બ્રહ્મદેવ અને કર્પૂરગૌર શિવ છે. તારી ઈચ્છાનુરૂપ તેઓ બાળકસ્વરૂપે પ્રગટ થયા છે. પરંતુ એક વાત ધ્યાનમાં રાખ. તેઓ પાછા ફરે તે પૂર્વે આપણું કામ સાધી લે.

અતિ પ્રેમથી તેમનો ઉછેર કર. રાત કે દિવસની રાહ જોઈશ નહીં. અનસૂયાએ ઉત્તર આપ્યોઃ આપની કૃપાથી મેં સર્વ જાણ્યું છે. તે રસોઈ બનાવવા ગઈ. પંચમહાયજ્ઞ કરી ઉભય દંપતી જમવા બેઠા. તેટલામાં શ્રેષ્ઠ વૈષ્ણવ યોગેશ્વર નારદ ખભા પર વીણા લઈ 'નારાયણ, નારાયણ' એમ ઉચ્ચાર કરતા ત્યાં પ્રગટ થયા. અત્રિમુનિ વિશ્રાંતિ લેતા હતા અને અનસૂયા પારણું ઝૂલાવી હાલરડાં ગાતી હતી. નારદે શી હકીકત છે તે પૂછતાં અનસૂયાએ બનેલી ઘટના કહી સંભળાવી અને અંતર્ગૃહમાંથી બાળકો બહાર લાવી તેમની સામે મૂક્યા.

નારદ-અનસૂયાનો વાર્તાલાપ સાંભળી અત્રિમુનિ જાગ્રત થયા. સર્વ હકીકત સાંભળી નારદ પેટ પકડી હસવા લાગ્યા અને કહેવા લાગ્યાઃ સ્ત્રી એ અનર્થનું મૂળ છે. સ્ત્રી એ પાપનું ઘર અને નારી ખરેખર ડાકણ છે. સ્ત્રીઓ પર વિશ્વાસ રાખનાર ઈહપરત્ર પતન પામે છે. અનસૂયા આ વાક્યો સાંભળી પૂછવા લાગીઃ તમે આમ શા માટે કહો છો? શી ઘટના બની તે સવિસ્તર જણાવો. નારદ કહેવા લાગ્યાઃ તમારે ત્યાં આવી ગયા પછી મને ખૂબ જ સંતોષ થયો. અહીંથી મેં કૈલાસ તરફ

પ્રયાણ કર્યું અને તમારા ચરિત્રનું વર્ણન શિવગૌરી સમક્ષ કર્યું. પછી સત્યલોકમાં ગયો અને તે જ વર્ણન બ્રહ્મા-સાવિત્રી સમક્ષ કર્યું. ત્યાંથી વૈકુંઠ ગમન કર્યું અને શ્રી વિષ્ણુ-રમા સમક્ષ પણ તે જ વર્ણન કર્યું.

ત્રણેય લોકમાં ત્રિદેવો હકીકત જાણી પ્રસન્ન થયા પરંતુ તેમની દેવીઓ ક્રોધે ભરાઈ અને મને શાપ આપવા તૈયાર થઈ. મેં તેમને કહ્યુંઃ મારું વચન અસત્ય હશે તો જ મને શાપ હાનિ કરશે. આમ કહીને મેં તે સ્થળનો ત્યાગ કર્યો. તે દિવસથી મેં ત્રણેય સ્થળનો ત્યાગ કર્યો. પરંતુ ગુપ્તપણે દર્શન કરું છું. મને એવું લાગે છે કે ત્રણેય સ્ત્રીઓએ તેમના પતિની આવી દશા કરી છે. તમે તેમના પર કૃપા કરી અને બાળક બનાવ્યા એ તેમનું મોટું ભાગ્ય છે. હે માતા, તારી કીર્તિની સુવાસ ત્રણેય લોકમાં ફેલાશે. એક જ વિનંતી છે, તેમના પર વાત્સલ્યનો વર્ષાવ કરી તેમનું રક્ષણ કર.

નારદની વાત સાંભળી અત્રિ અને અનસૂયાના નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તેણે કહ્યુંઃ આ કેવું અઘટિત બન્યું? માખીએ સૂર્યને ઢાંકી દીધો અથવા પાંજરાના સિંહે જંગલના સિંહને પડકાર્યો, માછલીએ આખો સમુદ્ર પીધો, ઘાસના પૂળાએ અગ્નિને બાંધ્યો, માખીએ પાંખ વડે પવનથી મેરુ પર્વતને ઉખાડ્યો અથવા વાયુ ગુફામાં કેદ થયો તેના જેવું થયું. હે નારદ, અમારાથી મોટો અપરાધ થયો છે. હવે અમે શું કરવું જોઈએ?

નારદે કહ્યુંઃ તમે કોઈ પ્રકારનો ખેદ કરશો નહીં. સ્ત્રીઓના અભિમાનનો સમૂળ નાશ થાય તે માટે જ આ લીલા થઈ રહી છે. તે આપણું ઉત્પત્તિસ્થાન છે. તેઓ ત્રણેય સર્વસત્તાધારી કર્તાઓ છે. આપણે તો તેમની સામે તુચ્છ મગતરાં! સન્માર્ગનું રક્ષણ કરવું, દુષ્કૃત્ય કરનાર પાપીને શિક્ષા થવી જ જોઈએ. અહંકારનો નાશ કરવા માટે જ તેઓ અવતાર ધારણ કરે છે. તેમના કાર્યનું રહસ્ય તેઓ જ

જાણે! તેમના અનન્ય ભક્તની મનોકામના તેઓ પૂરી કરે છે. આ જગત્પાલનકર્તા, આ શિવશંકર અને આ વિધાતા ત્રણેય પરમ દયાળુ છે. તમારી ઈચ્છા તેઓ જરૂર પૂર્ણ કરશે.

ત્રણેય દેવતાઓએ કરેલી લીલાનો હેતુ પત્નીઓના અહંકારનો નાશ કરવો, તમારી મનોકામના પૂર્ણ કરવી અને બ્રહ્માંડમાં પોતાની કીર્તિ ચોમેર ફેલાવવી તે જ છે. અનસૂયાએ પ્રશ્ન કર્યોઃ બિનજરૂરી પ્રયત્ન શા માટે કર્યો? જેથી બીજાને કષ્ટ પડે તેવું કામ શ્રેષ્ઠ વ્યક્તિએ ન કરવું જોઈએ. અભિમાન નર્કનું દ્વાર છે એ ત્રિવાર સત્ય છે. શ્રેષ્ઠત્વ ક્યાં લઈ જાય છે તે જુઓ. હાથીના માથા પર અંકુશ આવે છે. ઊંચા વૃક્ષોને પવનનો સુસવાટો જમીનની સમતલ કરે છે. મોટા અને ઊંચા પર્વત શિખરોને વીજળી નષ્ટ કરે છે. વૃથા ઉચ્ચનો ભેદ અનેક ઘરોને પાયમાલ કરે છે. નાની કીડીને લોટ, ચોખા અને ખાંડ ખાવા મળે છે. કુમળુ ઘાસ પવનના ઝપાટામાં પણ સુરક્ષિત રહે છે. મધમાખીને મધ પ્રાપ્ત થાય છે.

ઊંચા ઊંટને માત્ર કાંટા ખાવા પડે છે. તમે હે નારદ, બુદ્ધિમાન અને નમ્ર પણ છો. તમે આમ કેમ કર્યું? નારદે જવાબમાં કહ્યુંઃ હે માતા, મનમાં દુઃખ કરીશ નહીં. બધું જ પૂર્વવત્ થશે. તમને કે મને કોઈ દોષ લાગતો નથી. આમ કહી નારદે ત્રણેય બાળકોની પ્રદક્ષિણા કરી અને વંદન કર્યાં. અત્રિ-અનસૂયાની વિદાય લીધી. આગળની કથા અપૂર્વ છે. તે કથા સદ્ગુરુ કૃપા કરી બોલાવશે. સદ્ગુરુકૃપા થકી જ શ્રી દત્ત ભગવાન મારા માધ્યમ દ્વારા કથા વદાવી રહ્યા છે. શેરડી ટોચથી શરૂ કરી મૂળ સુધી ઉત્તરોત્તર વધુ મધુર લાગે છે. ભાવિક સંત-શ્રોતાઓનું જ આ ધન છે. સંતોએ શ્રી અનંતને વશ કર્યો છે. તમે આ અનંતસુતને (શ્રી કાવડીબુવા- ગ્રંથકાર)ને પાવન કરો.

॥ ઈતિ ચતુર્થોડધ્યાયઃ સમાપ્તઃ ॥

# અધ્યાય - ૫

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥
॥ શ્રીદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ અનંત, કૃપારૂપી મેઘ, ષડ્‌ગુણસંપન્ન, તારો જય જયકાર હો. તારા ચરણે મેં મારું મસ્તક મૂક્યું છે; હું અનાથ છું. મારી સંભાળ રાખ. તારું હૃદય કોમળ છે. હું પામર છું, મને આશ્રય આપ. મારી આધિ, વ્યાધિને દૂર કર. અંતરની મલિનતાને દૂર કર અને મને સંકટથી બચાવ. તું સર્વજ્ઞ અને સર્વસાક્ષી છે આથી મારો ભય દૂર કર. કૃપા કરી મારી મનોવાંછા પૂરી કરી આ રસાળ કથાને આગળ વધાર. મારામાં જરાપણ ક્ષમતા નથી. તું જ કરનાર, કરાવનાર હોવાથી કથાની અપૂર્ણતાને પૂર્ણતાથી ભરી દે. તું જ વક્તા, શ્રોતા અને લખવાની શક્તિ પ્રદાન કરનાર છે.

ગયા અધ્યાયમાં વર્ણવ્યા પ્રમાણે અત્રિ અને અનસૂયાની વિદાય લઈ નારદે પાતાળભુવન તરફ પ્રયાણ કર્યું. આ બાજુ અત્રિ-અનસૂયા બાળકોનું લાલન પાલન ખૂબ જ હેતથી કરવા લાગ્યા. હે શ્રોતાઓ, તમે મારી સમક્ષ કેટલી ઉત્સુક્તાથી પ્રતીક્ષા કરો છો તે હું જાણું છું. તમારી પ્રતીક્ષાને હું દૂર કરું છું. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર પોતપોતાના સ્થળનો ત્યાગ કરી, પોતાની સ્ત્રીઓને કશું કહ્યા વગર અજ્ઞાત સ્થળે ગયા તેની કોઈને પણ માહિતી ન હતી. તેમની સ્ત્રીઓ ચિંતા કરવા લાગી કે હવે કોને પૂછવું? ઘણા દિવસો થયા પતિદેવ ક્યાં ગયા હશે?

ત્રણેય દેવીઓએ સેવકો દ્વારા તપાસ કરાવી પણ કોઈ અર્થ સર્યો નહીં. ત્રણેય લોકમાં કયાંય ભાળ મળી નહીં. ત્રણેય શક્તિઓ ચિંતાના મહાસાગરથી ઘેરાયા. ત્યારે એક દિવસ સાવિત્રી ઉમાને મળવા ચાલી

નીકળી. ત્યાંથી તે બંને વિષ્ણુલોકમાં વિમાનમાં બેસીને આવ્યા. વૈકુંઠમાં પણ ઉદાસ વાતાવરણ દેખાયું. લક્ષ્મી સાથે મુલાકાત થયા પછી ત્રણેય શક્તિઓના નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા. પોતપોતાના પતિની ક્યાંય પણ ભાળ ન મળવાથી કરુણવચનોથી આક્રોશ કરવા લાગ્યાં. મોઢા વાટે એક શબ્દ પણ નીકળતો ન હતો.

થોડીવારમાં પાર્વતી સ્વસ્થ થઈ કહેવા લાગી. શોકને દૂર કરો અને ગંભીર બની વિચાર કરો. આપણે વિવેક ધરી વિચાર કરવો જોઈએ કે આપણા પ્રાણેશ્વર આપણાથી ગુસ્સો કરીને તો ગયા નથીને? સાવિત્રીએ કહ્યુંઃ કોઈ દૈત્ય પણ સ્વર્ગ લેવા આવ્યો નથી. કોઈ જપાનુષ્ઠાનરત ભક્તને વરદાન દેવા પ્રાણેશ્વર મૃત્યુલોકમાં જાય છે પરંતુ કામ થયા પછી તરત જ સ્વસ્થાને પાછા આવી જાય છે. સ્વામી પોતે પણ કોઈ તપસ્યા કરવા ગયા નથી. આથી આપણી ચિંતા વ્યાજબી છે. પાર્વતીએ કહ્યુંઃ ત્રિપુરારી તપસ્યા કરવા ગયા હોય તો હિમાલય અને સ્મશાનમાં તપાસ કરી. શિવગણોએ તપોવન, ઋષિઆશ્રમો ખીણ-પર્વતો, ગુફાઓ બધે જ તપાસ કરી. તીર્થયાત્રાએ જયારે જયારે પ્રાણેશ્વર જાય છે ત્યારે મને સાથે લઈ જાય છે. તેમ છતાં બધાં તીર્થક્ષેત્રોમાં પણ તપાસ કરાવી. કોઈ ભક્તની પરીક્ષા કરવા ગયા હોય તો તરત પાછા આવવા જોઈએ. હવે તો ઘણો સમય વહી ગયો.

ઉમાનું કથન સાંભળી લક્ષ્મી બોલી, મારા સ્વામીની લીલા ન સમજાય તેવી અને વેદ પુરાણોને પણ અતર્ક્ય છે. ભોળા ભક્તોની ભાવનાને વશ થઈ તેમને પોતાના સ્થળે સ્થાપિત કરી પોતે તેમના દાસ થઈ જાય છે. તેઓ સંતપુરુષોના હૃદયનું ગર્ભગૃહ છે. તેમના માટે તેઓ પ્રસંગાનુરૂપ કોઈ પણ રૂપ લઈને ભક્તને મળવા જાય છે. છતાં પોતાને નિઃસંગી કહેવડાવે છે. તેને શ્રેષ્ઠત્વની લાલસા નથી અને કોઈ

પણ ભૌતિક વસ્તુની અપેક્ષા નથી. હૃદયનો ભાવ અને ભક્તિ સિવાય તેને સર્વ ત્યાજ્ય છે. તેના નામ રૂપને અંત નથી, તેમ શ્રુતિ જોરશોરથી કહે છે. તેને હવે ક્યાં શોધવો? તેનો મારા પર પ્રેમ નથી. કૌસ્તુભ, વૈજયંતિમાળા કે શેષશૈયા પણ તેને ગમતી નથી એમ લાગે છે. ભૃગુઋષિએ મારેલી લાતનું ચિહ્ન વત્સ લાંછન, અનન્ય શરણ ભક્ત અને પાવનત્વ એ પોતાના સ્વચરણના બિરુદ પર તેમને પ્રાણથી પણ વધુ પ્રેમ છે. દુષ્કર કષ્ટ કર્યા પછી પણ જે કોઈને પ્રાપ્ત થતો નથી તે અનંતની હું ક્યાં ક્યાં શોધ કરું? મને ચિંતા થાય છે કે મારી ઉપેક્ષા કરી તે ક્યાં પ્રયાણ કરી ગયા?

લક્ષ્મીના શોકયુક્ત વચનો સાંભળી ચતુર લાવણ્યવતી પાર્વતી કહેવા લાગીઃ મને એક કલ્પના સૂઝે છે. તમે પણ મનોમંથન કરો. ઘણા દિવસો પૂર્વે નારદે આવીને સ્વામી સમક્ષ અનસૂયાનાં ખૂબ જ વખાણ કર્યાં હતા. આપણે ત્રણેય શક્તિઓ તેને શાપ આપવા તૈયાર થઈ હતી. નારદની વાણીથી ઘાયલ થઈ આપણે આપણા પ્રાણેશ્વરને પ્રસન્ન કરી તેમની પાસેથી વચન માગ્યું હતું. પ્રાણેશ્વરોએ આપણને જ્ઞાનબોધ કર્યો હતો પરંતુ આપણે તેને સમજ્યાં નહીં અને સત્વહરણ કરવા તેમને જવું પડ્યું. આ મને યાદ આવ્યું એટલે મેં તમને કહ્યું.

ઉમાનું કથન સાંભળી લક્ષ્મી અને સાવિત્રી પણ એક જ અવાજમાં બોલ્યાં, ખરેજ! આપણે આ તો ભૂલી જ ગયાં હતાં! પરંતુ આપણા સ્વામી તેજ કામે ગયા છે તે કેમ સમજવું? એક દેવી બોલીઃ આ નારદ હંમેશાં અંદરો અંદર બધાને ઝગડાવે છે. તેણે એવી ચાવી ફેરવી કે આપણે તેના કહ્યા પ્રમાણે કરવા તૈયાર થઈ ગયાં. તેનું શું પરિણામ આવશે તે વિશે આપણે કોઈ વિચાર જ કર્યો નહીં. આપણને આમ દુઃખી કરીને નારદ ક્યાંય ભટકતો હશે. તેના સિવાય આપણા સ્વામી જડશે નહીં. અંબિકા બોલીઃ આપણા શાપની બીકને લીધે

તે કદાચ મળવા આવતો નહીં હોય. ચાલો આપણે જપધ્યાન અનુષ્ઠાન કરીએ જેથી આપણું મન શાંત થાય.

આ બાજુ નારદ પાતાળલોકમાં ગયા અને અતળ, વિતળ, સુતલ, તલાતલ, રસાતળ અને પાતાળ આ સપ્ત પાતાળમાં પરિભ્રમણ કરી આવ્યા. કૂર્મ, વરાહ, નાગ, હાટકેશ્વર અને ભોગાવતીને વંદન કરી મનોવેગથી સ્વર્ગભુવન આવી પહોંચ્યા.

*સ્વર્ગથી કૈલાસભુવન આવ્યા પરંતુ બધું જ તેને ઉજજડ લાગ્યું. જેમ ચાંદલા વગરની સુહાગણ, રાજા વગર સિંહાસન, પ્રાણ વગર શરીર તેવી જ રીતે દેવતાઓ વિહીન સ્વર્ગ અને કૈલાસ લોક જણાયા. નારદે નંદીકેશ્વરને ઉમા-મહેશ્વર વિશે પૂછ્યું. નંદીકેશ્વરે જણાવ્યુ કે શંકર ભગવાન કોઈ મહત્વના કામ માટે કયાંક ગયા છે અને પાછા આવ્યા નથી. આથી અપર્ણા દેવી પ્રાણેશ્વરની શોધમાં ક્યાંક ગયા છે. નંદીનું વચન સાંભળી નારદ હસવા લાગ્યા.

નારદ કહેવા લાગ્યાઃ ઈશ્વરી લીલા અગાધ છે. કોઈ તેનો પાર પામી શક્યો નથી. શક્તિઓએ પણ અભિમાનના શિકાર થઈ પોતાને તેમજ બીજાને સંકટમાં નાખ્યા છે. નંદીને મળ્યા પછી નારદ ઠેર ઠેર વનોપવનમાં ભ્રમણ કરતા હતા ત્યાં એક સ્થળે ત્રણેય દેવીઓ તપસ્ચારત દેખાઈ. ત્રણેય શક્તિઓને જોતાં જ નારદે તેમને વંદન કર્યાં. તરત જ દેવીઓએ પૂછયુંઃ તું કયાંથી આવે છે? અમારા પ્રાણેશ્વરોને ક્યાંક જોયા છે? ઘણા દિવસોથી અમને છોડીને ક્યાં ગયા તેનો પત્તો જ નથી. નારદે કહેવાની શરૂઆત કરીઃ

---

*નારદ સ્મર્તૃગામી છે. ઈચ્છા કરતાં જ જે તે કોઈ પણ લોકમાં ગમન કરવાની શક્તિ ધરાવે છે. "શ્રીદત્તો નારદો વ્યાસો શુકશ્ચ પવનાત્મજઃ કાર્તવીર્યશ્ચ ગોરક્ષો સપ્તૈતે સ્મૃતિગામિનઃ ।"

હું પ્રથમ સપ્ત પાતાળની યાત્રા કરી આવ્યો. ત્યાંથી કૈલાસ ગયો. ઉજજડ કૈલાસને જોઈ મારું મન પણ ઉદાસ થઈ ગયું. ગણો, ગણપતિ, વીરભદ્ર, કાર્તિકેય અને નંદી બધાયના ચહેરા મ્લાન દેખાયા. નંદીને પૂછતાં ખબર પડી કે પાર્વતીમાતા તપસ્યા માટે ગઈ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેય દેવ પાછા આવે તે માટે ત્રણેય દેવીઓ તપાચરણ માટે ગઈ છે. આથી મને પણ ખેદ થયો અને તમારી શોધમાં હું નીકળ્યો. નારદ બધું જ જાણતા હોવા છતાંય અજાણ હોવાનો ઢોંગ કરતા હતા. સમગ્ર લીલાના સૂત્રધાર હોવા છતાંય અલિપ્ત, અજાણ હોવાનું નાટક નારદને હસ્તગત હતું. નારદે ત્રણેય દેવીઓને પૂછયુંઃ તમે કેવી રીતે ક્યાં શોધ કરી તે વિશે પ્રકાશ પાડો. ત્રણેય દેવો શા નિમિત્તે ગયા તે પણ કહો. ત્રણેય શક્તિઓએ કહ્યુંઃ કોઈ પણ વિશેષ કારણ વગર ગયા.

નારદે પૂછ્યુંઃ કારણ વગર કોઈ અને તે પણ ત્રિદેવ ક્યાં જતા હશે? અને જાય તો પણ કામ પૂરું થયે તરત પાછા આવે. દેવોને કામ કરતાં કેટલી વાર? દેવોના ગમન પછી ઘણા દિવસો થયા તે સાંભળી મને આશ્ચર્ય થાય છે. નારદનું કથન સાંભળી અંબાએ કહ્યુંઃ મારા મનમાં જે હતું તે તને કહ્યું. પૂર્વે તું આવ્યો હતો અને સ્વામીને કહેતો હતો કે સતી અનસૂયા પતિવ્રતા શિરોમણી છે અને દેવીઓ તેમની દાસી થવા યોગ્ય છે. ત્યારે અમે તને શાપ આપવાની વાત કહી હતી. તેં કહ્યું કે તારું વચન અસત્ય ઠરે તો જ શાપ હાનિ કરશે. આમ કહીને તું જતો રહ્યો. અમે પ્રાણેશ્વર સાથે હઠ કરી અનસૂયાનો સત્ત્વભંગ કરવા પ્રયત્ન કરવાનું વચન લીધું.

થોડા દિવસો પછી ત્રણેય દેવો કશું કહ્યા વગર ક્યાંક નીકળી ગયા. તે દિવસથી અમે ત્રણેય અન્ન વગર દિવસો વ્યતિત કરીએ છીએ. પતિ દૂર જવાથી અમારું જીવવું વ્યર્થ છે. નારદે રોકડું પરખાવ્યું કે

તમે જ અભિમાન કરી અવિવેક કર્યો. તે શું તમને શોભે તેવું હતું? સતિ અનસૂયા પતિવ્રતોત્તમ સતી હતી તેમ મેં તમને જણાવ્યું હતું. મારું કથન સાંભળી તમને ગુસ્સો આવ્યો. હવે ત્રણેય દેવો ત્યાં શું કરી શકવાના હતા? ત્યાં ગયા તો ત્યાં જ ફસાવી લીધા હશે અથવા તેમને શાપ મળ્યો હશે. આવું અયોગ્ય સૂચન કરી તમે મોટો અપરાધ કર્યો છે. આથી બધાને દોષ લાગશે. હવે તેઓ પાછા કેવી રીતે આવશે? દ્વેષભાવથી તમે તમારા માટે બેડી તૈયાર કરી. તેને તોડવા કોણ સમર્થ છે? તેઓ જો અનસૂયાશ્રમે ન ગયા હોય તો નિશ્ચતરૂપે સુખરૂપ પાછા અવશે અને તમને તેમનાં દર્શન થશે.

નારદની વાત સાંભળી ત્રણેય શક્તિઓ ભયથી કાંપવા લાગી. તેમની આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. ત્રણેય દેવીઓ નારદને વિનવવા લાગી કે તે સહ્યાદ્રિ પર જઈ અત્રિ આશ્રમમાં જઈને તપાસ કરે. એટલી અમારા પર કૃપા કર. નારદે નાટકીય ઢબે કહ્યુંઃ હું અવશ્ય સહ્યાદ્રિ પર જઈશ. પરંતુ સુદૈવથી પાછો ફરીશ કે કેમ તે અંગે કહેવાય નહીં. ત્રણ દેવો ત્યાં રોકાઈ ગયા હોય તો મારે પણ રોકાઈ જવું પડશે. જો દેવો સત્વહરણ કરી નીકળી ગયા હશે તો સતી અનસૂયા ગુસ્સામાં હશે અને મને જોતાં જ શાપ આપશે. એક રીતે મને અનસૂયાનો ભય નથી પરંતુ તમારી યુક્તિથી હું પણ આમાં સપડાયો. તેમ છતાં તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની મારી ઈચ્છા કે યોગ્યતા નથી. ત્રણેય દેવીઓને નમસ્કાર કરી નારદે કાંધે વીણાના તાર છેડી નારાયણ... નારાયણ... એમ નામઘોષ કરતાં અત્રિ આશ્રમ તરફ પ્રયાણ કર્યું.

નારદજી દ્વારા નારાયણનું કીર્તન સાંભળી કરુણામૂર્તિ અત્રિમહર્ષિ આસન ઉપરથી ઊભા થયા અને નારદને ગાઢ આલિંગન આપ્યું. તે દશ્ય જ એવું મનોહર હતું જાણે કે કચ અને બૃહસ્પતિ, ભરત અને

રામ અથવા શિવ અને વિષ્ણુ પરસ્પર ભેટી રહ્યા છે. અનસૂયાએ નારદની પૂજા કરી. એકબીજાએ પરસ્પર કુશળ પૂછી આનંદથી વાતો કરતા બેઠા. અનસૂયાએ ત્રણેય બાળકો લાવી નારદ પાસે સુવડાવ્યા. નારદ સ્નેહાર્દ્ર નજરથી બાળકો તરફ જોયું. બાળકોએ પણ નારદ પ્રતિ સ્નેહ નજર ફેરવી અને હાસ્ય કર્યું.

બાળકસ્વરૂપ ત્રિદેવે હાસ્ય કર્યું તેનું રહસ્ય ફક્ત નારદે જ જાણ્યું. બાળકોએ મૌનની ભાષામાં જણાવ્યુંઃ અમારા અવતારનું રહસ્ય બતાવવા જ અમે ભક્તોને વશ થયા. આ જ તે હાસ્યનું રહસ્ય હતુ. નારદે સંમતિમાં ડોક હલાવી અને હાસ્યમાં હાસ્ય મેળવ્યું. અત્રિ અને અનસૂયાને ઉદ્દેશીને નારદે કહ્યુંઃ હે સર્વશ્રેષ્ઠ દંપતી તમે ખરેખર ધન્યવાદને પાત્ર છો. આ વૈકુંઠાધિપ, વચ્ચેનો સત્યલોકવાસી અને પેલી બાજુનો કૈલાસપતિ. તમારા જેવા તપે જ શ્રેષ્ઠ! તમારા અનેક જન્મોનું તપ ફલદ થયું છે. અસંખ્ય તાપસી આ માટે કઠોર તપ, યોગ-યાગ, દાનવ્રત ઈત્યાદિ સાધનોનો આશ્રય લે છે, તેમ છતાં જે ફળ પ્રાપ્ત થતું નથી તે ફળ તમે નિષ્કામ ભક્તિથી પ્રાપ્ત કર્યું છે. અનસૂયાએ કહ્યુંઃ હે નારદ, આ તમારી જ કૃપા છે. તમારી યોજના જ આના માટે કારણભૂત છે.

અનસૂયાએ પૂછ્યુઃ તમે ક્યાંથી આવ્યા? નારદે સ્વર્ગથી આવ્યાની વાત કરી. અનસૂયાએ પૂછ્યુંઃ આ ત્રણેય દેવોની શક્તિઓ કેમ છે? નારદે પાતાળલોકથી સ્વર્ગલોકના ગમનની વાત કરી. ત્રણેય દેવીઓ સાથે મુલાકાતની વાત કરી અને ત્રણેય દેવીઓએ અભિમાનના શિકાર થઈ જે મોટી ભૂલ કરી તેનો સ્વીકાર કર્યાની વાત કરી. તેમને પ્રાણેશ્વર વગર ચેન પડતું નથી અને તેમની શોધ માટે દેવીઓએ મને મોકલ્યો છે તેમ જણાવ્યું. મને તેમની દયા આવી અને ત્રિદેવની શોધમાં હું અહીં આવ્યો છું. હું તમને પણ સાવધ કરવા આવ્યો છું. ઉમા, રમા અને

સાવિત્રી આહાર નિદ્રાનો ત્યાગ કરી પતિપ્રાપ્તિ માટે તપાચરણમાં દઢ નિશ્ચયથી બેઠાં છે. હવે તેમનું અભિમાન પૂર્ણતઃ નષ્ટ થયું હોઈ તેઓ ચાતકની જેમ પતિની રાહ જુએ છે. મારાથી તેમની દયનીય સ્થિતિ સહન થતી નથી.

નારદનાં વચનો સાંભળી અનસૂયાનું હૃદય દ્રવ્યું. તેનાં નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. તેના મુખ દ્વારા આ પ્રમાણે વાક્યો સરી પડ્યાંઃ અહા! એક જ કર્મ બંને સ્થળે કેવી રીતે કામ કરે છે તે જુઓ. સર્વશ્રેષ્ઠ એવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર જેવા પતિ પરંતુ તેનો પણ વિરહ થવો એ કેવી કુબુદ્ધિનું પરિણામ? કર્મની ગતિ જુઓ! પતિના અંક પર હંમેશાં બિરાજમાન પાર્વતી આજે પતિ વિયોગથી દુઃખી છે! સૃષ્ટિકર્તા બ્રહ્મદેવ પણ કર્મના સપાટાથી બાળક થઈને રમે છે. આ વૈકુંઠનો રાજા જે વેદપુરાણથી પણ અનાકલનીય, તે કર્મના ચક્રમાં સપડાઈને આશ્રમમાં વસ્ત્ર પર સૂતો છે.

કર્મની ગતિ અકળ હોઈ તેનાથી કોઈ પણ જીવ સ્વતંત્ર નથી. કર્મથીજ જન્મમરણની ઘટમાળ સર્જાય છે. નારદ, કર્મની ગતિને જો. તમે હંમેશાં પરિભ્રમણ કરો છો અને જુઓ છો કે ચંદ્ર, સૂર્ય, તારાઓ પણ સ્થિર નથી. કર્મના પરિણામથીજ વિષ્ણુને અવતાર ધારણ કરવા પડે છે. શંકર સ્મશાનવાસી બને છે. કૂર્મ, વરાહ અને શેષ પૃથ્વીનો ભાર વહન કરે છે. કર્મની ગતિને લીધે બ્રહ્માને કુંભાર થવું પડ્યું. શરીરને હજાર છેદ પડ્યા. હે મુનિ, કરો તેવું પામો. આ સૃષ્ટિનો અકળ નિયમ છે. અમારા લલાટમાં પણ આવું લખેલું હતું આથી આ શક્ય બન્યું. હવે મને એકજ કૃપાદાન આપો જેથી જે તે શક્તિ અને તેમના પ્રાણેશ્વરનું મિલન થાય.

નારદે કહ્યુંઃ હે અનસૂયા માતા, તું ખરેખર ઉદાર છે. તું કહે છે તે જ પ્રમાણે તારી આજ્ઞાનુસાર ત્રણેય દેવીઓને લઈ આવું છું. તને

પણ તેમનાં દર્શન થશે. તું યુક્તિપૂર્વક તેમના અભિમાનને નષ્ટ કર. તેમને માન આપી સંતુષ્ટ કર અને તારું કાર્ય પણ સાધી લે. તું બધું જ જાણે છે. તારા મનમાં જરાય દ્વૈતભાવ નથી. તારી કૃપા જેની પર પડશે તે ત્વરિત ધનવાન થશે, મૂર્ખ પંડિત થશે અને અજ્ઞાનીને જ્ઞાન પ્રાપ્ત થશે. આમ કહી અત્રિઋષિને વંદન કરી અતિવેગથી નારદ ત્યાંથી  પ્રયાણ કરી ગયા.

આ સંવાદાત્મક મધુરકથા દત્તભગવાને મને જેમ કથન કરી તે જ ગ્રંથરૂપી શ્રોતાઓને અર્પણ કરું છું. મારા મનમાં ખૂબ જ ઉત્કટ ઈચ્છા હતી કે સજ્જનોની પ્રેમથી પૂજા કરવી અને સંત મહંતોને ભોજન કરાવવું. પરંતુ હું દરિદ્રી! પણ દત્ત ભગવાને મને પ્રબોધ કરી સમગ્ર સાહિત્ય પીરસ્યું અને કહ્યુંઃ અખંડ સમાધાન મળશે. ચારેય વર્ણોને સ્વાદિષ્ટ એવું પકવાન્ન નિર્માણ કર. પ્રયોજનની મુખ્ય વાનગી બીજા અધ્યાયમાં વર્ણવવામાં આવી જ છે એટલે અનુમાનની આવશ્યકતા જ નથી. લેખક, વાચક અને શ્રોતાઓ બધાંનેજ તૃપ્તિનો ઓડકાર આવશે. સેવન કરવાથી ભૂખ વધશે અને વધુ તૃપ્તિ અને પુષ્ટિ મળશે. અર્થ જાણનારની ઈચ્છા પૂરી થશે, રોકડુ સુખ પ્રાપ્ત થશે.

દત્ત તે જ અનંત સદ્‌ગુરુ છે. પુત્રની ઈચ્છા ઓળખી તે પૂરી કરવા આ ગ્રંથમાં પોતાની લીલા વર્ણન કરે છે. હું (કાવડીબુવા) નિમિત્તમાત્ર છું. ગ્રંથની ફળશ્રુતિ અનેક ગ્રંથમાં વર્ણવેલી હોય છે. કોઈ ઈચ્છા, કામના, લાભ દર્શાવવામાં આવે છે. તેવી કોઈ જ યોજના આ ગ્રંથ વિશે ન રાખતાં હું ફક્ત એટલું જ લખું છું કે “જેવી ભાવના તેવું ફળ”. સંત એટલે આ પૃથ્વી પર ઊગી નીકળેલાં ફળવાળાં વૃક્ષો. જે પ્રમાણે વૃક્ષને નિત્ય નિયમથી પાણી આપીએ કે તે વિપુલ ફળો પ્રદાન કરે છે. તે જ નિયમથી સંતોની મનોભાવથી સેવા કરવાને લીધે, તેમના ચરણે જીવપ્રાણ અર્પણ કરવાની તત્પરતાથી તેઓ કૃપા કરે છે

અને ફળ પ્રાપ્તિ થાય છે. આથી આ અનંતસુત (શ્રી કાવડીબુવા) જીવભાવથી સંતોના ચરણે લીન થઈ સેવકની જેમ તેમના દ્વારે ઊભો છે.

॥ ઈતિ પંચમોડધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અદયાય - ૬

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥
॥ શ્રીદત્તાત્રેયાય નમઃ ॥

હે અવિનાશરૂપી દત્તાત્રેય, ગુણાતીત, ગુણશ્રેષ્ઠ, તારા ચરણોમાં વંદન હજો. તું નિર્વિકાર, નિરંજન, સનાતન બ્રહ્મસ્વરૂપ વ્યાપ્તાવ્યાપ્તથી નિરાળો અને ચિત્તને ચૈતન્ય પ્રદાન કરનાર ચાતક છે. તું માયાની પેલે પાર, સર્વવ્યાપક, સંસારની ભ્રાંતિ અને દુઃખ દૂર કરી દયા દાખવી અજ્ઞાનનો નાશ કરે છે. તું નિર્ગુણ, નિરાકાર, કૃપાળુ અને ઉદાર હોઈ શરણે આવેલા માટે સાકાર થઈ અવતાર ધારણ કરે છે. તું જ પ્રાણીમાત્રના જીવનો પ્રેરક છે. અનન્ય ભક્તની આર્તપ્રાર્થના સાંભળી તેની ભાવનાને અનુરૂપ સગુણરૂપ ધારણ કરે છે. પોતાના ભક્તોની ભાવના અનુસાર વર્તીને તેમના મનોરથોને પૂરા કરી તેમનું પાલનપોષણ કરે છે.

આ અનંતસુત ઉપર કૃપા કરી બોધ કર્યો આથી આ દત્તપ્રબોધ ગ્રંથનું નિર્માણ શક્ય બન્યું છે. તારો મહિમા કોણ વર્ણી શકે? જીવ મૂલતઃ અજ્ઞાની હોય છે. પરંતુ તું હૃદયમાં પ્રગટ થઈ તારો

આશ્વાસનપરસ્ત હાથ મસ્તક પર મૂક્યો કે વાણી અને બુદ્ધિમાં સ્ફૂર્તિ આવી અને સરસ બની છે. તારી કૃપા એ જ સર્વના મૂળમાં છે. તારી કૃપાથી પાંગળા પર્વત ચઢે છે, આંધળા રત્નપરીક્ષા કરે છે અને મૂંગા અસ્ખલિત બોલવા લાગે છે. હું કેટલો અજ્ઞાની, હીન અને મલિન બુદ્ધિવાળો છું તેની સર્વને જાણ છે. હે દત્ત ભગવાન, એવા દીન અને અનાથનો હાથ પકડી તારી કથાને તું જ શ્રવણ કરાવી રહ્યો છે.

અત્રિ, અનસૂયાને વંદન કરી નારદ સ્વર્ગલોકમાં ગયા. તે વાત શ્રોતાઓએ ગત અધ્યાયમાં શ્રવણ કરી હતી. હવે તમને વંદન કરી આગળનો કથાભાગ સંભળાવું છું. નારદે સ્વર્ગલોકમાં જઈ માતાનાં દર્શન કર્યાં. રમા, ઉમા અને સાવિત્રી ઉત્સુકતાથી નારદને ઘેરી વળ્યાં. નારદે કહેવાની શરૂઆત કરીઃ અત્રિ-અનસૂયાનો શાંત-પ્રસન્ન ચહેરો જોઈ મેં નમ્રતાથી વાત કરી. તે દંપતીએ મારું અર્ચન કર્યું અને પૂછ્યુંઃ ઘણા દિવસો પછી આગમન થયું. અત્યાર સુધી ક્યાં ક્યાં હતા? અને શું નવીન જોયું? હે બ્રહ્મસુત, સ્વર્ગલોકમાં કોણ કેવી રીતે કુશળ છે તે વિશે વિગતવાર કહો.

અનસૂયાના પ્રશ્નની દિશા જાણી મેં કહ્યુંઃ અમરાવતી એ ઈંદ્રનું નિવાસસ્થાન છે. ત્યાંની બધી જ ઈમારતો રત્નજડિત હોઈ દેવોનું ત્યાં વાસ્તવ્ય છે. તેઓ જળને બદલે અમૃતપ્રાશન કરે છે. ત્યાં તિલોત્તમાદિક અનેક લાવણ્યમયી, મોહક અપ્સરાઓ રહે છે. હવાઈ વિમાન એ સર્વનું વાહન છે. ત્યાંના મુખ્ય અધિપતિ સહસ્રનયન (ઈંદ્ર) અને ઈંદ્રાણી છે. તેમનાં ગુણગાન કરી બંદીજનો તેમની પ્રશસ્તિ ગાય છે.

ઈંદ્રસભા હીરા-રત્નોથી જડેલી છે. મુખ્ય સિંહાસન પર ઈંદ્ર બિરાજમાન હોય છે. સેવકો ચામર વડે પવન નાખે છે. અપ્સરાઓ ઈંદ્ર સમક્ષ નૃત્ય કરે છે. ઈંદ્રના જમણા હાથે સિંહાસન પર દેવગુરુ બૃહસ્પતિ બિરાજમાન હોય છે. ગંધર્વો, કિન્નરો અને અપ્સરાઓ સાથે મળીને

ગાયન, વાદન અને નૃત્ય કરે છે. ઈંદ્ર પાસે ઐરાવત હાથી છે, જેને ચાર દાંત છે. સ્વર્ગનાં વન-ઉપવનો પ્રખ્યાત હોઈ તેમાં નંદનવન અદ્‌ભુત છે. તેમાં હંમેશાં વસંતઋતુ પાંગરેલી હોય છે.

નળ, કુબેર અને યક્ષ ઈંદ્રની આજ્ઞામાં રહી પોતપોતાની ફરજ સતર્કતાથી બજાવે છે. સ્વર્ગમાં હંમેશાં મંગલ વાજિંત્રોનો નિનાદ ગુંજે છે. પૂર્વ દિશામાં ઈંદ્રનું સ્થાન છે. અગ્નિ ખૂણામાં અગ્નિનું, દક્ષિણમાં યમનું સ્થાન હોય છે. પાપી લોકોને શિક્ષા કરવા માટે યમપુરીનું સ્થાન છે. ત્યાં અનેક નર્કના કૂવાઓ છે. પાપી લોકોને ત્યાં રાખવામાં આવે છે. અવિવેકી, પાપી, અસત્યવાદી, કુટિલ, જારકર્મી અને હિંસક લોકોને અહીં શિક્ષા થાય છે. આ જ પ્રમાણે માતાગમની, દારૂ પીનાર, હત્યાઓ કરનાર, પીડા આપનાર, આગ લગાડનાર, રસ્તે લૂંટનારા, નિંદા કરનારા અને કપટી લોકોને પણ અહીં જ શિક્ષા થાય છે.

યમરાજા પોતાની ફરજ ધર્મ અનુસાર જ બજાવે છે પરંતુ જીવ અનેક પ્રકારની પાપલીલા આચરતાં અચકાતો નથી. શિક્ષા થાય ત્યારે દુઃખથી ક્રંદન કરે છે. આમ યમરાજને શિક્ષા કરવામાં બિલકુલ દોષ નથી. જીવને વિવેકબુદ્ધિ આપી હોવા છતાં પાપ આચરે છે. આથી તેને સજા ભોગવવી પડે છે.* પશ્ચિમ દિશામાં વરુણનું સ્થાન છે અને વાયવ્ય ખુણામાં પ્રભંજન વાયુનું સ્થાન છે. ઉત્તર દિશામાં સોમ અને ઈશાન ખુણામાં ભગવાન ઈશાન-ઈશ્વર બિરાજમાન છે. હવે બાકીના રહ્યા તે સત્યલોક, વૈકુંઠલોક અને શિવલોક (કૈલાસ).

કૈલાસ શિખર પરમ રમણીય છે. સ્ફટિક જેવો ચકચકતો વર્ણ છે. ત્યાંના શુભ્ર કાચના રંગના આંગણમાં ઐરાવત જેવો મોટો નંદી

---

* અમારા પિતાશ્રીને યમરાજાએ અનેક વાર દર્શન આપ્યાં છે. તેમના મતે યમ જેવા કલ્યાણકારી દેવતા કોઈ નથી. સાત્ત્વિક જીવોને જોઈ તેઓ પ્રસન્નતા અનુભવે છે અને તેમનું સ્વાગત કરવા હાથમાં પુષ્પહાર લઈને પણ ઊભા હોય છે!

(પોઠિયો) છે. કૈલાસમાં ક્યાંય પણ આધિ, વ્યાધિ, ઉપાધિ નજરે દેખાતી નથી. શુભ્ર સિંહાસન પર કર્પૂરગૌર શિવ બિરાજમાન છે. તેના શરીરે શુભ્ર ફણીધર સ્થિત છે. તેમણે (શંકર) શુભ્ર ભસ્મ વિલેપન કર્યું છે. તે દિગંબર શંકરે ખોપરીઓની માળા અને રુદ્રાક્ષ ધારણ કરેલા છે. તેમના હાથમાં શંખ અને ડમરુ વાદ્યો છે.

મધુર તીણો નાદ કરનાર શૃંગી (પ્રાણીના શિંગડામાંથી બનાવેલ વાદ્ય) છે. શિવશંકર વ્યાઘ્રાસન ઉપર બિરાજમાન છે. હાથમાં ત્રિશૂળ અને ખપ્પર છે. તેમના કાન આગળ સર્પ ડોલે છે.

નિર્મળ ગંગા તેમની જટામાંથી ઉદ્‌ગમ પામી છે. શીતળ ચંદ્રમા તેમના કપાળમાં છે. દસ હાથ ધરાવનાર શિવશંકરને પાંચ વદન છે. હાથીના ચામડાનું વસ્ત્ર પરિધાન કર્યું છે અને ડાબા અંકમાં (ખોળામાં) હિમાલયપુત્રી પાર્વતી બિરાજમાન છે. આ દશ્ય અતિ શોભાયમાન છે. શંકરની ભ્રૂકુટીમાં રહેલા ત્રીજા નેત્રમાંથી જ્વાળાઓ નીકળે છે. તેમની આજુબાજુ સાઈઠ હજાર ગણોનો સમૂહ વીંટળાએલો હોય છે. ગણપતિ, વીરભદ્ર અને કાર્તિકેય (ષડાનન) આ શિવજીના ત્રણ પ્રમુખ પુત્રો. કાત્યાયની અને ચામુંડાના અસંખ્ય ગણો હાથ જોડીને નમસ્કાર મુદ્રામાં ઊભા છે. અષ્ટ ભૈરવ હાથમાં ધ્વજ અને ત્રિશૂળ લઈને નાચે છે. આવા વૈભવથી કૈલાસરાજા રાજ્ય કરે છે.

કૈલાસની ચોપાસ અમૃતફળ આપનાર વૃક્ષોનાં અનેક ઝૂંડો છે. બિલી અને બીજાં પણ સુવાસિત ફૂલોના ઝાડ છે. અનેક સ્થળે ઝરણાંઓ અને સરોવરો છે. દેવ, દાનવ, ઋષિ, તુંબર, ગંધર્વ, યક્ષ, કિન્નરો, ચારણો નિત્ય શંકરનાં દર્શન કરવા આવે છે. બધા જ લોકો શંકરનો જયજયકાર કરે છે. કેટલાક તેમની સ્તુતિ કરે છે. કેટલાક તેમનું ધ્યાન કરે છે, કેટલાક તેમને ગાયનથી તુષ્ટ કરે છે. સુરવરો તેમના પર પુષ્પવર્ષાવ કરે છે. જ્યાં સ્વયં શિવગૌરી નિવાસ કરે છે તે આ દિવ્ય કૈલાસભુવન.

હવે સત્યલોક વિશે સાંભળો. આ લોકમાં ક્યાંય અસત્ય દેખાય નહીં. સત્ય ભાષણ અને ચોખ્ખું કામ આથી આ લોક સત્યલોક તરીકે ઓળખાય છે. ચાર મુખવાળા બ્રહ્માજી આ લોકના અધિપતિ છે. સાવિત્રી અને સતી આ બે તેમની પત્નીઓ છે. સમગ્ર બ્રહ્માંડની રચના તેઓ કરે છે. પ્રજાની ઉત્પત્તિ માટે તે જ કારણભૂત છે. બ્રહ્મા વેદરૂપ છે. આ પ્રમાણે સત્યલોકની શોભા અલૌકિક છે. અનેક રત્નોથી જડેલી નાના રત્નોથી મઢેલી, માણેકરત્નોથી શોભાયમાન છે. માણેક જડેલી ચામરો ત્યાં વપરાય છે. ધજાપતાકાઓ ચમકતી લહેરાતી હોય છે. અનેક ચિત્રો ચિત્રાંકિત કરેલાં છે. વિવિધ વાજિંત્રોના મધુર નાદ સંભળાય છે. મનોહર બગીચાઓમાં સુગંધીદાર ફૂલોની સુવાસ ફેલાએલી છે. સત્યલોકમાં ઠેર-ઠેર અમૃત ભરેલા કુંડો જોવા મળે છે. કામધેનુ ગાયો નિરંતર દૂધ આપે છે. ત્યાં જરાકે દુઃખ કે દારિદ્ર દેખાતું નથી. બ્રહ્માજીની સભામાં રંભા અને ઉર્વશી આવીને તેમની નૃત્યકલા સાદર કરે છે. ભાટચારણો વિધાતાના યશોગીત ગાઈ રાચે છે.

હવે વૈકુંઠનું વર્ણન સાંભળો. તે સર્વથી અનુપમ છે. ત્યાંના ગહન તેજનું વર્ણન કરતા વેદો પણ મૌન થઈ જાય છે. પરંતુ કાંઈક વર્ણન કર્યા વગર તેનો ખ્યાલ ન આવે. આથી સંક્ષિપ્તમાં હું વર્ણન કરવાનો પ્રયત્ન કરું છું. તું પણ ધ્યાન દઈ સાંભળ.

વૈકુંઠની જમીન ધાતુજડિત હોઈ તેમાં ઠેર-ઠેર હીરા, માણેક, ઝવેરાતો જડેલા છે. ત્યાંના ભવ્ય ઊંચા સ્તંભો પોખરાજના બનેલા છે. ત્યાંની ઈમારતોની છત પણ રત્નોથી જડેલી હોય છે. ત્યાંની ભીંતો શુદ્ધ હીરાની અને તેના પર ચિત્રો રત્નોથી (જડતર કરીને) દોરેલા છે. તે ચિત્રોમાં નીલમથી જડેલાં ફળો પવનથી ડોલે એમ દેખાય છે. ચિત્રિત પક્ષીઓ ચાંચ ખોલી બોલી રહ્યા હોય તેમ ભાસે છે. ત્યાંના ઓરડાઓ તેમજ સભાખંડો અતિ વિશાળ હોઈ તેમની છત ઊંચી તથા રત્નોથી

જડેલી છે. ઠેર-ઠેર ઊંચાં ગોપુરો (સ્તંભ) હોઈ સાત આવરણથી આચ્છાદિત છે. આ લોકમાં ચિંતામણિથી જડેલી મેડીઓ, કામધેનુસભર ગૌશાળા (કોઢ) તથા કલ્પતરુના અસંખ્ય જંગલો વૈકુંઠને શોભાવે છે. કરોડો વીજળી ઝબુકતી હોય તેવી ધજાઓ ત્યાં ફરકતી રહે છે.

શ્રી વિષ્ણુ ભગવાનનું જે મુખ્ય નિવાસસ્થાન છે ત્યાં સુવર્ણમય સભાસિંહાસન છે. તેને વિવિધ રત્નોથી જડેલાં અનેક સહસ્રદલ કમળો છે. તેના ઉપર મનોહર શ્યામસુંદર બિરાજમાન છે. રમાદેવી તેમના ચરણોની સેવામાં રત છે. વિષ્ણુ ભગવાનના મસ્તકે શેષનાગ પોતાની હજાર ફેણને ફેલાવી રહ્યા છે. તેમના ઉપર અસંખ્ય રત્નજડિત છત્રો ચમકી રહ્યાં છે. દ્વારપાળ જય અને વિજય હાથ જોડી તેમની સમક્ષ ઊભા છે.

લોકપાળ દર્શન કરવા આવે છે, વિદ્યાધરો ગાયન કરે છે, સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર, નારદ અને તુંબર વિષ્ણુ ભગવાનનાં યશોગાન ગાય છે. વેદો પણ મૂર્તિમંત થઈ શ્રીહરિની કીર્તિનું વર્ણન કરે છે. શાસ્ત્રો અને પુરાણો પણ તેમનું યથાર્થ વર્ણન કરી શકતાં નથી. વૈકુંઠમાં બધા જ પુરુષ ચાર હાથવાળા અને નારીઓ પદ્મિનીના લક્ષણવાળી અતિ સુંદર તેમજ સદા હરિભજનમાં તત્પર હોય છે. સિદ્ધિ, બુદ્ધિ, તેમજ ઋદ્ધિ ત્યાંની દાસીઓ છે. ત્યાંના ખજાનામાં અગણિત ધનકોષ હોઈ ચારેય પ્રકારની મુક્તિ* પણ ત્યાં વાસ કરે છે. દસ પ્રકારનાં વાજિંત્રોનો નાદ વિવિધ દસ સ્થળે ગુંજે છે. (દશવિધ નાદ (અનાહત)નો તો અપ્રત્યક્ષ ઉલ્લેખ નહીં હોય?) અગિયારમા સ્થળનો નિનાદ એકદમ અલગ છે. તે સ્થળ (પિંડમાં સહસ્રાર?) ફક્ત ચતુર અને સુજ્ઞ લોકો જ જાણી શકે છે. ભાવિક ભક્તોની અનન્ય નિષ્ઠા હોય તો જ તેઓ આ સ્થળે લીન થઈ શકે છે.

---

* સામિપ્ય, સાલોક્ય, સારૂપ્ય અને સાયુજ્ય.

ભૂખ, તરસ અને આળસ અહીં લેશ માત્ર પણ નથી. અહીં કોઈ પણ પ્રકારનું *દ્વંદ્વ* નથી. જ્ઞાન, વિજ્ઞાન અને અજ્ઞાન રહિત અહીંનું વાતાવરણ છે. અહીંનું લક્ષણ સત્ત્વ, રજ અને તમોગુણથી પણ પર છે. અહીં પાંચ, પચ્ચીસ કે છત્રીસ એમ વિભિન્નતા નથી. અહીં પાંચ, દસ અને અલગ પ્રકારના દસ એ બધા એક જેવા છે. એકથી અનેક થયા અને તે પાછા એકમાં જ સમાઈ ગયા. એક અદ્વિતીય અનંત ગુણોથી વ્યાપેલો છે અને પૂર્ણતાથી છવાએલો છે, આ અનંત બ્રહ્માંડનો વૈકુંઠાધિપ રમાધવજ! તેનું ચરિત્ર, લીલા અપૂર્વ છે. આ જ સ્વર્ગ મૃત્યુ પાતાળનું મૂળ! હે અનસૂયા! વૈકુંઠલોક, સત્યલોક અને કૈલાસલોકના કળશ સમસામ્ય છે. ત્રિલોકના દર્શનથી મને અતિ આનંદ થાય છે. પરંતુ હાલમાં કૈલાસલોકમાં ગયો તો તે સ્થાન ઉલ્લાસવિહીન, શૂન્ય દેખાયું. પૂછપરછ કરતા નંદિકેશ્વરે કહ્યું કે ઈશ્વરે કૈલાસ છોડ્યે ઘણો સમય થયો અને તેમની કોઈ ભાળ મળતી નથી આથી જગદંબા ચિંતાતુર છે.

ઉપર પ્રમાણેના વર્તમાન મેં (નારદે) અનસૂયાને કથન કરી તેને સંતુષ્ટ કરી. તેણે પૂછ્યુંઃ ઈશ્વર તેમના ધામમાં પાછા ફર્યા? જવાબમાં મેં મનમાં વિચાર કરી તેના મનમાં દયા આવે તે રીતથી અત્યાર સુધીનો કથાભાગ કહ્યોઃ તમે ત્રણેય દેવીઓએ મને ત્રિદેવને શોધવા અહીં મોકલ્યા છે તે જણાવ્યું. તેનું અંતઃકરણ પીગળ્યું અને અંદર જઈ ત્રણ ન્હાનલા બાળકો મારી સામે લાવી મૂક્યા. હું બાળકોને જોઈ આશ્ચર્ય પામ્યો અને મેં ધન્ય, ધન્ય એમ કહ્યું. અનસૂયાએ નારદને કહ્યુંઃ નારદજી, તમને શું કહું? તમે જેમની કથા કહી રહ્યા છો તે જ આ દેવો છે. ત્રિદેવ બાળસ્વરૂપ કેમ પામ્યા તેનો ઈતિહાસ કહેવા લાગી. ત્રણ વિપ્રવેષથી અતિથિ આવ્યાથી શરૂ કરીને વિગતવાર વૃત્તાંત મને કહ્યો.

સતી અનસૂયાએ વધુમાં કહ્યુંઃ નારદ, તમે પણ આમને ઓળખી ન શક્યા? હવે તમે તરત પાછા ફરી ત્રણેય દેવોની પત્નીઓને જઈને આ હકીકત જણાવો. જો તેમનામાં સામર્થ્ય હશે તો તેઓ પોતાની શક્તિથી તેમના પ્રાણેશ્વરને પાછા લઈ જશે. તમે કહ્યા પ્રમાણે ત્રણેય શક્તિઓ દુઃખી છે. આથી આ સલાહ હું તમને આપું છું. સતીનું આ કથન સાંભળી હું અહીં આવવા તૈયાર થયો એટલે સતીએ મને થોભાવીને કહ્યું કે ત્રણેય શક્તિઓ આવે તો ભલે આવે પણ પોતપોતાના પ્રાણેશ્વરને ઓળખીને લઈ જાય. સતીનો આ સંદેશો તમને કથન કરવા અહીં આવ્યો છું. સતીના તાબાથી છૂટ્યો એટલે અહીં આવી શક્યો. હવે તમે ત્વરિત સિંહાદ્રિ (સહ્યાદ્રિ) પર જાવ.

નારદ દ્વારા કથન કરાએલ વૃત્તાંત સાંભળી રમા, ઉમા અને સરસ્વતીને એક પ્રકારે શાંતિ થઈ. તેમણે વિચાર કર્યોઃ સહ્યાદ્રિ કેવી રીતે જવું? સતી સાથે કેવી રીતે વર્તવું? કઈ રીતે સામર્થ્ય બતાવવું તે અંગે વિચાર કરવા લાગ્યાં. તેમના મનમાં શંકા અને બીક બંને હતાં. નારદે હાથ જોડી વિદાય માટે આજ્ઞા માંગી. દેવીઓ કહેવા લાગીઃ નારદ, આમ અધવચ્ચે જ અમને છોડી દેવાની તારી રીત યોગ્ય છે? અમને સામે પાર લઈ ગયા વગર અધવચ્ચે જ ન છોડીશ. દેવોના વૈદ્ય ધન્વંતરીની જેમ અમારા કર્ણમાં દિવ્ય રસાયન નાખી જાગ્રત કરી હવે અધવચ્ચે જ અમારો ત્યાગ ન કરીશ. ત્રિશક્તિની વિનંતીનો સ્વીકાર કરી નારદ પણ સહ્યાદિ પર્વત પર ત્રિશક્તિઓ સાથે પહોંચ્યા.

નારદ સહ્યાદ્રિ પર્વત પર પહોંચી ત્રણેય દેવીઓને કહેવા લાગ્યાઃ પેલું જુઓ, દક્ષિણ દિશામાં જે શિખર દેખાય છે તેના પરનો આશ્રમ જુઓ. ત્રણેય દેવીઓ કહેવા લાગીઃ એમ નહીં; તું પણ અમારી સાથે આવ અને સતી સાથે અમારી મુલાકાત કરાવ. નારદે નાટકીય ઢબે કહ્યુંઃ મારું ત્યાં કામ નથી. તમે જ ત્યાં જાવ. હું અહીંયાં ગુપ્ત રીતથી નિરીક્ષણ

કરીશ. અનસૂયાને પ્રસન્ન કરી તમે તમારું કામ કઢાવી લો. નારદના વેણ સાંભળી ત્રણે દેવીઓ વિચારમાં પડી. સાવિત્રીએ કહ્યુંઃ આપણે જઈને પોતપોતાની વસ્તુ (પતિ) તેણી પાસે માંગીશું. આમ કરવામાં શાની બીક? ચાલો, ઝડપ કરો.

પાર્વતીએ દલીલ કરતાં કહ્યુંઃ ડહાપણભરી વાતો કરે છે પરંતુ આમ તોછડાઈથી માંગણી કરવાને લીધે તે ગુસ્સે થશે અને આપણી પણ અવસ્થા પતિ જેવી કરશે. પછી તો પાછા જવાનું જ મુશ્કેલ થશે. રમાએ દલીલ કરી કે બધાની વાત સત્ય પ્રતીત હોવા છતાં કામ પત્યા સિવાય ઘેર પાછા જવું પણ યોગ્ય નથી. આપણે એવી યુક્તિ કરીશું જેથી કાર્યસફળતા પણ મળે અને આપણી કીર્તિને પણ ઝાંખપ ન લાગે. સાવિત્રીએ ચર્ચામાં ભાગ લેતાં કહ્યુંઃ અરે, અત્રિ આપણો પુત્ર અને અનસૂયા આપણી વહુ છે. આપણે તેની સાસુ છીએ. સાસુનો અધિકાર મોટો હોય જ છે. તેણીએ આપણી આજ્ઞાનું પાલન કરવું જ જોઈએ.

સાવિત્રીએ કહ્યુંઃ આપણે આપણી સત્તાનો ઉપયોગ કરી આપણા પ્રાણેશ્વરને પાછા લઈ જઈશું. તેનો ડર શા માટે રાખવો? સાવિત્રીનું કથન સાંભળી અપર્ણા મોટેથી હાસ્ય કરી બોલીઃ તું તો વગર વિચાર્યે જ બોલ-બોલ કરે છે. જયારે અનસૂયાનો સત્ત્વભંગ કરવાનો હતો ત્યારે પણ અનસૂયા તો વહુ જ હતી ને? વાસ્તવિક રીતે જોતા વહુની કીર્તિ સાંભળી આનંદ થવો જોઈતો હતો. તેમ ન કરતાં આપણે તેના સત્ત્વહરણ કરવા સુધી નીચલી પાયરીએ ગયાં! તે સમયે વિવેકનો આશ્રય કર્યો હોત તો આ સમય આવ્યો ન હોત. અપરાધ કરીને પાછી મોટાઈ બતાવવી એ શું યોગ્ય છે? હવે તે દિશામાં વિચારવાનું છોડી દો. રમાએ ઉમાના કથનને સમર્થન આપતાં કહ્યુંઃ ખરેખર તારું કહેવું સત્ય અને યથાર્થ છે. આ સાવિત્રી તો તેની રીતે જ વિચાર કરે છે.

હે અપર્ણા, તું બુદ્ધિશાળી છે. તું જ હવે એક સારી યુક્તિ શોધી કાઢ જેથી અનસૂયા પોતે થઈને જ આપણા પતિ પાછા આપી દે અને આપણે તેમની સાથે પોતપોતાના ગૃહે સુખેથી પહોંચીએ.

શિવપ્રિયા ભવાની વિચાર કરી બોલીઃ મૂળ ઉત્પત્તિસ્થાન બ્રહ્મા. આથી તેની શક્તિને પૂછો. રમાએ વચ્ચેનો રસ્તો કાઢતાં કહ્યુંઃ આપણા ત્રણેને બાજુએ રાખીએ અને આ નારદને પૂછો, તે આપણને રસ્તો બતાવશે. અહંકારને બાજુ પર રાખી નારદને વિનંતી કરીશું. તેની સ્તુતિ કર્યા વગર આ કામ શક્ય નથી. નારદ સ્વગત બોલ્યાઃ આ તો ઉલટી ગંગા વહે છે. માતા દ્વારા સ્તનપાન કરાવવા જતાં પુત્ર પતન પામે તેના જેવું થયું. પછી પ્રગટપણે બોલ્યાઃ હજુ કેમ થોભી રહ્યાં છો? શાની  ચિંતા છે તે મને સ્પષ્ટ જણાવો.

અપર્ણાએ નારદને કહ્યુંઃ તું બધું જ જાણે છે. રમત રમે છે છતાં રમતથી અળગો રહે છે. હવે તારી રમતને બંધ કર. હવે યુક્તિપૂર્વક રસ્તો બતાવ અને કાર્ય સફળ કરાવ. નારદે ઉપાય સૂચવતા કહ્યુંઃ તમારા પતિદેવ યાચકવૃત્તિ ધારણ કરી અનસૂયા પ્રતિ ગયા તે જ પ્રમાણે તમારે પણ દીનપણું સ્વીકારી મૌન ધારણ કરી ત્યાં જવું. પ્રથમ ભાષણ ન કરતાં અનસૂયા અને તેના આચરણનું અવલોકન કરો. 'શું જોઈએ છે?' એમ તેના દ્વારા પૂછાતાં 'અમને અમારા પતિ પાછા આપ એટલે તેમાં સત્કાર ઈત્યાદિ બધું જ આવી ગયું.' તત્ પશ્ચાત્ કયા કયા ચમત્કાર થશે તેને તમે જોશો જ. કાર્ય અવશ્ય સફળ થશે. હું પછી ત્યાં પ્રગટ થઈશ જ. હવે તમે ત્વરિત અનસૂયાના આશ્રમ તરફ જાવ.

નારદની સૂચના પ્રમાણે ત્રણેય દેવીઓએ વેશપલટો કરી વિપ્રસ્ત્રીનો વેશ પરિધાન કરી દીન બની અત્રિઋષિના આશ્રમે ગયાં અને અનસૂયા સમક્ષ ઊભાં રહ્યાં. સુહાગણોને પોતાના દ્વારે આવેલી

જોઈ અનસૂયા દોડીને બહાર આવી અને ત્રણેય બ્રાહ્મણીનાં ચરણવંદન કર્યાં. ત્રણેય દેવીઓએ તેને "અખંડ સૌભાગ્યવતી ભવ" એવો આશીર્વાદ આપ્યો. પાદપ્રક્ષાલન કર્યા પછી અનસૂયા ત્રણેય દેવીઓને આશ્રમમાં લઈ ગઈ અને આસન આપી પરમ આદરપૂર્વક પૂજાદ્રવ્યોથી તેમની પૂજા કરી. પૂજા કર્યા પછી અનસૂયાએ પ્રશ્ન કર્યોઃ આપ ત્રણેય ક્યાંથી પધાર્યાં અને મનમાં કઈ અભિલાષા ધરી આટલો શ્રમ કરી અહીં આવ્યાં? આજ્ઞા કરો તો આ દાસી સેવા માટે તૈયાર છે. આજે અમારું ભાગ્ય ઉઘડ્યું જેથી તમારાં ચરણ અમારી દૃષ્ટિએ પડ્યાં. તમારા દર્શનથી અમારાં સંકટો દૂર થયા. આપ આજ્ઞા કરો; ચૂપ કેમ છો?

તમે કેવળ ઈશ્વરીશક્તિ છો. તમે પ્રસન્ન થઈ અમારા પર કૃપા કરી અમારા ભાગ્યનો ઉદય થયો અને તમારાં દર્શનથી અંતઃકરણ શાંત થયું. આથી હાથ જોડીને વિનંતી કરું છું કે હવે મૌનનો ભંગ કરી અમને સેવા માટે આજ્ઞા કરવી. અનસૂયાની વિનમ્રતા, મધુર બોલ, શબ્દચાતુર્ય અને સેવાભાવનાને ઓળખી આ ખરેખર પતિવ્રતા છે. તે ત્રણેય દેવીઓએ ઓળખી લીધું. નારદે વર્ણન કર્યું હતું તેના કરતાં પણ અનસૂયા વધુ ગુણવાન, શીલવાન છે તે તેમણે જાણ્યું. પોતે સત્યને ન જાણતાં વૃથા અભિમાન કર્યું તેની ખાતરી થઈ. નમ્રતા એ સર્વ શાસ્ત્રોના જ્ઞાન કરતાં શ્રેષ્ઠ છે. નમ્રતા દરેક અંતઃકરણને આકર્ષે છે. "અત્યારે જ જોઈતી વસ્તુ માંગી લઈએ" તેવો વિચાર કરી તેઓ અનસૂયા પ્રતિ કહે છેઃ અનસૂયા, તું ખરેખર ધન્ય છે. અમારા મનમાં તારા પ્રતિ આદરનું નિર્માણ થયું છે. તું સેવાદાન માંગે છે તો સાંભળઃ

અમારા પ્રાણપતિ તારા આશ્રમમાં છે. તે સત્વર અમને પાછા આપ અને અમને સ્વગૃહે જવા દે. ત્રણેય દેવીઓનાં વચન સાંભળી અનસૂયાએ જાણ્યું કે ત્રણેય શક્તિઓને પાછા મોકલી દેવા નારદને જણાવ્યું હતું તે જ આ ત્રિદેવની પત્નીઓ અને પોતાની સાસુઓ છે.

અનસૂયાએ બંને હાથ જોડી પોતાનું મસ્તક તેમનાં ચરણો પર મૂક્યું. સતીએ પ્રાર્થના કરતાં જણાવ્યુંઃ હવે તમારું અસલ સ્વરૂપ પ્રગટ કરો. હવે અનસૂયાએ આપણને ઓળખી લીધી છે તેમ જાણી ત્રણેય દેવીઓએ પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું. અત્રિઋષિએ ધ્યાન વિસર્જન કરી નેત્રો ખોલી જોયું. પોતાનું આસન છોડી અત્રિએ ત્રણેય દેવીઓને વંદન કર્યાં. સતી અને ત્રિશક્તિઓએ પરસ્પર આલિંગન આપ્યું. પ્રેમપૂર્વકની સહૃદયતાને લીધે બધાના નેત્રોમાંથી હર્ષાશ્રુઓ વહેવા લાગ્યાં. મુખ વાટે શબ્દ નીકળતા ન હતા. તે જ અરસામાં નારદજી ત્યાં આવી પહોંચ્યા.

અત્રિ અને નારદ પરસ્પર પ્રેમથી ભેટ્યા. નારદે આ રીતે વિષાદને દૂર કર્યો. અત્રિઋષિએ સતી અનસૂયાને કહ્યુંઃ આપણી માતાઓ તારા આશ્રમમાં પધારી છે. તેમની ઈચ્છા પૂરી કરી તેમને સંતુષ્ટ કર. અંદર જઈ તેમના પ્રાણપતિઓને બહાર લાવી તેમનું મિલન કરાવો. પતિઆજ્ઞા સાંભળી અનસૂયા અંદર ગઈ અને ક્ષણાર્ધમાં તે ત્રણેય દેવોને બહાર લઈ આવી. સ્વર્ગના ત્રણેય કુમારોને તેણે બહાર લાવી મૂક્યા. તે ચમત્કાર જોવા સુરવરો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. વિમાનમાં ફૂલો એકઠા કરી ઈંદ્ર પૃથ્વી તરફ જોવા લાગ્યો.

આ ત્રણેય દેવો મુક્ત થાય એટલે આપણે તેમના પર પુષ્પવૃષ્ટિ કરીશું. આવો અપૂર્વ અવસર જોવા યક્ષ, કિન્નર, ગંધર્વ, અપ્સરા અને દેવાંગનાઓ ત્યાં એકઠી થઈ. સર્વ દેવી દેવતાઓ પોતપોતાના વાહનમાં આરૂઢ થઈ પ્રસંગોપાત ગાયન-નૃત્ય કરવાની તૈયારી સાથે ત્યાં આવ્યાં. આશીર્વાદ આપવા ઋષિમંડળી ત્યાં હાજર થઈ. બધાનાં હૃદય આનંદ-ઉલ્લાસથી પુલકિત થયાં. ત્રણ દેવીઓ સમક્ષ અનસૂયાએ બાળકો લાવી મૂક્યા અને અનસૂયા કુતૂહલથી પ્રતીક્ષા કરવા લાગી.

ઉમા, રમા અને સાવિત્રી તે ત્રણેય બાળકોનાં મુખારવિંદ સામે એકીટશે જોવા લાગી. ખૂબ નજીકથી જોવા છતાં ત્રિશક્તિ તેમના પ્રાણપતિને ઓળખી શક્યાં નહીં. ભૂલમાં પણ પરપુરુષનો સ્પર્શ ન થાય તે માટે કોઈ પણ બાળકને સ્પર્શ કરવાની હિંમત કરી શક્યું નહીં. ત્રણેય દેવીઓ અંદરોઅંદર વાર્તાલાપ કરતી હતીઃ અરે, તું જ તારા પ્રાણપતિને ઊંચકી લે. પરંતુ કોઈએ સાહસ ન કર્યું. આજુબાજુના ઋષિઓ આ જોઈને મોટેથી હસવા લાગ્યા. અનસૂયા મોઢે પાલવ રાખી મનમાં આશ્ચર્ય કરવા લાગી. તે કહેવા લાગીઃ અરે જેના તેના પ્રાણસમ પતિ ઓળખાતા નથી તે જાણી આશ્ચર્ય થાય છે!

નારદે ત્રિદેવીઓને કહ્યુંઃ હે માતાઓ તમે એકબીજાનો તફાવત સમજી ઓળખી લો. પાર્વતી બોલીઃ તેઓએ આવો વેશ ધારણ કર્યો છે આથી કેમ કરીને ઓળખી કાઢવા? (ઈશ્વરને તેમના ભક્તો જ ઓળખી શકે છે. તેમના પર સંબંધ ધરાવનારનો અધિકાર બજાવનાર ઓળખી શકતા નથી.) અનસૂયા જ ઓળખી કાઢશે. અત્રિ મહર્ષિએ અનસૂયાને કહ્યુંઃ જા, સત્વર તેમના પતિરાજ ઓળખીને આપ. અનસૂયાએ પ્રગટપણે કહ્યુંઃ શું પોતાનાને પણ ઓળખી શકતા નથી? જગતમાં હાસ્યપાત્ર કાં થાવ છો?

સાવિત્રીએ કહ્યુંઃ તું સુજાણ છે. અમારું ડહાપણ કામમાં આવ્યું નથી. તું જ અમને ઓળખીને આપ. અનસૂયાએ નિરીક્ષણ કરી બાળકોને ઊંચકી જેને તેને સ્વાધીન કર્યા. બાળકોને ત્રિશક્તિએ પોતાના ખોળામાં લીધા. બાળકો ક્યારના ભૂખ્યા હતા. આથી શોક કરીને તેમના સ્તનને સ્પર્શ કરી રડવા લાગ્યા. ત્યારે તે દેવીઓ શરમાઈ ગઈ અને હવે જાહેરમાં ફજેતી થશે તેમ માનવા લાગી. આ વિપરીત વાત જાણી આજુબાજુના બધા હસવા લાગ્યા. ત્રણેય દેવીઓ અધોમુખ કરી શરમાઈ ગઈ. મરણતુલ્ય તેમની સ્થિતિ થઈ. આથી નારદે વિચાર કર્યો કે જો ત્રિશક્તિ

ક્રોધિત થશે તો ક્યાંક વિપરીત થશે. આથી હસવું ખાળીને તે બાળકો પાસે ગયા અને બોલ્યાઃ વાર્તાઓ કહીને બાળકોને શાંત કરો.

પાર્વતી બોલીઃ બાળકો અમારી પાસે આવ્યા બાદ જ કેમ તેમણે રડવાનું શરૂ કર્યું? નારદે કહ્યુંઃ ઘણા દિવસો પછી મુલાકાત થઈ આથી. તદ્‌ઉપરાંત તેઓ ભૂખ્યા પણ થયા છે. નારદે અનસૂયાને બોલાવી અને બાળકોને તૃપ્ત કરાવ્યા. નારદે દેવીઓને કહ્યુંઃ તમારા પતિરાજ તમને મળ્યા છે. હવે તમે ઘેર સિધાવો. ઉમાએ કહ્યુંઃ નારદ, આ તો હજુ બાળસ્થિતિમાં છે. આમનો ઉછેર અને તૃપ્તિ કેવી રીતે કરવી? અમારો શો અધિકાર? તેમનું પાલન, ઉછેર કરવાથી અમને દૂષણ જ લાગશે. નારદે ત્રણેય શક્તિઓને કહ્યુંઃ તમે સર્વથી શ્રેષ્ઠ જ છો અને તમારો અધિકાર પણ શ્રેષ્ઠ છે. તમે તેજસ્વી પતિવ્રતા છો અને સર્વને વંદ્ય છો. તમારી કૃપાથી જ આ સૃષ્ટિ ઊભી થયેલી છે.

જીવજંતુ તમારી કૃપાથી ઉછેર પામે છે અને તમારા કોપથી દગ્ધ થાય છે. શેષનાગ પણ તમારો મહિમા યથાર્થ રીતે વર્ણવી શકતો નથી. ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના અધિકાર ફક્ત તમારી પાસે જ છે. તમારી સરખામણી કોઈની સાથે થઈ શકતી નથી. આવો તમારો વૈભવ હોવા છતાં તમને સંકટ કેમ ઉદ્‌ભવે? ત્વરિત પતિને મૂળ સ્વરૂપમાં લાવી તમારા લોક પ્રતિ પ્રયાણ કરો. નારદનું ભાષણ સાંભળી ત્રણેમાંથી કોઈ પણ પ્રતિઉત્તર આપી શક્યું નહીં. ત્રણેય દેવીઓ અધોવદન કરી મૌન જ રહી. ચાર ઘટિકા સમય વીત્યો. કોઈ ઉત્તર આપવા તૈયાર ન હતી. નારદે જાણ્યું કે ત્રણેય શક્તિઓ આ બાબતે શક્તિહીન છે. નારદે તેમના કાનમાં કહ્યુંઃ તમારી સ્નુષા (વહુ)ને આ બાબતમાં વિનંતી કરો. તેને દયા આવી તો તે બાળકોને પૂર્વવત્ કરશે. અમૃત વગર મૃત જીવંત નહીં થાય અને દેવોના વૈદ્ય ધન્વંતરી વગર ઝેર કોણ ઉતારશે?

વાદળાં દ્વારા વર્ષા થયા વગર ઘાસ કે વૃક્ષો કેમ વધશે? વસંતઋતુ વગર ફૂલો કેમ ખીલશે? તે જ પ્રમાણે અનસૂયાનું મન પ્રસન્ન ન થાય તો બાળકોનું રૂપાંતર થશે નહીં. તમને યુક્તિ કહી છે. જો આરોગ્ય પ્રાપ્ત કરવું હશે તો કડવી દવા લેવી જ પડશે. પોતાની મોટાઈ બાજુ પર રાખો અને ધ્યેય તરફ લક્ષ રાખો અને મારું કહ્યું માનો. પોતાના જ બાળકનો શ્રૃંગાર કરવો હોય તો તેમાં નીચા જોવાપણું નથી. આથી મનમાં કોઈ પણ કલુષિત ભાવ ન રાખતાં પ્રેમાળ શબ્દોમાં તેની સ્તુતિ કરો. નારદની ચતુરાઈભરી વાણી સાંભળી ત્રણેય દેવીઓને આનંદ થયો. તેમના અંતઃકરણમાં પ્રેમના ફુવારા છૂટ્યા. નારદની સાંકેતિક વાણી સાંભળી તેમના અંતઃકરણમાંથી મોહનો કંદ બહાર પડ્યો. તેનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રોતાઓ સાંભળો.

ઋષિ, અત્રિ, અનસૂયા અને નારદ; આ જાણે કે ચાર થાંભલા પર ઊભો કરેલો મંડપ છે. તેના પર રમા, સાવિત્રી અને અંબા આ ત્રણ ત્રણ વેલોનો ફેલાવો આચ્છાદિત છે. સદ્‌બુદ્ધિ એ તેનાં કુમળાં લીલાછમ પાંદડાં છે. તે વેલોને ચતુરાઈરૂપે શબ્દફૂલો ખીલેલાં છે. દયા, લોભ (વાત્સલ્ય) અને ગૌરવ આ મીઠાં રસાળ ફળો તેને લટકી રહ્યાં છે. પ્રથમ અંબા આ નામની વેલ થાંભલા પર ચઢી. નારદરૂપી થાંભલો છે. તે કેવી રીતે વૃદ્ધિંગત થઈ તે શ્રોતાઓએ શ્રવણ કરવું. અંબા કહેઃ હે નારદમુનિ, આ પૃથ્વી પર અનસૂયા ધન્ય છે. તેનું કર્તૃત્વ જોઈ મનમાં આનંદને કોઈ સીમા નથી. તેની ઉંમર નાની હોવા છતાં તેનું આચરણ દિવ્ય છે.

અત્રિઋષિ પણ તપોધન હોઈ બંને પતિ-પત્ની દયાળુ અને જ્ઞાની છે. રમાએ ટિપ્પણી કરતાં કહ્યુંઃ બંનેને જોઈને સંતોષ થાય છે. સમગ્ર કૂળને તારનાર આ ધન્ય રત્નો આપણા ઉદરે જન્મ્યાં. સ્વર્ગમાં રહીને આપણે દેવ હોવા છતાં શું હસ્તગત કર્યું? કાંઈ નહીં. આમણે તો પૃથ્વી પર રહીને પણ આપણા કરતા શ્રેષ્ઠ સંપાદન કર્યું છે.

પતિચરણે પ્રાણ પણ અર્પણ કરનારી અનસૂયા ખરેખર ધન્યવાદને પાત્ર છે. પૃથ્વી પર બીજી સ્ત્રીઓ વ્યર્થ જન્મ લે છે. સંસારમાંથી તારનાર અનસૂયા નિર્દોષ ગંગા છે. તેનું શુભ વદન દારિદ્રનો નાશ કરે છે. આ જગદંબા જ છે જે સમગ્ર જગતને પાવન કરે છે.

સાવિત્રી કહેવા લાગીઃ બહેનો સાંભળો. આપણાં સંતાનો અગણિત છે. પરંતુ આ ઉભય દંપતી ત્રિભુવનમાં વિશિષ્ટ છે. આ બંને ગુણોમાં પણ આપણા કરતાં વિશેષ છે. તેમની કીર્તિ ત્રિભુવનમાં ચોમેર પ્રસરી છે. તેઓ અમારી આંખનાં રતન છે. આ ઉભય પરથી આપણા પ્રાણસખાઓને પણ ઓવારીએ તો ખોટું નથી. તેમની મોટાઈને લીધે આપણને શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થયું છે. નારદે ટાપશી પૂરાવતાં કહ્યુંઃ અરે! તમે સત્યનું જ વર્ણન કરી રહ્યાં છો. આમના નામથી પાપીઓ પણ તરી જશે. પ્રેમથી તેમના ગુણોનું ગાન કરો. આમની દૃષ્ટિ જેમના પર પડે છે તેમના મનોરથો સિદ્ધ થાય છે. અત્રિઋષિ અને સતી અનસૂયા ખરેખર ધન્ય છે. મુખ વાટે કેટલું વર્ણન કરું?

ઋષિઓ બોલ્યાઃ હે માતાઓ, તમે કહ્યું તે બધું સત્ય જ છે. ઉભય દંપતીને કોઈ ઉપમા જ નથી. હે સાવિત્રી, તમારું તપ શ્રેષ્ઠ પ્રકારનું હોવાથી તમને આવું ફળ પ્રાપ્ત થયું છે. (પુત્ર-સ્નુષારૂપે) આ દંપતી પવિત્રથી પવિત્ર, ઉદાર, ધીર અને સદાચરણી છે. દંપતીની આવી સ્તુતિ-યશોગાન થતાં હતાં ત્યાં અત્રિ-અનસૂયા દોડતાં આવ્યાં. તેઓ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિનંતી કરવા લાગ્યાઃ અરે, તમે અમારા વંદનીય વડીલ. અમારા જેવા બાળકોએ તમારા ચરણકમળોની સ્તુતિ કરવાની હોય તેની જગ્યાએ તમે અમારા જેવા ક્ષુદ્ર, અલ્પમતિની સ્તુતિ કરો છો? આવો નિષ્ફળ શ્રમ ના કરશો.

અત્રિ-અનસૂયા કહેવા લાગ્યાંઃ અમે ચોર છીએ. ચોરની જેમ ખંડેર-ખીણમાં આવી બેઠા. આપ અમે અપરાધીઓને શિક્ષા કરો. અમે

અપરાધી છીએ તે તમે જાણો છો. (તમારા પતિદેવોને બાળક બનાવી પોતાની પાસે રાખી લીધા) તેમ છતાં અમને શિક્ષા ન કરતાં અમારું ગૌરવ કરો છો. તમારા શ્રેષ્ઠત્વને ઢાંકીને અમારા જેવા દીનોનો મહિમા વર્ણવો છો એ તમારી સહૃદયતા ધન્યવાદને પાત્ર છે. અમે દીન બાળકો વનમાં એકલા રમતા હતા આથી તે વિષમતા જાણી અમારા પિતા વાત્સલ્યભાવથી અહીં આવ્યા. તેમને પાછા આવતાં વાર લાગી આથી માતાઓ પણ અમારા પર વહાલ દર્શાવવા અહીં દોડી આવી.

વાછરડું વનમાં દોડાદોડ કરે છે જ્યારે ગાય વાત્સલ્યભાવથી વનમાં તેને શોધી કાઢે છે. ખેર, અમને માતા-પિતા સિવાય બીજા બધા દેવો ગૌણ છે. આથી અમે ચરણવંદન કરી કૃપાદાનની યાચના કરીએ છીએ. અમારા બધા જ અપરાધોને ક્ષમા કરી અમને યોગ્ય તે આજ્ઞા કરો. અમે આપના અનન્ય શરણે આવ્યા છીએ. તમારું વચન અમે કદિ પણ ઉલ્લંઘીશું નહીં. આવા મીઠા મધુરા બોલ સાંભળી રમા, સાવિત્રી અને ઉમાએ અનસૂયાને કહ્યુંઃ આ પ્રાણપતિદેવોને પૂર્વવત્ કર અને અમને તેમનું પૂર્વસ્વરૂપ જોવા દે. અત્રિએ અનસૂયા તરફ જોયું. અનસૂયા સમજી ગઈ. તે ચરણોદક લઈ આવી, અત્રિઋષિની સવ્ય પ્રદક્ષિણા કરી, તેમને વંદન કર્યું અને સર્વને નમસ્કાર કરી તે તીર્થ બાળકો પર છાંટ્યું. તત્ક્ષણ ત્રણેય બાળકો પૂર્વવત્ પ્રગટ થયા. આ જોઈને બધાના અંતઃકરણમાં આનંદ ઉછળવા લાગ્યો.

વિમાનોમાંથી દેવતાઓ જોઈ રહ્યા કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પોતપોતાના આયુધો સાથે ત્યાં હાજર હતા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. કિન્નરો વાજિંત્રો વગાડવા લાગ્યા. ગંધર્વો તેમજ અપ્સરાઓ ગાયન કરવા લાગી. દેવાંગનાઓ આરતી કરવા લાગી. ઋષિઓ વેદઘોષ કરવા લાગ્યા. બધાએ જયજયકાર કર્યો. ઋષિગણોએ આશીર્વાદ ઉચ્ચાર્યા. આનંદના મોજાંઓ ઉછળતાં હતાં. પૃથ્વી પણ આનંદમાં નૃત્ય કરવા

લાગી. સર્વત્ર આનંદ જ આનંદ જણાવા લાગ્યો. અત્રિનો વિષાદ શાંત થયો.

હવે આગળના પ્રસંગમાં બધાનું પરસ્પર મિલન થશે. ઉભય દંપતીને કૃપાપ્રસાદ (વરદાન) આપી ત્રિદેવ સ્વસ્થળે ગમન કરશે. શ્રી સદ્‌ગુરુ અનંત જ આ ગ્રંથનું વર્ણન કરી રહ્યા છે. તે ગુરુરાજ શરણાગતના મનોરથ પૂરા કરે છે. તેણે કૃપા કરી આ હૃદયમાં સ્થિત બુદ્ધિને પ્રેરણા કરી અને પૂરા છ અધ્યાયનું વર્ણન કર્યું. વાંસળીને છિદ્ર હોય છે પરંતુ વગાડવાથી તે મધુર સ્વર કાઢે છે. પરંતુ વગાડનારો પણ યોગ્ય જાણકાર જોઈએ. અહીં તેવું જ બન્યું છે. વાંસળી પોતે થઈ વાગતી નથી અથવા સ્વર કાઢતી નથી. નાદની ઉત્પત્તિ વગાડવાથી જ થાય છે. હું અત્યંત પામર છું. ગુરુકૃપાથી આ ઉદ્‌ગાર નીકળ્યા છે. હું કર્તા છું એમ કહું તો તે મિથ્યા છે. સૂત્રધાર તો જુદો જ (શ્રીગુરુ) છે. તેમના ચરણે મારી નમ્ર પ્રાર્થના છે કે મને પામરને જ્ઞાની કરે.

॥ ઈતિ ષષ્ઠોધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૭

॥ શ્રીગણેશાય નમઃ ॥

હે શ્રીમત્ સદ્‌ગુરુ અનંત, તું આનંદનો કંદ, સમર્થ, ઉદાર, ધીર અને કૃપાળુ છે. હે અનાથના નાથ, હું તારા શરણે આવ્યો છું. તું સકળ ઈશનો ઈશ, પરાત્પરનો પરેશ અને અવિનાશી છે.

તું શરણાગતનો દાતા, ભવના ભ્રમને દૂર કરનાર અને જીવાત્માને તારનાર છે. તારા વિના કોઈ ત્રાતા નથી. આથી હું તારા શરણે આવ્યો છું. તું મારા ગુણદોષોને ન જોતાં મારી ઈચ્છાને માન આપી આ રસાળ કથાને આગળ વધાર.

પાછલા અધ્યાયમાં વર્ણવ્યા પ્રમાણે ત્રણેય દેવોએ દિવ્ય પૂર્વરૂપ ધારણ કર્યું. તેમને જોતા દેવ, માનવ, ઋષિઓને આનંદ થયો. અત્રિ-અનસૂયાએ તરત જ આસનો બિછાવ્યાં. તેની ચોપાસ વિધવિધ રંગોળી પૂરી અને પુષ્પ, હાર, સુગંધી દ્રવ્ય, ચંદન ઇત્યાદિ પૂજાદ્રવ્ય એકઠું કર્યું. ઋષિઓ માટે અલગ બેઠકવ્યવસ્થા ગોઠવી. પછી ઉભય દંપતીએ હાથ જોડીને ત્રિદેવ સમક્ષ પ્રાર્થના કરીઃ

હે પાર્વતીરમણ, સાવિત્રીવર અને ભકતવત્સલ નારાયણ, તમે ત્રણેય પૂજાસ્થળે પધારી અમારી પૂજા સ્વીકારી. અમારા પર કૃપા કરી અમારું રક્ષણ કરજો. અમારો ઉદ્ધાર કરો. દંપતીનાં કરુણ વચનો સાંભળી ત્રિદેવનું અંતઃકરણ દ્રવ્યું. તેમણે કહ્યુંઃ તમારી સ્તુતિ સાંભળી અમે સંતુષ્ટ થયા છીએ. તે પછી પતિ-પત્નીએ તેમને દંડવત્ પ્રણામ કર્યા. ત્રણેય માતાઓની પણ તેમણે આ પ્રમાણે સ્તુતિ કરી. હે ત્રિપુરાંતકેશ્વરી અંબા, તારો જયજયકાર હજો. હે બ્રહ્મવિલાસીની સૌદામિની, તારો જયજયકાર હજો. હે માધવમન મોહિની, તારો જયજયકાર હજો. અમારી પ્રાર્થના સ્વીકારો. અમે તમારા અનાથ બાળકો છીએ. અમે ચરણવંદન કરીએ છીએ. અમારા પર કૃપાદષ્ટિ રાખજો.

હે બ્રહ્મતેજરૂપ ત્રિપદગાત્રી, તું અનુક્રમે ગાયત્રી, સાવિત્રી અને સરસ્વતી છે. તારા પુત્ર પર દયા કર. હે કમલધારિણી, કમલભૂષણ, કમલાસન તું કમલદલ પ્રમાણે નેત્રનું અને ત્રિતાપહારક દીનનું રક્ષણ કર. આ સ્તુતિ સાંભળી ત્રિદેવીને હર્ષ થયો. આ જોઈ ઉભય દંપતીએ તેમને દંડવત્ પ્રણામ કર્યા. અનસૂયાને નજીક લઈ ત્રિશક્તિએ

આલિંગન આપ્યું અને આશીર્વાદ આપ્યાઃ તમારું હરહંમેશ ક્ષેમ-કલ્યાણ હજો. આ જ પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરે પણ અત્રિમહર્ષિને આલિંગન આપ્યું અને કહ્યુંઃ તમારો અદ્‌ભુત અને શ્રેષ્ઠ મહિમા અમે જોયો. ત્રણેયે અત્રિઅનસૂયાનું પ્રેમપૂર્વક અવગ્રહણ કર્યું (સૂંઘ્યાં). ઉપસ્થિત ઋષિમુનિઓએ તેમની કીર્તિના વખાણ કરતાં કહ્યુંઃ આજનો દિવસ ધન્ય છે. અત્રિ-અનસૂયાએ વડીલોને આસન પર બેસાડ્યા અને દ્વિજોએ મંત્રઘોષ બોલવાનું શરૂ કર્યું.

ઉભય દંપતીએ દેવોની પાદ્યપૂજા શરૂ કરી. દિવ્ય વસ્ત્રાભૂષણો આપ્યાં. ચંદનનો લેપ કર્યો અને સૌભાગ્ય દ્રવ્યો અર્પ્યા. અલંકાર તેમજ પુષ્પ અને તુલસીના હાર પહેરાવ્યા. સુગંધી ધૂપ સળગાવ્યો અને દીપને પ્રજવલિત કર્યો. ફળોનો નિવેદ ધરાવ્યો. ફળસેવન કર્યા પછી પીવા માટે ઉદક આપ્યું. તૃપ્તિના ઓડકાર આવ્યા પછી અપોષણ આપ્યું અને હસ્ત પ્રક્ષાલન કરાવ્યું. મુખશુદ્ધિ કરાવી દિવ્ય આસન પર બેસાડ્યા. કરોદ્‌વર્તન (હાથને સુગંધિત કરવા) ચંદનાદિથી સુગંધલેપન કર્યું. પ્રેમપૂર્વક ત્રયોદશગુણ તાંબુલ (નાગરવેલના પાનનું બીડુ) આપી દક્ષિણા અર્પણ કરી. પ્રદક્ષિણા કરી દંડવત્ પ્રણામ કર્યા. આ જ પ્રકારે મુનિઓને પણ સંતુષ્ટ કર્યા અને નમસ્કાર કર્યા. તે પછી હાથ જોડીને સ્તુતિ કરવાનો પ્રારંભ કર્યો.

હે અજ-અજાત સર્વોત્તમ, આનંદસાગર, સુખધામ, અનાથનો વિશ્રામ, મંગલધામ, સર્વેશ, તારો જયજયકાર હજો. હે વિમલરૂપ ચૈતન્યઘન, ગુણાતીત, ગુણવર્ધન કરનાર, સર્વસાક્ષી, સર્વકારણ, સર્વાત્મક, તારો જયજયકાર હજો. હે માયાતીત, નિરામય, અજ્ઞાનનો છેદ કરનાર, જ્ઞાનનો ઉદય કરાવનાર, ત્રિતાપને દૂર કરનાર, પૂર્ણરૂપે દયાળુ, તારી કૃપાની છાયા અમારા પર કર. હે અદ્વયરૂપ, નિઃસંગ, વિજ્ઞાન ઘનરાશી, અંધકારનો નાશ કરનાર, અનંતવેષ ધારણ કરનાર,

અનંત તરંગરૂપ, અદ્વય, અભેદ, અભંગ તારો જયજયકાર હજો. આ પ્રકારે સ્તુતિ કરી આરતી ઉતારી વેદોક્તમંત્રથી સ્વસ્તિ સામ્રાજ્ય બોલી મસ્તકે પુષ્પાંજલિ અર્પણ કરી. પુનઃ નમસ્કાર કરી, સ્તુતિ કરી અપરાધની ક્ષમા માંગી અને વિનંતી કરી કે તમારા ચરણે અમને આશ્રય આપો. અમારા દ્વારા કોઈ પણ પ્રકારની સેવા, જપધ્યાન, તપ, યોગયાગ, તીર્થયાત્રા, વ્રતોનું આચરણ થયું નથી. જંગલમાં રહેતા પશુ પ્રમાણે અમે ઈંદ્રિયપોષણમાં મગ્ન રહ્યા. સજ્જનોની સેવા, પરોપકાર, અતિથિસેવા જેવું કોઈ પણ ધર્માચરણ અમારા દ્વારા થયું નથી. અમે બધા જ અર્થથી હીન, પાપી અને મલિન છીએ. અમારા જેવા દીન-પાપીઓને પાવન કરી તમારું બિરુદ સાર્થક કરો. અત્રિ-અનસૂયાએ કરેલું સ્તવન બધા જ ડોક હલાવી એકચિત્તથી સાંભળતા હતા.

ઋષિમુનિઓ કહેવા લાગ્યાઃ કેટલી નમ્રતા? આમનું આચરણ શ્રેષ્ઠ હોવા છતાં અભિમાન બિલકુલ નથી. આ જ ખરેખર યોગ્યતાની નિશાની છે. દાણાથી ડૂંડા પરિપક્વ થાય એટલે વજનમાં ભારે થઈ ડૂંડા જમીન તરફ નમે છે. તે જ રીતે શ્રેષ્ઠત્વ મેળવ્યા પછી પણ આ દંપતી અતિ નમ્ર છે. અત્રિમુનિ શાંતિ વૈરાગ્યની ખાણ તો અનસૂયા સુશીલ, પુણ્યપાવની પતિવ્રતા. ઋષિઓએ કરેલી સ્તુતિ ત્રિમૂર્તિને ગમી અને તેઓ આનંદિત થયા.

ત્રિદેવ આનંદથી અત્રિઋષિને સંબોધીને કહેવા લાગ્યાઃ તમે ખરેખર ધન્ય છો. આ પૃથ્વી પર તમારી યોગ્યતા ધરાવતું કોઈ નથી. અમે અસંખ્ય જપી, તપી, યોગી, ગૃહસ્થી, ભાગ્યવાન ભક્તોને જોયા છે. અપૂર્વ આચરણ અને કર્મો જોયાં છે. પરંતુ બધે જ અભિમાન, દંભ દેખાયો. શુદ્ધભાવ ફક્ત તમારામાં જ જોયો. તમારો વિનય, શ્રદ્ધા, દૃઢ ભક્તિ, પૂજનની લગની જોઈ અમારું અંતઃકરણ આર્દ્ર થયું છે. તમારી કીર્તિ હંમેશાં વધતી જ રહો, યોગક્ષેમ નિર્વિઘ્ને ચાલતો રહે,

મનોરથો સિદ્ધ થાય અને તમારા હૃદયમાં હંમેશાં પ્રેમ ઉછળતો રહે. તમારું તપાચરણ નિર્દોષ રહે, પૂર્ણ દયા હૃદયમાં નિવાસ કરે, તમારી કાયા આરોગ્યસંપન્ન રહે અને તમારું ઘર ધન-ધાન્યથી વિપુલ રહો. તમારો પ્રપંચ પરમાર્થ જેવો રહે, સકલ દેવતા કૃપા કરે, હૃદયમાં કદિ પણ સંતાપ ન થાય, દ્વૈત કદિ પણ તમને ન સતાવે, મનમાં ભ્રાંતિ ન રહે અને તમને આત્મપ્રાપ્તિ થાવ. કોઈ પણ પ્રકારનું દુઃખ ન રહે, પ્રપંચમાં કોઈ પણ ઋણ ન રહે; સ્વરૂપમાં ઉન્મની વૃત્તિ રહે.

દેવતાઓએ વરદ પુષ્પોનો હાર અત્રિ-અનસૂયાના ગળામાં પહેરાવી તેમના મસ્તક પર અભયહસ્ત મૂક્યો. ઋષિઓએ આનંદથી તાળીઓ પાડી અને અત્રિઋષિએ સજલ નેત્રો સાથે ચરણે મસ્તક મૂક્યું. વિમાનો ઉડ્ડયન માટે સજજ હતા. નિશાનડંકા-ભેરી જેવા વાદ્યોનો અવાજ આકાશમાં ગુંજી ઊઠ્યો. દેવો સાથે ઋષિઓ પણ ઊઠ્યા. બધાના મનમાં આનંદ-ઉલ્લાસ હતો. પરંતુ અનસૂયાના અંતઃકરણમાં થોડીક વિષાદની લહેર દેખાઈ. તેને ફક્ત નારદ જ ઓળખી શક્યા. નારદે અનસૂયાને કહ્યુંઃ તું ચતુર છે આથી થોડી ધીરજ ધરી નમ્રતાથી જે કહેવું હોય તે કહે.

દેવો વિમાનો સુધી પહોંચી ગયા. ઋષિઓ તેમની આરતી ઓવારતા હતા. વાજિંત્રોનો અવાજ ગુંજતો હતો. આવા વાતાવરણમાં અનસૂયા સતી દેવો પ્રતિ બોલવા લાગી. દેવોએ વાદ્યોનો અવાજ થંભાવ્યો. બધે શાંતતા ફેલાઈ એટલે અનસૂયા બોલીઃ હે સ્વામીસમર્થ, તમે અમારા જેવા અનાથનો ઉદ્ધાર કર્યો, વરદાન આપ્યું અને ક્યાંય ન્યૂનતા રહેવા દીધી નથી. સૂર્ય ઘરમાં પ્રગટે તો અંધકાર ક્યાંથી રહેશે? બરફના પહાડો પર તાપ ક્યારેય ના હોય. ચિંતામણિની કૃપા થકી દારિદ્ર ઝટ નાસી જશે. કલ્પતરુ આંગણામાં ઉછરતો હોય તો મનમાં કોઈ પણ ઈચ્છા અધૂરી ન રહે. કામધેનુ પ્રસન્ન હોય તો ક્યાંય ન્યૂનતા

નહીં રહે. રોગગ્રસ્તને અમૃતપાન કરાવતા રોગ સમૂળો નષ્ટ થશે. આ જ પ્રમાણે તમે શરણમાં લીધા પછી અમારે ચિંતા શાની?

હે ભગવાન, તમે સર્વજ્ઞ છો. તમને શા માટે કષ્ટ આપવું? અનસૂયાનું આવું ગૂઢ વચન સાંભળી દેવો ચકિત થયા. દેવો મનમાં વિચાર કરવા લાગ્યા પરંતુ તેમના મનમાં કોઈ વાત સમજાતી નથી. તેઓ સ્તબ્ધ ઊભા રહ્યા. તેમના પગ ઊંચકાતા ન હતા. નારદે પૂછ્યુંઃ કેમ થંભી ગયા? સત્વર વિમાનારૂઢ થાવ. શંકર ભગવાને જવાબમાં કહ્યુંઃ પ્રસ્થાન માટે મોડું શા માટે? અનસૂયાનાં વચનો સમજાતાં નથી. અમને કાંઈ ગમ પડતી નથી. નારદે કહ્યુંઃ હે ત્રિપુરાંતક, તું ભક્તસખા છે. હે વિશ્વવ્યાપક, અનસૂયાના મનની શંકા દૂર કર. આપે લગભગ બધાં જ વરદાનો આપી દીધાં છે. તેના મનમાં શું છે તે જાણી લો. નારદે અનસૂયાને કહ્યું કે મનમાં સંકોચ ન રાખતાં તારી ઈચ્છા પ્રગટ કર.

અનસૂયાએ નારદના પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યુંઃ હે દેવો અને ઋષિઓ! તમે સ્પષ્ટ શ્રવણ કરો. આપણા બધાના પિતા અમારા પર દયા કરી અહીં આવ્યા અને પોતાની લીલાથી બાળક બની મને મોહમાં નાંખી. પોતાનું મનગમતું દુગ્ધપાન કરી મારા દ્વારા હાલરડાં પણ સાંભળ્યા. અમારો મોહ વધાર્યો અને હવે અધવચ્ચે જ છોડીને કેમ જાવ છો? તમે બધા આનંદપૂર્વક સ્વસ્થાને જશો પરંતુ મને પારણું ખાલી દેખાશે. આથી મને વિષાદ થાય છે. શું કરવું સમજાતું નથી. હે નારદ, પૂર્વે અમે આનંદમાં હતા. દેવતાઓની યાદ પણ આવતી ન હતી. આમણે જ અમારે ત્યાં નિવાસ કરી અમારું ચિત્ત આકર્ષિત કર્યું- ચોરી લીધું. ખાલી પારણું જોતાં જ મારું ચિત્ત મોહથી દુઃખી થશે અને સુખ નાસી જશે. તેવા દુઃખથી અમને નિદ્રા પણ આવશે નહીં. નારદજી, શું આ તમારી દૃષ્ટિએ યોગ્ય છે?

આવી પરિસ્થિતિમાં રિસાઈને બેસવાથી પણ કામ આવશે નહીં. પ્રારબ્ધને સ્વીકારવું જ રહ્યું. તમે સ્વ-સ્વ સ્થળે જજો, અમારા પર કૃપાદષ્ટિ રાખજો. બ્રહ્માંડના કામકાજમાં અને ઈતર કામોમાં અમને વિસારશો નહીં. નારદે દેવતાઓને કહ્યુંઃ હે કરુણાકર, આ અનસૂયા પર દયા કરો. આથી દેવતાઓને દયા આવી અને સર્વ સમક્ષ કહ્યુંઃ હે અનસૂયા, તારો પ્રેમ જોઈ અમને પૂર્ણ સંતોષ થયો. તમારી ભક્તિનું ઋણ અમે ચૂકવી શકીશું નહીં. પરંતુ સાગરની પૂજા જળબિંદુથી કરીએ તેમ તારા મનને કિંચિત્ તુષ્ટ કરીશું. તને ગમે તે કહું છું. તેને ધ્યાનપૂર્વક સાંભળ.

અમૃતથી પણ મધુર એવું તારું પયઃપાન કર્યું છે. તેમાં અમારું ચિત્ત પરોવાયેલું છે. તેનું ફરી અમે પાન કરીશું. આ માટે હું શિવશંકર તારા પેટે અવતાર લઈશ. આ મારું અભયવચન છે. મારું નામ દુર્વાસા પાડજે. વિધાતાએ કહ્યુંઃ હું પણ તારા પુત્રરૂપે જન્મ લઈશ. આ મારું વરદાન છે. બંને દેવતાના વચન સાંભળી વિષ્ણુને આનંદ થયો. તેણે પણ કહ્યુંઃ માતા, ખેદ ના કરીશ. હું પણ તારી ઈચ્છા પૂરી કરીશ. આ બંને કરતા મારી લીલા અલગ હશે. હું હીનદીન જનોને પાવન કરીશ. આ બંને દેવતાઓના ગુણ (રજોગુણ અને તમોગુણ) મારામાં હશે તો પણ આમનાથી હું તદ્ધન નિરાળો હોઈશ. હું ત્રિગુણાત્મક દત્ત તરીકે તારું બાળક થઈ સર્વાતીત રહી યોગસિદ્ધાંતોને પ્રગટ કરીશ. અમે તારા મનોરથોને નિશ્ચિતપણે પૂરા કરીશું. હે માતા, તું સ્વસ્થ આનંદપૂર્વક રહે.

ઉપરના સંભાષણને સાંભળી નારદે કહ્યુંઃ હે અનસૂયા, દેવતાઓ દ્વારા અપાયેલું આશ્વાસન ધ્યાનમાં રાખજે. અનસૂયાએ દેવતાઓનાં ચરણોને દઢ આલિંગન આપ્યું. દુઃખથી તેની આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યાં. દેવતાઓએ તેને ઊઠાડીને હૃદયસરસા ચાંપ્યાં અને તેના

ચહેરા પર મૃદુ હાથ ફેરવ્યો. તેમણે કહ્યુંઃ અમે હવે આવીશું; સ્વસ્થ રહે. આવું વરદાન સાંભળી બધાને આનંદ થયો. ઈંદ્રે અનસૂયા પર પુષ્પવૃષ્ટિ કરી. અત્રિઋષિને મળીને દેવો સત્વર વિમાનમાં બેઠા. તે સમયે દુંદુભિ અને ઇતર વાજિંત્રોનો મધુર ધ્વનિ સંભળાવા લાગ્યો.

વિમાનો આકાશમાં ઊડતાં જ ગંધર્વ અને વિદ્યાધર ગાયન ગાવા લાગ્યા. અપ્સરા નૃત્ય કરવા લાગી. મૃદંગ વીણા વાગવા લાગી. દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. તેત્રીસ કરોડ દેવો ત્રિદેવોને સરઘસાકારે દેવલોકમાં લઈ ગયા. સહુ પ્રથમ કૈલાસભુવનમાં શિવજીની તેમના પદ પર સ્થાપના કરી. શિવગણોએ સર્વનો સત્કાર કર્યો. કૈલાસમાં આનંદ-આનંદ ફેલાઈ ગયો. અપર્ણાને કૈલાસમાં મૂકી ગણો સાથે શિવજી સત્યલોકમાં આવ્યા. ત્યાં વિધાતાને આસનારૂઢ કરી સત્યલોકવાસીઓએ સર્વનું સન્માન કર્યું. વિષ્ણુ ભગવાને કહ્યુંઃ હવે હું રજા લઉં છું. વૈકુંઠ સુધી આવવાનો શ્રમ ન લેશો. જવાબમાં શંકર ભગવાન બોલ્યાઃ તમારો વિચાર સારો છે! અરે! આ વૈકુંઠ છે; ક્ષીરસાગર નથી. શ્રી વિષ્ણુ ભગવાને શો જવાબ આપ્યો તે કથાભાગ આગામી અધ્યાયમાં સાંભળો.

આ અધ્યાય આનંદથી પરિપૂર્ણ છે. કારણ એ જ કે અનસૂયાને અનેક વરદાનો પ્રાપ્ત થયાં છે. આ કથાભાગનું શ્રવણ-પઠન કરવાથી દેવરાજા ભક્તો પર દયા કરે છે. તે જ ત્રિગુણત્વ ધારણ કરી સર્વ સ્થળે વ્યાપી રહ્યો છે. ભક્તોની ભાવના જોઈ તે ભક્તોને પાવન કરે છે. સદ્‌ગુરુ એ જ અવિનાશી દત્ત. શરણાગત ભક્તના બંધનો તોડીને તે તેને જ્ઞાનપ્રબોધ કરે છે અને તેના વિકારો નષ્ટ કરે છે. શુદ્ધ સત્ત્વગુણ તે ભક્તોને પ્રેમથી પ્રદાન કરે છે અને અદ્વૈત સુધી લઈ જાય છે. તે દત્તની કૃપા પ્રાપ્ત કરવા તમે સાધુ-સંતો, ભક્તોને મદદ કરો છો. આથી જ તમારો પાલવ મેં પકડ્યો છે. તમારી કૃપાથી જ આ

ગ્રંથનું નિરૂપણ થઈ રહ્યું છે. સુંદર સંતચરણકમળ પર આ અનંતસુત (કાવડીબુવા) ભ્રમર બેસીને મકરંદનું નિરંતર સેવન કરી રહ્યો છે.

॥ ઈતિ સપ્તમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૮

॥ શ્રીસદ્ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે અવિનાશી, નિર્ગુણ, વિમલરૂપ, સનાતન, માયાતીત નિરંજન, શુદ્ધ ચિદ્ઘન, તને નમસ્કાર. તું જ સર્વવ્યાપી નિરાકાર બ્રહ્મ છે. 'અહં બ્રહ્માસ્મિ' આ તારો જ ઉદ્ગાર છે. તું જ માયાધીશ પ્રભાકર હોઈ જે જે સગુણરૂપ દેખાય છે તેના મૂળમાં તું જ છે. તું જ ત્રિગુણને સાકારતા આપે છે, તેને શક્તિ પ્રદાન કરી પૃથક્ પૃથક્ કાર્ય કરવા આજ્ઞા આપે છે. બે નિરાકાર અને ત્રણ સાકાર તત્ત્વો એમ કુલ પાંચ તત્ત્વોને એકત્ર કરી ફરી પ્રત્યેકના પાંચ વિભાગ કરી પચ્ચીસ તત્ત્વોનો સમૂહ બનાવે છે. કુલ ૩૬ ભાગોની વિશેષ રમત તું રમે છે. આ રમતની ભાંજગડમાં દસ ઈંદ્રિયોની તું સ્થાપના કરે છે. (પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેંદ્રિય) દસ પ્રકારના નાદ અને અગિયારમો વિશેષ નાદ. આ બધું સંત મહંતો જ અનુભવી શકે છે. તું તે સર્વનો આત્મીય છે.

વ્યાપક સાક્ષીરૂપ એવા તને આગમો કે (ઈતર શાસ્ત્રો) નિગમો (વેદો) પણ જાણી શકતા નથી. આ બધાના મૂળમાં તું જ છે. ભૂતો (પંચમહાભૂત)માંથી ભૂત નિર્માણ કરી વિવિધ પ્રકારે વિસ્તાર કરી

સમગ્ર બ્રહ્માંડની તેં રચના કરી છે. અનંત બ્રહ્માંડની માળા રચનાર તું સૂત્રધારની જેમ ખેલ ખેલીને પણ રમતથી નિરાળો રહે છે. તને કોઈ જાણી શક્યું નથી. હજાર ફેણ ધરાવનાર શેષનાગ પણ તારું વર્ણન કરતાં થાકી જાય છે. તેની સામે મારા જેવા અલ્પમતિની શી તાકાત? આથી વિનયપૂર્વક હું તારા ચરણે વંદન કરું છું. તારા ગુણાનુવાદ કરવાની મારી ઈચ્છાને તું પૂરી કર. તું કૃપા કરીશ તો ક્યાંય ન્યૂનતા નહીં રહે.

ગત અધ્યાયમાં વિષ્ણુએ શિવથી છૂટા પડવા આજ્ઞા માંગી. શિવજીએ કહ્યુંઃ એકલા પ્રસ્થાન કરવું તમારા માટે યોગ્ય છે? શ્રીહરિએ કહ્યુંઃ તમને કષ્ટ કેમ આપવું? શિવજીએ કહ્યુંઃ આ વૈકુંઠ છે, ક્ષીરસાગર નથી. નારાયણે ઉત્તર આપતાં કહ્યુંઃ આ પૃથ્વી પર લોકો વિવિધ આચરણ કરે છે. જેવું જેનું કર્મ તેવું તેને સ્થાન મળે છે. કોઈ ભક્ત ભાવપૂર્વક લિંગાર્ચન કરે છે. કોઈ રાજોપચારથી, કોઈ સાધારણ પંચોપચારથી, કોઈ પ્રદોષવ્રત આચરે છે, કોઈ સોમવારવ્રતનું આચરણ કરે છે તો કોઈ શિવરાત્રીનું વ્રત કરે છે. કોઈ ઉપાસક નિરાહારી વ્રતસ્થ રહે છે, કોઈ ઉપાસના-અનુષ્ઠાન, કોઈ જપ-ધ્યાન તો કોઈ ભજન-કીર્તન કરે છે. હે શિવશંકર, તારા માટે કોઈ ભક્ત વિવિધ સંકટો કે દુઃખો સહન કરે છે. કોઈ વળી બ્રહ્મભોજન કરાવે છે. કોઈ વળી દિગંબર રહી હઠયોગનું આચરણ કરે છે.

આમ, વિવિધ ભક્તો દ્વારા તેમનું બહુવિધ આચરણ હોય છે. આચરણ પણ ત્રિગુણાત્મક હોઈ સકામ-નિષ્કામ લક્ષણવાળું હોય છે. તું સકામ અનુષ્ઠાનકર્તાને પણ ફળ આપે છે. પરંતુ હે શંકર, નિષ્કામ અર્ચન કરનારનું તું ગૌરવ કરી તેમને તું અમૃતફળ અર્પણ કરે છે. તેમાંથી કેટલાકને કૈલાસ નિવાસ આપે છે; કેટલાકને કંઠમાળામાં સ્થાન આપે છે. કોકને વળી તું સ્વરૂપમુક્તિ આપે છે (સારૂપ્ય).

આ જ પ્રમાણે બ્રહ્મદેવની ઉપાસના કરનારનું સત્યલોકમાં સન્માન પ્રાપ્ત થાય છે. કોઈ યજ્ઞ કરાવે છે, કોક અન્ન સંતર્પણ કરે છે. કોક વળી ષોડશોપચારે વિપ્રાર્ચન કરે છે. કોઈ નદીનો ઘાટ બંધાવે છે તો કોઈ વળી દેવાલયો બંધાવે છે. કોઈ દેવપૂજા કરે છે, કોઈ વળી ધર્મશાળા બંધાવે છે, અન્નક્ષેત્ર ચલાવે છે, કોઈ ભક્ત ગાય, ભૂમિ, રત્નો, નાના રસ, તલપાત્ર, જોડા અને છત્રી દાનમાં આપે છે. કોઈ કૂવા, વાવ બંધાવે છે. આમ અનેક રીતે લોકો પુણ્યકર્મ આચરીને સ્વર્ગલોક પ્રાપ્ત કરે છે. ત્યાં એવા લોકોનો સત્કાર કરવામાં આવે છે અને પુણ્ય અનુસાર ભોગપ્રાપ્તિ થાય છે. પુણ્ય ખલાસ થતાં જ તેમને પૃથ્વી પર જન્મ લેવો પડે છે. આ જ પ્રમાણે સૂર્યઉપાસકોને સૂર્યલોક પ્રાપ્ત થાય છે. ત્યાં પણ પુણ્ય ખલાસ થતાં મૃત્યુલોકમાં જન્મ લેવો પડે છે. શક્તિઉપાસકો શક્તિની ઉપાસના કરે છે. તેમનું આચરણ યોગ્ય ન હોય તો તેઓ પણ તમારા પદને મેળવી શકતા નથી.

ભક્તો જે જે ઇષ્ટને ભજે છે તેવા ભક્તો તે તે દેવનો લોક પ્રાપ્ત કરે છે. આમ છતાં પુણ્ય ખલાસ થતાં પૃથ્વી પર જન્મ લેવો અટળ છે. અધર્મી પાપી લોકો યમલોકમાં જાય છે અને ત્યાં અનેક યાતનાઓ ભોગવે છે. આમ એકંદરે પુણ્ય કરી સુખ ભોગવવું અને પાપ કરીને દુઃખ ભોગવવું એ ઘટમાળ ચાલુ જ રહે છે. તેવાં કર્મોથી જીવનમુક્ત થવાતું નથી. બધા જ લોકોની આ સ્થિતિ છે. હવે અમારી વાત જણાવું છું. જે લોકો મારી ભક્તિ કરે છે તેઓ નિઃસ્પૃહ, નિઃસંગ, નિર્દ્વંદ્વ, નિરાશ અને અભેદવૃત્તિ ધારણ કરી જ્ઞાન ચર્ચા કરે છે. કેટલાક ભક્તો ભોળા સ્વભાવના હોઇ જે રીતે અનુકૂળ આવે તે રીતથી મને ભજે છે. કોઇ કથા કીર્તન કરે છે, કોઇ અર્ચન, વંદન, શ્રવણ, પાદસેવન અને કોક આત્મનિવેદન પ્રકારથી મારી ભક્તિ કરે છે.

કેટલાક ભક્તો ભજન કરે છે, કોઇ સખાભાવથી ભજે છે. કોઇ દાસ્યભાવથી મને ભજે છે. કેટલાક મનન ચિંતન કરે છે જ્યારે કેટલાક ધ્યાનનો આશ્રય લે છે. કેટલાક ધજાપતાકા લઇ ઢોલ નગારાં બજાવી હરિકીર્તન કરે છે. કેટલાક કરતાલ, વીણા, મૃદંગના નાદમાં લીન થાય છે. કેટલાક ભક્તો મારા નામનો મોટેથી ઘોષ કરી તાળી વગાડી તેમાં આનંદ મેળવે છે. કેટલાક તેમાં દેહભાન પણ ભૂલી જાય છે. કેટલાક ઉપાસકો આત્મતત્ત્વનું ચિંતન કરે છે અને કામ, ક્રોધ, મદ, મત્સર, દંભનો ત્યાગ કરે છે. જ્યાં જ્ઞાનચર્ચા ચાલતી હોય ત્યાં પાપ ક્યાંથી રહેશે? દિવસ દરમ્યાન નામઘોષની પ્રેમ લહરો લહેરાય છે. કેટલાક ભક્તો જપ, સ્તોત્રપઠણ કે બીજા પ્રકારની ઉપાસનામાં રત રહે છે. સર્વ પ્રાણીમાત્રમાં મારું જ સ્વરૂપ જોઇ તેમની અનન્યભાવે સેવા ભક્તિ કરે છે. આઠે પ્રહર કેટલાક મારા સગુણ તો કેટલાક મારા નિર્ગુણ રૂપની ભક્તિ કરે છે. જેમણે મારા માટે સર્વસ્વ અર્પણ કર્યું છે તેઓ અત્રતત્ર સર્વત્ર મને જ જુએ છે. તેમની ઇચ્છાનુરૂપ મારે પણ તેવું જ સ્વરૂપ ધારણ કરવું પડે છે. ભક્તોની ઇચ્છાનુરૂપ માટે વિવિધ અવતાર ધારણ કરવા પડે છે અને તેમના સંકટોને દૂર કરું છું.

ભક્તોના પ્રેમપાશમાં બદ્ધ થઇ હું તેમના કહ્યાનુસાર નાચું છું. હે શિવ, મારા વૈષ્ણવોનો મહિમા મોટો છે. તેનું વર્ણન હું તારી સમક્ષ કરું છું. આ જગતના બધાં જ તીર્થો પાપથી ખરડાઇ જાય છે. સંતોના ચરણ સ્પર્શથી તે તીર્થો ફરી નિર્મળ બની જાય છે. અનંત દોષ આચરેલો પાપી મનુષ્ય પણ જો સહજ રીતે વૈષ્ણવને મળે તો તેના સર્વ દોષો બળીને દગ્ધ થઇ જાય છે. વૈષ્ણવોનો આ રીતે મહિમા ઘણો મોટો છે. યમરાજ પણ વૈષ્ણવોનો સેવક થઇ હાથ જોડી તેમની સમક્ષ વિનયનમ્ર હોય છે. યમરાજે તેમના દૂતોને આજ્ઞા આપી છે કે જ્યાં હરિકથા ચાલતી હોય, વૈષ્ણવો રહેતા હોય, હરિકીર્તન ચાલુ હોય ત્યાં

ક્યારેય જવું નહિ. બીજી એક નવાઈની વાત કહું છું. જેણે ઘોર પાપ કર્યું છે, જેને તીર્થો પણ પાવન કરી શકતાં નથી, જેમને પ્રાયશ્ચિત પણ શુધ્ધ કરી શકતા નથી, દેવો પણ જેમનું મુખ જોવા ઇચ્છતા નથી તેવો પાપી જો સંતશિરોમણીના ચરણે લાગે તો તેનાં પાપ નષ્ટ થાય છે. સંતો જેમનો અંગીકાર કરે તેમનો મારે સ્વીકાર કરવો જ પડે છે. આ વૈષ્ણવો મારા કરતાં પણ શ્રેષ્ઠ છે. તેઓ મારા અતિ પ્રિય છે. હે ઉમાપતિ, મારા ભક્તોની ખ્યાતિ આ પ્રમાણે છે. હું તેમને સંતતિ, સંપત્તિ, ધન, ભોગ, વૈભવ, પૂર્ણ ઐશ્વર્ય જેવું કાંઇ પણ આપું તો વૈરાગ્યસંપન્ન વૈષ્ણવ તેનો સ્વીકાર કરતા નથી. ભક્તોને ઋદ્ધિ-સિદ્ધિ કે ભુક્તિ-મુક્તિ આપવા જતાં તેને તેઓ લાત મારે છે. પૃથ્વીનું પણ જો રાજ્ય મળે તો નામભજનની તુલનામાં તે તેમને તુચ્છ લાગે છે. આવા વિરક્ત વૈષ્ણવોને માટે હું વિમાન મોકલી વૈકુંઠમાં લઇ આવું છું.

આવા વૈષ્ણવોને સાલોકતા, સમીપતા, સારૂપતા અને સાયુજ્યતા જેવી મુક્તિ પણ જોઇતી નથી. આથી હું તેમને મારા હૃદયમાં સ્થાન આપું છું અને ફરી તેમને પૃથ્વી પર મોકલતો નથી. પાણીમાં મીઠું ઓગળી જાય તે પ્રમાણે તેઓ મારામાં સમાઇ જાય છે. હે શિવશંકર, જે ભક્ત વૈકુંઠમાં આવે છે તેઓ કદી પાછા મૃત્યુલોકમાં જતા નથી. હું જો તેમને કોઇ કારણથી પૃથ્વી પર મોકલું તો પણ પાછા વૈકુંઠમાં બોલાવી લઉં છું. પુણ્યનું આચરણ કરી તમારા પદને પ્રાપ્ત કરે તો પણ તેમને જન્મમરણ છૂટતું નથી. વૈકુંઠમાં તેવો નિયમ નથી.

તમે વૈકુંઠમાં આવો છો અને અમે તમને લઈ જઈએ તે વાતનું મને આશ્ચર્ય થાય છે. ત્યાં આવીને પાછા વળતાં મને દુઃખ થશે. જવાબમાં શંકરે હાસ્ય કરી કહ્યુંઃ હે અનંત, તું એકદમ નિરાળો જ છે. તેં જુદા જુદા લોકોનું નિર્માણ કર્યું. બધા માટે વિવિધ સ્થળો નિર્મ્યા.

બધા જ માટે વૈકુંઠ કેમ નથી? તે માટે ફક્ત તારી પાસે જ સત્તા છે અને આ તારી જ લીલા છે. કર્તા-કરાવનાર ફક્ત તું જ હોઈ અમને શા માટે બોલાવે છે? હે કેશવ, તારી આજ્ઞાથી જ આ સાડા ત્રણ હાથનો દેહ નિર્માણ થયો છે. તેમાં દશ ઈંદ્રિયોનું નિર્માણ કર્યું. આ સર્વમાં તું જ સૂત્રધાર પ્રમાણે દોરી હલાવી વિવિધ ચેષ્ટા કરાવે છે. તે ચેષ્ટાઓ એકસરખી નથી હોતી. ઈંદ્રિયોની ચેષ્ટાઓ પણ એકસરખી નથી હોતી.

નેત્રો ફક્ત જોવાનું કામ કરે, કાન ફક્ત શ્રવણ કરવાનું કામ કરે છે. મુખ બોલવાનું કામ કરે છે. નાક સૂંઘવાનું કામ કરે છે. હાથ બીજાં કામો કરે છે. ગુદા દ્વારા મળત્યાગ થાય છે અને શિશ્ન દ્વારા કામોપભોગ કરાય છે. પગ વડે ચાલવાનું કામ થાય છે. આ પૈકી કોઈ પણ ઈંદ્રિય બીજી ઈંદ્રિયનું કામ કરી શકતી નથી. હે ગરુડધ્વજ, આ બધી તારી જ લીલા છે. આ જ પ્રમાણે વિવિધ લોક પણ તારી આજ્ઞા પ્રમાણે જ કામ કરે છે. બીજા બધા લોકોથી સત્ય, વૈકુંઠ અને કૈલાસલોક એકદમ જુદા છે. ત્યાં પણ તારી જ સત્તા ચાલે છે. તે ત્રણ લોક ઉપરાંત જે અડધું પદ જે સર્વનું મૂળ પીઠ છે તે તું જ છે. બીજું બધું માયિક અને નાશવંત છે. વિરાટ સ્વરૂપ એટલે તું જ, બ્રહ્માંડ, અને બ્રહ્માંડ અંતર્ગત પિંડ પણ તું જ છે.

જ્યાં સુધી મર્યાદા છે ત્યાં સુધી આ લોક અને પીઠ રહે છે. મર્યાદાનો અંત થતાં બધું જ નાશ પામે છે. તે બધું તારામાં સમાઈ જાય છે. શંકર ભગવાને આમ કહેતાં વિષ્ણુ ભગવાનને આનંદ થયો. તે પછી દુંદુભિ અને બીજાં વાદ્યો વાગવા લાગ્યાં. બધા પોતપોતાના વાહનમાં આરૂઢ થયા. વૈકુંઠને જોવા દેવોને ઉત્કંઠા થઈ. વિમાનો આકાશમાં ઊડવા લાગ્યાં અને સત્વર વૈકુંઠ આવી પહોંચ્યાં. દૂરથી જ તેજસ્વી કળશના ચકચકાટથી નેત્રો અંજાઈ ગયા. વૈકુંઠના વિવિધ

વાર્જિંત્રોએ બધાનું મન મોહી લીધું. આવેલા ગંધર્વો ગાવાનું ભૂલી ગયા અને અપ્સરા નૃત્ય કરવાનું ભૂલી ગઈ. જે રીતે નાદધ્વનિને સાંભળી હરણ કે સર્પ ભાન ભૂલી જઈ તલ્લીન થઈ જાય છે તે રીતે દેવો તે નાદને સાંભળી મોહ પામી પોતાની જાતને ભૂલી ગયા. આ સ્થિતિ જોઈ વિષ્ણુ ભગવાન મોટેથી હસવા લાગ્યા. કોટિ સૂર્યના પ્રકાશથી પણ વૈકુંઠભુવનનું વધુ તેજ જોઈ સર્વનાં નેત્રો દીપી ઊઠ્યાં. વાર્જિંત્રનાદ અને પ્રકાશથી બધા મોહ પામ્યા.

તે પછી ચક્રપાણિ શિવજીને સાવધ કરી કહેઃ આ દેવતાઓ તરફ જુઓ. શિવશંકરે જોયું તો બધાની વૃત્તિ સ્થિર થયેલી હતી. કોઈની પણ આંખ ખૂલતી ન હતી. શિવજીએ કહ્યુંઃ કૃપા કરીને આ બધાને દિવ્ય દૃષ્ટિ આપો અને કૃપા કરો નહીં તો તેઓ વૈકુંઠનાં દર્શન કરી શકશે નહીં. છેવટે શ્રીહરિએ સર્વ પર કૃપા કરી અને દિવ્ય દૃષ્ટિ આપી. દેવોએ જોયું તો અસંખ્ય વિમાનો ત્યાં હતાં. વૈકુંઠના બધા જ પુરુષો ચાર હાથવાળા, શ્યામસુંદર પ્રમાણે તેજસ્વી અને દિવ્ય, મુગટ-પીતાંબરધારી, શંખ-ચક્ર પદ્મધારી, અલંકારમંડિત, કાનમાં કુંડલો ધારણ કરેલા, હાથમાં રત્નમુદ્રિકા પહેરેલા જોવા મળ્યા. ત્યાં અપાર વાર્જિંત્રો વાગતાં હતાં. મધુર ઘંટાનાદ થતો હતો અને સુરીલું ગાયન ચાલુ હતું. ધજા-પતાકા લહેરાતી હતી અને અસંખ્ય તોરણો શોભા વધારતા હતા. જ્યાં ત્યાં છત્ર, ચામર દેખાતાં હતાં. બંદીજનો સ્તુતિગાન કરતા હતા.

સર્વ વૈષ્ણવવીર અનંતનું સામૈયું કરવા આવ્યા. આથી સર્વ દેવો આશ્ચર્યમગ્ન થયા. વૈષ્ણવો શ્રી વિષ્ણુને પગે લાગ્યા. દેવોને પણ મળ્યા અને કહેવા લાગ્યા કે અમને તમે માધવસ્વરૂપે જ મળ્યા છો. બધા જ દેવોને ભ્રમ થયો કે મુખ્ય હરિ કોણ છે? સર્વત્ર વાસુદેવ જ દેખાતા હતા. આગળ જતાં કલ્પતરુનાં જંગલો દેખાયાં. ત્યાં અસંખ્ય કામધેનુ ગાયો ચરતી હતી. ઉત્તમ પક્ષીઓનો મધુર ધ્વનિ સંભળાતો હતો. નગર

પ્રવેશદ્વાર આગળ નારીઓ હાથમાં કળશ અને આરતી લઈ સ્વાગત માટે ઊભી હતી. તેમણે ઘનશ્યામની આરતી ઉતારી. દેવો નગર પ્રવેશ કરી આગળ વધે છે તો સુંદર મઝાના ચોક, રત્નખચિત ગોપુરો, ચિંતામણિના સમૂહ, બજારો નજરે પડ્યાં. ત્યાં બધાં જ નરનારી ચતુર્ભુજ, સુવર્ણવસ્ત્રઅલંકારભૂષિત દિવ્યરૂપ ધરાવનાર હતા.

મુખ્ય મહેલ નજીક શ્રીહરિ વિમાનમાંથી નીચે ઉતર્યા. વિધાતાને ડાબી બાજુ લઈ શિવજીને જમણી બાજુ લઈ સભાગૃહમાં પધાર્યા. ગરુડ તે સમયે હાથ જોડી ઊભા હતા. દ્વારમાં જય અને વિજય શ્રીહરિના યશોગાન કરતા હતા. માધવે ત્રિપુરારિને મુખ્ય સિંહાસન પર બિરાજમાન કર્યા અને બીજા બધાને યોગ્ય સ્થાન પર બેસાડીને દરેકનો સત્કાર કર્યો. લક્ષ્મીએ પંચારતીથી શિવજીની આરતી ઉતારી. તે પછી પૂજા સાહિત્યથી યથાસાંગ ષોડશોપચારે પૂજા કરી. સર્વને શ્રી વિષ્ણુએ હાર પહેરાવી વસ્ત્રોનું વિતરણ કર્યું. શ્રી વિષ્ણુએ તે પછી શ્રી ઉમાવરના ચરણવંદન કરી આદરથી સ્તુતિ કરી. શંકર ઉપર મસ્તકે શ્રી વિષ્ણુએ ચામરથી પંખો નાંખ્યો.

તે પછી શ્રીહરિ અને હર બંને એક સિંહાસન પર બિરાજમાન થયા. શંકર ભગવાને કહ્યુંઃ હે કમલાવર, તું મારો પરાત્પર અંગત સ્નેહી છે. શેષશાયીએ જવાબમાં કહ્યુંઃ તમે મારા જીવનનું જીવન છો. તમારાં ચરણોની સેવા કરવી એ જ મારા માટે યોગ્ય છે. તું જ મારો સદ્ગુરુ, સર્વનો નિયંતા ઈશ્વર છે. તારો મહિમા એવો શ્રેષ્ઠ છે કે તારો કોઈને પાર લાગતો નથી. જવાબમાં શિવે કહ્યુંઃ આમ કેમ કહો છો? હું તારા નામનો જપ હૃદયમાં કરું છું. આ પ્રમાણે બંનેએ આનંદથી સંભાષણ કરી એકરૂપ થઈ હરિહરરૂપે સર્વને પ્રગટ દર્શન આપ્યાં. સર્વ દેવો આ ચમત્કાર આશ્ચર્યથી જોતા હતા.

બ્રહ્મદેવે તેમના ચરણે મસ્તક મૂક્યું. લક્ષ્મીએ ફરી ત્યાં આવી પૂજન કર્યું. સુરગણોએ પુષ્પવૃષ્ટિ કરીને જયજયકાર કર્યો. બધે જ બ્રહ્માનંદની છોળો ઊડતી હતી. સર્વ દેવોને એમ લાગ્યું કે દરેકે પોતપોતાના સ્થાનનો ત્યાગ કરી શ્રી વિષ્ણુના ચરણકમળ નજીક નિવાસ કરવો. તેથી વૈષ્ણવોનો પણ સંગ થશે. આ પ્રમાણે દેવોએ પોતાની ઈચ્છા પ્રગટ કરી. તેથી સર્વેશ્વરે પોતપોતાના અસંખ્ય વિવિધ રૂપો પ્રગટ કર્યાં. શિવજી બોલ્યાઃ હે રમાવર, આજનો આ ધન્ય દિવસ બતાવ્યો. તારી કૃપાથી આ દેવો સ્વરૂપમાં નિમગ્ન થયા. હવે આ દેવોને સાવધ કરી સ્વસ્થાને મોકલવા જોઈએ. હવે મને પણ જવા માટે આજ્ઞા મળે. બધાએ હરિચરણોને વંદન કર્યાં અને પ્રાર્થના કરી. વિમાનારૂઢ થઈ તેમણે વૈકુંઠની રચના જોઈ. હૃષિકેશે શંકર સાથે બધાને વિદાય આપ્યા પછી દરેક પોતપોતાના સ્થળે ગયા.

થોડા દિવસો પછી અનસૂયા સતી નિત્ય કર્માચરણ, પતિસેવામાં મગ્ન થઈ. કેટલાક દિવસો પછી તે ગર્ભવતી થઈ. વિશ્વંભરની લીલા અપાર છે. તેનો પાર કોઈ પામી શકતો નથી. સાત મહિના પૂરા થયા અને અનસૂયા સંસારથી વિરક્ત થઈ, પોતે તપસ્યા કરવી તેમ તેને લાગતું. ગર્ભ વધવા લાગ્યો તેમ તેમ અત્રિમહર્ષિનો પણ આનંદ વૃદ્ધિંગત થવા લાગ્યો. તેને લાગ્યું કે હરિની આપણા પર સંપૂર્ણ કૃપા છે.

નવ મહિના પૂર્ણ થયા પછી પ્રસૂતિ વેદના શરૂ થઈ. ઋષિપત્નીઓએ આવી તેની આંખો ઢાંકી દીધી. પ્રસૂતિના સમયે અનસૂયાની વૃત્તિ ઉન્મન થઈ. સગુણ બાળક પ્રગટ થયું. તેજસ્વી બાળકને જોઈને ઋષિપત્નીઓએ તેને સ્નાન કરાવ્યું અને તેલમર્દન કર્યું. આ જ પ્રમાણે અનસૂયાને પણ સ્નાન કરાવવામાં આવ્યું. બાળકને મધ ચટાડવામાં આવ્યું અને બાજ ઉપર સૂવડાવવામાં આવ્યું. અનસૂયાને સમયાનુસાર ઔષધપાણી આપવામાં આવ્યું. આ પ્રમાણે ચાર દિવસ પૂરા થયા અને પાંચમો દિવસ ઉગ્યો.

પાંચમા દિવસે પંચમદેવીનું પૂજન કર્યું. ઋષિઓ રાત્રે જાગતા. દસ દિવસ પૂરા થયા. અગિયારમા દિવસે સ્નાનોત્તર શુદ્ધ થઈ નિત્યનું ધર્માચરણ, દેવપૂજા, ઇત્યાદિ કૃત્યો શરૂ થયા. બારમા દિવસે ઋષિમંડળને નિમંત્રણ કરી ભોજન કરાવ્યું. જન્મકુંડળી બનાવી જાતક જોવામાં આવ્યું. ઋષિઓએ કહ્યુંઃ આ તમોગુણી બાળક તપાચરણી રહેશે. આ શ્રેષ્ઠ તપસ્વી થઈ અનેકને કષ્ટ પણ પહોંચાડશે. આને રાજાઓ અનન્ય શરણ જશે. જયાં ત્યાં આને સન્માન મળશે.

તેરમા દિવસે ઋષિપત્નીઓએ બાળકને શૃંગાર કર્યો. અનસૂયાના ખોળામાં આપી તેની આરતી ઉતારવામાં આવી. પારણાને સુશોભિત કરી તેમાં બાળકને સુવડાવવામાં આવ્યો. ગીતો ગાઈને હાલરડાં શરૂ કર્યાં. બાળકનું નામ શું પાડવું તે અંગે વાત નીકળતાં અનસૂયાને શંકરનું વચન યાદ આવ્યું અને બાળકનું નામ ‘દુર્વાસા’ રાખવામાં આવ્યું. બાળકના નામનો ઉચ્ચાર કરી, જોડકણાં ગોઠવી હાલરડાં ગાવામાં આવ્યાં. સ્ત્રીઓને હળદર-કંકુ, તાંબૂલ, સાકર ઇત્યાદિ આપવામાં આવ્યાં અને નર-નારીઓને વિદાય આપવામાં આવી.

આ પછી પરમાનંદનો અવતાર થશે. તે જ મારા હૃદયમાં રહીને આ પુનિત સ્વચરિત્ર કથન કરે છે. સર્વ સત્તા તે દત્ત ભગવાનની છે. હું નિમિત્ત માત્ર છું. પરંતુ સંતચરણનો આશ્રય કરી રહ્યો છું. હે સંતો (શ્રોતાઓરૂપી), આ સેવક પર કૃપા કરો. તમારા સિવાય મને સામે કિનારે કોણ લઈ જશે? મારા વિશે અભિમાન તમને જ છે.

॥ ઈતિ અષ્ટમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁ ❁ ❁

# અધ્યાય - ૯

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥ શ્રીગુરુભ્યો નમઃ ॥
॥ શ્રીદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ અનંત, કૃપાઘન, સમર્થ, તું અનન્યનો રક્ષણકર્તા છે. તને નમસ્કાર. તું ગુણસાગર, સર્વશ્રેષ્ઠ, ધીર-ગંભીર, ઉદાર, માયાતીત અને પરાત્પર છે. તારા પદકમળરૂપી તરાપો અમને ભવસાગરને પાર કરી સામે કિનારે લઈ જાય છે. તારા ચરણકમળમાં અમે અમારી તનમન બુદ્ધિ અને પ્રાણ પણ અર્પણ કર્યા છે. અમારો અંગીકાર કરી અમને જન્મમૃત્યુના ફેરામાંથી મુક્ત કર. તારી કૃપાથી આ ગ્રંથનું લેખન થઈ રહ્યું છે. તેની સંભાળ તું જ રાખ. તારા ચરણોનું ચિંતન કરીએ કે તું વિવેચન માટે યાદ અપાવે છે અને તે નિર્વિઘ્ને ચાલુ રહે છે.

ગત અધ્યાયમાં છેવટે દુર્વાસાની જન્મકથા, નામકરણ મહોત્સવનું શ્રોતાઓએ શ્રવણ કર્યું. અત્રિ-અનસૂયા પુત્રનું લાલનપાલન આનંદથી કરવા લાગ્યાં. યોગી, તપસ્વીઓ આશ્રમની મુલાકાત લે ત્યારે બાળકને જોઈ તેમને ખૂબ જ આનંદ થતો. ઋષિપત્નીઓ ત્યાં આવીને બાળકને રમાડતી. રોજ સાંજે અનસૂયા બાળકની નજર ઉતારતી. બાળકના ઉછેર સાથે અનસૂયા પતિસેવા, અભ્યાગતનો સત્કાર પણ ઉમળકાથી કરતી. આ રીતે ઉભય દંપતીનો સમય આનંદ-ઉલ્લાસમાં પસાર થતો હતો. કેટલાક દિવસો પછી અનસૂયાને યાદ આવ્યું કે ત્રિમૂર્તિએ આપેલા વરદાન પૈકી એક વર પ્રાપ્ત થયો. બીજાં બે વરદાન પ્રાપ્ત થવાનાં બાકી છે. શ્યામસુંદર મદનમોહનનો લાભ ક્યારે થશે? ચતુર્ભુજ શ્રીપતિએ વર આપ્યો હતો કે હું તારું બાળક થઈને આવીશ. તે કૃપાનો અનુભવ લેવાનો બાકી છે.

અનસૂયા આ પ્રમાણે વિચાર કરતી હતી કે ચતુર્ભુજ હજુ કૃપાવર્ષાવ કેમ કરતા નથી? અનસૂયાની ભાવના જાણી વિશ્વંભરના ચિત્તમાં પૂર્ણ દયા ઉપજી. અહીં અનંતસુત (કાવડીબુવા) સજ્જનોને વિનંતી કરે છે કે તે આનંદ-ઉત્સવ જોવા માટે બધાની પ્રાર્થના કરે છે. તે અવતાર પૃથ્વી પર પ્રગટ થતાં જ ભક્તોના ત્રિવિધ તાપનું નિવારણ કરશે અને દુઃખ દારિદ્રિ, પીડા, પાપ અને દૈન્યનો નાશ કરશે. જ્ઞાનદાતા પ્રગટ થતાં જ (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ થશે, જીવનું જન્મમરણ ટળશે અને ભવભયમોચન થશે. આથી તમને પ્રાર્થના કરું છું કે ત્વરા કરો અને માયિક આકર્ષણનો ત્યાગ કરી નિજ લાભ કરી લેવો. આ મહાપર્વનો લાભ કરી લેશો તો શ્રેષ્ઠ સુખને અનુભવશો અને સકલ કામના પૂર્તિ થઈ જીવને વિશ્રાંતિ પ્રાપ્ત થશે. બધાની મનોકામના પૂરી કરવા માટે આદિ-અનાદિના બીજરૂપ, સાધુસંતોની થાપણ સાકારરૂપે પ્રગટ થનાર છે. જ્ઞાનનો સાગર, વૈરાગ્ય મૂર્તિ, શાંતિ-ક્ષમાનો સાગર અને દયાર્દ્ર અંતઃકરણવાળો અત્રિઋષિ અને ભક્તિ અને પાતિવ્રત્યની મૂર્તિમંત એવી અનસૂયા અને આ ઉભયના સુખ-આનંદ સમયમાં સતીના જઠરકમળમાં જગદીશ્વરના માયાવી ગર્ભસંભવનો પ્રવેશ દેખાયો. સતીને ખૂબ આનંદ થયો. દેવતાઓએ આપેલા વચનની પૂર્તિ થઈ અને મોટાં ભાગ્યનો ઉદય થયો.

શ્રોતાઓ, તમે પણ તમારું મન નિર્વિકલ્પ કરો અને પ્રેમપૂર્વક એકાગ્ર ચિત્તથી ધ્યાન ધરો. તમને પણ લાભ થશે. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને આનંદ જ્યાં છે ત્યાં જ પરમાનંદ પ્રગટે છે. અનસૂયા પુનઃ ગર્ભિણી થઈ. તેણે અપાર આનંદ ઉલ્લાસ અનુભવ્યો. બધી જ દિશાઓ આનંદમય થઈ. ચારે બાજુથી લાભ થવા લાગ્યો તેમજ સન્માન થવા લાગ્યું. તે ગર્ભનો પ્રભાવ એવો વિશિષ્ટ કે પ્રાંગણનાં વૃક્ષો કલ્પવૃક્ષ પ્રમાણે ફળદ્રૂપ થયાં. ગાયો ગમે તે સમયે દૂધ આપવા માંડી. વૃદ્ધત્વ

અને નબળાઈ ક્યાંય નાસી ગયાં. વ્યાધિ અદશ્ય થઈ. દારિદ્રનું બહિર્ગમન થઈ સૌભાગ્યનું આગમન થયું.

વાંઝણી ગાયો પણ દૂધ આપવા લાગી. વૃક્ષો હરહંમેશ ફળ આપવા લાગ્યાં. ખડકોમાંથી જળપ્રવાહ શરૂ થયા. વાંઝણી સ્ત્રીઓ ગર્ભિણી થઈ. કુરૂપ ચહેરા સુંદર દેખાવા લાગ્યા. દ્રવ્યના જથ્થા રાત્રે પ્રગટ થઈ દેખાવા લાગ્યા. મનમાં આવનારી કોઈ પણ ઈચ્છા સહજ સફળ થવા લાગી. મૂગાઓ વેદઘોષ કરવા સફળ થયા. બધિર (બહેરા) લોકો શાસ્ત્રો શ્રવણ કરવા લાગ્યા. લંગડા મનુષ્યો પગે ચાલવા લાગ્યા. અજ્ઞાનીઓ જ્ઞાનચર્ચા કરવા લાગ્યા. જ્ઞાનીજનોએ વિજ્ઞાન (વિશેષ જ્ઞાન) પ્રાપ્તિ કરી અને તેઓ બ્રહ્માનંદમાં લીન થઈ ડોલવા લાગ્યા. આવી અદ્‌ભુત વાતો કેમ થવા લાગી તે માટે બધા આશ્ચર્યચકિત થયા. કઈ પુણ્યમૂર્તિ પૃથ્વી પર પ્રગટ થવાની છે તેની કોઈને જાણ ના થઈ.

આવા દિવ્ય વાતાવરણમાં અનસૂયા વધુ તેજસ્વી અને પ્રફુલ્લ દેખાવા લાગી. સૂર્યનો ઉદય થયા પછી દિવસે જેમ જેમ તે ઊંચે ચઢે છે તેવી રીતે અનસૂયાનો ગર્ભ દિવસે દિવસે વધતો ગયો. તેના શરીરની કાંતિ તેજસ્વી રીતે ચમકવા લાગી. આ રીતે સાત મહિના પૂરા થયા.

અત્રિઋષિએ અનસૂયાને આવતા દોહદ વિશે પૂછતા તેણે પતિની ચરણવંદના કરી જવાબ આપ્યોઃ મને તમારી ચરણસેવા કરવાની ઈચ્છા થાય છે. તીર્થાટન કરવું, યોગાભ્યાસ કરવો, જપ-અનુષ્ઠાનરત રહેવું, ભિક્ષા માગવી એવી એવી ઈચ્છા થાય છે. વિષયભોગ મને ઝેર સમાન લાગે છે. આત્મચર્ચા, જ્ઞાનવિવેક, વેદાંત શ્રવણ કરવું તેમ મને લાગે છે. મને આત્મબોધ ગમે છે. ઋદ્ધિ સિદ્ધિને દાસીઓ બનાવવી એમ લાગે છે. બધા જ જીવો પ્રત્યે કરુણા ઉપજે છે. વિવિધ રસાસ્વાદ લેવો અને તેનું બીજાઓને પણ રસપાન કરાવવું એમ લાગે છે.

અત્રિઋષિને અનસૂયાના દોહદ સાંભળી આનંદ થયો. તેઓ મનોમન બોલ્યાઃ જગતના ઉદ્ધાર માટે રાજયોગી અવતાર લેવાના છે. તે પછી સારો દિવસ નક્કી કરી ઋષિલલનાઓને આશ્રમમાં બોલાવ્યાં. ષડ્રસ રસોઈ બનાવી, પુષ્પોથી આશ્રમને સુશોભિત કર્યો. ઋષિકુળને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું. ભોજનોત્તર તાંબૂલ આપવામાં આવ્યા.

બધાનાં ભોજન પતી ગયા પછી ઋષિપત્નીઓએ દ્રાક્ષમંડપ નીચે અનસૂયા માટે ઉત્તમ શય્યા કરવામાં આવી અને તેને નિદ્રા લેવા કહેવામાં આવ્યું. અલ્પનિદ્રા પછી સુગંધી જળપ્રાશન કરાવી વૃક્ષ પર ઝૂલા બાંધવામાં આવ્યા. ગાયન સાથે થોડા હિંચકા ખાધા. તે પછી અનસૂયાને વૃક્ષોના છાંયડામાં ઉત્તમ આસન પર બિરાજમાન કરવામાં આવી. ઋષિપત્નીઓએ કેળાં, દ્રાક્ષ, બોર, જાંબુ, નારંગી, અંજીર, સીતાફળ, રામફળ જેવાં પાકાં ફળો અનસૂયા સામે લાવી મૂક્યાં. ફળો ઋષિપત્નીઓને પણ વહેંચવામાં આવ્યા.

ફળોના સેવન પછી હળદર-કંકુથી અર્ચન કરવામાં આવ્યું. તે પછી ઋષિલલનાઓએ સેવંતી, જૂઈ, મોગરો, બકુલ ઇત્યાદિ ફૂલોના હાર બનાવી અનસૂયાના ગળામાં પહેરાવવામાં આવ્યા. તેનું વસ્ત્ર-અલંકારથી સન્માન કરવામાં આવ્યું. અનસૂયાએ પણ સર્વ સ્ત્રીઓનું સન્માન કર્યું. આઠમા મહિને અનસૂયા અન્ય સ્થળે ભોજન માટે જઈ આવી. થોડા જ દિવસોમાં નારદમુનિ અત્રિઆશ્રમમાં પુનઃ પધાર્યા. ક્ષેમકુશળ પૂછ્યા પછી અનસૂયાએ બાળકને લાવી તેમના ચરણ પાસે મૂક્યું. નારદે કરેલા પ્રશ્નના જવાબમાં સતીએ કહ્યું કે આ ઉમાવરનો પ્રસાદ છે. નારદે બાળક પર વાત્સલ્યયુક્ત હાથ ફેરવી તેના માટે ક્ષેમકુશળની ઈચ્છા વ્યક્ત કરી.

નારદે અનસૂયા તરફ જોતાં તે ગર્ભિણી છે તેમ જાણ્યું. ગર્ભની ઓળખ વિશે વિચાર કરતાં તે ત્રિગુણાત્મક વૈકુંઠનાયક છે તે જાણ્યું. નારદે કહ્યુંઃ વૈકુંઠનાયક અવતરશે અને ત્રણેય લોક તેને ભજશે.

તું ખરેખર ધન્ય છે. આમ કહીને નારદે અનસૂયાની પ્રદક્ષિણા કરી. 'દત્ત' આ નામની સૂચના કરી તેઓએ સ્વર્ગભુવન તરફ પ્રયાણ કર્યું. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં તેમણે આ શુભ વર્તમાન જણાવ્યા. ઉમા, રમા અને સાવિત્રીને પણ આ કહીકતની જાણ કરતાં તેઓને પણ આનંદ થયો. બધા સુરવરોને આનંદ થયો. બધાનું ધ્યાન ત્રિગુણાત્મકના અવતરણ માટે આતુર હતું.

અનસૂયાને નવમો મહિનો શરૂ થયો. આકાશમાં જેમ સૂર્યપ્રભા ચમકે છે તેમ દિવ્ય તેજ તેના શરીરમાં દેખાવા લાગ્યું. તેનું શરીર આળસથી ઘેરાયું. એક પણ પગલું ચાલતાં કષ્ટ થવા માંડ્યું. આથી અત્રિઋષિએ ઋષિપત્નીઓને બોલાવ્યા. ઋષિપત્નીઓએ બધી જ પૂર્વતૈયારી સિદ્ધ કરી. નવ મહિના પછી નવમો દિવસ ઉગ્યો. બધા જ દેવો, ઈંદ્ર, યમ, વરુણ, નળ, કુબેર, સનક, સનંદન, સનત્કુમાર, સનાતન, નારદ, તુંબર, વિદ્યાધર, લક્ષ્મી, સર્વ ગ્રહો, તારાગણ, લોક-લોકાધિપતિ, આ સર્વ વિમાનમાં બેસી આકાશમાં એકઠા થયા.

ઋતુનો સમય ન હોવા છતાં વસંતનું આગમન થયું. સર્વ પશુ, પક્ષી, શ્વાપદો એકઠા થયા. ઋષિ, સિદ્ધો, યોગીઓ ચમત્કાર જોવા એકઠા થયા. બધાની ઉત્સુકતા ટોચ પર હતી ત્યારે માગસર મહિનાની ચૌદસ ઉપર પૂર્ણિમા શરૂ થઈ હતી, હેમંતઋતુ, સોમવાર, સાધ્યયોગ, રોહિણી નક્ષત્ર જેવા સુવર્ણ સમયે અવિનાશ પ્રગટ થયા. આંખો અંજાઈ જાય તેવું તે તેજ હતું. બધાનાં નેત્રો અંજાઈ ગયાં. નેત્રો ખોલ્યાં તો ત્રિગુણાત્મક રૂપ નજરે પડ્યું. આનંદઘન સ્વરૂપને જોતાં બધા જ આનંદિત થયા. સુરગણોએ વિવિધ વાજિંત્રો વગાડ્યાં. ગજાનને સ્વહસ્તે પુષ્પવૃષ્ટિ કરી. ગંધર્વો ગાયન કરવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. બાળકને જોઈ ઋષિકાંતાઓને આનંદ થયો. તેમણે બાળકને ઊંચક્યો અને અનસૂયાને બતાવ્યો. ઋષિપત્નીઓએ બંને મા-દીકરાને ઉષ્ણ જળથી સ્નાન કરાવ્યું. તેલની માલિશ કરી.

અનસૂયાને વસ્ત્રો આપ્યાં અને બાળકને મધ ચટાડ્યું. ત્રણ મુખ અને છ હાથવાળું તેજસ્વી બાળક મન મોહી લે તેવું હતું. દેવલલનાઓએ બંનેની આરતી ઉતારી. સુરવરોના વૃંદ સહ્યાદ્રિ પર્વતની ટૂંક પર ઉતર્યાં. સુરવરોનું ઋષિ સાથે મિલન થયું. સિંહાદ્રિ (સહ્યાદ્રિ) પર ઠેર ઠેર પુષ્પવૃષ્ટિ થઈ. દરેક ઘર અને શેરી ધજાપતાકાથી શણગારાઈ. સ્ત્રીઓને હળદર-કંકુ વહેંચવામાં આવ્યા. આ સમય દરમ્યાન ઉમા, રમા, સાવિત્રી પણ આવી ગઈ. સર્વએ બાળકનું મુખારવિંદ જોઈ અનસૂયા વિશે ધન્યતાના ઉદ્‌ગાર કાઢ્યા. દેવો અત્રિઋષિનાં દર્શન કરવા પધાર્યા.

આવી આનંદની પળોમાં મહર્ષિ નારદ પણ પધાર્યા. તેમણે અત્રિઋષિને કહ્યુંઃ તારું ભાગ્ય શ્રેષ્ઠ છે. માટે તને મળવા સુરવરો પધાર્યા છે. સર્વ દેવોએ અત્રિ અને અનસૂયાના ભાગ્યનાં વખાણ કર્યાં. તે પછી તેમણે અત્રિમહર્ષિની વિદાય લઈ પર્વતને ત્રણ પ્રદક્ષિણા કરી અને ત્રિગુણાત્મકની સ્તુતિ કરી.

હે અવિનાશ, પરાત્પર, અજઅજિતા, વિશ્વંભર, ગુણાતીત, નિર્વિકાર, તારો જયજયકાર હજો. હે કરુણાકર જગદ્‌ગુરુ, માયાતીત નિરંજન, ત્રિગુણસ્વરૂપ ચૈતન્યઘન, સર્વવ્યાપક, સનાતન, પૂર્ણબ્રહ્મ, તારો જયજયકાર હજો. તું અખિલ, અભંગ, સર્વાતીત, નિઃસંગ, કર્મવિમોચક, ભવનાશક, અનંતરૂપ અનંત છે. હે પન્નગહારભૂષિત, સર્પભૂષણ, કમલાક્ષ, કમલાસન, શ્યામસુંદર, દીનપાવન જગત્પતિ, તને નમસ્કાર. હે તમોદ્‌ભવ, તામસરૂપ, રજોદ્‌ભૂત સૃષ્ટિવિલાસ, સત્ત્વરૂપ સર્વેશ, આદિપુરુષ સર્વજ્ઞ તારો જયજયકાર. આ જગતના ઉદ્ધાર માટે તેં અવતાર ધારણ કર્યો છે. તું જગદ્‌ગુરુ તેમજ જગદાત્મા છે. અમે તમારે શરણ આવ્યા છીએ. અમને નિત્ય દર્શન આપશો.

તારી કૃપાદષ્ટિથી જન્મમરણભય નષ્ટ થાય છે. વિઘ્નો નાશ પામે છે અને ભાગ્યની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે દેવોએ ત્રિગુણેશ્વરની સ્તુતિ કરી. દેવો અને ઋષિલલનાઓએ અત્રિમહર્ષિની વિદાય લીધી. જગદ્ગુરુના ગુણવર્ણન કરતા બધા પોતપોતાના સ્થાને પધાર્યા. સાધુ, સંત, ભાવિક ભક્તો બોલ્યાઃ આ અવતારને લીધે સર્વનો ઉદ્ધાર થશે. તેમના ચિંતનથી જ ભવસાગર પાર કરી શકાશે. દીનજનોની ઈચ્છા પૂરી કરવા માટે જ આ દયાળુ અહીં સદા ઊભો છે. આ બધું તમે (શ્રોતાઓરૂપી સંત) જાણો જ છો. આથી મેં અનંતસુતે (કાવડીબુવાએ) તમારાં ચરણનો આશ્રય કર્યો છે. તમે જ આ સુંદર ગ્રંથને વધાર્યો છે.

॥ ઈતિ નવમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋❋❋

## અધ્યાય - ૧૦

॥ શ્રી સદ્ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

આજે આનંદસાગરને ભરતી આવી છે. ભાગ્યનો ઉદય થયો છે. દારિદ્ર દુઃખ નાસી ગયાં છે અને કોઈ પણ ચિંતા બાકી રહી નથી. તેજસ્વી સૂર્યના ઉદય પછી અંધકાર ક્યાંથી ટકી રહે? ચંદ્રોદયથી પ્રકાશિત નગરમાં ચોર લોકો ક્યાંય દેખાતા નથી. દિવ્ય રસાયણનું સેવન કરીએ એટલે રોગનું નામનિશાન શરીરમાં રહેતું નથી. પંચાક્ષરી (શિવભક્ત) સમક્ષ ભૂત-પ્રેત ટકી શકતા નથી. આ જ

પ્રમાણે ત્રિગુણાત્મક મૂર્તિ પ્રગટ થયા પછી દુઃખ શોક નિર્મૂળ થયાં. બધે જ આનંદ દેખાવા લાગ્યો. પાપ-તાપ, દૈન્ય દારિદ્ર, ભય, કામ, ક્રોધ નાસી ગયા. સદ્‌ભાગ્યનો ઉદય થયો.

ગત અધ્યાયમાં શ્રોતાઓએ જન્મકથા શ્રવણ કરી હતી. સુરવરો સ્વસ્થાને ગયા. અનસૂયાના આશ્રમમાં અનેક સ્ત્રીઓ આવીને કામ કરવા લાગી. ઋષિએ આવીને બાળકનું જન્મલગ્ન (જાતક) જોયું અને કાળજીપૂર્વક લખી લીધું. રાત્રે ઋષિએ પાઠ કર્યા. સ્ત્રીઓએ પંચમદેવીનું પૂજન કર્યું. જન્મસૂતક (વૃદ્ધિ) દસ દિવસ સુધી આનંદથી પાળી અગિયારમે દિવસે સ્નાન કર્યું. બધા જ ઋષિવર્યોને બોલાવી અત્રિએ પુત્રમુખનાં દર્શન કર્યાં. બારમા દિવસે બાર બલિનું પૂજન કરી ષડ્રસ પકવાનો તૈયાર થયાં.

બ્રાહ્મણોને ગંધઅક્ષતથી પૂજન કરી, જમીન પર રંગોળીઓ પૂરવામાં આવી અને બ્રાહ્મણોને આસન આપવામાં આવ્યાં. બ્રાહ્મણોને પુષ્પહાર પહેરાવી ધૂપદીપ અર્પણ કરી ભોજન કરાવવામાં આવ્યું. ભોજનોત્તર તાંબુલ દક્ષિણા આપી અત્રિમહર્ષિએ નમસ્કાર કર્યા. વિપ્રોએ ઉત્તમ આશીર્વાદ આપ્યા. તે પછી અનસૂયાએ સર્વ ઋષિપત્નીઓને પ્રાર્થનાપૂર્વક ભોજન માટે બેસાડ્યાં. ભોજન પછી તેમને પણ તાંબુલ આપી હળદર-કંકુ આપ્યાં. ઋષિપત્નીઓએ અનસૂયાનું હળદર-કંકુથી અર્ચન કરી તેને નવાં વસ્ત્રો આપ્યાં. તેને બાજઠ પર બેસાડી બાળકને તેના ખોળામાં આપ્યો. તે પછી મા-દીકરાની આરતી ઉતારી. આમ, તે દિવસની ઉજવણી થઈ.

બીજા દિવસે સવારે નિત્યકર્મ સમાપ્ત થયા પછી ઋષિપત્નીઓએ ઝૂલાને છત સાથે ટીંગાડી રમકડાઓથી તેને શણગાર્યો. સતીએ બાળકને વસ્ત્રાલંકાર આદિથી શણગાર્યો. ઋષિલલનાઓએ કથરોટ ભરી સાકર, નાગરવેલના પાન, સૂંઠવડી અને ઘૂઘરા માટે કોપરાનું છીણ

વગેરે તૈયાર કર્યું. તેરમા દિવસે સુરગણો આવ્યા. દેવલલનાઓ અનેક ભેટવસ્તુઓ લાવી. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇંદ્ર અને અષ્ટ દિક્પાલ પણ આવ્યા. વાજિંત્રોના અવાજથી આકાશ ગુંજી ઊઠ્યું. ગંધર્વો સુસ્વર ગાયન કરવા લાગ્યા. રમા, ઉમા, ગાયત્રી અને સાવિત્રી અનસૂયા માટે કિંમતી પોષાક અને અલંકાર લાવ્યાં.

સમગ્ર પર્વત પર ચહલપહલ વધી ગઈ. નારદ અને બીજા ઋષિઓ પણ પધાર્યા. દેવલલનાઓએ અનસૂયાને હળદર-કંકુ અને બીજા સૌભાગ્ય અલંકારો આપ્યા. આંખમાં સૂરમો આંજ્યો. બાળક માટે ટોપી, અંગરખું, કંદોરો, પહોંચી, વાઘનખનું માદળિયું ઇત્યાદિ લાવી તેને શણગાર્યો. અનસૂયાને સ્વર્ગના અલંકારો અને કિંમતી વસ્તુઓ અર્પણ કરી. યોગ્ય મુહૂર્ત પર સાવિત્રીએ આગળ આવી બાળકને ઊંચકી પારણામાં મૂક્યો. રમાએ પારણાની દોરી હાથમાં લીધી. ચતુર પાર્વતી આગળ આવી અને બોલીઃ આ બાળકના પિતા અત્રિ અને આ બાળક ત્રિવદન ધરાવતો સુહાસ્યયુક્ત બાળક હોવાથી તેનું નામ (દત્ત + આત્રેય) દત્તાત્રેય રાખવું. અનસૂયાએ સૂર પૂરાવતાં કહ્યું કે મારા મનમાં પણ આ જ હતું. બધાંએ તેને અનુમોદન આપ્યું. ઉપસ્થિત સર્વેએ ગીત ગાઈને પારણાની દોરી ખેંચીને ઝૂલાવવા લાગ્યા.

સર્વ સ્ત્રીઓએ અનેકવિધ ગીતો ગાઈ બાળકનું દત્તાત્રેય એ નામ પ્રગટ (ગીતમાં) કર્યું. આ નામ સાંભળતાં જ દેવોએ વાજિંત્રો વગાડ્યાં. ઇંદ્રે પુષ્પવૃષ્ટિ કરી. બધાને પ્રસાદ તરીકે ઘૂઘરા, હળદર-કંકુ અને ચંદન વહેંચવામાં આવ્યું. યાચકોને તૃપ્ત કરવામાં આવ્યા. આ વર્ણન સાંભળી શ્રોતાઓને મનમાં શંકા થાય કે જંગલમાં ઋષિ પાસે આ બધી વસ્તુઓ કેવી રીતે આવી? તેનો ખુલાસો સાંભળો. અત્રિ એ બ્રહ્મદેવનો પુત્ર. તેમાં તપસ્વી અને બ્રહ્મનિષ્ઠ. અનસૂયાસતી એ શ્રેષ્ઠ પતિવ્રતા સાધ્વી. તેમણે અનુષ્ઠાન થકી તપસ્યા કરી ત્રણે દેવતાઓને (પ્રેમથી)

જીતી લીધા. આ દેવતાઓએ તેને વિશેષ વરદાન આપ્યું. તેના ફળસ્વરૂપે ત્રિગુણાત્મક દત્ત પ્રગટ્યા. જ્યાં પણ દત્ત ભગવાન છે ત્યાં બધી જ સિદ્ધિઓ હાજર હોય છે. પછી કોઈ વસ્તુની ન્યૂનતા જણાય? કલ્પતરુ આંગણામાં ઊગે એટલે સાધકની કોઈ પણ કામના બાકી ન રહે. આ પ્રમાણે દત્ત પ્રગટ થતાં જ સર્વ કામના સફળ થઈ સર્વ સામગ્રી ત્યાં હાજર થાય જ!

સૂર્ય સાથે તેનાં કિરણો હોય છે અને રાજા સાથે તેના દરબારી હાજર જ હોય છે. તે જ પ્રમાણે યોગીન્દ્ર અને સર્વેશ્વર દત્તાત્રેય સાથે અખૂટ ભંડાર હોય છે. બધાની ઈચ્છાઓ પૂરી કરવા આ સ્વામી દત્ત અવતાર લે છે. ઈચ્છામાત્રે તે અઘટિત કૃત્ય કરી શકે છે. આમ આ ઉત્સવમાં બધા જ તૃપ્ત થયા. સાવિત્રી, ઉમા અને રમાએ યાદ અપાવીને સત્કારની વસ્તુ પાછી અપાવી દરેકનું માન-સન્માન યથોચિત કર્યું. ત્યાં સુધી રાત્રી થઈ. બાળકને અત્રિના ખોળામાં સૂવડાવ્યો. તેને જોઈને બધાએ સંતોષ વ્યકત કર્યો. દેવોએ અત્રિઋષિની પ્રેમથી વિદાય લીધી. જતાં જતાં કહેતા ગયા કે બાળકના દર્શન કરવા અમે નિત્ય સાંજના સમયે આવીશું. શ્રોતાઓ, હજુ પણ દેવો તે સમયે આવે છે. આમ જોઈએ તો પર્વત પર જવા બીક લાગે પરંતુ સૂર્યાસ્તને ચાર ઘટિકા બાકી હોય ત્યારે પર્વત અતિશય શોભાવાળો દેખાય છે. સર્વત્ર આનંદ દેખાય છે.

દેવલલનાઓએ અનસૂયાની વિદાય લીધી ત્યારે તેણે બધાંને આદરથી વંદન કર્યાં અને અમને ભૂલશો નહીં તેમ વિનંતી કરી. તે પછી દેવોએ વિમાનમાં બેસી પર્વતને પ્રદક્ષિણા કરી સ્વસ્થળે ગમન કર્યું. આ જ પ્રમાણે ઋષિ અને ઋષિપત્નીઓએ અત્રિ અને અનસૂયાની વિદાય લીધી. અત્રિઋષિ, અનસૂયા અને બે પુત્રો કાળક્રમણ કરવા લાગ્યા. તેટલામાં અનસૂયા ત્રીજી વાર ગર્ભિણી થઈ. દિવસે દિવસે ગર્ભ

વધવા લાગ્યો. સાતમા માસે અત્રિઋષિએ સતીને ગમતી વાત પૂછી. સતીએ કહ્યુંઃ મને તીર્થાટન કરવા ગમે છે. નિત્યકર્મમાં આનંદ થાય છે. અંધકાર અને દુષ્ટાચરણ ગમતું નથી. કોઈને પણ ત્રાસ આપવો નહીં. બધાને સુખ જ આપવું, તેમના ઉપર ઉપકાર કરવો એમ લાગે છે.

બીજા લોકોની પૂજા, સત્કાર, દાનધર્મ કરવો એમ લાગે છે. પોતે પણ રસાસ્વાદ લેવો અને બીજાઓને સુખ આપવું તેમ લાગે છે. સદ્‌વાસનામાં મને પ્રીતિ છે. તમારા ચરણ એ મારો મુખ્ય આધાર છે. તેનું ભાષણ સાંભળી અત્રિમુનિ પણ સંતુષ્ટ થયા. ઋષિપત્નીઓને બોલાવી તેમણે અનસૂયાની ઈચ્છાપૂર્તિ કરાવી. નવ મહિના પૂર્ણ થયા પછી પ્રસૂતિનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. દિવસ પૂર્ણ થયે અતિ લાવણ્યયુક્ત પુત્રને અનસૂયાએ જન્મ આપ્યો.

આ પુત્ર ચંદ્ર પ્રમાણે શીતળ અને શાંત હતો. ઋષિપત્નીઓએ બંનેને (બાળક-માતા) સ્નાન કરાવ્યું. મધનું લેપન કરી સ્તનપાન માટે બાળક અનસૂયાને આપ્યું. પાંચમા દિવસે પંચમીદેવીનું પૂજન કરવામાં આવ્યું. દસ દિવસ પછી અત્રિઋષિએ બાળકનું મુખાવલોકન કર્યું. અગિયારમા દિવસે શુદ્ધ થઈ પુણ્યાહવાચન કર્યું. બાળકનું મુખ જોઈને અત્રિને આનંદ થયો. તેમણે જાતક જોઈ બાળક રજોગુણી હોવાનું જણાવ્યું. અત્રિઋષિએ સર્વને દાન કર્યું. બારમા દિવસે નામકરણ કર્યું.

આશ્રમને વિશેષ સુશોભિત કરી સુંદર પારણું તૈયાર કરી બાંધ્યું. ઋષિપત્નીઓ આવી, દેવ તેમજ દેવલલનાઓ તેવી જ રીતે માનવ અને તેમની સ્ત્રીઓ પણ આવી. બાળકને પારણામાં સૂવડાવી હાલરડા ગાવામાં આવ્યાં. બાળકનું નામ શું પાડવું તે માટે વિચારણા શરૂ થઈ. ત્યારે અનસૂયાએ ‘ચંદ્ર’ આ નામ સૂચવ્યું. સર્વને આનંદ થયો. નામકરણ થયા પછી બધાને પંચખાદ્ય, હળદર-કંકુ આપીને સંતુષ્ટ કરવામાં

આવ્યા. અત્રિ-અનસૂયાનું ભાગ્ય શ્રેષ્ઠ કે જયાં ત્રિગુણાત્મક દત્તાત્રેય પોતાની બાળલીલાઓ કરે છે ત્યાં તાપત્રયને ક્યાંય જગ્યા ન હતી.

તે અવિનાશી દત્તમૂર્તિને જોઈ ચિત્તમાં આનંદ ઉદ્ભવે છે. વિશ્વંભર પોતાની લાઘવીકળાથી લીલાઓ કરી બધાનાં મનને સંતુષ્ટ કરે છે. તેની લીલાનો કોઈ પાર નથી. જેના અનંત અવતાર, અનંત ગુણ, જેના થકી અનંત બ્રહ્માંડો, જેની અનંત કીર્તિ તે જ સગુણ દત્તાત્રેય! દત્તાત્રેય આ ચાર અક્ષરો સંતોનું પિયર છે. તમે સંત સદ્ગુરુ કૃપારૂપી મેઘ, જ્ઞાનના સાગર, પરમ પાવન અને ઉદાર છો. તમારી મહત્તાને કોઈ પણ યથાર્થ રીતે વર્ણવી શકતા નથી. તમારાં ચરણો થકી તીર્થો પાવન થાય છે. હું તે ચરણરજનો એક રજકણ છું. આ અનંતસુતને સંતોએ ઉછેર્યો છે. તે સંતોની કૃપા થકી આ રસાળ કથાનું પાન શ્રોતાઓ કરી રહ્યા છે. હે શ્રોતાઓ, અગામી કથાભાગ શ્રવણ કરવા તૈયાર રહો. દત્તાત્રેય એ ઉદાર દાતા છે. તે શરણાગતને હંમેશાં અભય આપે છે. તેના નામનું સ્મરણ કરતાં જ તે ભક્તની સામે હાજર થાય છે.*

॥ ઈતિ શ્રી દશમોऽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

* પાદટીપઃ સ્મરણ કરતાં જ ભક્ત સમક્ષ હાજર થતા હોવાથી તેઓ સ્મર્તૃગામી કહેવાય છે. પ્રસિદ્ધ સ્મર્તૃગામીનો શ્લોક આ પ્રમાણે છેઃ

શ્રીદત્તો નારદો વ્યાસો શૂકશ્ચ પવનાત્મજઃ ।
કાર્તવીર્યશ્ચ ગોરક્ષો સપ્તૈતે સ્મૃતિગામિનઃ ॥

# અધ્યાય - ૧૧

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

સદ્‌ગુરુ દત્તાત્રેય, તારો જયજયકાર. મેં તારા ચરણ ઉપર મસ્તક મૂક્યું છે. આ અનાથને ત્વરિત સનાથ કર. તું જો કૃપા કરે તો પાંગળો પણ ચાલવા લાગશે, મૂંગો બૃહસ્પતિ જેવો જ્ઞાની થશે અને આંધળો દેખી શકશે. દુષ્કર માર્ગ સહેલો થઈ સાધક અરૂપને (નિર્ગુણ) પ્રાપ્ત કરશે. તારી કૃપાથી આસક્ત વિરક્ત થશે. તે તારા પર પ્રેમ કરશે અને છેવટે મુક્ત થશે. બુદ્ધિ સતેજ થશે અને સત્ ચિત્ વિશે આત્મીયતા નિર્માણ થશે. આ વિવેચન પણ તારી કૃપાથી જ ચાલી રહ્યું છે. તારું માહાત્મ્ય દીન-રંકને પાવન કરે છે.

ગત અધ્યાયમાં જન્મકથાનું કથન કર્યું. હવે તે પછીનો વૃત્તાંત સાંભળો. દત્તકથા પરમ પાવન હોઈ તે પ્રેમથી શ્રવણ કરવાને લીધે ભવબંધન બાધા કરી શકતું નથી. દત્તકથા એ બધાં જ પ્રકારનાં ફળ આપનાર કલ્પતરુ છે. દત્ત સગુણરૂપ ધારણ કરી સહ્યાદ્રિ પર્વત પર બાળલીલા કરવા લાગ્યા. તે ઋષિકુમારો સાથે વિવિધ રમતો રમવા લાગ્યો. તે રમતો હોય ત્યારે એવાં વચનો બોલતો કે જીવને ઉપરતિ થાય. માયિક પ્રવૃત્તિની રમતો રમતા નિવૃત્તિના સિદ્ધાંતો કહી બધે જ એક બ્રહ્મ સ્થિત છે તે બતાવવા લાગ્યો. અત્રિ, અનસૂયા અને બીજા ઋષિઓને બાળલીલા જોઈ આનંદ થતો. લખોટીઓ રમતા તે બરાબર નિશાન તાકતો. બીજા બાળકોને તેવું આવડતું નહીં.

આટાપાટાની રમતમાં પાટારક્ષકનો સ્પર્શ થાય તો દાવ તેના પર આવે છે. યુક્તિપૂર્વક હુલ બતાવી ઘરોક્રમણ કરવાનું કામ દત્ત ખૂબ હોશિયારીપૂર્વક કરતો. ગિલ્લીદંડાની રમતમાં ગિલ્લીને દંડાથી દૂર

મોકલવી પડે છે. તે ગિલ્લીને પ્રતિપક્ષ ઝીલી લે અથવા તે ગિલ્લી દંડાને મારવી પડે છે જેથી રમનાર પર દાવ આવે છે. ન 'આઉટ' થાય તો દાવ ચઢતો જ જાય છે. દત્ત તેમાં પણ હોશિયાર હતો. બીજી રમત લિગોરીની. એક ઉપર એક એમ સાત પથ્થર ગોઠવવામાં આવે છે. દડાથી લિગોરીને ઉડાવવામાં આવે છે. દડાને ઝીલી તેનો માર ચૂકવવામાં આવે છે. સદ્‌ગુરુ દત્ત રમત રમે છે. વચનરૂપી દડો દત્ત ફેંકે છે જે વારંવાર તેને ઝીલે છે, કાર્યમાં ફેરવે છે તે આત્મસુખને મેળવે છે.

અહંકાર લોભરૂપી દડો જો ઉછળે તો તેને પછાડવો જોઈએ. જો ચૂકીએ તો તે પીઠને વાગે. જો તે પીછો કરે તો અનેક ફેરા ફરવા પડે; ક્ષણનો પણ આરામ મળશે નહીં. આથી અહંકાર અને લોભને વિવેક દ્વારા જર્જર કરી તેની શક્તિ ઓછી કરવી. દત્તે એક વખત સંતાકૂકડી રમવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. દુર્વાસાએ કહ્યુંઃ વાત બરાબર છે. દાવ તારા પર. તું અમને શોધી કાઢ.

પર્વતની ખીણોમાં બાળમિત્રો લપાઈ ગયા. સર્વાંતરવ્યાપક દત્તે તે સર્વને શોધી કાઢ્યા અને કહ્યુંઃ હવે તમે મને શોધી કાઢો. બાળકોએ આંખો બંધ કરતા જ દત્તમૂર્તિ ગુપ્ત થઈ ગઈ. બધા જ બાળકોએ દત્તને શોધવાનું શરૂ કર્યું. બધી જ ખીણો, ઝાડ, ઝાંખરા પાછળ દત્તની શોધ કરવામાં આવી. દત્ત ક્યાંય જડ્યો નહીં. રમતમાં બાળકોની હાર થાય એટલે યુદ્ધમાં હાર થવાનું દુઃખ થાય. બાળકો થાકીને રડવા લાગ્યા એ વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું? જો મા-બાપને ખબર પડશે કે દત્ત જડતો નથી. તો હવે આપણને માર પડશે. બાળકોનો આક્રોશ જોઈ દત્ત દોડીને તરત જ હાજર થયા.

એકાએક પ્રગટ થયેલા દત્તને જોઈને બાળકો ખુશખુશાલ થઈ ગયા. બાળકો પૂછવા લાગ્યાઃ તું ક્યાં હતો? ક્યાંથી આવ્યો? દત્તે

જવાબ આપ્યોઃ હું તમારી નજીક જ હતો; તમે મને જોઈ શક્યા નહીં. તમે બધાએ વૃથા શ્રમ કર્યો અને દુઃખી થયા. હવે ફરી તમે સંતાઈ જાવ. હું તમને શોધી કાઢીશ. અત્યારના થયેલા અનુભવને જોઈ દુર્વાસાએ કહ્યુંઃ તમને કોણ પહોંચી વળે? અમે જયાં પણ જઈએ ત્યાં ત્યાં તું તો હાજર જ હોય છે. તું નથી એવી એકેય જગ્યા નથી. જળ, સ્થળ, કાષ્ઠ, પાષાણ, સજીવ, નિર્જીવ, બધે જ તું વ્યાપેલો છે. અમને છુપાઈ જવા તારા સિવાય બીજી કોઈ જગ્યા દેખાતી નથી. બાળમિત્રોની વાત સાંભળી દત્ત સંતુષ્ટ થયા.

દત્ત ભગવાને વિવિધ રમતોનું રહસ્ય બાળમિત્રોને સમજાવ્યુંઃ બાળમિત્રો, રમત એવી રીતે રમવી જોઈએ કે તેમાં ડૂબી ન જવું. કોઈ પણ આસક્તિ વગર રમત રમવી જોઈએ. કોઈના હાથમાં સપડાવું ન જોઈએ. દુર્વાસાએ પૂછ્યુંઃ સામાન્ય જીવ પાસે આ શક્તિ ક્યાંથી આવે? તું કૃપા કરે તો જ તે યુક્તિ હાથમાં આવે. તારી કૃપા જો ન થાય તો સમસ્યાનો ઉકેલ જીવ મેળવી ન શકે. રમત રમતાં શ્રમ પડે છે પણ છટકી શકાતું નથી. બંને એકબીજાની વાત સમજી ગયા. આ પ્રકારે રોજ નવી નવી રમતો બાળમિત્રો સાથે દત્ત રમતો અને બધા આ રીતે આનંદ લૂંટતા. અત્રિ અને અનસૂયાને દત્ત અને બાળમિત્રોની રમતો જોઈ આનંદ થતો.

ધીમે ધીમે બાળકો કુમારાવસ્થામાં આવ્યા. પછી તેમણે ઋષિને બોલાવી જનોઈ માટે મુહૂર્ત કાઢવા જણાવ્યું. યોગ્ય દિવસ નક્કી કરી દુર્વાસાને બ્રહ્મચર્યાશ્રમ પ્રદાન કર્યો. ગાયત્રી ઉપદેશ દઈને વેદાધ્યયન શરૂ થયું. થોડા દિવસો પછી દત્તના મૌંજીબંધનનો કાળ આવ્યો. દ્વિજોને આમંત્રણ આપીને બોલાવવામાં આવ્યા. દેવ-ઋષિ સર્વ આવ્યા. મંગલ વાદ્યોના નિનાદમાં સર્વ વિધિ થયો. આ રીતે ઉપનયન સંસ્કાર સંપન્ન થયો. ગાયત્રીપ્રબોધ, યજ્ઞોપવીત, દંડ કૌપીન આપીને દીક્ષાવિધિ

કરવામાં આવી. દત્તને વસ્ત્રાલંકાર અર્પણ થયા. સર્વ સ્ત્રીઓએ તેમને ભિક્ષા પ્રદાન કરી.

રમા, ઉમા, સાવિત્રી, સરસ્વતી અને ગાયત્રીએ ભિક્ષા ભિક્ષાપાત્રમાં લઈ તે દાન સત્પાત્રે આપ્યું. બીજા દિવસે નિત્યકર્મ સમેટીને બધા મંડપમાં આવ્યા. બટૂને સ્નાન-સંધ્યા કરાવી અગ્નિમાં આહુતિ આપી. નરનારી નજીક આવ્યાં અને તેમનું ચરણામૃત લીધું અને મોતી, રત્નો દક્ષિણામાં આપ્યાં. ચોથા દિવસે પળસોલા વિધિ પછી યજ્ઞ સમાપ્તિ થઈ. આમંત્રિતોને દિવ્ય મધુર ભોજન આપવામાં આવ્યું. દ્વિજોને દક્ષિણા આપીને સંતુષ્ટ કરવામાં આવ્યા. બધાનો વિદાય સત્કાર કરવામાં આવ્યો.

દુર્વાસા અને દત્ત નિત્ય વેદાભ્યાસ કરવા લાગ્યા. બંને તીક્ષ્ણ બુદ્ધિવાળા હોઈને અધ્યયનમાં કોઈ કઠિનાઈ ન હતી. અત્રિ અને અનસૂયાને બંને પુત્રોની અભ્યાસમાં પ્રગતિ જોઈ સંતોષ થયો. બંને પુત્રોનું અધ્યયન ચાલુ હતુ તે દરમ્યાન ચંદ્રના મૌંજીબંધનનો સમય આવી ગયો. અત્રિમહર્ષિએ સર્વને આમંત્રણ આપ્યું. તિથિ નિશ્ચિત થઈ સર્વ તૈયારી કરવામાં આવી. ચંદ્રને સારા મુહૂર્ત પર વિધિયુક્ત અને યથાસાંગ બ્રહ્મચર્યાદીક્ષા આપવામાં આવી. બ્રહ્મભોજન, દક્ષિણા, વિદાય-સત્કાર વગેરે યથોચિત કરી સર્વને સંતુષ્ટ કરવામાં આવ્યા. અત્રિઋષિના મહદ્ ભાગ્યની ચર્ચા કરતા બધા આમંત્રિતો સ્વસ્થાને વિખેરાઈ ગયા.

આ બાજુ અત્રિઋષિ પોતાના પુત્રોને નિત્ય નિયમથી વેદાધ્યયન કરાવતા હતા. ચુંબક જેમ લોખંડને ત્વરિત પોતાના તરફ આકર્ષી લે છે તે પ્રમાણે ત્રણેય બટુ વેદનું જ્ઞાન ઝડપથી ગ્રહણ કરવા લાગ્યા. અર્થ સાથે ચારેય વેદ, અનેક ઉપગ્રંથ, શાસ્ત્રો, શ્રુતિના અંતરંગ, ઉપનિષદો, કાવ્ય, વેદાંત આ સર્વને ત્રણેયે આત્મસાત કરી લીધા. તેમની પરીક્ષા પણ લેવામાં આવી. ત્રણેય વેદપાઠી કિશોરોએ અત્રિ

પાસે આવીને વિનંતી કરીઃ હે કૃપાસાગર, અમને તીર્થયાત્રા કરવા આજ્ઞા આપો. બ્રહ્મચારીએ તીર્થાટન કરવું તેમ વેદાજ્ઞા છે. તેણે એક સ્થળે રહેવું ન જોઈએ. નિત્ય ભિક્ષાન્નનું સેવન કરી, વ્રતસ્થ રહી વેદાચરણમાં રત રહેવું જોઈએ. દંડ-કમંડલુ સહિત એકાંતસેવન કરવું તેવી આજ્ઞા છે.

ચિત્તમાં કામનારહિત રહેવું, વિષયલોભની આશા રાખવી ન જોઈએ. સત્સંગ કરવો, દુર્ભાષણ કરવું ન જોઈએ. કોઈને કષ્ટ આપવું ન જોઈએ અને બધા તરફ સમદૃષ્ટિથી જોવું જોઈએ. ઉઘાડા પગે ચાલવું, તાંબૂલ અને શય્યાનો ત્યાગ કરવો. અભ્યંગસ્નાન ન કરવું (તેલમાલિશ કરીને) તપશ્ચર્યાથી શરીરને ઘસાઈ ક્ષીણ થવા દેવું. બ્રહ્મચારીએ નીચ લોકોનો પડછાયો વર્જ્ય કરવો. રજસ્વલાના અવાજને શ્રવણ ન કરવો. તેનું દર્શન પણ ટાળવું (ન કરવું- ન જોવું), સત્કાર, સેવા, મિષ્ટાન્ન લેવું ન જોઈએ. બધી જ સ્ત્રીઓને માતા માનવી. ત્રિકાળ સ્નાન અને સંધ્યા કરવી. હૃદયમાં દૃઢ શાંતિ રાખવી. ઈંદ્રિયોને વામમાર્ગ તરફ જતી અટકાવવી અને વૃત્તિ જ્ઞાનમાર્ગમાં રાખવી. તમને થોડું જણાવ્યું. ઉપર પ્રમાણે આચરણ કરવા અમને આજ્ઞા આપો.

પુત્રોનું જ્ઞાનયુક્ત ભાષણ સાંભળી અત્રિઋષિના નેત્રો મોહથી અશ્રુપૂર્ણ થયા. તેઓ બોલ્યા, બ્રહ્મચર્યયુક્ત આચરણનો મહિમા છે તે સાચી વાત પરંતુ તમે હજી કુમળી વયના છો. તમને આજ્ઞા આપતાં અમને દુઃખ થશે. તમે નજરથી દૂર થાવ તે અમને ગમશે નહીં. તમે દૂર જાવ તો તમને અને અમને બંનેને દુઃખ થશે. તમે જ અમારા પ્રાણ છો. તમારા વગર અમને સંતોષ કોણ આપશે? દુર્વાસાએ ઉત્તર આપતા કહ્યુંઃ પિતાજી, તમે સર્વ શાસ્ત્રોને જાણો છો તો પછી આ પ્રકારના મોહમાં કેમ પડો છો? વેદ-શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે કરવું જ જોઈએ. આપણે જ તે પ્રમાણે આચરણ ન કરીએ તો બીજાને કેમ

ઉપદેશ આપી શકાય? જે તે આશ્રમ માટે જે યોગ્ય આચરણ હોય તે જ આચરવું જોઈએ.

પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ. તેમાં વેદાજ્ઞા પ્રમાણે કર્મ કરવું જ જોઈએ. અધર્મ કરવો ન જોઈએ. મર્યાદાનું આચરણ તે જ કર્તવ્ય છે. તે પછી ગૃહસ્થાશ્રમ. તે સર્વ આશ્રમમાં શ્રેષ્ઠ છે. તે અનુસાર આપ યથાયોગ્ય આચરણ કરી જ રહ્યા છો. તમારા દ્વારા જે કર્મ આચરાય છે તેવાં કર્મો ઇતર આશ્રમમાં શક્ય નથી. કારણ એટલું જ કે પછીના આશ્રમમાં ઉત્તરોત્તર વધુ ત્યાગવૃત્તિનો બોધ છે. ગૃહસ્થાશ્રમ દ્વારા બીજા ત્રણેય આશ્રમની સેવા થાય છે. ત્યાં જ બધાં કર્મો આચરાય છે. આ આશ્રમમાં મહત્ લાભ થાય છે. પરંતુ આ આશ્રમની યુક્તિ અને ગતિ જાણીને જે લોકો વર્તન કરે છે તેઓ ખરેખર ધન્ય છે.

ગૃહસ્થાશ્રમ પૂરો થાય એટલે લોભ સ્વાર્થનો ત્યાગ કરી વિષયભોગ પ્રત્યે વૈરાગ્ય અને બાકીની બાબતોમાં નિરાસક્ત રહેવું. અન્નની વાસનાનો ત્યાગ કરવો. ફળ-કંદ પ્રત્યે પ્રેમ ધરો. સુંવાળા આસનનો ત્યાગ કરો અને (ઘાસનું) તૃણાસન સ્વીકારવું. દેહ પ્રત્યે તટસ્થભાવ (વિરક્ત) રાખવો. સર્વસ્વનો ત્યાગ કરવો, સગાંવહાલાં, પુત્ર સ્નેહીઓમાં જરા પણ આસક્ત ન થવું. આ પ્રમાણે આંતર્બાહ્ય ત્યાગ કરીને ઉભયે (પતિ-પત્નીએ) ચિંતન કરવા વનમાં જઈને રહેવું. વનમાં પાંચ મહાયજ્ઞો કરવા. આવેલા અભ્યાગતનો સત્કાર કરવો અને તેમને વનનાં ફળો અર્પણ કરવાં. વેદચર્ચા, જપ, ધ્યાન અને નામસ્મરણમાં રત રહેવું. ઈંદ્રિયદમન કરવું એ જ વાનપ્રસ્થીનું મુખ્ય અનુષ્ઠાન છે.

વનમાં આસન પ્રાણાયામનો અભ્યાસ કરવો અને સમાધિ સુધી પ્રગતિ કરવી. રાત્રે સૂતી વખતે વચ્ચે દંડ મૂકવો. દંડનું ઉલ્લંઘન ન કરતાં સાવધાનતા રાખી નિદ્રાધીન થવું. એકબીજાને (પતિ-પત્નીએ)

સ્પર્શ ન કરવો. વિષયોર્મિને ઊઠવા ન દેવી. એકંદરે વિવેકપૂર્ણ રીતે કાળક્રમણ કરવું (સમય પસાર કરવો). છેલ્લે પત્નીને નમન કરી તેની આજ્ઞા લઈને ચતુર્થાશ્રમનો (સંન્યસ્ત) વિધિવિધાનપૂર્વક સ્વીકાર કરવો. ષડ્રિપુનો ન્યાસ તે જ સંન્યાસ. તે પછી આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે અભ્યાસ કરવો. વેષથી નારાયણ, મુખથી નારાયણ બોલીને જે અંતરમાં નારાયણને શોધે છે તે જ સાચો બ્રહ્મપરાયણ છે.

સંન્યાસ ગ્રહણ કર્યા પછી પણ વેદાજ્ઞા પ્રમાણે કર્મ આચરવું જ જોઈએ. તેમ આચરણ ન કરે તો સર્વ વ્યર્થ છે. શુદ્ધ આચરણ હોવું જોઈએ. ૐકારની સાધના કરવી જોઈએ અને આત્મતત્ત્વને ઓળખવું જોઈએ. સંન્યાસીએ ધાતુને સ્પર્શ કરવો જોઈએ નહીં. ન બોલવા જેવું બોલવું જોઈએ નહીં. સ્ત્રીઓ દ્વારા ક્યારેય સેવા લેવી જોઈએ નહીં. તેણે દુર્વ્યસન કદિ કરવું ન જોઈએ, રજસ્વલાને ઘેર જવું ન જોઈએ. અપવિત્ર સદન ત્યજવું જોઈએ અને કશામાં પણ આસક્તિ રાખવી જોઈએ નહીં.

નીચ જાતિથી દૂર રહેવું. સાંસારિક વ્યવહારનો ત્યાગ કરવો અને એક જ સ્થળે ઘણા દિવસો સુધી રહેવું જોઈએ નહીં. ખરાબ વાસનાનો ત્યાગ કરવો, બ્રાહ્મણને ઘેર જ અન્નગ્રહણ (ભિક્ષા) કરવું. ખાદ્યાન્નના સ્વાદમાં આસક્ત ન થવું અને જગતમાં મોટાઈનું પ્રદર્શન ન કરવું. સંન્યાસીએ કદિ પણ કોઈને સ્પર્શ કરવો ન જોઈએ. હંમેશાં તીર્થાટન કરવું. કોઈ પણ સ્થળે ત્રણ રાત્રિ નિવાસ ન કરવો. મન એકાગ્ર કરવું જોઈએ. જે આ પ્રમાણે વર્તન કરે છે તે જ સાચો સંન્યાસી; તે જ નારાયણ અને વંદનીય. ચતુર્થાશ્રમના આ બધાં નિયમો તમે જાણો જ છો. આ નિયમોમાં જો ભૂલ થાય તો પ્રાયશ્ચિત લેવું પડે છે.

અમે તો અલ્પવયી અને અજ્ઞ છીએ. ભાષણ કરવાનો તો અમને અધિકાર પણ નથી. આપે જ કૃપા કરી જે બોધ અમને કર્યો તે જ તમને કહીએ છીએ. પરેજી ન પાળીએ તો વૈદે આપેલી દવા અસર કરતી નથી. તમે અમને બ્રહ્મચર્ય પ્રદાન કર્યું છે. તો પછી તેના આચરણ અંગે તમારું મન મોહમાં કેમ પડ્યું? લોભ એ જ પાપનું મૂળ છે તે તમે જાણો છો. માટે કૃપા કરી અમને આજ્ઞા આપો.

અનસૂયાએ કહ્યુંઃ બાળકો, અમારો ત્યાગ કરીને જશો નહીં. આ પર્વત પર જ તપસ્યા કરો એટલે તમને હંમેશાં નયનો દ્વારા જોઈ શકાશે. માતા-પિતા સિવાય પુત્રોને બીજું કોઈ દૈવત નથી. અમારી પાસે રહીને સુખેથી તપાચરણ કરો. અમારી આજ્ઞાનું પાલન એ જ તમારા માટે શ્રેષ્ઠ ફરજ ગણાય. અમને દુઃખી કરીને જવાથી તમને દૂષણ લાગશે. સતી અનસૂયા પુત્રમોહથી ગદ્ગદ્ થઈ પુત્રોને હૃદયસરસા ચાંપી આક્રોશ કરવા લાગી. માતાના મોહને દૂર કરવા દત્તે માતાના ચરણો દૃઢ પકડીને કહ્યુંઃ

હે માતા, તું કહે છે તે સત્ય છે; તેમ છતાં મારી એક વિનંતી સાંભળ. તમે જ્ઞાની અને વૃદ્ધ છો. તમે કર્મધર્મના સ્થાપક, આચરણ કરનાર અને અજ્ઞાની લોકોને માર્ગદર્શન આપનાર છો. તમે વેદમાર્ગના રક્ષક શાસ્ત્રવચનોના પાલક અને નીતિધર્મના પ્રબોધક છો. તમે સારાસાર વિચારને જાણો છો. અમારા જેવા અજ્ઞાનીને જ્ઞાન ક્યાંથી? તમે જ અમારા અજ્ઞાનનો નાશ કરી વેદશાસ્ત્રરૂપી જ્ઞાનના દીવડા પ્રગટાવ્યા છે. તો પછી અજ્ઞાનનો અંધકાર ક્યાં સુધી રહેશે? અમે જાતિવિહીન હતા. તમે જ અમને કર્મમાર્ગે માર્ગસ્થ કર્યા. તે પછી અમારા ચિત્તમાં બોધને પ્રગટાવ્યો. અમને દીક્ષા આપતી વખતે આજ્ઞા પણ કરી. તો પછી હવે ખિન્ન કેમ છો? તમને વેદશાસ્ત્રાજ્ઞા માન્ય તો અમને તમારી આજ્ઞા પ્રમાણ. અમારી દૃષ્ટિએ દેવ અને તમે ભિન્ન નથી.

બધાની સમક્ષ તમે અમને આજ્ઞા કરી અને અમારી પાસેથી તે પ્રમાણે બોલાવી પણ લીધું. તે સમયે હે માતા, તેં મને પ્રેમ-આનંદપૂર્વક ભિક્ષા પણ પ્રદાન કરી. હવે અમે આજ્ઞા માગતાં તારું મન મોહગ્રસ્ત કેમ થયું?

શ્લોકઃ-

ક્ષણં વિત્તં ક્ષણં ચિત્તં ક્ષણં માનવજીવિતમ્ ।
યમસ્ય કરુણા નાસ્તિ, ધર્મસ્ય ત્વરિતા ગતિઃ ॥

માટે હું વિનંતી કરું છું તે સાંભળ. પ્રારબ્ધથી મળેલું ભાગ્ય અને ધન ઘરમાં અચલ રહેતું નથી. જયાં સુધી ઘર ભરેલું છે ત્યાં સુધી જ તે ધન ભોગ-ઉપભોગ અને દાનધર્મમાં ખર્ચ કરવું જોઈએ. ખર્ચ ન કરતાં જો તેનો સંગ્રહ કરી રાખીએ અને પ્રારબ્ધયોગથી તે જો નષ્ટ થાય તો દુઃખ કરીને શો લાભ? આ જ પ્રમાણે ચિત્તમાં એક પણ ભાવના ક્ષણ માટે સ્થિર રહેતી નથી. થોડા સમય સુધી રહેતી સદ્વાસના પણ ત્વરિત બદલાઈ જાય છે. વિત્ત અને ચિત્ત બંને ચંચલ છે. સારા સંકલ્પમાં વિકલ્પ નિર્માણ કરી સાધકને દોષમાં પાડે છે.

આ જ પ્રમાણે યમ દયાહીન છે. તે જીવનો દોષધર્મ જ જુએ છે અને (અઘોર) કઠોર શિક્ષા કરે છે. આથી દરેક જીવે સત્યમાર્ગનું આચરણ કરવું જોઈએ. સત્યસંકલ્પ નિર્માણ થતાં જ તેને આચરણમાં મૂકવા જોઈએ. મોડું કરવું જોઈએ નહીં. હાનિ, મૃત્યુ અને વિઘ્ન એ ત્રણ રોકનાર પરિબળો છે. આથી સદ્વાસનાની બાબતે ઉતાવળ કરવી જોઈએ અને દુર્વાસનાનો ત્યાગ કરવો જોઈએ. હે માતા, અમને સદ્વાસના નિર્માણ થઈ છે આથી તમારા જેવા વડીલોએ અમારા સંકલ્પને સિદ્ધ થવા પોષક બનવું જોઈએ. અનસૂયાએ કહ્યુંઃ તું ઘણું યુક્તિસંગત-તર્કસંગત બોલે છે; સાંભળીને આનંદ થાય છે. પરંતુ મોહને શું કરું?

અનસૂયાએ કહ્યું: તમે ક્ષણભર પણ મારાથી વિખૂટા પડ્યા નથી અને હવે તીર્થાટન માટે જશો તો બાર વર્ષ સુધી પાછા આવશો નહીં. અમને એક ક્ષણ એક યુગ જેવી લાગશે. ત્યાં સુધી પ્રાણ આકુળવ્યાકુળ થશે. બાળકોને હૃદયસરસા ચાંપી અનસૂયા ખેદથી વિહ્વળ થઈ. અત્રિઋષિની આંખો પણ ભીની થઈ અને કંઠ ગદ્‌ગદ્ થયો. આ બધું જોઈને ત્રણેય પુત્રોએ વિચાર કર્યો કે માતા-પિતા હવે મોહથી વધુ પડતા ઘેરાઈ ગયા છે. આપણે તીર્થાટન માટે જવું તો પડશે; હવે શું કરીએ?

અવિનાશે બંધુને કહ્યું: હવે કઈ યુક્તિનો આશ્રય લઈશું? માતાપિતાને વિરહમાં નાંખીને જવું યોગ્ય નથી. દુર્વાસાએ કહ્યું: જો તપ માટે ન જઈએ તો વેદાજ્ઞા અને પિતૃઆજ્ઞાને દૂષણ લાગશે અને પાપ પણ લાગશે. આથી તું એવી યુક્તિ શોધી કાઢ જેથી માતાપિતા પણ સંતોષ પામશે અને આપણે પણ તપશ્ચર્યા માટે જઈ શકીશું. આ કામ તને જ ફાવશે. આથી અવિનાશે (દત્તે) હાથ જોડી માતાપિતાને વંદન કર્યું અને વિનંતી કરી કે ચિંતાને દૂર કરી અમને તીર્થાટન માટે રજા આપો. તમે વિવેકના સાગર, તપસ્યાવૃત્તિના સોદાગર, જ્ઞાન અને કર્મના સાગર, ઉદાર અને પાવન છો.

તમે અજ્ઞાનાંધકારના નાશક અને અનન્યશરણના તારક છો. અમને પ્રસન્નચિત્તથી પરવાનગી આપો. અનસૂયાએ કહ્યું: મને આનંદ થાય તેવો રસ્તો કાઢો. તમે અમારાથી દૂર ગયા છો તેવું લાગવું ન જોઈએ. અત્રિઋષિએ પણ તેમાં સંમતિ આપી. દત્તે કહ્યું: તમે કહો છો તે મને માન્ય છે. અમને આજ્ઞા આપો. મને મનથી ભૂલો નહીં. એટલે હું નિત્ય તમારાં દર્શન કરવા અને સેવા માટે આવીશ. મારા જન્મસમયે હું આવીશ (સંધ્યાકાળે) અને તમારાં ચરણોનાં દર્શન કરીશ.

તમારા બંનેનાં ચરણકમળ જ અમારું દૈવત છે. તમે જ અમારા ભાગ્ય-અભાગ્ય દાતા. તમારા સિવાય અમને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય સ્વરૂપસ્થિતિનો વૈભવ અને ઉદારતા અને ચારેય મુક્તિ કોણ આપશે? તમારા સિવાય અમારા માટે કોઈ પણ શ્રેષ્ઠ નથી. સર્વ વિસ્તાર તમારા થકી છે. માતાપિતા સિવાય જે અન્યને દૈવત માને છે તેઓ આંધળા અને મૂર્ખ છે. સકળ દેવતાઓમાં માતા-પિતા શ્રેષ્ઠ હોઈ માતાપિતાના વચનનું ઉલ્લંઘન કરી જે તીર્થાટન કે જપ-અનુષ્ઠાન કરે તે બધું વ્યર્થ છે. માતાપિતાને સંતોષ આપનાર કીર્તિ અને યશ પ્રાપ્ત કરે છે. આથી હે માતા, અમારા માટે તારાં ચરણો જ તારક છે. તે જ અમારાં સર્વ સંકટોને નષ્ટ કરશે. તમારાં દર્શન વગર મને ચેન પડશે નહીં આથી મેં સમય નક્કી કરી રાખ્યો છે. મારું વચન અસત્ય નહીં થાય અને હું નિત્ય મળવા માટે આવીશ. હવે ચિત્ત સ્થિર કરવું. (શ્રોતાઓએ સાવધાન થઈ એકચિત્તે શ્રવણ કરવું. શ્રીદત્તનું તે વચન હજુ પણ આપણા માટે આજ્ઞાસ્વરૂપનું છે.)

શ્રીદત્તનું આ વચન સાંભળી અત્રિ-અનસૂયાએ ત્રણેય દેવપુત્રોને દૃઢ આલિંગન આપી હૃદયસરસા ચાંપી તેમનું ચુંબન લીધું. તેમણે કહ્યુંઃ તમે જ અમારા કુળઉદ્ધારક છો અને સુખદાયક પણ છો. તમે ત્રણેય દેવના અંશાવતાર ભાવભક્તિને લીધે અમારા પુત્ર થયા. તમારા લીધે અમે શ્રેષ્ઠત્વ મેળવ્યું. તમે પોતાની વિધવિધ લીલા દ્વારા દેવ-માનવોને સંતોષ આપ્યો. હવે તમે તીર્થાટન નિમિત્તે અનન્ય ભક્તોને પાવન કરી જગતનો ઉદ્ધાર કરો. અત્રિઋષિએ કહ્યુંઃ આનંદથી સંચાર કરી કીર્તિધ્વજને પાર કરો. આવાં વચન સાંભળી ત્રણેય પુત્રોએ પિતાજીને ચરણવંદના કરી. અત્રિમહર્ષિએ તેમને ‘ચિરંજીવ, કલ્યાણ’ એમ આશીર્વાદ આપ્યા.

આ કલ્યાણકારક કીર્તિચરિત્ર તેઓ પોતે જ કથન કરાવી રહ્યા છે. આગામી કથાભાગ ત્રિદેવની યાત્રા અંગે છે. તે પાપમોચક કથાભાગ શ્રોતાઓએ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવો. દત્તકથા એ વિશાળ વહાણ છે. ભવપાર કરવા તે સિદ્ધ થયું છે. સત્વર તેમાં સ્થાન લઈ લો. દત્ત દિગંબર આ ભવસાગરનો નૌકાધાર છે. તેનાં ચરણો પ્રેમપૂર્વક પકડી રાખો તો તે સામે કિનારે અવશ્ય લઈ જશે. દત્ત સર્વવ્યાપક છે. તે સર્વ સંતોના હૃદયમાં પણ નિવાસ કરે છે. આથી જ અનંતસુત (કાવડીબુવા) રાત-દિવસ સંતસેવાના આનંદમાં મગ્ન છે. સંતોની પાદુકાઓ તેને માટે શિરસાવંદ્ય છે.

॥ ઈતિ એકાદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૧૨

॥ શ્રીગણેશાય નમઃ ॥

હે સદ્ગુરુ, તું અવિનાશી, નિર્મળ, સચ્ચિદાનંદસ્વરૂપ, પરમ સુશીલ વિજ્ઞાનરૂપ, દયાળુ, સનાતન, ત્રૈલોક્યપાલક, તને નમસ્કાર. હે દત્ત દયાઘન, આ દીન ભક્તની વિનંતી સાંભળ. તારા લીલાચરિત્રનું વિવેચન આ જ રીતથી પ્રેમપૂર્વક આગળ વધાર. અહીં હું વક્તા નથી. તું જ બોલનાર, બોલાવનાર છે. પતંગ દોરીથી બાંધી તૈયાર કરી આકાશમાં તે ઊંચે ઊડે તેવી ઈચ્છા હોવા છતાંય જો જરૂરી પવન ન હોય તો પ્રયત્ન વ્યર્થ જાય છે. તે જ રીતે તારી કૃપા વગર વિવેચનનો કોઈ

પણ અર્થ નથી. હું તારો દાસ છું અને મેં તારો પાલવ પકડ્યો છે. મને નિરાશ કરીશ નહીં અને દયા દાખવી મારો મનોરથ પૂર્ણ કર. હવે શ્રોતાઓને પણ મારી વિનંતી છે કે આગામી કથાભાગ તેમણે આળસરહિત શ્રવણ કરવો.

દત્તે તીર્થયાત્રાએ જવા માતાપિતા પાસે આજ્ઞા માંગી. તેમને આશ્વાસન આપ્યું કે નિત્ય સૂર્યાસ્ત સમયે તેઓ તેમના દર્શને આવશે. આથી માતાપિતાએ સમાધાનપૂર્વક તેમને સંમતિ આપી. આજ્ઞા લઈને ત્રણેય કુમારો માતાપિતાના ચરણે મસ્તક મૂકી તીર્થયાત્રાએ નીકળ્યા. ત્યાં તો પત્નીઓ સાથે સર્વ ઋષિઓ તેમને મળવા આવ્યા. તેમને વંદન કરી ત્રણેએ આલિંગન આપ્યું. અવિનાશી દત્તે કહ્યુંઃ અમારા પર કૃપા-લોભ રાખશો. અમારાં માતાપિતાને પ્રસન્ન રાખજો. આ વચન સાંભળી સર્વએ કહ્યુંઃ તમારા વગર આ તપોવન અને અમારાં મન અત્યારે જ ઉદાસ થઈ ગયા છે. તમારા જવાથી અમારા જીવ આકુળ-વ્યાકુળ થાય છે.

શ્રીદત્તે જવાબમાં કહ્યુંઃ તમે તમારા પુત્રો કરતાં પણ અમારા પર વિશેષ પ્રેમ કરો છો. આથી અમારી વિનંતી છે કે ભૂલ્યા વગર રાત-દિવસ અમારું સ્મરણ કરજો. તમારા વગર અમારે બીજું કોણ છે? સંસારમાં વિરક્ત રીતે રહીને જીવન જીવો. એટલે હું તમારી પાસે જ છું. તમારા સ્મરણને લીધે જ હું સાકાર થયો છું. માતાને દર્શન આપવા નિત્ય હું સૂર્યાસ્ત સમયે આવીશ. તે સમયે મને તમારાં ચરણોનાં પણ દર્શન થશે. શ્રીદત્તનું આવું કથન સાંભળી સર્વએ દત્તનો જયજયકાર કર્યો અને તેમની યાત્રા નિર્વિઘ્ને સફળ થાય તેવી કામના વ્યક્ત કરી. પછી ત્રણેય શિખરોને વંદન કરી તેની પ્રદક્ષિણા કરી જન્મભૂમિને દંડવત્ પ્રણામ કર્યા. ફરી સર્વને વંદન કરી માતાપિતાનું ગૌરવ કર્યું (ગૌરવવાચક શબ્દો ઉચ્ચાર્યા). તે સમયે સર્વની આંખો ભીની થઈ.

અનસૂયાએ દુર્વાસાને કહ્યુંઃ તું જયેષ્ઠ પુત્ર છે આથી બંને અનુજોની સંભાળ લેજે. તેણે દત્તને ઉદ્દેશીને કહ્યુંઃ તું ત્રિગુણાતીત અને સુજ્ઞ છે. દુર્વાસાને જયેષ્ઠત્વનું માન આપી ચંદ્રને સુખ આપજે. ચંદ્રને તેણે કહ્યુંઃ બંને મોટાભાઈને માન આપી તેમની આજ્ઞાનું પાલન કરી તેમની સેવા કરજે. ત્રણેય પુત્રોએ આજ્ઞા માન્ય કરી યાત્રા માટે પ્રસ્થાન કર્યું. બધા જ ઋષિઓ થોડે સુધી તેમને વળાવવા ગયા અને પોતપોતાના આશ્રમમાં પાછા ફર્યા તથા નિત્યક્રમમાં પ્રવૃત્ત થયા. આ બાજુ અવધૂતે આનંદપૂર્વક માર્ગક્રમણ કર્યું.

ત્રણેય દેવકુમારોએ તીર્થ અને દેવક્ષેત્રોની મુલાકાત લેતાં, પૂર્વ તરફનો રસ્તો લીધો. વારાણસી ક્ષેત્રે જતાં માધવનાં દર્શન કર્યાં. પોતાનું જ સ્થાન જોઈ તેમને આનંદ થયો. ગંગા, યમુના અને સરસ્વતી તેમને જોઈને પ્રગટ થઈ અને તેમણે અનેક પ્રકારે દત્તની આદરપૂર્વક સ્તુતિ કરી. હે અવિનાશી, નિર્મળ, સચ્ચિદાનંદ, દયાપૂર્ણ, ત્રિગુણાત્મક, ત્રિભુવનપાલક, કૃપાળુ તને નમસ્કાર. નિર્વિકાર, નિરંજન, પૂર્ણબ્રહ્મ, સનાતન, સર્વસાક્ષી, ચૈતન્યઘન તારો જયજયકાર હજો. હે ષડ્ગુણસંપન્ન, પરમાનંદરૂપ, ભેદાતીત, તારા ચરણે અમારાં પ્રેમપૂર્વક વંદન છે.

સ્તુતિ સાંભળી દત્તને આનંદ થયો અને તેમણે પૂછ્યુંઃ તમે સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ છો. તમે કયા હેતુથી આ સ્તુતિ કરો છો? જવાબમાં ત્રણેય સરિતાએ હાથ જોડી કહ્યુંઃ પાપાચરણ કરી લોક અમારા આશ્રયે આવે છે. તે પાપ અમારા માટે બોજારૂપ બને છે. સિદ્ધ, સાધુ, સંત, તપસ્વી અકસ્માત સ્નાન કરવા આવે છે ત્યારે અમને પુનઃ પવિત્રતા પ્રાપ્ત થાય છે. માટે અમારા પર દયા કરો. અમારામાં સ્નાન કરી તે પાપને નષ્ટ કરો. ત્યારે ત્રણેએ પ્રસન્નતાપૂર્વક આશ્વાસન આપ્યું કે નિત્ય અહીં જ સ્નાન કરીશું. તમે પૂર્ણ રીતે શુદ્ધ થાવ. (માટે હજુ પણ આ ત્રણેય નદીઓ આનંદથી ઉછાળા મારતી રહી છે અને સદા શુદ્ધ રહી જગતનું પાપ નષ્ટ કરે છે.)

પ્રયાગનું માહાત્મ્ય શ્રેષ્ઠ છે. ત્યાં સ્નાન કરવાથી જ શુદ્ધ થવાય છે, ઉદ્ધાર થાય છે. અવધૂતે ત્યાં સ્નાન કરી તે બધાં તીર્થોને પાવન કર્યાં. કાશી પછી ગયા, જગન્નાથપુરીનાં દર્શન કરી રામેશ્વર ગમન કર્યું. તે પછી ગોકર્ણ મહાબળેશ્વર, શિવકાંચી, વિષ્ણુકાંચી સહિત શેષાચલ પર્વત પરના અસંખ્ય દેવતાઓ તેમજ ગણપતિને જોયા. તે પછી પુરાતન પંઢરીક્ષેત્રનું ગુપ્ત અવિનાશ સ્થાન જોયું. ત્યાં સર્વ ઋષિ, દેવ, તીર્થ ત્રિલોકના દેવો મૂળપીઠના સાન્નિધ્યમાં નિવાસ કરે છે. દંડકારણ્યનું તે સ્થાન અતિ પવિત્ર અને સર્વનું મૂળસ્થાન હોઈ ત્યાંનું માહાત્મ્ય અનુપમ છે. અનંત બ્રહ્માંડનું બીજ, સાધુસંતની થાપણ, તે પરબ્રહ્મ અવિનાશ તે સ્થળે જાગ્રત છે. તે સ્થળને જોઈ અવિનાશી દત્ત સમરસ થયા. આનંદ છલકાઈને વહેવા લાગ્યો. સાગરમાં મીઠું ભળી જાય તે પ્રમાણે દ્વૈત ખોવાઈ ગયું. જગતના ઉદ્ધાર માટે ઈંટ પરનો દિગંબર સ્વામી જ દત્તાવતારના સ્વરૂપમાં પ્રગટ થયો. તે જ બિંદુતીર્થમાં અર્ધોન્મિલિત નયનથી ઊભો છે.

તેવા સમયે શંકરનો અવતાર દુર્વાસાએ અવધૂતને પૂછયુંઃ આ બિંદુતીર્થમાં તમે છો તેની વિશિષ્ટતા કઈ? દત્તે નમ્રતાથી જવાબ આપ્યોઃ આ અઠ્ઠાવીસ (યુગો)નું* મૂળ છે. આ જ બીજનો વિસ્તાર થયો છે. તેણે સર્વ વ્યાપી લીધું છે અને છેવટે ઈંટ પર બિરાજમાન છે. આ રહસ્ય સાંભળીને દુર્વાસાને આનંદ થયો. અવિનાશ અને દત્તમાં અભિન્નતા તેને જણાઈ. દત્ત અને અવિનાશનું મિલન થયું. ત્યાં કોટિ તીર્થનો ઉદ્ધાર થયો. સૃષ્ટિ પાવન કરવા માટે ચરણના અંગુઠા પાસે ગંગા (ભીમા) નત થઈ. અવિનાશ અભંગ અને વિશુદ્ધ છે. તે જ બિંદુતીર્થમાં પાંડુરંગ થઈ જગતના ઉદ્ધાર માટે નિર્વિકાર અને નિઃસંગ થઈ ઊભો છે. ભક્તોની ઈચ્છા પૂરી કરવા માટે કમર પર હાથ મૂકી કૃપાદષ્ટિ કરતો આલિંગન માટે તે હજુ પણ ઊભો છે.

---

* મરાઠી આરતીઃ યુગે અઠ્ઠાવીસ વીટેવટી ઊભા...

આત્મતત્ત્વનું દાન કરવા માટે તેણે સદય થઈ પ્રગટ જગદ્‌ગુરુ દત્તનો અવતાર લીધો છે. શ્રી પાંડુરંગે પોતે શ્રીદત્તને આયુધો ધારણ કરાવ્યાં. શ્રીદત્ત પોતાના જ સ્થાનને જોઈ પ્રસન્ન થયા. (હજુ પણ શ્રીદત્ત અહીં નિત્ય આવે છે અને અહીં તિલક ધારણ કરે છે.) તે પછી યોગીશ્વર દત્તે આગળ જતાં અનેક તીર્થો, અનેક ક્ષેત્રો, દૈવતો અને ઋષિસ્થાનની મુલાકાત લીધી. તુળજાપુર જઈને તેમણે કલ્લોળભાગીરથીમાં સ્નાન કર્યું અને આદિ માયાની સ્તુતિ કરી. તુળજાભવાનીને વંદન કર્યા. આ શિવપ્રિયા હિમપર્વતનંદિની શ્રીરામને છેતરવા અહીં આવી. તેણે જાનકીના જેવો અવાજ કાઢી શ્રીરામની સમક્ષ આવી. પરબ્રહ્મસ્વરૂપ શ્રીરામે શિવપત્ની તરીકે તેને તરત જ ઓળખી કાઢી અને કહ્યુંઃ હે માતા, તું કેમ આવી લીલા કરે છે? અહીં તું સ્વસ્થ રહે. તે સમયથી આ જગદીશ્વરી આ શેષ પર્વત પર નિવાસ કરે છે.

અવધૂતે તેને નમન કર્યું અને તેની વિવિધ પ્રકારે સ્તુતિ કરી, ધ્યાન ધરી, ત્રણ પ્રદક્ષિણા કરી તેમને દંડવત્ પ્રણામ કર્યા. તે સાથે જ જગદંબા ત્યાં પ્રગટ થઈ. જગદંબાના ધ્યાનનું વર્ણન કરવા શેષ પણ સમર્થ નથી. તેણે આનંદથી દત્તને ક્ષેમઆલિંગન આપ્યું અને કહ્યુંઃ હે દત્તાત્રેય, અનસૂયામાતા ખરેખર ધન્ય છે. સનકાદિક ઋષિઓ જેનું ધ્યાન કરે છે તેવો તું ત્રિગુણાત્મક તેના ઉદરે સગુણરૂપે અવતરી અવતારનો મહિમા બતાવે છે. જગદુદ્ધાર કરવા તું અવની પર સંચાર કરી રહ્યો છે. તને જોઈને મારા અંતઃકરણમાં આનંદાબ્ધિ ઉછળે છે. જેનું પુણ્ય અમિત હોય તેને જ તારાં દર્શન થાય છે. તારી કૃપાથી તું જેને પાવન કરીશ તે તો ત્રૈલોક્યમાં ધન્ય થશે જ પરંતુ બીજાઓને પણ મુક્તિ અપાવશે.

જગજ્જનનીએ કહ્યુંઃ નિત્ય અહીં આવીને મને દર્શનાનંદ આપ. એટલે અવધૂતે કહ્યુંઃ હે જગન્માતા, હું અહીં ભોજન માટે નિત્ય

આવીશ. વચન સાંભળીને જગન્માતા પ્રસન્ન થઈ અને રત્નજડિત મુગટ શ્રીદત્તને પહેરાવ્યો અને કહ્યુંઃ તારું વચન પાળજે. 'અવશ્ય' એમ અવધૂતે કહ્યું અને ત્રણેય દેવકુમારોએ જગન્માતાને ચરણવંદના કરી ત્યાંથી આગળ પ્રસ્થાન કર્યું. ત્યાંથી તુળજાપુર થઈ પશ્ચિમ માર્ગે નીરા નરસીપુરના તીર્થને વંદન કરી નરહરિનું દર્શન કરી સ્તવન કરી ત્યાંથી આજ્ઞા લીધી. ત્યાંથી મહારાષ્ટ્રની સાડા ત્રણ શક્તિપીઠ પૈકી (માહૂર-રેણુકાપીઠ, કોલ્હાપુર-મહાલક્ષ્મી, તુળજાપુર-ભવાની પ્રત્યેક ૧ પૂર્ણ પીઠ. સપ્તશ્રૃંગી-૧/૨ પીઠ = સાડા ત્રણ પીઠ.) કોલ્હાપુર આવી રંકાળે તીર્થને વંદન કરી સર્વારિષ્ટ નિવારિણી સર્વશ્રેષ્ઠ મહાલક્ષ્મીના મંદિરમાં જઈને દર્શન કર્યાં અને પ્રીતિપૂર્વક સ્તવન આરંભ્યુંઃ

હે સિંધુકુમારી, વિષ્ણુપ્રિયા, દારિદ્રનાશક, જગદીશ્વરી, ગૌરી તારો જયજયકાર. તને મારા વંદન. હે આદિમાયા જનની, મૂળ પ્રકૃતિ, ભવાની, ત્રિભુવનપાલકસ્વામીની, જગન્મોહિની જગદંબા, તારો જયજયકાર. હે કમલાસન, કમલભૂષણ, કમળપ્રિયા, કમળનયન, કમલોદ્ભવમાતા, કમળધારિણી, કમળવાસિની, કમળા, તને નમસ્કાર. હે વિવિધ લક્ષણયુક્ત લક્ષ્મી, મારા પર કૃપાવલોકન કર અને મને ભિક્ષા આપ. તું સદય શાંત અને નિર્મળ અને સૌભાગ્યદાયિની છે. આથી ઉદારતાથી મારી ઈચ્છા પૂર્ણ કર.

શ્રીદત્તે કરેલી સ્તુતિ સાંભળી અંબા પ્રગટ થઈ. ક્ષેમઆલિંગન આપી કહ્યુંઃ આજે તેં મને સંતુષ્ટ કરી છે. આદિમાયાએ વધુમાં કહ્યુંઃ તું હવે ત્રિગુણરૂપથી સજેલો છે. આથી અપેક્ષિત લોકોની ઈચ્છા પૂરી કરી જગતને પાવન કર. તમારો અવતાર ધન્ય છે અને તે થકી તમે ભૂમિભાર હલકો કરી અગોચર લીલા બતાવો છો. તમારી લીલાનો પાર નથી. તમારા લીધે અમને શ્રેષ્ઠત્વ અને સર્વમાન્યતા પ્રાપ્ત થઈ છે. હે અવિનાશ, તું ધન્ય છે. નિત્ય મને દર્શન આપી મારી પાસેથી ભિક્ષા

સ્વીકાર. તમારા લીધે બધા પાવન થશે. શ્રીદત્તે જવાબમાં કહ્યુંઃ મેં તમારા વચનનો સ્વીકાર કર્યો છે. નિશ્ચયપૂર્વક હું નિત્ય ભિક્ષા માટે આવીશ. શ્રીદત્તે આપેલા આશ્વાસનથી અંબા સંતુષ્ટ થઈ.

અંબામાતાએ દત્તાત્રેયના કર્ણમાં દિવ્ય કુંડળો ધારણ કરાવ્યાં અને ભિક્ષા માટે સુવર્ણપાત્ર આપી તેમાં દિવ્ય અન્નની ભિક્ષા આપી. ભિક્ષા લઈ માતાને નમન કરી તેની આજ્ઞા લઈ ત્રણેય આગળ ગયા. (હજુ પણ કોલ્હાપુરમાં અવધૂત* નિત્ય ભિક્ષા લે છે. તેમનાં દર્શન માટે લોકો અનેક યુક્તિઓ શોધે છે. પરંતુ શુદ્ધ ભાવનિગ્રહ અને દૃઢ ઈચ્છા જોઈ દત્ત ભગવાન હજુ પણ ભક્તને દર્શન આપી તેની ઈચ્છા પૂરી કરે છે.) આમ માર્ગક્રમણ કરતા શ્રીદત્ત મહાબળેશ્વર આવ્યા. અહીં કૃષ્ણા, ભાગીરથી, ગાયત્રી, સાવિત્રી અને સરસ્વતીએ દિવ્ય રૂપમાં પ્રગટ થઈને દત્તને દર્શન આપ્યાં. તેમણે દત્તનું સ્તવન કરી પોતપોતાનું નામ કથન કર્યું. તેમણે વિનંતી કરી કે શ્રીદત્ત પોતે થઈને સંગમમાં આવે અને સંગમને પાવન કરે. સરિતાદેવીઓની વિનંતી માન્ય કરી યોગીરાજ દત્ત સંગમસ્થળે આવ્યા. સંગમસ્થળે દત્તયોગીને થવો જોઈએ તેટલો આનંદ ન થયો.

શ્રીદત્તનો વિચાર જાણી પાંચેય દેવીઓએ કહ્યુંઃ આગળ જતાં અમે પાંચેય વિભક્ત થઈ છે. ગંગાએ કહ્યુંઃ વિભક્ત થઈને પ્રશસ્ત પ્રવાહ વહે છે. અહીં મૂળ કૃષ્ણા નદીનું ઉગમસ્થાન છે. તેને મળવા અમે ચારેય સરિતા આવી છે. મહાપર્વ કન્યાગતમાં (કન્યા રાશિમાં ગુરુ આવે ત્યારે અહીં ભાગીરથી પ્રગટ રીતે વહે છે.) ગાયત્રી, સાવિત્રી અને સરસ્વતી ગુપ્ત રીતે વહે છે. દક્ષિણ દિશામાં અમે બંને મળી જઈએ છીએ. માહુલી નામના સ્થળે મને વેણા નદી મળે છે. ત્યાં કૃષ્ણા

---

* કોલ્હાપુર ભિક્ષાટન દત્ત... પૂ.શ્રી રંગ અવધૂત.
શ્રીદત્ત દત્ત કરવીર સુભીક્ષ દત્ત... શ્રીદત્તનામસંકીર્તન.

અને વેણી (વેણા) નદીનો સંગમ થાય છે. તે સંગમનું પ્રશસ્ત પાત્ર હોવાથી મારી વિનંતી છે કે નિત્ય માહુલી આવી વિશ્રામ કરવો અને સર્વ તીર્થોને પાવન કરવાં.

તે નમ્રતાભર્યું કથન સાંભળી અવધૂતે જવાબ આપતાં કહ્યુંઃ નિત્ય હું અહીં સંધ્યાવંદન કરવા આવીશ. આમ કહીને તેમણે સુંદર માહુલીક્ષેત્રને જોયું. સંગમને વંદન કર્યાં પછી સામે કિનારે ગયા. ત્રણેય દેવોને તીર્થદિવતા, સાધુ, સંત, સિદ્ધ, મહંતો પ્રત્યે આદર હોઈ તેમને દર્શન આપી ઝડપથી માર્ગક્રમણ કરવા લાગ્યા. જ્યોતિર્લિંગનાં દર્શન કરી, તેમની પૂજા કરતા, માર્ગમાં જીવજંતુઓનો ઉદ્ધાર કરતા તેઓ જતા હતા. પર્વતો, ખીણોને ખૂંદતા તેઓ સપ્તશ્રૃંગી પર્વત પર આવ્યા. અહીં શિખર પર બિરાજમાન વિશાળ દેદીપ્યમાન ભવાનીનાં દર્શન કર્યાં. સપ્તશ્રૃંગી એ સાક્ષાત્ જગદીશ્વરી છે જેની કૃપા માટે યોગીઓ તપસ્યા કરે છે અને જોઈતું ફળ મેળવે છે.

સપ્તશ્રૃંગીનાં દર્શન કરી ત્રિદેવે તેમનું સ્તવન કર્યું. ભગવતી અંબાએ પ્રગટ થઈ તેમને આલિંગન આપ્યું અને મોં પર વાત્સલ્યથી હાથ ફેરવ્યો. અંબાએ આશીર્વાદ આપતાં કહ્યુંઃ ચિરકાળ સુધી તમારું ક્ષેમકલ્યાણ રહો. રિદ્ધિ, સિદ્ધિ, યોગ, જ્ઞાનયુક્ત, સુખસંપન્ન એવો ત્રિગુણાત્મક અવતાર ધારણ કર્યો છે. શ્રીદત્તે માતાને જવાબ આપતાં કહ્યુંઃ હે જનની, તું અડધી શક્તિપીઠ નિવાસીની છે. તારી કૃપાથી ભક્તોનાં અદ્ભુત કામો થાય છે. તારી ઈચ્છામાત્રથી બ્રહ્માંડમાં અનેક પરિવર્તનો થાય છે. તારી લીલાને સમજવા આગમ અને નિગમ પણ અશક્ત છે. હે ષડ્ભુજા, તું પ્રણવરૂપિણી, વિશ્વાત્મક, સર્વસાક્ષિણી, ગુણવર્ધિની અને ગુણાતીત છે. આ સ્તુતિ સાંભળી અંબા પ્રસન્ન થઈ અને તેણે અવિનાશ દત્તના મસ્તકે અભય હસ્ત મૂકી વિદાય આપી. માતાને નમસ્કાર કરી ત્રિદેવ ત્ર્યંબકેશ્વરે આવ્યા.

ત્ર્યંબકેશ્વરમાં અનુપમ ત્રિગુણાત્મક દૈવત જોયું. અહીંનું જ્યોતિર્લિંગ ત્રિગુણાત્મક છે. આમ, ત્રિગુણાત્મકનું ત્રિગુણાત્મક સાથે મિલન થયું. થોડો સમય કુશાવર્ત તીર્થ પર રહીને તેઓ બ્રહ્મગિરિ પર્વત પર ગયા. આ મૂળ ગૌતમઋષિનું સ્થાન છે. હવે આ વિશેની કથા કહેવી જરૂરી બની છે. તે કથા શ્રોતાઓએ સાંભળવી. પૂર્વે ગૌતમઋષિ તપસ્ચારત હતા. ગુણરાશિ અહલ્યા પતિઆજ્ઞામાં રહીને સેવા કરતી હતી. ઉભય પતિપત્ની આનંદથી જીવન વ્યતિત કરી રોજની રોજ ડાંગર પકવી યાત્રાળુઓને ભોજન કરાવતા. અહીં પાર્વતી ગાયના રૂપે આવીને ડાંગર ખાવા લાગી. તેને જોઈને ગૌતમઋષિ તેને વારવા ધસી આવ્યા.

શ્રોતાઓના મનમાં શંકા હશે કે પાર્વતીએ ગાયનું રૂપ કેમ લીધું? આથી વક્તાએ બધું કહેવું જ પડશે. કોઈ એક સમયે શંકર અને પાર્વતી આનંદથી દ્યૂત (ચોપાટ) રમતા હતા. રમતાં-રમતાં પાર્વતીનું ધ્યાન શંકરની જટા તરફ ગયું. જટામાં સ્ત્રીની આકૃતિ જોઈ પાર્વતી વિસ્મિત થઈ. તેમની વચ્ચે થયેલો વાર્તાલાપ નીચે પ્રમાણે છે.

પાર્વતી : તમારી જટામાં સ્ત્રીની આકૃતિ દેખાય છે; શાથી?

શંકર : માથાને ઠંડક મળે તે માટે જળ છે પરંતુ તેમાં સ્ત્રીનો આભાસ થતો હશે.

પાર્વતી : લલનાના સ્તનાગ્ર ખૂબ સુંદર દેખાય છે.

શંકર : બંને બાજુ સુંદર હંસ પક્ષી છે.

પાર્વતી : કજ્જલ આંજેલ બે નેત્રો શોભે છે.

શંકર : પાણીમાં માછલી ચમકે છે.

પાર્વતી : નેત્રોની ભમ્મર સુંદર દેખાય છે.

શંકર : કાચબાની પીઠને લીધે તેવું લાગે છે.

પાર્વતી : વિશાલ ભાલ પર લાલ કંકુની રેખા દેખાય છે.

શંકર : તે મગરની કમળનાળ છે.

પાર્વતી : વાળ ઘેરા કાળા રંગના (ગાઢ) દેખાય છે.

શંકર : તે પાણીનાં મોજાં છે.

પાર્વતી : હે પંચવદન, મોતી જડેલા અલંકાર મને દેખાય છે.

શંકર : હે પ્રિયે, તે અલંકાર નથી. તે પીળા ચળકતા કમળો છે. પાણીનાં મોજાં તને મોતી પ્રમાણે દેખાય છે. અથવા કમળો પર ભમરા ગુંજારવ કરે છે.

પાર્વતી : તમે ચતુરાઈપૂર્વક બોલીને મને ભ્રમમાં નાંખો છો.

પોતાની સૌતન (બીજી પત્ની)ને માથા પર ધારણ કરી છે તેવો પાર્વતીએ નિશ્ચય કર્યો પરંતુ એવું સ્પષ્ટ બોલી ન બતાવ્યું. દુઃખિત અંતઃકરણથી પાર્વતીએ આ વાત પોતાના પુત્ર ગજાનનના કાને નાંખી. ગંગા શિવને પ્રિય થઈ તો શો ઉપાય હોઈ શકે તે અંગે પૂછ્યું. ગંગાને ત્વરિત ત્યાંથી દૂર કરવી જોઈએ એમ પણ પાર્વતીએ ઈચ્છા વ્યક્ત કરી. ગજાનને જણાવ્યું કે પિતાજીને તે અંગે કશું કહી ન શકાય પરંતુ આ બાબતમાં તને સહાય કરીશ. અંબા ઉપાયની શોધમાં હતી.

અકસ્માતે તપસ્વી ગૌતમ ડાંગર પકવીને અભ્યાગતોને ભોજન કરાવતા હતા તે જોયું. તેની સેવાવૃત્તિ જોઈ તેને સંતોષ થયો. તેણે ગજાનનને કહ્યુંઃ અહીં જ કોઈક ઉપાય કરવો. તું ભરવાડ થઈ અહીં ગાયોને ચરાવ. હું એક દુબળી ગાયનું રૂપ લઈ ડાંગર ક્યારામાં પ્રવેશ કરીશ. હોંકારો કરીને મને અટકાવતાં જ હું પ્રાણ છોડીશ. તું દૂરથી આ જોતો રહેજે. મુનિજનોને ગૌતમ ભોજન માટે બેસાડે ત્યારે તું આ તેનો દોષ પ્રગટ કરજે. ગજાનને હા કહી.

ગજાનન ગાયનું ધણ લઈ ચરાવવા ત્યાં લઈ આવ્યો. ડાંગરના કયારામાં ગાયોને પ્રવેશ કરતી જોઈ ગૌતમઋષિ ત્વરિત દોડી આવ્યા.

દુબળી ગાયને જોઈ તેને દયા આવી અને રાઈ જેટલો કાંકરો ઉઠાવીને મારતાં જ ગાયે પ્રાણત્યાગ કર્યો. તે જોઈ ગૌતમનું અંતઃકરણ હચમચી ગયું. ગજાનન દૂરથી આ બધું જોઈ રહ્યો હતો. ગૌતમ વિચાર કરવા લાગ્યો કે કર્મગતિ કેવી ગહન છે? ગાયને તાડન કરતાં જ આ દોષ મને લાગ્યો. ભૂખ્યા બ્રાહ્મણોને ભોજન આપવું જોઈએ, આથી ઘેર પધારેલા બ્રાહ્મણો માટે થાળીઓ પીરસી. બ્રાહ્મણોને આસન પર જમવા બેસાડ્યા. ગૌતમે સંકલ્પોદક હાથમાં લઈ છોડ્યું. ગજાનનને તેની ખબર પડતાં જ તે ત્યાં ધસી આવ્યા. ભરવાડના વેષમાં ગણપતિએ ગૌતમને કહ્યુંઃ હે તપોધન, તું પોતાને દયાળુ કહેવડાવે છે પછી ગાયની નિર્દયપણે હત્યા કેમ કરે છે?

નવી વાત જાણી વિપ્રવૃંદ ભોજન લેતાં અટક્યું. તેઓએ પૂછપરછ કરતાં મૃત ગાયનું કલેવર બતાવ્યું. વસ્તુસ્થિતિ જોઈ બ્રાહ્મણો ભોજન છોડીને પોતપોતાના સ્થળે જતા રહ્યા અને ગોહત્યા માટે ગૌતમને જવાબદાર ઠેરવવા લાગ્યા. આ બાજુ ગજાનન પણ ગુપ્ત થયા. ગૌતમઋષિને ચિંતા થઈ. કયા ઉપાયથી ગોહત્યાદોષ જશે તે અંગે કોઈ ખુલાસો ન મળ્યો. પાર્વતીએ ગજાનનને કહ્યુંઃ તું હવે વિપ્રવેષ ધારણ કરી ગૌતમ પાસે જા અને તેને ઉપાય કહે. તારે કહેવાનું કે શંકરના મસ્તક પર ગંગા છે. તે સ્નાન માટે મળે તો તારી કાયા પવિત્ર થશે અને ગોહત્યાદોષ જશે. સિદ્ધિદાતા ગજાનન ગૌતમને મળ્યા અને આ પ્રમાણે ઉપાય કહ્યો. ગૌતમને લાગ્યું કે ડૂબતાં ડૂબતાં તરવાનો ઉપાય જડ્યો. વંટોળમાંથી બચી જવાયું અથવા વાઘના મુખમાંથી બચ્યા!

ગૌતમે ઘોર તપશ્ચર્યા કરવાનું નક્કી કર્યું. શિવદીક્ષા ધારણ કરી કામ-ક્રોધનો ત્યાગ કર્યો. આહાર-નિદ્રાનો ત્યાગ કરી શુચિષ્મંત તપાચરણ કર્યું. ગૌતમના તપથી પ્રસન્ન થઈ શિવશંકરે ‘વર માગ’ એમ ગૌતમને

કહ્યું. ગૌતમે હાથ જોડી વિનંતી કરીઃ હે કરુણાકર, મોક્ષદાતા, તને નમન હજો. હે ગિરિજાવર, શંકર, પશુપતિ, ત્રિપુરસંહારક, પિનાકપાણી, સદાશિવ, મારી ઈચ્છા પૂરી કર. શંકરે પૂછ્યુંઃ તારી કઈ ઈચ્છા છે? ગૌતમે જવાબ આપ્યોઃ મારાથી ગોહત્યા થઈ છે. તમારી જટામાં ગંગા છે તેના જળમાં સ્નાન કરવાથી મારું પાપ નષ્ટ થશે.

શંકર ભગવાને 'તથાસ્તુ' કહ્યું. શંકરે ગંગાને બોલાવી. પરંતુ તે જટામાંથી બહાર આવતી ન હતી. અનેક પ્રકારે કહેવા છતાં ગંગા આવતી ન હોવાથી શંકરે વીરાસનમાં બેઠક લીધી અને જટાને શિલા પર પછાડી. ગંગા બહાર આવી એટલે શંકરે કહ્યુંઃ ગૌતમ, આને પકડ અને એમાં તું સ્નાન કર. શિવજીનો કોપ જોઈ ગંગા અદશ્ય થઈ. ગૌતમે તેનો પીછો કર્યો અને પ્રેમપૂર્વક વિનંતી કરી. ગૌતમે દર્ભજૂડી હાથમાં લઈ કરુણ સ્વરમાં પ્રાર્થના શરૂ કરીઃ હે માતા, મારું પાપ ઘોર છે. આથી તું ભય પામે છે અને પલાયન કરે છે? આમ કરવાથી તારા મહિમાને ડાઘ લાગશે. આ જ તારી કીર્તિનું માહાત્મ્ય? હશે, હવે મારે પ્રારબ્ધ ભોગવવું જ પડશે.

આ પ્રમાણેની વિનંતીથી ગંગાને પ્રગટ થવું જ પડ્યું. ગૌતમે જળપ્રવાહને રોકીને તેમાં સ્નાન કર્યું. સ્નાનથી તેના દોષ નષ્ટ થયા અને તે તીર્થનું નામ *કુશાવર્ત તીર્થ. આ તીર્થનો મહિમા જણાવતાં આ કથા કહેવામાં આવી. શ્રીદત્ત સાથે ત્રણેય દેવોએ ગંગાને વંદન કર્યાં. જટા જે શિલા પર પછાડી હતી તે જોઈ અને વીરાસનનું ચિહ્ન પણ જોયું. આગળ જતા ત્રિંબકરાજનાં દર્શન થયાં. અવધૂત મૂર્તિને જોઈ ત્રિદેવને આનંદ થયો. તેમણે હાથ જોડી સ્તવન કરવા પ્રારંભ કર્યો.

હે કરુણાકર, વિશ્વપાલક, કૃપાસાગર, કર્મવિમોચક, ભવાનીધવ, ભવનાશક, તારો જયજયકાર. હે અજ, અજિત, અવ્યય, ગુણાતીત,

*ત્ર્યંબકેશ્વરમાં આવેલું છે.

ગુણમય, સર્વાતીત કરુણાલય તને નમસ્કાર. હે ત્રિગુણાત્મક, ત્રિનયન, ત્રિદશપાલક, બિલ્વભૂષણ, ત્રિપુરાંતક, ત્રિશૂલધારક, ત્રિતાપહારક, ત્ર્યંબક તારો જયજયકાર. આ સ્તુતિથી સંતુષ્ટ થઈ ઉમાપતિએ ત્રણેયને પરમ પ્રીતિથી આલિંગન આપ્યું અને દત્તને કહેવા લાગ્યાઃ આપણે અદ્વય છીએ. તારો ત્રિગુણાત્મક અવતાર છે. તે જ ત્ર્યંબકરાજ છે. ત્યાં સુધી અપર્ણા (પાર્વતી) આવી અને તેણે ઉભય ત્રિગુણાત્મક મૂર્તિનું અર્ચન કર્યું. બંનેને એકરૂપ જોઈ તેને પરમાનંદ થયો.

શિવશંકરે દત્તને મેખલા આપી હાથમાં ત્રિશૂલ અને ડમરુ આપ્યું. શંકરે કહ્યુંઃ આ આયુધો હંમેશાં હાથમાં રહેવા દે. અવિનાશે તરત જ શિવજીને ચરણવંદના કરી. તે સમયે શિવે કહ્યુંઃ જ્યાં સુધી સૂર્ય છે ત્યાં સુધી તું પૃથ્વી પર રહે અને લોકોને યોગમાર્ગનું અવલંબન બતાવી જ્ઞાન દાન કર. માયાવિકારને દૂર કરી જગતનો ઉદ્ધાર કર. તું સર્વશ્રેષ્ઠ છે. તારી બરોબરી કોઈ પણ કરી નહીં શકે. અદ્‌ભુત કર્મો દ્વારા તું સ્વચ્છંદતાપૂર્વક વર્તન કર. હે દત્ત, તું સર્વ સિદ્ધિનો દાતા છે. તું જેના પર કૃપા કરીશ તે તત્કાળ તારા જેવો થશે. તને જે અનન્ય-શરણ થશે તે ઈતરને પણ પાવન કરશે. સર્વ લોકાધિપતિ તારા દર્શનની અભિલાષા ધરશે. તું નિર્ગુણ, અવિનાશી છે. તું સત્ય, શાશ્વત, નિરંજન, અદ્વય, નિઃસંગ, ચૈતન્યઘન અને બ્રહ્માનંદપૂર્ણ છે. તું ક્ષર અને અક્ષરથી પણ અતીત હોઈ તું એકલો જ તેને જાણવા સમર્થ છે. આ પ્રમાણે વાર્તાલાપ કરતા બંને આનંદિત થયા.

બંનેના સંવાદનું રહસ્ય સંતો જ જાણી શકે. સંતો પાસે જ શાંતિ, વિરક્તિ, ઉપરતિ, અનુરક્તિ હોય છે. આથી ત્યાં “મારું-તારું” અને વ્યવહારિકતા હોતી નથી. તે સંતોની પાદુકા અનંતસુત (કાવડીબુવા)ને વંદ્ય છે. આથી તેનું ધ્યાન હંમેશાં પાદુકા તરફ જ હોય છે. અનંતસુત સંતોને વિનંતી કરે છે કે તેને સંતોની ચરણસેવા મળે. તે સેવાના

ફળસ્વરૂપ જ આ અભિનવ ગ્રંથ મારા દ્વારા વદાવ્યો છે. આ અલૌકિક દત્તકથા શ્રોતા, વક્તા બંનેને આનંદ આપનારી, ભોળા ભક્તોને તારનાર અને સર્વનું કલ્યાણ કરનારી છે.

હવે આગામી અધ્યાયમાં શ્રીદત્ત શિવજીની આજ્ઞા લઈ પશ્ચિમ માર્ગે તીર્થયાત્રાએ પ્રસ્થાન કરશે.

॥ ઈતિ દ્વાદશોડધ્યાયઃ સમાપ્તઃ ॥

❁ ❁ ❁

## અધ્યાય - ૧૩

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

સદ્‌ગુરુ સનાતન, પ્રણવસ્વરૂપ, સચ્ચિદ્‌ઘન, માયાતીત, નિરંજન, આનંદઘન, અવિનાશી, તને નમસ્કાર. હે આદિઅનાદિ વિશ્વંભર, નિર્વિકાર, પરાત્પર, સર્વસાક્ષી, જગદુદ્ધારક, અદ્વય, જ્ઞાનસાગર તને વંદન હજો. હે પંચવદન, સર્વોત્તમ, હું તારો અનન્યશરણ છું. મને ક્ષમા કરી દત્તમહિમા વર્ણન કરવા માટે બુદ્ધિ અને પ્રેમ આપ.

ત્ર્યંબક અને અવિનાશની મુલાકાત અંગે ગત અધ્યાયમાં વર્ણન કર્યું છે. શ્રીદત્તે ત્ર્યંબકની રજા માંગી. ત્ર્યંબકે કહ્યુંઃ અવારનવાર મુલાકાત કરજો. તેમને વંદન કરી ત્રિદેવ ત્યાંથી નીકળ્યા. બ્રહ્મગિરિને પ્રદક્ષિણા કરી ફરી વંદન કર્યા. તે પછી ગંગા (ગૌતમી ગંગા-ગોદાવરી) તટને જોયો. ગંગાના પ્રવાહને જોઈ તેમને આનંદ થયો. તે સમયે ગંગાએ સાક્ષાત્

પ્રગટ થઈ ચરણવંદના કરી શ્રીદત્તની સ્તુતિ કરી અને પ્રાર્થના કરી કેઃ હે સર્વેશ, મારાં પાપ નષ્ટ કર. તારા વગર મને કોણ પાવન કરશે? અવિનાશ દત્તે વચન આપ્યું કે એક દિવસના અંતરે હું આવી તારી ઈચ્છા પૂર્ણ કરીશ. તે પછી ક્ષેત્ર અવલોકન કરી પંચવટી જઈ ઋષિઓનાં દર્શન કર્યાં.

ત્યાર બાદ પશ્ચિમ દિશામાં ગમન કરી રસ્તે આવતાં તીર્થક્ષેત્રો, દેવતાઓનાં દર્શન કર્યાં. નર્મદાકિનારે જઈ ત્યાંના દેવતાઓનાં દર્શન કર્યાં. ભીમનાથ, તુલસીશ્યામ, રુદ્રગયા, બ્રહ્મગયા અને પ્રભાસ (પાટણ)નાં ક્ષેત્રો જોયાં. આગળ જતાં મૂળ માધવનાં દર્શન કર્યાં. ત્યાંથી તેઓ વિશાળ રૈવત પર્વત (ગિરનાર) પર આવ્યા. અહીં ત્રણ શિખરો હોઈ એક પર ગોરક્ષનાથ, બીજા પર હિંગળાજ દેવી અને ત્રીજા પર સ્વયં અવધૂત નિવાસ કરે છે. અહીં અનેક તપસ્વીઓ, યોગીઓ તેમજ સિદ્ધ પુરુષો છે. અનેક ઘટાદાર વૃક્ષો ફળપુષ્પોથી લચેલાં જોવાં મળે છે. રૈવતપર્વત પર અનેક જડીબુટ્ટીઓ, વનસ્પતિ અને જળસ્રોતો જોઈ ચિત્ત પ્રસન્ન થાય છે.

ગિરનારમાં અવધૂતનું આગમન થતાં સિદ્ધો, યોગીઓ પ્રગટ થયા. ત્રિગુણાત્મક શ્રીદત્તની લીલા જોઈ સર્વને આનંદ થયો અને તેઓએ દત્તને પ્રેમાલિંગન આપ્યું. સિદ્ધોએ શ્રીદત્તને સાન્નિધ્યનો લાભ આપવા વિનંતી કરી ત્યારે શ્રીદત્તે તેમને અભયવચન આપ્યું કે નિત્ય ગમે ત્યાં ભ્રમણ કરતો હોઈશ, વિશ્રાંતિ લેવા હું રૈવતગિરી (ગિરનાર) પર જ આવીશ. આ રીતે તમારી સાથે મુલાકાત થશે. યોગીઓ મારા પ્રાણ છે, વિસામો છે. તમારા સિવાય મારો મહિમા કોણ જાણશે? સિદ્ધોએ વિનંતી કરી કે અહીં નવનાથ અને ચોર્યાસી સિદ્ધો નિવાસ કરે છે. માટે પ્રજા માટે જેમ રાજા, તારાઓમાં જેમ ચંદ્ર અથવા દિશાઓને જેમ સૂર્ય તે જ રીતે સિદ્ધો માટે તું છે. તેમની વિનંતી સ્વીકારી શ્રીદત્તે તે સર્વને

સંતુષ્ટ કર્યા. ત્યાંથી શ્રીદત્તે પ્રસ્થાન કર્યું અને અનેક ગુપ્ત અને પ્રગટ સ્થળોની મુલાકાત લીધી.

રૈવત પર્વત પરથી વિદાય લઈ પશ્ચિમ સમુદ્ર તરફ આવી ગોમતીતીર્થમાં આવી તેને વંદન કર્યું. ત્યાંથી કચ્છમાં આવેલા નારાયણ સરોવરને જોયું. તે પછી દ્વારકા એ અનાદિક્ષેત્ર (સપ્તપુરી પૈકી એક)ને જોઈ અવિનાશ દત્તને સંતોષ થયો. તે પછી કચ્છ-ભૂજ જઈ મચ્છિંદ્રનાં દર્શન કર્યાં. ઉત્તર દિશામાં જતા અનેક ક્ષેત્રો અને દૈવતોનાં દર્શન કર્યાં. હિમાલય પર્વત પર જઈને બદરિનારાયણનાં દર્શન કરી કેદારનાથ પણ જોયું. ત્યાંથી સ્વર્ગદ્વાર તેમજ હરિદ્વાર પણ જોયું. તપસ્વીઓનાં રમ્ય સ્થાનો જોયાં અને તીર્થોમાં સ્નાન પણ કર્યું.

જવાલામુખી આવીને જયોતનાં દર્શન કર્યાં. ત્યાંથી રેવાળેશ્વર જઈ પુષ્કરતીર્થમાં આવ્યા. આ તીર્થનો મહિમા જાણવાની શ્રોતાઓની ઈચ્છા છે ત્યારે તે મહિમા સાંભળો. પૂર્વે તપોધન અને જ્ઞાનસંપન્ન એવા અગસ્તિઋષિ હતા. તેમને એક વખત સપ્તદ્વીપ નવખંડ પૃથ્વીની યાત્રા કરવાની ઈચ્છા થઈ. તેમણે લોકાલોક પર્વત શોધી તીર્થસ્નાન કરવાનો પ્રારંભ કર્યો. જે તીર્થમાં જાય તે તીર્થનું જળ કમંડલુમાં ભરી લે અને તેનું જીવભાવથી રક્ષણ કરતા. સર્વ દિશાના તીર્થોને અંશરૂપે કમંડલુમાં ભરી તેઓ પુષ્કરતીર્થ આવ્યા. દેવોને આશ્ચર્ય થયું. તેમને ચિંતા પણ થવા લાગી કે જો ઋષિ સમગ્ર તીર્થજળ ભેગું કરશે તો પોતે જ તીર્થરાજ થશે. હવે સર્વ દીન, પાપી અને દુરાચારીનો ઉદ્ધાર કોણ કરશે તે વિશે તેઓ ચિંતાક્રાંત થયા. બધા જ દેવો પુષ્કરમાં આવ્યા અને યુક્તિ શોધવા લાગ્યા.

પુષ્કરતીર્થમાં સ્નાન કરવા માટે અગસ્તિઋષિ ઉતર્યા તેટલામાં કિનારે મૂકેલો તીર્થ ભરેલો કમંડલુ ઢળ્યો અને તે તીર્થ પુષ્કરતીર્થમાં ગયું. આથી સર્વને આનંદ થયો. ત્યાં સુધીમાં અગસ્તિઋષિ સ્નાન

કરી કિનારા પર આવ્યા. ઊંધો કમંડલુ જોઈને તેમને ખૂબ જ ક્રોધ ચડ્યો. ત્યારે ત્રણેય દેવો હાથ જોડી તેમની સમક્ષ પ્રગટ થયા. તેમણે ઋષિની સ્તુતિ કરી ક્ષમા માંગી. દેવોએ કહ્યુંઃ તમે દયાસાગર છો. આ ત્રિભુવનમાં તારા જેવો પરોપકારી કોઈ નથી. જીવોના ઉદ્ધાર માટે તમે બધાં તીર્થ એકઠા કર્યાં છે. તારી કૃપાથી જીવજંતુઓ મોક્ષ પામશે. આ તમારો જ મહાન ઉપકાર છે. આથી હવે ક્રોધનો ત્યાગ કરી અમારી વિનંતીને માન આપો.

અગસ્તિએ સ્તુતિ સાંભળી હાસ્ય કર્યું અને બોલ્યાઃ આ ભલી યુક્તિ કરી! તે સર્વ તીર્થોનું માહાત્મ્ય ત્યાં જ રહેવા દીધું. મુનિએ કહ્યુંઃ હે દેવતાઓ, હવે તમે એવું વરદાન આપો કે જે આ તીર્થમાં સ્નાન કરશે તેનો પુનર્જન્મ ન થાય. મુનિવચન સાંભળી સર્વ દેવોને આનંદ થયો અને તેમણે તેવો વર આપ્યો. તે સમયથી પુષ્કરાદ્યાનિ તીર્થાનિ... એવો સંકલ્પ રૂઢ થયો. સર્વએ ત્યાં સ્નાન કર્યું અને અગસ્તિલિંગની ત્યાં સ્થાપના કરી. ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી સહિત અહીં બ્રહ્મદેવની પૂજા લોકો કરતા આવ્યા છે.

પુષ્કરમાં આવીને શ્રીદત્તે ત્રિપુષ્કરમાં સ્નાન કર્યું અને અગસ્તિ દર્શન કર્યું. અહીં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર ત્રિગુણાત્મક (દત્ત)ને મળ્યા. તેમણે શ્રીદત્તના મસ્તક પર હાથ મૂકી વર આપતાં કહ્યુંઃ જગતના ઉદ્ધાર માટે તેં ત્રિગુણાત્મક અવતાર ધારણ કર્યાં છે. સર્વેશ્વરને (દત્તને) આસન પર બિરાજમાન કરી પૂજા-સત્કાર અર્પણ કર્યો. લક્ષ્મી સાથે શ્રી વિષ્ણુએ શ્રીદત્તનું અર્ચન કર્યું. તેને પીતાંબર પરિધાન કરાવી વનમાલા અર્પણ કરી. ઉમા, રમા અને ગાયત્રી, સાવિત્રી, સરસ્વતી સાથે પૂજા કરી. તે સાથે જ દંડ, કમંડલુ, માળા અને કામધેનુ આપી. શ્રીદત્તને અનેક આભૂષણોથી સજાવી જે ગૌરવપૂર્ણ વચનો કહ્યાં તે તમે સાધુ, સંત, શ્રોતાઓ શ્રવણ કરો.

મહામુનિ, વિતરાગી, તું નિઃસંગ, દિગંબર, સર્વાધ્યક્ષ અને ઉદાર હોવાથી તને લોકો યોગી કહે છે. યોગીનું મુખ્ય લક્ષણ તું જાણે છે. યોગયજ્ઞ તું કરી જાણે છે.* યોગની કળા જાણે છે. તારી યોગદષ્ટિ છે. તું અંતર્બાહ્ય યોગ પ્રગટ કરી જગતનો ઉદ્ધાર કરે છે અને યોગના બધાં જ અંગો સાથે (સાંગ) તું તેને જાણે છે. તું સર્વવ્યાપી છે. તારાથી સર્વ વિસ્તાર પામ્યું છે. તું જ ભૂતમાત્રનો પાલક અને સુખદાતા છે. તું સર્વ સત્તાધારી સૂત્રધાર છે. કર્તા, કરાવનાર પણ તું જ છે અને કૃપાથી તું બધાનું પાલન કરે છે. આથી તું પ્રભુ કહેવાય છે.

તારી આજ્ઞા સર્વને પ્રમાણ છે અને તું સર્વનું અધિષ્ઠાન છે. આથી પ્રભુ એ વિશેષણ તને યોગ્ય છે. સત્ત્વ ગુણનો ઉદ્‌ભવ તારી પાસેથી થાય છે અને અનંત બ્રહ્માંડની ઉત્પત્તિ તારામાં જ થાય છે. તું સર્વ જીવોનું જીવન છે. રજોગુણ અને તમોગુણ સિવાયનો સત્ત્વગુણ અલગ જ છે. તે સત્ત્વગુણનો ગર્ભ જે ‘શુદ્ધ તત્ત્વ’ છે તે જ દત્તમૂર્તિ છે. ત્રિગુણાત્મક સ્થિતિ ધારણ કરી તું ત્રિગુણ પરત્વે ગતિ કરે છે. આ સમગ્ર વિસ્તાર ત્રિભાગ છે. તે જ તું ત્રિગુણાત્મક સ્વરૂપનો છે. પૃથક્ ત્રણ ભાગ બતાવનારો હોવા છતાં પ્રત્યક્ષ રીતે તું અભંગ એક જ છે.

સર્વ ગુણ, વર્ણાવર્ણ, નાદભેદ, શબ્દાશબ્દ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, કાલઅકાલ, વિદ્યાઅવિદ્યા, ગુપ્ત-પ્રગટ, યંત્ર-તંત્ર-મંત્ર, અનેક ગૂઢાર્થ જાણનાર તું જ છે. આથી તારું નામ જ્ઞાનસાગર** પડ્યું છે. તું સર્વ પ્રકાર જાણે છે. રસજ્ઞ તરીકે રસનો આસ્વાદ લે છે. રસસેવન કર્યા પછી પણ અસક્ત રહે છે. આથી તું વિજ્ઞાન નામથી ઓળખાય છે. તું આબ્રહ્મસ્તંભવ્યાપી, પિંડબ્રહ્માંડતત્ત્વયુક્ત, સર્વગત હોવા છતાં

---

* અપાનની પ્રાણમાં આહુતિ આપવી આ પણ એક મોટો યજ્ઞ છે.

** દત્તના સોળ આવિર્ભાવ પૈકી તે આઠમો આવિર્ભાવ (અવતાર) છે. જન્મતિથિઃ ફાગણ સુદ ૧૦.

અલિપ્ત એવો સ્વતઃ સિદ્ધ વિજ્ઞાન છે. તું ગુણ-અવગુણને જાણે છે, જ્ઞાન-અજ્ઞાન સમજે છે અને બધું જ જાણવા છતાં અજાણ બની રહે છે તેથી તું વિજ્ઞાનપૂર્ણ છે. ક્ષર અને અક્ષરનું રહસ્યયુક્ત વેદાંતજ્ઞાન જાણતો તું અભેદ છે. વિજ્ઞાન પદ તને યોગ્ય રીતે શોભે છે. જે જીવો તને અનન્યશરણ થાય છે તેમના પર તું કૃપા વર્ષાવે છે અને તેમના મનોરથો પૂર્ણ કરે છે. તું તેમની નાત-જાત-કુળના ગુણદોષ અધિકાર ન જોતાં તેમના પર કૃપા કરે છે. તું ભક્તોનો કેવળ અનન્યભાવ જુએ છે. તેમના સર્વ દોષોનું પરિમાર્જન કરે છે. આથી તને સુમંગલ આ નામ શોભે છે. આકર્ણ સતેજ, નિર્મળ, નિર્વિકાર, સુંદર કમળ જેવા છ નેત્રોને લીધે 'પુંડરિકાક્ષ' આ નામ તને શોભે છે.

આ તારો અવતાર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, ઈંદ્ર, વરુણ, ચંદ્ર, સૂર્ય, યક્ષ, ગંધર્વ, નળ, કુબેર બધાને ગમે છે. તે જ પ્રમાણે આ અવતાર દેવ, બૃહસ્પતિ, સનત્કુમાર, સનક સનંદન નારદાદિ વૈષ્ણવોને પણ ગમતો અવતાર છે. દેવ, માનવ, દેવી-દેવતા, સિદ્ધ આ સર્વને પ્રિય એવો અવિનાશી અવતાર છે. માટે આ અવતાર વલ્લભ નામથી ઓળખાય છે. સુર, માનવ, ઋષિ, જ્ઞાની, અજ્ઞાની, મૂઢ, ચાર્વાક, સૂજ્ઞ, પ્રૌઢ, આ સર્વને આ રૂપ આનંદદાયક છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર સર્વને આ અવતાર આનંદ આપે છે. આથી "નંદ" નામાભિધાન તેને માટે યોગ્ય છે. મુમુક્ષુ જીવ તેના શરણે જાય છે; અનન્યભાવ ધારણ કરે છે. તેમને આ યોગીરાજ આનંદ આપે છે. અનેક આનંદનો કંદ એટલે કે આત્મત્વ પદ આ અવતાર આપે છે. ઈતર કોઈ તન, ધન, સંપત્તિ, પુત્ર, સ્ત્રી, યશ, કીર્તિ, યંત્ર, તંત્ર, મંત્ર ઇત્યાદિ માયિક પદાર્થ આપશે. પરંતુ ભવભ્રાંતિ દૂર કરે તેવી વસ્તુ આપી શકે નહીં. ત્રિવિધ તાપને દૂર કરવા તેમજ જન્મમરણ ભયને દૂર કરવા તે ફક્ત એક અવધૂત જ કરી શકે છે.

આ અવિનાશ (દત્ત) ખરેખર ધન્ય છે. તે ભક્તની વૃત્તિ કામનાશૂન્ય કરે છે, શરણાગતને સ્વાત્મસુખ આપે છે અને જીવને બ્રહ્માનંદસુખ પ્રદાન કરે છે; આથી 'આનંદદાયી' નામ તેને મોટા મોટા લોકોએ આપ્યું છે. ગ્રંથોમાં અનેક સદાવતાર કહ્યા છે પરંતુ ત્રિઅંશી સર્વસંપન્ન મહારુદ્રરૂપે શ્રીદત્ત એકલો જ છે. આ સર્વજ્ઞ સર્વાતીત, સર્વાગત, સર્વાધીશ, સર્વોત્તમ, સર્વશ્રુત, સર્વોપમ અને સર્વભૂત મહારુદ્ર અવતાર છે. જે માગે તેને આપવું અને અધિકાર જોયા વગર તે વરસાદ જેવો આ દયાળુ છે. તે કોઈને આટલું પણ- જરા પણ દુઃખ આપતો નથી પરંતુ સર્વને સુખ આપવું અહર્નિશ ઉપકાર કરવા અને જીવ માત્રનો ઉદ્ધાર કરવો તેવી દત્તની વૃત્તિ છે. તેનામાં દ્વૈતભાવ નથી. બ્રહ્મા, વિષ્ણુ અને શિવે શ્રીદત્તની દસ નામથી સ્તુતિ કરી. શ્રોતાઓએ સ્તુતિ માટે "પરમહંસસ્તવ" સ્તોત્ર જોવું.

પુષ્કરતીર્થથી ત્રણેય દેવો મથુરા પહોંચ્યા. ત્યાં યમુનાતીર્થમાં સ્નાન કરી કેટલાક દિવસો સુધી ત્યાં જપાનુષ્ઠાન કર્યું. અહીં અગસ્તિ, ધ્રુવ, નારદ, ઇતર ઋષિઓ તેમજ બ્રહ્મા અને શિવજીએ તપ કર્યું હતું. ત્યાં કેટલોક કાળ તપ કરી તેઓ ધવલપુર આવ્યા. અહીં એક ગહન ગુફામાં મુચકુંદનું વાસ્તવ્યસ્થાન છે. તેમણે મુચકુંદસરોવર જોઈ ગાલવમુનિનું સ્થાન પણ જોયું. ગુફાની અંદર ગાલવઋષિ નિવાસ કરે છે. અવિનાશને જોઈને ઋષિએ પ્રેમપૂર્વક સત્કાર કર્યો. દત્તને જોઈ ઋષિને ખૂબ જ આનંદ થયો. તેમણે હર્ષથી દત્તનો સત્કાર કર્યો. ફરી પૂર્વમાં જઈને યમુના પાર કરી ગંગા કિનારે બ્રહ્માવર્ત આવ્યા. અહીં બ્રહ્મદેવે યજ્ઞો કર્યા, વાલ્મિકીએ તપ કર્યું અને ભાગીરથે ગંગાપ્રવાહ અહીં આણ્યો.

બ્રહ્મઘાટ પર સ્નાન કરી વાલ્મિકીઋષિનું સ્થાન જોઈ ઇતર ઋષિઓનાં દર્શન કર્યાં. ભાગીરથી પાર કરી નૈમિષારણ્ય જોયું. નંદીગ્રામે

જઈ સરયુ નદી જોઈ. તેના તીર્થમાં માર્જન કરી અયોધ્યાપુરી આવ્યા. અહીં રઘુગણોનાં દર્શન કરી મનમાં હર્ષોલ્લાસ થયો. તે પછી નેપાળના રસ્તે અનેક મુશ્કેલીભર્યો પથ પદક્રાંત કરી ગંડિકેશ્વરે આવ્યા. તે તીર્થમાં વિષ્ણુની વિવિધ આકૃતિઓવાળી મૂર્તિઓ જોઈ. મત્સ્ય, કચ્છ, નારસિંહ, વામન, દામોદર, વરાહ, પરશુરામ, અનંત તે જ પ્રમાણે પદ્મનાભ, સંકર્ષણ, હિરણ્યગર્ભ, લક્ષ્મીવલ્લભ, હરિહર એવા વિવિધ નામથી ત્યાં મૂર્તિઓ હતી. આ તીર્થનો મહિમા એ છે કે આ તીર્થમાં તુલસીદલ અર્પણ કરતાં તે તીર્થમાં ડૂબે છે.

હિરણ્યગર્ભ પર્વત પર નિત્ય શાલિગ્રામ મૂર્તિ પ્રાપ્ત થાય છે. અવિનાશ દત્તે તે તીર્થને વંદન કરી તેઓ ગૌડ દેશમાં આવ્યા. કામાખ્યા દેવીનાં દર્શન કરી શ્રીદત્ત અનેક સિદ્ધોને મળ્યા. તે પછી અનેક પ્રદેશો પાર કરી સહસ્રમુખસંગમ, ઝારખંડના વૈજનાથનાં દર્શન કરી ગયાક્ષેત્રે આવ્યા. અહીં વિષ્ણુપદનાં દર્શન કરી ગદાધરને મળી ગાયત્રી, સાવિત્રી, સરસ્વતીમાં સંધ્યાવંદન કર્યું. તે પછી ફલ્ગુનવંદન કરી વિંધ્યપર્વત પર આવી દેવીનાં દર્શન કર્યાં. ચિત્રકૂટ પર્વત પર માતા અનસૂયાએ તપ કર્યું હતું. તે સ્થળ જોઈ શ્રીદત્તને આનંદ થયો. ત્યાંથી નૈઋત્ય દિશામાં નર્મદા નદી પાર કરી રામટેક સ્થળે આવ્યા. તે પછી આંબાલે સ્થિત ગંગાતીર્થ તેની આજુબાજુના પર્વતો તેમજ તેના પરના બિલીવૃક્ષોની ગીચ ઝાડી જોઈ તેમને આનંદ થયો. (અહીં ગુપ્ત તેમજ પ્રગટ અનેક ઋષિઓનાં આશ્રમો હજુ પણ છે.) અહીં તુલસી અને બિલી સિવાય કોઈ વનસ્પતિ નથી. અહીં નૃસિંહક્ષેત્ર અને વરાહતીર્થ છે. રામ, લક્ષ્મણ, સીતા તેમજ વિશાળ દૈદીપ્યમાન હનુમાનજી છે. આ સ્થળે ત્રિમૂર્તિએ અતિ ઉત્સાહમાં સ્નાન કર્યું.

ત્રિમૂર્તિ દત્તનું અહીં આગમન થયું જાણી ઋષિસમૂહ ત્યાં ત્વરિત આવ્યો અને ત્રિદેવનાં ચરણવંદન અતિ પ્રેમથી કર્યાં. ઋષિઓ બોલ્યાઃ

આજનો દિવસ ધન્ય છે. દીનજનોને પાવન કરવા આ અવધૂત દર્શન આપવા અહીં આવ્યો. અનેક જન્મોનું તપ ફળ્યું. એટલે આ ત્રિગુણાત્મક અવતારનાં ચરણદર્શન થયાં. દર્શન થકી સર્વ આધિ, વ્યાધિ, તાપ, પાપ, બંધનો નાશ પામ્યાં. ખૂબ જ ઉત્સાહમાં આવી તેમણે અવિનાશ દત્તની સ્તુતિ કરી. દત્ત ભગવાને સ્તુતિથી સંતુષ્ટ થઈ સર્વ પર કૃપાદષ્ટિ કરી. આ પ્રમાણે લગભગ દરેક સ્થળે ઋષિ અને શ્રીદત્ત વચ્ચે મુલાકાત આ પ્રમાણે જ થતી ગઈ.

એક દિવસ ઋષિસમૂહ સાથે શ્રીદત્ત રામમિલન માટે નીકળ્યા. શ્રી રઘુવીરને જોતાં જ શ્રીદત્તે સાષ્ટાંગ નમન કરી શ્રીદત્તે તેમને આલિંગન આપ્યું. તે જ પ્રમાણે જાનકી, લક્ષ્મણ અને હનુમાનજીને વંદન કર્યાં. રુદ્ર, મહારુદ્ર સાથે મુલાકાત થવાથી બંનેનાં નેત્રોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. અંતરનો આનંદ ઉછળવા લાગ્યો. અવિનાશ દત્તે કહ્યુંઃ દક્ષિણસાગરમાં રામેશ્વરે મુલાકાત થઈ હતી. તે પછી અહીં ક્યારે આવ્યા? રુદ્રાવતાર હનુમાને કહ્યુંઃ જ્યાં જ્યાં સ્વામી રઘુવીર છે, તે તે સ્થળે હું હાથ જોડીને ઊભો છું. તે તમે જાણો છો બંને ઠેકાણે તમારી જ સત્તા છે. તમારા સિવાય મને કોઈ પણ ખાલી જગ્યા દેખાતી નથી. સ્વામી અને સેવક દેખાવમાં ભિન્ન દેખાય છતાં એક જ હોય છે. કેવળ પ્રીતિ વધારવા તમે અવનવા કૌતુકો કરો છો.

હે દત્ત, તું સ્વયં બ્રહ્મ હોઈ સૂત્ર હાથમાં રાખી બધા ભૂતોને નચાવે છે. આ અનંત બ્રહ્માંડમાં તારી જ લીલા ચાલી રહી છે. ચોવીસ નામમાં સર્વેશ્વર તે તું જ છે. સર્વાંતરયામી પણ તું જ છે. દશ્ય-અદશ્ય એવું તારું માહાત્મ્ય કોઈ પણ સમજી શકતું નથી. વેદો પણ જેને પૂર્ણતઃ જાણી શક્યા નથી, શ્રુતિ જેના માટે ‘નેતિ નેતિ’ કહે છે, તે જ સ્વામી રઘુનાથ અને તે જ શ્રીદત્ત. હનુમાનનું આવું ભાષણ સાંભળી અવિનાશ દત્તે કહ્યુંઃ પાણી અને શીતળતા અભિન્ન છે, કનક અને

અલંકાર, લવણ અને સાગર, દોરો અને રૂમાં ભિન્નતા નથી. તે જ પ્રમાણે દેવ અને ભક્ત એક જ હોય છે. પરંતુ દ્વૈત વિના આનંદનું નિર્માણ થતું નથી. એકત્વની ભાવના રાખી પ્રેમમાં વૃદ્ધિ કરવા વિનયપૂર્વક સેવ્ય સેવકભાવ રાખવો જોઈએ.* અવિનાશનું આ કથન સાંભળી હનુમાને પ્રેમથી ગદ્‌ગદ્ થઈ શ્રીદત્તચરણમાં દ્દઢ મસ્તક મૂક્યું. દત્તે તે વખતે તેને આલિંગન આપ્યું. સર્વ ઋષિઓએ આવું જોઈ આનંદથી ડોક હલાવી. તે સર્વએ શ્રીદત્ત અને હનુમાનજીનાં ચરણે મસ્તક મૂક્યાં. બધાને સંતુષ્ટ કરી શ્રીદત્તે ત્યાંથી વિદાય લીધી. શ્રીરામને વંદન કરી ત્રણેય દેવોએ વાયવ્ય દિશામાં ગમન કર્યું.

નર્મદાનદી પાર કરી મહાકાળેશ્વર સ્થાન જોયું. અવંતિકા (ઉજ્જૈન) ક્ષેત્ર જોઈ ક્ષિપ્રાતીર્થમાં સ્નાન કરી મહાકાળેશ્વરની પૂજા કરી. તે પછી ક્ષિપ્રા તીર્થ પર યોગાભ્યાસ કર્યો. ત્યાં થોડા દિવસો રહી જિજ્ઞાસુઓને યોગાભ્યાસ શિખવ્યો. પછી ૐકાર મહાબળેશ્વરમાં કાવેરીનાં દર્શન થયાં. ત્યાં સંગમમાં સ્નાન કરી મમલેશ્વરનાં દર્શન કર્યા. નર્મદા-કાવેરી સંગમનું માહાત્મ્ય એ છે કે તે તીર્થના બધા જ પાષાણ શિવલિંગ સ્વરૂપે પૂજાય છે. કેટલાક પાષાણ પર ચિહ્નો પણ અંકિત હોય છે. કાવેરીતીર્થના પાષાણ લાલ રંગના હોય છે જે ગણપતિસ્વરૂપે પૂજાય છે. આ વિશ્વેશ્વરની લીલા અદ્‌ભુત છે. વિવિધ સ્થળોનો મહિમા અપૂર્વ હોઈ પંચાયતનની મૂર્તિ વિવિધ સ્થળે પ્રાપ્ત થાય છે.

ગંડિકેશ્વરમાં વિષ્ણુમૂર્તિ, સહસ્રધારમાં શિવમૂર્તિ, કાવેરીતીર્થમાં ગણપતિની મૂર્તિ. આ મૂર્તિઓ ધાતુમિશ્રિત અને શક્તિરૂપ હોય છે. સૂર્યકાંત અને સોમકાંત મણિની પ્રાપ્તિ અલગ અલગ સ્થળે થાય છે.

---

*હનુમાનને શ્રીરામે પૂછ્યું હતુંઃ તારા અને મારા વચ્ચે શો સંબંધ છે?
હનુમાનઃ દેહભાવથી હું તમારો સેવક (દાસ) છું. જીવભાવે તમારો અંશ છું અને આત્મભાવે તમે અને હું એક જ છીએ.

ગોમતીતીર પર ચક્રાંકિત મૂર્તિઓ મળે છે. શંખનું નિર્માણ સાગરમાં થાય છે. અવિનાશ શ્રીદત્તે ૐકાર મમલેશ્વરની પૂજા કરી અને ત્રણેય આગળ પ્રસ્થાન કરી ગયા. વેરુળમાં આવી ધુષ્મેશ્વર (ગ્રીષ્મેશ્વર)ની પૂજા, તીર્થવંદન કરી પૈઠણ આવ્યા. ગોદાવરીના કિનારે ક્ષેત્રદૈવત, ભીમાશંકર, સોમનાથ, પરળી વૈજનાથ, ઔઢા નાગનાથ આદિ અનેક પુણ્યક્ષેત્રોનાં દર્શન કર્યાં.

સપ્તપુરીઓ, દ્વાદશ જ્યોતિર્લિંગોનાં દર્શન, સરિતા-સાગર સ્નાન, ક્ષેત્રવાસ, શિવવિષ્ણુસ્થાનો, શક્તિદૈવતો, સિદ્ધ, સાધુ, ઋષિશ્વર, નાના-મોટા દેવો વગેરે જોઈ યાત્રા સમાપ્ત કરી ત્રણેય સ્વઆશ્રમમાં પાછા આવ્યા. આ અવિનાશ નિત્ય જ યાત્રા કરતો હોય છે. સ્મર્તૃગામી હોવાથી ભક્તોની ભાવના જોઈ અનન્યના સત્સંકલ્પ પૂર્ણ કરે છે. તે અંતર્બાહ્ય સર્વસ્થળે ઓતપ્રોત હોવાથી તેને શોધવો જોઈએ. તે ફક્ત સાધુસંતોની થાપણ છે. તે પોતે કૃપા કરે તો જ તે ભક્તને જડશે. આ સાધુસંતો શરણાગતના સંતાપનું હરણ કરે છે. જ્ઞાનાંજન (આંખમાં) આંજી અજ્ઞાનનો નાશ કરે છે અને વિવેક તેમજ શાંતિ પ્રાપ્ત કરાવે છે, અવિનાશ સાથે મિલન કરાવે છે. આવા સંતો સમક્ષ અનંતસુત દંડવત્ પ્રણામ કરે છે. તે સંતો જ મારા મુખ થકી આ દત્તલીલા બોલાવી રહ્યા છે.

હવે ત્રણેય દેવો પોતાના આશ્રમમાં પાછા ફરશે. તે સમયે આનંદના મેઘનો વર્ષાવ થશે. તે અવધૂત જ તે કથા મારા દ્વારા વદાવશે.

॥ ઈતિ ત્રયોદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

# અધ્યાય -૧૪

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રીસદ્ગુરુ દત્તદિગંબરાય નમઃ ॥

હે શ્રીમત્સદ્ગુરુ, અવિનાશ, બ્રહ્માનંદ પરેશ, જગદ્વ્યાપક, પુરાણપુરુષ, સર્વેશ, સનાતન, તને નમસ્કાર. હે અનંતરૂપ, આનંદરૂપ, અનાથનાથ, તને નમસ્કાર. તું સર્વાતીત, સર્વજ્ઞ, સર્વસૂજ્ઞ, સત્તાત્મક, નિર્વિકાર, નિર્ગુણ, નિગમાગમવંદ્ય, અને નિજાનંદપૂર્ણ છે. હે વિશ્વોદ્ધારક, વિશ્વંભર, તારા ચરણે મારા નમસ્કાર. તારી અનુપમ લીલાનું વર્ણન કરતાં એક જુદો જ રસ નિર્માણ થાય છે અને શ્રોતાઓના અંતઃકરણમાં ભક્તિનાં મોજાં ઉછળવા લાગે છે. તારી કીર્તિનું વર્ણન કરતાં મને ખૂબ જ આનંદ થાય છે. આથી મારી ઈચ્છાપૂર્તિ કરી તારી કીર્તિનો અમૃતરસ શ્રોતાઓને પીવડાવી જીવોનાં ભવબંધનો તોડી નાંખ.

યાત્રા સમાપ્ત કરી ત્રિવર્ગે આશ્રમ તરફ પ્રયાણ આરંભ્યું. અવિનાશ દત્ત નજીક આવતાં જ અત્રિઋષિ સાથે બધા જ લોકો હર્ષ-ઉલ્લાસપૂર્ણ અંતઃકરણથી સામૈયું કરવા ગયા. તેમને જોતાં જ ત્રણેએ દંડવત્ પ્રણામ કર્યા. નેત્રો ભીનાં થયાં. અવિનાશ સાથે મિલન થતાં જન્મ-મરણના દુઃખની પીડા ક્યાંય પલાયન થઈ ગઈ. સર્વને આનંદ થયો. બધાએ ચંદ્ર અને દુર્વાસાને આલિંગન આપ્યું. ત્રણેય તેજોરાશી-તપોગભસ્તિના મનમાં પણ આનંદ ઉભરાતો હતો. ત્રણેયે અત્રિઋષિના ચરણોને દઢ આલિંગન આપ્યું. અત્રિએ ત્રણેયને ખોળામાં બેસાડી તેમનું મસ્તક સૂંઘ્યું અને ચહેરા પર હાથ ફેરવ્યો. શ્રીદત્ત નિત્ય દર્શન આપવા આવતો હોવા છતાં બધાને એમ જ લાગ્યું કે તે આજે જ અકસ્માત પ્રગટ થયો છે.

અનસૂયા પાસે ઋષિપત્નીઓ આવી. અવિનાશ દત્ત પર્વત પર આવતાં જ તે વન ફળપુષ્પોથી શોભાયમાન બન્યું. પશુપક્ષી આનંદથી અવાજ કરવા લાગ્યાં. બધાં જ સ્થળો શોભતાં હતાં. વિજય પ્રાપ્ત કરીને રઘુનંદન જ્યારે અયોધ્યા પાછા આવ્યા ત્યારે અયોધ્યાના નગરજનોને જે આનંદ થયો તેવો જ આનંદ પર્વતવાસીઓને થયો. ત્રણેય દેવોએ સતી અનસૂયાને સદ્ભાવથી પ્રણામ કર્યા. માતાએ બાળકોને હૃદયસરસા ચાંપ્યા. તે સમયે મેઘનો મંદ ગડગડાટ જેવો કંઠમાંથી અવાજ નીકળતો હતો. વીજળી ચમકે તેવી રીતે શરીરમાં આનંદનાં મોજાં ઉછળતાં હતાં. માતા અને પુત્રોના મિલન સમયે બધા જ દર્શકોની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યો હતો.

અનસૂયાએ કહ્યુંઃ હે બાળકો, આ વિશાળ ભૂમિ ચાલીને તમે થાકી ગયા હશો. ઘણું કષ્ટ વેઠ્યું હશે. ઠંડી, તાપ, વરસાદથી ત્રાસ વેઠ્યો હશે. ભૂખથી પીડા વેઠી હશે. પગમાં કાંટા ભોંકાયા હશે. અનસૂયા અશ્રુઓને માંડ ખાળી શકી. શ્રીદત્ત કહે, કેટલો મોહ કરે છે? તારી કૃપાથી અમને જરા પણ ત્રાસ થયો નથી. તમારા બંનેની કૃપાથી અમારી યાત્રામાં બિલકુલ ત્રાસ થયો નથી. યાત્રા સુખરૂપ નીવડી. તારી કૃપા થવાથી અમને સંકટ બિલકુલ નડ્યાં નહીં. અનેક દુઃખો બળીને ભસ્મ થાય પછી ક્લેશ ક્યાંથી? હે માતા, મોહ અને ખેદને દૂર કર. અવિનાશે આ પ્રમાણે માતાને શાંત કરી. પિતાને પણ સંતોષ થયો.

સંધ્યા સમયે સ્વર્ગના બધા જ દેવો, ઈંદ્ર, યક્ષ, કિન્નર, ગંધર્વ, સનકસનંદન, સનત્કુમાર, નારદમુનિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગજાનન, લોકાધિપતિ, રમા, ઉમા, સાવિત્રી, સરસ્વતી, ગાયત્રી, દેવલલના, ચામુંડા, કાત્યાયની, ગ્રહ, તારા, ઋષિસમૂહ, સિદ્ધ, સાધુ, યોગી, સંન્યાસી એ સર્વ અવિનાશના દર્શન માટે આવ્યા. દત્તને જોઈ બધાએ સ્તવનનો પ્રારંભ કર્યો. દેવો પૈકી નારદઋષિ અને ઋષિ પૈકી ભૃગુમુનિએ વિશેષ

સ્તુતિ કરી. ચિત્ત એકાગ્ર કરી ધ્યાન કર્યું. નેત્રો ત્યાંથી ખસતાં ન હતાં. નારદે વિચાર કર્યો કે આમનું ચિત્ત રૂપમાં ચોંટ્યું હોય તો વર્ણન કેવી કરશે? જગદુદ્ધાર માટે આ અવિનાશે અવતાર ધારણ કર્યો છે તેમનું સ્વરૂપ બધાની નજર સમક્ષ છે. ભવિષ્યના લોકો તે વિશે તર્ક પણ કરી નહીં શકે. આથી પરોપકાર માટે તેમના સ્વરૂપનું વર્ણન કરવું જોઈએ જેથી તેના આધારે નરનારી ધ્યાન કરી શકે.

નારદઋષિએ ત્રિદેવના ધ્યાનસ્વરૂપનું વર્ણન કર્યું. શ્રોતાઓએ તેનું સાવધાનપણે શ્રવણ કરવું. દત્તમૂર્તિ ઊગતા સૂર્ય પ્રમાણે તેજસ્વી છે. તેનાં મુખકમળ ગૌર, શ્યામ અને કર્પૂર વર્ણનાં છે. ત્રણેયના ભાલપ્રદેશ પર ભસ્મલેપન અને મસ્તક પર જટાભાર છે. કમળદલ જેવાં નેત્રો કર્ણ સુધી લાંબાં હતાં. ભ્રૂકુટી પર કાળા કાળા કોમળ વાળ શોભે છે. મસ્તક પાછળ લાલ, શ્વેત અને નીલરંગનાં ચક્રો શોભે છે. શ્રીદત્તનું ભાલ (કપાળ) વિશાળ છે. તેના પર સુંદર તિલક બિરાજમાન છે. મસ્તક પર જટા છે અને તેના પર સુંદર મુગટ શોભાયમાન છે. મુગટને અનેક રત્નો જડેલાં છે. કાનમાં મકરકેયૂર અને કુંડળો છે. હાથની આંગળીઓમાં મુદ્રા (અંગુઠી) છે. બાહુદંડ સીધા જાનુ સુધી લાંબા છે. (આજાનુકર).

શ્રીદત્તના હાથનાં તળિયા લાલાશ પડતા અને સુકોમળ છે. તેમના અતિદિવ્ય એવા હૃદયપ્રદેશની ઉપર કંઠનાળ શોભે છે. ઉદર પર ત્રિવલિ (ત્રણ રેખાઓ) શોભે છે. નાભિ છીછરી અને નાની છે. જાંઘ અને ઘૂંટણ કેળના થાંભલા પ્રમાણે તેજસ્વી દેખાય છે. બે ચરણ અત્યંત કોમળ છે. તે તો ડરથી શોભાયમાન છે. આ ચરણો શરણાગતને તારનાર છે. કમર પર સુંદર મેખલા શોભે છે. ગળામાં વનમાળા છે અને પીતાંબર વિદ્યુલ્લતા જેવું ચમકે છે. યજ્ઞોપવીત ગળામાં શોભે છે. બાહુદંડમાં બ્રિદભૂષણ છે. હાથમાં મણિમય કંકણો શોભે છે અને

ઉત્તરીય વસ્ત્ર પરિધાન કરેલું છે. હાથમાં શંખ, ચક્ર, ગદા, ત્રિશૂળ, ડમરુ, દંડ, કમંડલુ, માળા અને કમળ ધારણ કર્યાં છે. સુંદર શાર્દૂલ ચામડાના આસન પર દિગંબર અવસ્થામાં બેઠા છે અને પાછળ કામધેનુ ગાય ઊભી છે. કાંધે ઝોળી છે, ચરણોમાં પાદુકાઓ પહેરેલી છે. દેહ હોવા છતાં વિદેહવૃત્તિથી આનંદપૂર્વક શાંતદષ્ટિથી અવલોકન કરી રહ્યા છે. તે હંમેશાં સ્વાનંદમાં જ મગ્ન હોય છે.

નારદે વર્ણવેલા ધ્યાનને વાગોળવાથી (ધારણા કરવાથી) પરમાનંદ મળે છે. ષોડશોપચારથી માનસપૂજન કરી પછી સ્તવન કરવું. શ્રોતાઓની વિનંતી છે કે ધ્યાનમાં વર્ણવેલા ત્રિમુખ અને ધારણ કરેલા શસ્ત્રો અંગે સવિસ્તર વિવેચન કરવું. સૃષ્ટિકર્તા બ્રહ્મદેવનું મુખ ગૌરવર્ણનું તે પહેલું. શેષશયન કમલાકાંતનું શ્યામવર્ણનું મુખ બીજું, કૈલાસપતિનું કર્પૂર વર્ણનું મુખ ત્રીજું. હવે આયુધો બાબત સાંભળો. સહુથી નીચા બે હાથમાં માળા અને કમંડલુ, વચ્ચેના બે હાથમાં ડમરુ અને ત્રિશૂળ, ઉપલા બે હાથમાં શંખ અને ચક્ર શોભે છે. ક્યારેક ગદા અને કમળ પણ હોય છે. આવા દત્તાત્રેયના ખભે હેમપાત્રની ઝોળી છે. તે વિવિધ પ્રકારનાં રૂપો ધારણ કરે છે. સાથે પવિત્ર કામધેનુ છે. આ પ્રકારનું વિવેચન સાંભળી શ્રોતાઓને આનંદ થયો. તેઓએ વિનંતી કરી કે હવે આગળનું વિવેચન કરો. આવા શ્રીદત્તનું સ્વરૂપ ધ્યાનમાં રાખી નારદ નીચે પ્રમાણે સ્તવન કરવા લાગ્યા.

હે અવિનાશ, તારો જયજયકાર હો. તું નિર્ગુણ, નિરામય, પરેશ, માયાતીત, સર્વેશ અને અનંત છે. તને નમસ્કાર. હે નિખિલ બ્રહ્મ સનાતન, સર્વાત્મક અને સર્વભૂષણ, ષડ્ગુણ-ઐશ્વર્યસંપન્ન, તારો જયજયકાર. હે દયાઘન તને નમન. હે સર્વસાક્ષી સર્વજ્ઞ, ગુણપ્રજ્ઞ, તારો વિજય થાવ. સર્વની પેલે પાર સર્વસુજ્ઞ, ભક્તવત્સલ, ભક્તવરજ્ઞ તને નમન હજો. હે સગુણરૂપસુંદર, રજોગુણી, સૃષ્ટિકર્તા તારો જયજયકાર.

હે સત્ત્વધીર, સૃષ્ટિપાલક, તમોગુણાત્મક, સૃષ્ટિસંહારક, તને નમસ્કાર. હે અત્રિનંદન, અનસૂયાત્મજ, કુળભૂષણ, ત્રિગુણાત્મક, ત્રિતાપહારક, સંસારભંજન તને નમન હજો. હે સહ્યાદ્રિમાં નિવાસ કરનાર, માતાપુર (માહુર) નિવાસી, કરુણાસાગર, ભક્તવત્સલ, દયાળુ, શ્રીદત્ત, અમે પ્રેમથી તમારા ચરણે નતમસ્તક છીએ. હે સિદ્ધ, યોગેશ્વર, પાપમોચક, કૃપાસાગર, જીવોના પાલનકર્તા, જગતના ઉદ્ધારક, અચલ, અગોચર, તારો જયજયકાર* કરી તને અમે વંદન કરીએ છીએ.

હે ત્રિગુણાત્મક, ત્રિવદન, છ કમળો જેવા સુંદર નેત્રોવાળા, ભસ્મ વિલેપન કરનાર, અલંકારથી શોભતા, તને નમસ્કાર. હે શંખચક્રગદાધારી, સર્વોત્તમ, દુષ્ટસંહારક, અજ્ઞાનને છેદનાર, દિગંબર, જેનો પાર પામી શકાતો નથી તેવા શ્રીદત્તને અમારા નમસ્કાર. હે ત્રિશૂળ, ડમરુ, ખડ્ગ ધારણ કરનાર, અનન્યપ્રિય, ભયનિવારણ કરનાર, સકલ નિયંતા, કાર્યકારણસ્વરૂપ, સચ્ચિદ્ઘન તારો જયજયકાર. હે બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર, દંડ, કમંડળુ, કૌપીન ધારણ કરનાર, શાર્દૂલચર્મ ધારણ કરનાર, સુખદાયક, તને નમન. સરિતાના કિનારે રહેવું જેને પ્રિય છે તેવા આનંદરૂપ લક્ષ્મીનિવાસ, તને નમસ્કાર. હે પાવન કરનાર પરમાનંદસ્વરૂપ, બ્રહ્મરૂપ, આનંદકંદ, ભેદાતીત, અભેદ, અદ્વયબોધ કરનાર તને નમસ્કાર. હે જગદ્ગુરુ, અવિનાશ, નિશ્ચળ, વંદનીય, સુરેશ, અનંત, અભંગ, સકલાધીશ, પરાત્પર પરેશ, તારો જયજયકાર અને તને નમન. હે દીનોદ્ધારક, દીનોનો સ્નેહી, સર્વ દેવ તારું ધ્યાન કરે છે. સિદ્ધ, મુનિ અને સાધુ તારું સ્તવન કરે છે. બધા જ લોકો તારું ધ્યાન કરે છે. દેવ, અમર, બ્રહ્મા આદિ તારી હરિહરાત્મક મૂર્તિ જોઈ તેની પૂજા અને ધ્યાન કરે છે.

---

* ઈશ્વરનો જયજયકાર કરવો એટલે તેમને સર્વ ઐશ્વર્ય-શક્તિ સાથે પ્રગટ થવા વિનંતી કરવી એવો પણ અર્થ થાય છે.

તારું શ્યામસુંદર સુહાસ્યરૂપ જોઈ બધા જ અનન્યભાવથી તારે શરણ આવે છે. શરણાગત તમારી પ્રાર્થના કરે છે કે તું જગત્પાવન દાતા છે, અમને કૃપાદાન આપ. તું દયાળુ અને ઉદાર છે. તારી પાસે અનંત રિદ્ધિ સિદ્ધિના ભંડાર છે. તારી પાસે બે કામધેનુ હંમેશાં હોય છે. સર્વ કોઠાર તારી પાસે જ છે. તું ભુક્તિ-મુક્તિનો દાતા છે. તું દયાપૂર્વક જીવોનું રક્ષણ કરે છે. સર્વ સંકટોનું નિવારણ કરી તું ઈચ્છિત કામના પૂર્ણ કરે છે. તું હંમેશાં શાંત અને સુપ્રસન્ન હોય છે. તું અનન્ય ભક્તોનું પાલન કરે છે અને ગમતા પદાર્થો આપી તેમને સંસારપાશમાંથી મુક્ત કરે છે. તું સર્વ દેવોનો દેવ, સિદ્ધ યોગીઓનો મુગટમણિ, અનંત બ્રહ્માંડના બીજ સ્વરૂપ અને જીવોનો જીવ છે.

તું અમારા સર્વનો અધિપતિ, જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન છે. તારી કૃપા વિના સર્વ જીવ મૂઢ રહે છે. આથી હવે તું પ્રસન્ન થઈ આ સ્તુતિને માન આપી પતિતપાવન એ નામને સાર્થક કરી સર્વનું કલ્યાણ કર. સર્વ અમંગળને નષ્ટ કર, સર્વ રીતે મંગળ કર. અનન્યોને આનંદ આપી સર્વનો અંગીકાર કરવો. આ પ્રમાણે ઋષિ, મુનિવર, સુરવર, યક્ષ, ગંધર્વ, કિન્નર, માનવ અને વિદ્યાધર આદિએ શ્રીદત્તની અપાર સ્તુતિ કરી. મુખ્યત્વે નારદ અને ભૃગુમુનિએ રચેલા સ્તવનથી સ્તુતિ કરી. સ્તુતિ સાંભળી દત્તાત્રેયે કૃપાળુ થઈ અભય વરદાન આપ્યું. પૂર્ણ ભક્તિભાવપૂર્વક પ્રથમ ધ્યાન (વર્ણન કર્યા પ્રમાણે) પછી માનસપૂજા અને અંતે સ્તવન કરવું. આ સ્તોત્રનું પઠન વીસ વાર કરવું. આ પ્રમાણે હજાર આવર્તનો પૂર્ણ થતાં શ્રીદત્ત પ્રસન્ન થાય છે.

ભૂતપિશાચ, સંબંધનો ભય અને વિવિધ સંકટોનું નિવારણ કરી શ્રીદત્ત શરીરનું રક્ષણ કરે છે. આ સ્તોત્ર યશદાયક, કીર્તિ વધારનાર, પુત્ર-પૌત્ર, ધનધાન્યદાયક, ક્ષેમ અને આયુઆરોગ્યદાયક કલ્યાણ

અને વિજયશ્રી પ્રાપ્ત કરાવી આપનાર છે. તેનાથી રાજા, પ્રજા વશ થાય છે અને સર્વ લોકો મોટાઈ આપી વંદન કરે છે. આ સ્તોત્રપઠનથી ક્ષય અપસ્માર ઈત્યાદિ રોગો દૂર થાય છે. કુષ્માંડ, ડાકણ અને યક્ષને પલાયન કરે છે. યંત્ર, મંત્ર, તંત્રની બાધા નડતી નથી અને શ્રી અવધૂત સંપૂર્ણ રીતે ભક્તનું રક્ષણ કરે છે. ગ્રહપીડા, ઉપાધિ, આધિ-વ્યાધિ દૂર થાય છે. કૃપાનિધિ વન, જળ, અગ્નિથી રક્ષણ કરે છે. અજ્ઞાનનો નાશ થાય છે, ઈચ્છિત જ્ઞાનપ્રાપ્તિ થાય છે.

સ્તોત્રપઠનથી વિદ્યાપ્રાપ્તિ થાય છે અને આયુષ્યવર્ધન થાય છે તેમજ ભુક્તિમુક્તિ પણ પ્રાપ્ત થાય છે. નિયમોનું પાલન કરી પ્રસંગાનુરૂપ કષ્ટ વેઠી આચરણ કરવું. એટલે પૂર્ણકામ શ્રીદત્તને દયા આવે છે. મનમાં વિપરિત વિચાર આવવા દેવો નહીં. પૂર્ણ એકાગ્રપણે અનુષ્ઠાન કરવું. અનુષ્ઠાન દરમ્યાન પરાન્ન, પ્રતિગ્રહ (દાન લેવું) અને શય્યા (પથારી)નો ત્યાગ કરવો. આ રીતથી નિશ્ચયપૂર્વક આચરણ કરવાથી અવિનાશ દત્તની ત્વરિત કૃપા થાય છે. જે આચરણ કર્યા વગર જે દોષયુક્ત અનુષ્ઠાન કરે છે તે રૌરવ નરકને પ્રાપ્ત થાય છે. જે વ્રતસ્થ રહી આ સ્તોત્રનો પાઠ કરશે તેના શત્રુ વશ થશે. તેમની ઈચ્છા પૂર્ણ થશે અને દત્તદર્શન થશે. આ વરદાન ઋષિમુનિઓને આપ્યું. તેને પ્રાકૃતભાષામાં મેં શ્રોતાઓને સંભળાવ્યું. શ્રોતાઓએ વિનંતી કરીઃ અમને પાવન કથા સંભળાવી, સ્તોત્ર માહાત્મ્ય પણ સંભળાવ્યું. જાણે કલ્પદ્રુમ જ રોપ્યો. સર્વના મનોરથો પૂર્ણ કરવા માટે અવિનાશે અવતાર લીધો. પરંતુ તેની સ્થિતિ, ગતિ અમને કહો. વક્તાએ કહેવાની શરૂઆત કરી.

વક્તા કહે છેઃ અવધૂતની સ્થિતિ કોઈ પણ ઓળખી શકતું નથી. તે કદિ બાળકની જેમ વર્તે, કોક વાર ઉન્મત્ત એટલે કે ગાંડાની જેમ

વર્તન કરે છે. તો કોક વાર પિશાચની જેમ પણ આચરણ કરે છે.* કદિ તે નગ્ન દિગંબર અવસ્થામાં, કદિ ફકીર**, યવન, યોગી, ભોગી, સંગી, નિઃસંગી એવા વિવિધ વેશોમાં વિચરણ કરે છે. તે ઈચ્છામાત્રે ગમે તે સ્થળે ગમન કરી શકે છે. (સ્મર્તૃગામી) જે લોકો તેનું સ્મરણ કરે છે તેની પાસે તે પહોંચી જાય છે. તે રાજયોગ તેમજ હઠયોગને જાણતો હોવા છતાં તેનો માર્ગ નિરાળો છે. તે બધું જ જાણવા છતાં અજાણની જેમ વર્તે છે. સર્વવ્યાપી હોવા છતાં અવ્યાપી તરીકે રહે છે. તે ભાસતો હોવા છતાં (દેખાતો) ભાસતો (દેખાતો) ન હોય એમ વિલસે છે. કર્મ કરતો હોવા છતાં અકર્તા છે.

આવો આ અવિનાશ દત્તરાજા વેદપુરાણોને અતર્ક્ય હોઈ કોઈ પણ અનુમાન પ્રમાણે હોતો નથી. તેણે કૃપા કરી તો અંતઃકરણમાં જ્ઞાનદીપ પ્રજવલિત થાય છે અને તેનું રૂપ દૃશ્યમાન થાય છે. સામાન્ય રીતે તે અરૂપ છે. તેની કૃપા સંપાદન કરવા યોગીઓ કષ્ટ વેઠીને ગુફાઓમાં સાધના કરે છે. બાળકો, વૃદ્ધો કષ્ટમય સાધના કરી શકતા નથી. આથી આ સહેલો ઉપાય કહ્યો છે. પરંતુ તે માટે મનમાં દૃઢ ભક્તિભાવ જોઈએ. ઈંદ્રિયનિગ્રહ કરી ધ્યાન, માનસપૂજા અને સ્તોત્રપઠન અનન્યભાવથી કરવાને લીધે તે અવિનાશ દત્ત ભક્તો ઉપર કૃપા કરશે જ. તેમાં જરીકે શંકા નથી. નારદ અને ભૃગુનું આ સત્યવચન છે. પઠન માત્ર એકાગ્ર ચિત્તથી કરવું જોઈએ. લોકહિત માટે આ સહેલો ઉપાય ગ્રંથમાં કહેવામાં આવ્યો છે. પ્રેમભાવથી આ સૂચન ધ્યાનમાં રાખી પોતપોતાનું હિત સાધી લેવું. આનો મને પ્રત્યક્ષ (કાવડીબુવાને) અનુભવ થયેલો છે. આથી મારું આગ્રહભર્યું સૂચન છે.

---

* બાલોન્મત્તપિશાચવેષાય... શ્રીદત્તમાલામંત્ર.

** સંત એકનાથને ફકીરના વેશમાં દર્શન આપ્યાં હતાં.

સુરવરો અને ઋષિસમુદાયે અપાર સ્તવનોથી દિગંબરને સંતુષ્ટ કર્યા. પ્રાર્થનાના જવાબમાં અભય આપતાં શ્રીદત્તે કહ્યું કે ભક્તોના બધા જ મનોરથો પૂર્ણ થાવ. તે અભયવાણી સાંભળી ગગનમાં દુંદુભિનો અવાજ સંભળાયો. સર્વને આનંદ થયો. સુરવરોએ શ્રીદત્ત નામનો જયઘોષ કરી પુષ્પવૃષ્ટિ કરી. બધાએ કાયા, વાચા, મન શ્રીદત્તને સમર્પિત કર્યાં. ઋષિઓએ વેદઘોષ કરી પ્રેમથી શ્રીદત્તને વંદન કરી રજા લીધી અને સ્વસ્થળે ગમન કર્યું. બધાએ સિંહાચલ ફરતે પ્રદક્ષિણા કરી, શ્રીદત્તને સાષ્ટાંગ નમન કર્યાં અને જયજયકાર કરી રજા લીધી. શ્રી સદ્‌ગુરુ દત્ત દયાઘન છે. તે શરણાગતને પાવન કરે છે અને તેમની કામના પૂર્ણ કરે છે. શ્રીદત્તનાં દર્શન થાય તેવી ઈચ્છા હોય તો સંતોને શરણે જવું અને પ્રેમથી તેમની સેવા કરવી. આથી જ અનંતસુત (કાવડીબુવા) સંતનો અંકિત છે. તેમની કૃપાથી જ આ રસાળ વિવેચન ચાલી રહ્યું છે.

॥ ઈતિ ચતુર્દશોડધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૧૫

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રીસદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ અવિનાશ, ઉદાર, કૃપાઘન, સર્વેશ્વર, ચિદ્‌વિલાસ, જગદુદ્ધારક, ત્રિગુણસુંદર, તને નમન. હે ત્રિતાપહારક નિઃસંગ તને નમસ્કાર. હે પરમપુરુષ, તારો જયજયકાર. તું કેવળ આનંદનો કંદ હોઈ શરણાગતના અંતરની ઈચ્છા પૂરી કરે છે.

ગત અધ્યાયમાં દેવો, ઋષિઓ સ્વસ્થળે પાછા ગયા તે આપણે જોયું. આ બાજુ અવિનાશ દત્તે માતા તેમજ પિતાને યાત્રાનો વૃત્તાંત કહ્યો. પર્વત, ગુફા, દેવક્ષેત્રો અને સિદ્ધ યોગીઓ સાથેની મુલાકાત ઈત્યાદિ સર્વ બાબતો કહી. બધાં જ દર્શનો, ભક્તિપ્રેમનો વાર્તાલાપ, પ્રાપ્ત થએલો પ્રસાદ ઇત્યાદિ સર્વ નિવેદન કર્યું. કયા કયા સ્થળે વિશ્રામ લીધો તે અંગે પણ વિસ્તારથી કહ્યું. શ્રીદત્ત જેનું પણ વિવેચન કરતા તે તે સાંભળી માતાપિતા બંનેને આનંદ થતો. આશ્રમમાં નિત્ય સિદ્ધો, ઋષિઓ આવતા અને શ્રીદત્તને મળીને તેમના અંતઃકરણમાં પ્રેમની ઊર્મિઓ ઉછાળા મારતી. આશ્રમમાં પધારેલા દ્વિજોને અત્રિ-અનસૂયા પૂજા કરી સત્કાર કરતાં અને ભોજન આપતાં. અવિનાશ દરેકની ઈચ્છા પૂરી કરતા. દત્ત દિગંબર જયાં પણ રહે છે ત્યાં આધિ, વ્યાધિ, ભય, પીડા, રિપુ, તસ્કર રહી શકતા નથી. બધાને સુખ જ પ્રાપ્ત થતું.

ત્રિદેવના આગમનથી સહ્યાદ્રિ પર્વત પર આનંદનો વર્ષાવ થતો. અત્રિ અને અનસૂયા અનુપમ સુખનો આસ્વાદ લેતાં હતાં. ચંદ્ર, અવિનાશ (દત્ત) અને દુર્વાસા નિત્ય માતા-પિતાની સેવા કરતા. તે કાયા, વાચા, મન થકી સેવા કરતા. તીર્થયાત્રા, વ્રત, તપ, દાન, ક્ષેત્ર, દેવ (સેવા) યજ્ઞ અને અનેક પૂજા અનુષ્ઠાનો કરતા પણ પિતૃસેવા શ્રેષ્ઠ છે. પૃથ્વીનું દાન કરો અથવા અશ્વમેઘ યજ્ઞ કરો, પિતૃસેવા સામે આ બધું ફિક્કું છે. ત્રણ મહાયાત્રા, સુવર્ણરત્નનું તુલાદાન આ બધા કરતાં માતાને કરેલું એક વંદન શ્રેષ્ઠ છે. બધા કરતાં પિતૃસેવા શ્રેષ્ઠ છે. પિતૃસેવા સામે બીજા કોઈ પણ પુણ્યની બરોબરી ન થઈ શકે. આ સિદ્ધાંત ત્રિગુણાત્મકદેવે અમલમાં મૂક્યો. સીધા સાદા લોકોને ભવ તરી જવાનો સરળ માર્ગ શ્રીદત્તે પોતે આચરીને સર્વને બતાવ્યો. અનન્ય પ્રેમથી તેમણે માતા-પિતાને દેવ માન્યા અને તેમની અપૂર્વ સેવા કરી.

શ્રીદત્તે માતા-પિતાનું અનન્ય દાસ્યત્વ સ્વીકાર્યું. ત્રેતાયુગમાં જેમ શ્રવણે માતાપિતાની સેવા કરી, કાવડમાં બેસાડી યાત્રા કરાવી તે જ પ્રમાણે અવિનાશે પણ માત-પિતાની સેવા કરતાં વેદચર્ચા કરી. પિતૃઆજ્ઞાને શિરસાવંદ્ય કરી અનેક કાર્યો કર્યાં. તેમને છોડી ક્યાંય ન જતા. હંમેશાં હાથ જોડી તેમની સામે ઊભા રહેતા. પુત્ર તેમને જ કહેવાય જેઓ હંમેશાં પિતૃસેવા માટે તત્પર હોય. સ્વપ્નમાં પણ તેમની આજ્ઞાનો અનાદર કરતા નથી અને તેમની સેવા માટે ઉચ્ચ પ્રાથમિકતા આપે છે. જગતમાં એવા પણ ધનાઢ્ય અને સુખી પુત્રો હોય છે જેઓ પિતાને જોઈને આનંદિત થવાને બદલે દુઃખી થાય છે અને તેમને બોજારૂપ માને છે. જે પુત્રોને પિતા જોઈ આનંદ થતો નથી તેઓ તેમને પ્રેમથી વંદન શા માટે કરશે? તેવા પુત્રો તો પિતાના મૃત્યુની રાહ જોતા હોય છે અને અભિપ્રાય આપે છેઃ ઘડપણમાં શા માટે વધુ જીવવું?

માતાપિતા પુત્રો સાથે ઘણા જ પ્રેમથી વાર્તાલાપ કરતા હોય છે પરંતુ પુત્રોને તે વાતોમાં કંટાળો આવે છે. માતાપિતાની આજ્ઞા-સૂચન સાંભળી તેમના પર ક્રોધે ભરાય છે. તેવા પુત્રો તેમને પૂરતાં અન્ન-વસ્ત્ર આપતા નથી. માગે તો કઠોર વચનો બોલે છે અને જરા પણ સુખ ન ઈચ્છતાં તેમનું મરણ ઈચ્છે છે. પુત્રને તો પોતાની પત્ની, પુત્ર અને ધન પ્રાણથી પણ પ્રિય હોય છે. તેવો પાપી દુષ્ટ બુદ્ધિવાળો પુત્ર પિતાની પૂજા સત્કાર કદિ પણ કરતો નથી. માતા ઓછા વસ્ત્રોથી ચલાવતી હોય તો તેને ગાંડી-રાંડ જેવા શબ્દો બોલીને પણ તેના હૈયાને વાક્બાણથી વીંધે છે. પોતાની પત્નીને જોકે તે કિંમતી સાડીઓ લાવી આપે છે અને તેની અનેક ઈચ્છાઓ પૂરી કરે છે. માતાએ ચીંથરા પહેર્યા હોય તો પણ પુત્રને શરમ લાગતી નથી. પિતા લંગોટી પહેરે તો પણ તેને સંકોચ થતો નથી. આવો પુત્ર પોતે તો રેશમી ધોતિયું પહેરે છે પરંતુ પિતાની લંગોટી બદલવાની તેને ઈચ્છા થતી નથી.

આવો પુત્ર જન્મીને માતાપિતાને અનિવાર દુઃખ આપે છે. તેમની સાથે કદિ પણ મધુર વચનોની આપ-લે કરતો નથી પરંતુ દુષ્ટ શબ્દોનો મારો તેમના પર કરે છે. તેમની સાથે એકદમ કઠોર વર્તે છે અને માતાપિતાને ભયથી થરથર કાંપવા મજબૂર કરે છે. પોતે અને પત્ની ગાદી-ગાલીચા ઉપર આળોટે છે જ્યારે માતાપિતાને જમીન ઉપર સૂવડાવે છે. તેના મનમાં કદિ પણ દયા આવતી નથી અને હંમેશાં મર્માંતક બોલીને માતાપિતાને દુભવે છે. માતા જો વાત્સલ્યભાવથી નજીક આવે તો આ કપૂત દૂર જતો રહે છે અને તેની ઠેકડી ઉડાડતાં કહે છેઃ બોલતાં તારૂં થૂંક ઊડે છે; આવો લવારો ન કરીશ. વૃદ્ધત્વ ક્યાં સુધી લંબાવવું છે? કપડામાં મળમૂત્રની દુર્ગંધ આવે છે. જ્યાં ત્યાં થૂંકીને ઘર ઉકરડા જેવું કર્યું છે. તમને આટલી આવરદા કોણે આપી? અમે કેટલો ત્રાસ ભોગવીએ? પેલું મૃત્યુ પણ ક્યાં લપાઈ ગયું છે? તમે બંને જણે જગતમાં અમારી બદનામી કરી છે. તમે મૃત્યુ પામ્યા એટલે અમને શાંતિ થશે. આમ તો મર્યા પછી પણ તમે અમને છોડવાના નથી. મૃત્યુખર્ચ નિમિત્તે અમારા ખિસ્સા ખંખેરવાનાજ! અમે તમારા દેવાદારો ખરાને? દેવું ચૂકવવું જ જોઈએ.

ઉપર પ્રમાણેનાં કઠોર વચનોથી નિત્ય પીડા આપી, પુત્ર પિતાના ચિત્તને ગહન દુઃખ પહોંચાડે છે. આવા પુત્રનાં વચનો સાંભળી તેઓ ઈશ્વરને પ્રાર્થે છેઃ હે દેવ, અમને ત્વરિત મૃત્યુ આપ. સમય જતાં તે સમય પણ આવે છે. દેહ રોગથી જર્જર થાય છે અને પ્રાણ આકુળવ્યાકુળ થાય છે તો પણ પુત્રને દયા આવતી નથી. છેલ્લી ક્ષણે પણ પુત્ર સેવા કરતો નથી અને તેની સ્ત્રી પણ સાસુ-સસરાની નજીક બેસતી નથી. તેમને ન તો અન્ન-પાણી આપે છે. જોકે જગતમાં દેખાવ જુદો જ કરે છે. બહાર બેસી આંખે કપડું ઢાંકી ખોટું રૂદન કરી કહે છેઃ માતા-પિતા છોડીને ગયા છે તેનું દુઃખ છે અને લૌકિક રીતે ફરી રૂદન કરે છે.

આમ, જગતને છેતરી ખોટું રૂદન કર્યા પછી જગત તેને સાંત્વન આપે છે. તે પછી અંતરમાં આનંદ પામી તે ઉત્તરકાર્યનો પ્રારંભ કરે છે. દ્રવ્ય ખર્ચ કરતાં તેને ત્રાસ થાય છે તેથી તે લોકોને કહે છેઃ મુશ્કેલીના સમયમાં પિતાનું નિધન થયું. મૃત્યુ પાછળ ઘણું ધન વ્યય કરવાની ઈચ્છા છે પરંતુ નિરુપાય છું. મનમાં ઘણો ઉમંગ હતો પરંતુ પિતાજીની પુણ્યાઈ નહીં આથી પૈસાની ટંચાઈ ભાસે છે. હે બ્રાહ્મણો, તમે જે કાંઈ મળે તેને પ્રેમથી સ્વીકારો. આમ કહી તેણે ક્રિયાકર્મ શરૂ કર્યું. આનંદથી પિંડદાન (શ્રાદ્ધકર્મ) કર્યું. દ્વિજોને દાન અને દક્ષિણા પણ ઉધાર જ રાખી. ફક્ત સંકલ્પ છોડ્યો. સર્વ પ્રસંગ પૂરો થયા પછી મનમાં ખુશ થતો ઘરમાં પાછો આવ્યો.

સંકલ્પ અનુસાર બ્રાહ્મણો દાન-દક્ષિણા માંગવા આવ્યા. તેણે અનેક વાયદાઓ કરી ધક્કા ખવડાવ્યા. બ્રાહ્મણો આશામાં ધક્કા ખાતા હતા. દક્ષિણા માટે વધુ આગ્રહ કરતાં પુત્ર ક્રોધ કરવા લાગ્યો. બ્રાહ્મણો આશ્ચર્યથી કહેવા લાગ્યાઃ આવો જ તમારો પુત્રધર્મ? મા-બાપના પુત્ર થઈ તેમના ઋણમાંથી મુક્ત થવાનું તેને બદલે અમને ધક્કા ખવડાવો છો? આમ કરવાથી પિતૃઋણ ઓછું થશે? પુત્ર તાડૂક્યોઃ હું શું બાપનો દેવાદાર છું? ઘણાં લોકો અનેકને જન્મ આપે છે; તેમાં વિશેષ શું? પોતે મૃત્યુ પામ્યા અને દેવું મારા માથે માર્યું. મેં તેમના બાપનું શું ઉધાર લીધું છે તે મારે કરજ ભરવાનું?

યજમાનની આવી વાણી સાંભળી બ્રાહ્મણ અચંબામાં પડ્યો અને વિચારવા લાગ્યોઃ આ દુષ્ટ તો આપણા પૈસા આપશે નહીં. આને માટે આપણે ધર્માદા કર્યું તેમ સમજીશું. આ માણસ અતિ દુરાચારી છે. ફરી કોઈ પણ દિવસ આ ખળના ઘેર ફરકવું નહીં. આમ કહી તેઓ પોતાને ઘેર દુઃખિત મનથી ગયા. ગ્રંથકાર કહે છેઃ આવા લોકોને જગતમાં ખરેખર ધિક્કાર છે. આવા લોકોનું મોઢું જોવું ન જોઈએ. તેઓ

યમરાજના કેદીઓ છે. તેમના માટે અઘોર નરક જ યોગ્ય છે. આવા લોકોનું વદન જોતાં જ સચૈલ (માથાબોળ- વસ્ત્રોસહિત) સ્નાન કરવું. તેમનો પડછાયો પણ આપણા પર પડવો ન જોઈએ તો પછી વાતચીત કરવાનો તો સવાલ જ ઊઠતો નથી.

પિતૃદ્રોહી, માતૃદ્રોહી, સ્વામીદ્રોહી, ગુરુદ્રોહી, બ્રહ્મદ્રોહી, સાધુદ્રોહી રૌરવ નરકના જ અધિકારી છે. તેઓએ બ્રહ્મહત્યા, સુરાપાન, અભક્ષ-ભક્ષણ, ગમનાગમન ઈત્યાદિ બધા જ દોષો કર્યા છે તેમ સમજવું. શાસ્ત્રો, પુરાણો, વેદોમાં જે અનેક દોષોનું વર્ણન છે તે પિતૃદ્રોહી અને ગુરુદ્રોહીના માથે અચૂક ગણાવ્યા છે. તેવા ચંડાળનું અન્ન કદિ પણ સેવન ન કરવું જોઈએ. જો ભૂલથી સેવન કરીએ તો તે સૂતકનું અન્ન સમજી તરત જ ઓકી કાઢવું જોઈએ. આવો નીચ પ્રવૃત્તિનો પુત્ર જો છ શાસ્ત્રોમાં નિપુણ હોય, વેદવક્તા તરીકે પ્રસિદ્ધ હોય, અનેક માન્યતા પામે તો પણ પિતૃદ્રોહને લીધે તેની સારી લાયકાતો નિષ્ફળ થાય છે.

પિતૃદ્રોહી માણસ જો મોટું તપ આચરે, યોગાભ્યાસ કરે, દેવતાર્ચન કરે પણ પિતૃદ્રોહને લીધે તે બધું જ વ્યર્થ છે. જેનું મન પિતૃચરણમાં નથી અને ખુલ્લા પગે તીર્થયાત્રા આચરે, મોટું ધર્મદાન કરે તો પણ તે વ્યર્થ ગણવું. માતાપિતા હોવા છતાં જે તેની સેવા કરતો નથી તેની વિવેકબુદ્ધિને શું માથે ચઢાવવી? આવા દુષ્ટને નમસ્કાર પણ ન કરવા. જે લોકો બહારથી દાંભિકતા બતાવી અંદરથી જે માતાપિતાને ત્રાસ આપે છે તે નરકમાં જ જાય છે. શ્રોતાઓ, માતાપિતા એ પ્રત્યક્ષ ગુરુ અને દેવ હોય છે. આથી જે મનુષ્ય તેમને દુઃખ આપે છે તે ડગલે ને પગલે અનિષ્ટ પામે છે. તેને દારિદ્ર, અપમાન, અનેક વિઘ્નોનો સામનો કરવો પડે છે. તેની મૂર્ખાઈ પણ વધતી જાય છે. કોઈ પણ કાર્યમાં તેને અપયશ જ મળે છે. તેની કીર્તિ નષ્ટ થાય છે, જગતમાં વિના કારણ દ્વેષ વધે છે અને એ રીતે સર્વનાશ થાય છે.

જે પુત્રો પિતૃસેવામાં તત્પર રહી સેવક પ્રમાણે આજ્ઞા પાળે છે, નાનકડા સૂચનનો પણ અનાદર કરતા નથી અને તેનું શબ્દશઃ પાલન કરે છે, જેમને પિતૃસેવા ગમે છે, પાદસેવન માટે પ્રીતિ છે, વધુ સેવા કરી તો પણ ઓછી કરી તેમ લાગે છે, પોતાના માતાપિતા ખૂબ દીર્ઘજીવી રહે અને તેમની સેવામાં પોતાનો અંત થાય તેમ જે પુત્રોને લાગે તેઓ ખરેખર ધન્ય છે. તેઓ હંમેશાં ઈશ્વરને પ્રાર્થના કરતા હોય છે કે આ વૃદ્ધ માતાપિતાને તું હંમેશાં સુખી રાખ, આ જીવોને દુઃખ બિલકુલ પડવું ન જોઈએ, મને તેમનાં ચરણો પાસે રાખ. આ પ્રમાણેની જે પુત્રો પ્રાર્થના કરતા હોય છે તેમના દ્વારે રિદ્ધિ-સિદ્ધિ દાસી તરીકે રહે છે. હરિ તેમનો મિત્ર થાય છે. તેનું માન-સન્માન હંમેશાં વધે છે. તેના દર્શનથી જગત પાવન થાય છે અને પાપ નષ્ટ થઈ પુણ્યનો ઉદય થાય છે. તેમને દુઃખદારિદ્ર નડતાં નથી. સર્વ દેવ તેમની હાથ જોડી સ્તુતિ કરે છે. આવા અવિનાશ (દત્ત), દુર્વાસા અને ચંદ્ર હતા. અતિ પ્રેમથી તેઓ અત્રિ અને અનસૂયાની સેવા કરતાં. ઘણો સમય વીતી ગયો.

એક દિવસ અત્રિ-અનસૂયા ત્રિદેવોને આનંદપૂર્વક કહેવા લાગ્યાંઃ તમે આટલા દિવસ અમારી હૃદયપૂર્વકની સેવા કરી અને અમને સુખ આપ્યું તે સેવા માધવને પહોંચી. તમારા મનની સકલ કામના સફળ થાવ. ત્રિભુવનમાં તમારી કીર્તિ પ્રસરશે. તમે અનેક લોકોને પાવન કરશો. તમને સર્વ સંપત્તિ અને સત્તા પ્રાપ્ત થશે. શાંતિ, ક્ષમા, દયા, વિરક્તિ, વિદ્યાધન, શરીરસંપત્તિ, વિવેક અને જ્ઞાન એ હંમેશાં તમારી પાસે રહેશે. વિદ્યાગુણવૃદ્ધિ તમને પ્રાપ્ત થાય અને તમારા દર્શનથી ત્રિવિધ તાપ અને અજ્ઞાન નષ્ટ થાવ. તમને શ્રેષ્ઠ બળ અને પરાક્રમ પ્રાપ્ત થાવ અને તમારી વાણી સફળ થાવ. તમારા દ્વારા અનેકની ઈચ્છાપૂર્તિ થાય અને તમારા દ્વારા અનેકનો ઉદ્ધાર થતો રહે. દુઃખ

પીડા, દુષ્ટમતિ, દ્વૈતભેદ, અવગતિ અને પાપવાસના કલ્પના અંત સુધી પણ તમને નડશે નહીં. જ્યાં સુધી આ ધરતી, ગ્રહ, નક્ષત્ર, તારાઓ, સૂર્ય છે ત્યાં સુધી તમારી કીર્તિ ચોમેર ફેલાએલી રહે. આ વરદાન તમને ફળે. ઉભય માતાપિતાનું વરદાન સાંભળી ત્રણેએ ભક્તિભાવપૂર્વક તેમના ચરણને વંદન કર્યાં અને કહ્યુંઃ અમારા બધાં જ સંકટો નષ્ટ થયાં અને યશશ્રીની પ્રાપ્તિ થઈ છે. તે પછી ત્રિદેવે તેમની સામે હાથ જોડી નમ્ર ઊભા રહી તેમની આ પ્રમાણે સ્તુતિ કરીઃ

હે દીનદયાળ, કોમળ હૃદયધારી, માતાપિતાસમાન, ઉદાર અને ધીર, સુશીલ, આપ્તનું રક્ષણ કરનાર, કરુણાસાગર, તમે અમને જન્મ આપ્યો. લાલન-પાલન કર્યું. તમારા જેટલી બીજા કોઈએ પણ અમારી આટલી સંભાળ લીધી નથી. તમારી કૃપાથી આ સમગ્ર સૃષ્ટિનું દર્શન થયું, તમારા થકી વેદ પઠન અને જ્ઞાન પણ પ્રાપ્ત થયું. તમે અમને બ્રાહ્મણત્વ* પ્રદાન કર્યું. તમે અમને પૂર્ણત્વ પ્રદાન કર્યું. અમારા માટે તમે અનેક કષ્ટો વેઠ્યાં અને અમારો ઉછેર કર્યો, અમારી ઈચ્છાઓ પૂરી કરી. અમે નાનપણમાં રૂઠ્યા તો તમે પોતાના હાથથી મનામણાં કરી ખવડાવતા. આ રીતે અમને કદી પણ દુભવ્યા નથી.

અમારી કુમારાવસ્થા પ્રાપ્ત થયા પછી દ્વિજત્વ પ્રદાન કરી વિદ્યા શિખવી. અમને વિદ્યામાં નિપુણ કરી બ્રહ્મચર્ય આપી તીર્થયાત્રા કરાવી સુખરૂપ પાછા આણ્યા. આ રીતે તમે પરમ કૃપાળુ અને ધન્ય મા-બાપ છો. આ ઉપકારનો બદલો વાળવાની શક્તિ કે યુક્તિ અમારી પાસે નથી. આથી અમે તમારાં ચરણોનો આશ્રય લીધો છે. શાસ્ત્રાર્થ અનુસાર ઋણ અનેક પ્રકારનાં છે. ઋણ, વેર, હત્યા, પાપ અને

---

* બ્રહ્મને જાણે છે- અપરોક્ષ અનુભવ લે છે તે જ સાચો બ્રાહ્મણ છે.

'જન્મના જાયતે શૂદ્રો, સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે ।
વેદપાઠી ભવેત્ વિપ્રો, બ્રહ્મ જાનાતિ બ્રાહ્મણઃ ॥'

પુણ્ય આ પાંચ વાતોનો વિચાર કરી કર્મસ્થાપન કર્યું છે. સર્વ સૃષ્ટિનું માળખું જન્મ-મરણના રેંટના આધારે કઠપૂતળી પ્રમાણે જીવોને નચાવે છે.

મૂળ ઈચ્છાવાસનાનો ખેલ છે. તેમાંથી જ સર્વ કર્મ ઉદ્ભવે છે. જીવ દ્વારા જે ધર્મ આચરાય છે તે જ તેનું કર્મ. જેવી વાસના તે પ્રમાણે બંધન કે મુક્તિ મળે છે. વાસના જે દિશામાં ગતિ કરે છે તે પ્રમાણે ફળ મળે છે. વાસનાનો લય થાય એટલે જીવ સહજ રીતે મુક્ત થાય છે. હવે જુદાં જુદાં ઋણ અને તેમાંથી મુક્ત થવાના ઉપાયો જોઈશું.

દેવઋણમાંથી મુક્ત થવું હોય તો દ્રવ્ય ખર્ચવું પડે. બાકી રહે તો પશુ, શ્વાન થઈને ચૂકવવું પડે છે. અન્નઋણ અન્ન આપીને ચૂકવવું. (અન્નદાનથી) બાકી રહે તો તેમના ઘેર જન્મ લેવો પડે છે. વસ્ત્રઋણ બાકી રહે તો તેમના ઘેર વસ્ત્રોને લાવવા-લઈ જવા પડે છે. તે માટે બળદ, ઘોડો અથવા પાડાનો જન્મ લેવો પડે છે. ધાતુઋણ બાકી રહેતાં ત્યાં ધાતુના કોથળા ઊંચકવા પડે છે. જારઋણ (પરસ્ત્રીગમન) વેશ્યા થઈ ચૂકવવું પડે છે. ઉપકારઋણ ચૂકવવા માટે બીજા ઉપર ઉપકાર કરવો જોઈએ. ઋણ ન ચૂકવીએ તો તે પેટે જન્મ લેવો પડે છે. તે વ્યક્તિને સુખ આપીને પોતે ત્રાસ ભોગવવો પડે છે.

જળઋણ ચૂકવવા માટે બીજાને જીવાડવો પડે. સ્થળઋણ ચૂકવવા માટે સર્પ થઈ ગુપ્તધન આપવું પડે છે. કાષ્ઠઋણ (લાકડાનું ઋણ) ચૂકવવા માટે ઘર, પાષાણ (પથ્થર) ઋણ માટે દેવાલય અને વિદ્યાઋણ માટે સેવા કરવી પડે છે. વાદઋણ ચૂકવવા માટે શાંતિ અર્પણ કરવી પડે છે. ભયઋણ ચૂકવવા ઈચ્છાપૂર્તિ અને વૃક્ષઋણ ચૂકવવા પાણી આપવું પડે છે. કાચની વસ્તુનું ઋણ ન ચૂકવીએ  તો આંખો જાય છે. બે પગવાળા અને ચાર પગવાળા પ્રાણીનું ઋણ ચૂકવવા ઉદરપૂર્તિ (અન્નથી પેટ ભરવું)નો આશ્રય લેવો પડે છે.

દાનઋણ અને ધર્મઋણ કલ્યાણ કરવાથી ચૂકવાય છે. દેવઋણ કુળધર્મ કરવાથી અને સેવાઋણ (બીજાની સેવા લઈએ તો કોક ત્રીજાની સેવા કરવાની) સેવા કરીને ચૂકવાય છે.

વેપારનું ઋણ તરત (સમયસર) પાછું આપવાથી ચૂકવાય છે. જો ન ચૂકવાય તો ફરી જન્મ લઈ ઋણમોચન તીર્થમાં સ્નાન કરવાથી ઋણ નિઃશેષ થાય છે. પૃથ્વી, આપ, તેજ, વાયુ અને આકાશનું ઋણ મૃત્યુ સમયે તેમનો અંશ પાછો આપીને ઋણનિઃશેષ થવાય છે. અગ્નિનું ઋણ હવનથી અથવા બ્રાહ્મણભોજનથી નિઃશેષ થાય છે. દ્વિજઋણ દ્વિજાર્ચનથી (દ્વિજનો સત્કાર કરવાથી) નિઃશેષ થાય છે. આપ્તઋણ (સગાવહાલાનું) પ્રતિપાલનથી નિઃશેષ થાય છે. ઘાતઋણથી સંબંધ (ભૂત) થવાય છે. સ્ત્રીઋણ પુત્ર થવાથી નિઃશેષ થાય છે. પુત્રઋણ તેના વિવાહ કરાવી આપવાથી નિઃશેષ થાય છે. કુળઋણ અને ગોત્રજઋણ પિંડદાન અને ક્રિયાકર્મથી નિઃશેષ થાય છે. માતાપિતા અને ગુરુનું ઋણ કેવી રીતે નિઃશેષ થાય તે અંગે શાસ્ત્રો કહી શક્યાં નથી. તેમ છતાં પિતૃઋણમાંથી મુક્ત થવા શાસ્ત્રોમાં એક ઉપાય બતાવ્યો છે. પેટે સંત જન્મે, તે શુદ્ધ આચરણ કરે, તેણે કીર્તિ સંપાદન કરી એટલે પિતાને સંતોષ થાય છે.

પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું ન જોઈએ. તેમનું મન જોઈ વર્તન કરવું અને તે ઈચ્છે તેવું કરવું. જેણે પિતા કરતાં નામના કીર્તિ વધારે મેળવી પરંતુ મહત્ત્વ પિતાને જ આપે અને તેની મર્યાદાનું પાલન કરે. આમ પુત્ર જે જે કરે તેનું નિવેદન પિતાને કરે અને જે જે કરવાનું હોય તેની પરવાનગી લઈ પિતાને સંતોષ આપે, સેવામાં તત્પર રહી પ્રેમથી ત્રિકાળ ચરણવંદન કરે છે આમ જીવિત હોય ત્યારે સંભાળ રાખે છે અને તેમના મૃત્યુ પછી તેમની અંત્યેષ્ટિ ક્રિયા યથોચિત કરે છે તે પિતૃઋણમાંથી મુક્ત થાય છે. છેવટે સંન્યાસગ્રહણ કર્યા પછી તે પૂર્ણતઃ મુક્ત થાય છે.

શુદ્ધ ભક્તિભાવથી આ પ્રમાણે માતાની સેવા કરીએ અને પોતાની ચામડી (ખાલ)ના જોડા (પગરખાં) બનાવીએ તો પણ માતાનું ઋણ નિઃશેષ થતું નથી. જો માતાનું ઋણ નિઃશેષ થાય તો પછી સંન્યાસીએ માતાને નમન કરવાની જરૂર નથી. પરંતુ સંન્યાસી કોઈને વંદન કરતો નથી પરંતુ જન્મદાત્રી મા જો સામે આવે તો તેણે વંદન કરવું તેમ શાસ્ત્રાજ્ઞા છે. માતાનું ઋણ ક્યારેય ચૂકવી શકાતું નથી. આથી જ સંન્યાસી તેને નમન કરે છે.

આ જ પ્રમાણે ગુરુના ઉપકારનો બદલો પણ પાછો વાળી શકાતો નથી. અત્રિ અને અનસૂયા સમક્ષ ત્રણેયે વિનંતીપૂર્વક કહ્યુંઃ તમારા ઉપકારનો બદલો કલ્પના અંતે પણ પાછો વાળી શકાતો નથી. પિતાનું ઋણ ચૂકવીએ તો તે અમારા સદ્‌ગુરુ પણ છે. (જનોઈમાં ગાયત્રીમંત્રનો ઉપદેશ આપે એટલે પિતા મંત્રદાતા ગુરુ કહેવાય.) તેમના દ્વારા જ અમને તારક ઉપદેશ અને આત્મતત્ત્વનું જ્ઞાન મળ્યું. જેણે અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરી જ્ઞાનરૂપી પ્રકાશને પ્રજવલિત કર્યો તેમના ઉપકાર વિશે શું બોલું? તેમની કૃપાથી જ અમને ગૂઢ જ્ઞાનની પ્રાપ્તિ થઈ. વેદ જેના વિશે ફક્ત અનુમાનથી બોલે છે તે ચૈતન્યસ્વરૂપ જેણે પ્રત્યક્ષ બતાવ્યું, મોહમાયાને નષ્ટ કરી ભવભ્રાંતિનો સમૂળો નાશ કર્યો અને સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવ્યું તેવા સદ્‌ગુરુરાજ પિતાને અનેક વંદન! જેણે આપણું મન નિરિચ્છ કર્યું, દ્વૈત મટાડ્યું, બાહ્યરૂપના મિથ્યત્વને ઠસાવ્યું, અરૂપનાં દર્શન કરાવ્યાં, ગુપ્ત જ્ઞાનનો ખજાનો બતાવી મને ક્ષરક્ષરાતીત કર્યો તેવા પિતા સદ્‌ગુરુરાજનું સ્મરણ કરી મારા મનને હું પવિત્ર કરું છું. તેણે જ મને પૂર્ણતા આપી.

આ પ્રમાણે અનસૂયા, તું અમારી માતા. તમે જ અમારા કૃપાવંત દાતા. તમારી ઉદારતાની તો શી રીતે વાત કરું? અમે સર્વસ્વપણે તમારા છીએ. આથી મૌનત્વ ધારણ કરી તમારા ચરણે મસ્તક મૂકીએ છીએ.

સર્વ કાંઈ તમારું જ છે. અમારું કહેવા જેવું કશું જ નથી. આથી અમે દેહભાવથી શૂન્ય થઈ તમારા ચરણે સુદઢ પ્રણામ કરીએ છીએ. આ પ્રમાણેનું તેમનું કથન સાંભળી અત્રિ-અનસૂયાએ તેમને પ્રેમથી આલિંગન આપ્યું. પ્રેમથી તેમના મસ્તક પર હાથ મૂકી કહ્યુંઃ તમારા બોલ સાંભળી અમને સંતોષ થયો છે. બ્રહ્મચર્ય આચરી સર્વ યાત્રા પૂરી કરી તમે પાછા આવ્યા. તે પછી નિરભિમાની થઈ અમારી સેવા કરી આથી અમને આનંદ થયો. તમારા ગુણી વર્તનને લીધે અમને સુખાનંદ પ્રાપ્ત થયો.

તે પછી વાર્તાનો દોર લંબાવતાં માતા-પિતાએ જણાવ્યું કે હવે તમારો વિવાહ કરીશું. બ્રહ્મચર્યાશ્રમ પછી ઉત્તમ ગૃહસ્થાશ્રમ સ્વીકારવો. ગૃહસ્થાશ્રમ અંગીકારીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થ પ્રાપ્ત થશે. ગૃહસ્થાશ્રમ એ સર્વ આશ્રમનો આધારરૂપ છે. તેનો અંગીકાર કરો એટલે અમને સુંદર સ્નુષાઓ (વહુ) મળશે. પિતાશ્રીનું આ કથન સાંભળી ત્રણેય બોલ્યા વિના સ્તબ્ધ થયા. આ અંગેની હકીકત આગલા અધ્યાયમાં આવશે. દત્ત અવિનાશ નિર્વિકાર, દુર્વાસાએ યોગેશ્વર, તપોધન, પવિત્ર અને તેજસ્વી ચંદ્ર પોતપોતાના મનમાં વિચારમંથન કરવા લાગ્યા.

બધામાં શ્રેષ્ઠ સર્વજ્ઞતા સ્વામી સદ્‌ગુરુ દત્તને શોભે છે. તે જ સાર-અસાર સર્વ જાણે છે. શરણાગતની જેવી ભક્તિ તે પ્રમાણે તે તેની ઈચ્છાપૂર્તિ કરે છે. મનમાં ગૂંચ પેદા થવા ન દેતા તે બોધ આપીને વિરક્ત બનાવે છે. તે જ બોધવૈભવ આપી વિવેકશાંતિ પ્રદાન કરાવે છે. સંતોને આનંદ પ્રદાન કરી પોતે તેમનામાં સ્થિત હોય છે. જે પ્રમાણે માળી બાગકામ કરી છોડ રોપી, પિયત કરી તેમને ઉછેરે છે, છોડને ફળફૂલ આવે એટલે તેને આનંદ થાય છે. પછી તે પુષ્પોથી લચેલા છોડ વચ્ચે બેસીને આનંદનો સંપૂર્ણ ઉપભોગ લે છે. તે જ

પ્રમાણે સાધુસંતોની સોબતમાં, જ્ઞાનબોધના કલ્લોલમાં આત્મસ્થિતિની નેળમાં અવિનાશ આનંદનો ઉપભોગ લે છે. સંતો બ્રહ્માનંદનું સેવન કરે છે. તે આનંદનો ગર્ભ એટલે શ્રીદત્ત. તેવો સ્વાનંદ પ્રાપ્ત કરવા સંતચરણોની સેવા કરવી જોઈએ. સંતોના ચરણે (સેવામાં) નિવાસ કરવાથી ભવપાશ તૂટે છે. તે અજ્ઞાનતિમિરનો નાશ કરી અવિનાશ દત્તની ભેટ કરાવે છે. આથી જ આ અનંતસુત (કાવડીબુવા) સંતચરણે રત થએલો છે અને બારણે દીનપણે ઊભો રહી કૃપાદાન માગી રહ્યો છે. સંત સાધુ ઉદારપણે મને શરણાગતને અભય આપી આ ગ્રંથનો વિસ્તાર કરે છે.

॥ ઈતિ પંચદશોડધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૧૬

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે દત્ત અવિનાશ, પાંડુરંગ, કૃપાસાગર, અવધૂત, નિઃસંગી, દિગંબર, મને ત્વરિત ભવભંગ કર. તને નમસ્કાર. હે ઘનશ્યામ, મુનિયોગિજનવિશ્રામ, વેદવંદ્ય, પૂર્ણકામ, અનંત સુખધામ, તારો જયજયકાર. હે અનંતનામી અનંત, સકલ ગુણમંડિત, ગુણાતીત, વિશ્વપાલક, અનાથનાથ, લક્ષ્મીકાંત, તને નમસ્કાર. હે ઉદાર અનાથબંધુ, હું તારા શરણે આવ્યો છું. મારી ઈચ્છા પૂરી કર. તારી કૃપાથી જ આ રસાળ ગ્રંથ ચાલી રહ્યો છે. ગત અધ્યાયમાં માતાએ

ગુરુ દત્તને ગૃહસ્થાશ્રમ સ્વીકારવા કહ્યું. તે સાંભળી ત્રણેય સ્તબ્ધ રહ્યા. અત્રિ અને અનસૂયા પુત્રોને કહેઃ તમે ઉત્તર કેમ આપતા નથી? તમારો શો વિચાર છે?

અવિનાશ દત્તે દુર્વાસા પ્રતિ જોઈ પૂછ્યુંઃ તાત શું કહે છે? દુર્વાસાએ જવાબ આપ્યોઃ તાત કહે છે તે સત્ય છે. જગતની રીત જ આવી છે. વેદોએ ચાર આશ્રમની સ્થાપના કરી છે. પિતાશ્રીએ પણ તે જ વાત દોહરાવી છે. તેઓ ધર્મ વિરુદ્ધ કશું બોલતા નથી. વેદોએ અનેક પ્રકાર બતાવ્યા છે. લોકો તેમાંથી પોતાને ગમે તે સ્વીકારે છે અને બીજાને પણ તે જ સ્વીકારવા જણાવે છે. જેમણે વેદશાસ્ત્રોનું અધ્યયન કર્યું, શ્રુતિનો અર્થ જાણ્યો અને બંનેનો અર્થ સમજી નિર્ણય લે છે તેમનો નિર્ણય શ્રેષ્ઠ છે. આ વિશે અનેક માર્ગ છે પરંતુ કાર્ય-કારણ, ગ્રાહ્ય-અગ્રાહ્યનો વિચાર કરી યોગ્ય તે માર્ગનો સ્વીકાર કરવો જોઈએ.

અવિનાશ દત્તે કહ્યુંઃ તમે જે કહો છો તે જ મારા મનમાં છે. વિના કારણ કેદખાનામાં કોણ જાય? આ રસ્તો મને ગમતો નથી. સ્વેચ્છાથી વૈરાગ્યશીલ રહેવું મને ગમે છે. પિતાશ્રીના કહેવા પ્રમાણે આચરવાથી મોહપાશ બંધનકારક થશે. મને તે ક્ષણિક સુખ ગમતું નથી. દેહી હોવા છતાં વિદેહી રહેવા જેવું ઉત્તમ કોઈ સુખ નથી. હંમેશાં આનંદમાં રહેવું. જે મનુષ્ય પાશ (બંધન)માં ગૂંચવાયા તેમને કર્મભોગ ભોગવવાનો આવ્યોજ જાણો! કોઈ પણ માર્ગે જાય કર્મમાર્ગથી જન્મમરણનું બંધન છેજ. ત્યાં મુક્તિ ક્યાંથી? દિવસે દિવસે માણસ વધારે આસક્ત થતો જાય છે. સંસારમાં આસક્ત રહી કોક જ વિરક્ત થાય છે.

સ્વેચ્છાથી ઝેર પીવું અને પ્રાણાંતનો સમય આવ્યો કે બચવાનો ઉપાય શોધવાનો? પ્રારબ્ધને લીધે તે લાગુ ન પડ્યું તો જન્મ લઈ ભોગવીને મરવું પડે છે. કાદવથી શરીરને લેપ કરવો અને કાદવ સૂકાઈ

જાય એટલે અંગને ધોવું એ મને ગમતું નથી. તેના કરતાં સંસારથી દૂર હોવું તે હિતકર છે. જંગલમાં વાઘ રહેતા હોય છે. તેમને પકડવા લોકો યુક્તિ કરે છે. પાંજરામાં એક ભાગે બકરી બાંધે છે. પાટિયાને હુક દ્વારા ઉપર ટિંગાડવામાં આવે છે. વાઘ આવે તો પાંજરું ખુલ્લું હોય છે. લોકો દૂરથી તમાશો જુએ છે. ધ્યાનમાં રાખો કે વાઘને પકડવા માટે કેટલો પ્રયત્ન કરવો પડે છે! તેને કેદખાનામાં ઝડપવા માટે શિકારનું પ્રલોભન આપવું પડે છે. શિકારને ઝડપવા તે પાંજરામાં પ્રવેશે છે. તેના ધક્કાથી બારણું બંધ થઈ જાય છે અને વાઘ પોતે પાંજરામાં કેદ થઈ જાય છે. શિકાર તો મોંમાં આવતો નથીજ પરંતુ પોતે બંદીવાન થઈ જાય છે. ત્યાંથી તે છટકી તો શકતો નથી પરંતુ બેહાલ થઈ જાય છે. પાંજરામાં વાઘને લોકો પથ્થર મારે છે. કેટલાક લાકડી ઘોંચે છે ત્યારે વાઘની પ્રચંડ શક્તિ પણ કામમાં આવતી નથી. ફક્ત ક્રોધથી ત્રાડ પાડી શકે છે, આંખો પહોળી કરી ક્રોધથી જુએ છે એટલું જ!

ખુંખાર વાઘની કમરમાં તેમજ ગળામાં સાંકળનું બંધન હોય છે. લોકો તેને પ્રદર્શન માટે અહીં-તહીં લઈ જાય છે. લોકો આપે તેટલું જ તે ખાઈ શકે છે. બેઠાં બેઠાં ત્રાડ પાડી શકે એટલું જ. બંધનમાં આવતાં જ વાઘના સર્વ ઉપાયો નિષ્ફળ થાય છે અને લોકોની ચેષ્ટાઓ તેમજ ક્લેશનો ભોગ બનવું પડે છે. આ વાત પણ તેવી જ છે. આપણને (શ્રીદત્ત કહે છે) અત્યંત મોહમાં પાડવા માગે છે. તેને લીધે સ્વહિતનો ઘાત થશે. માછલી લોટની ગોળીના લોભમાં જીવન ખોઈ બેસે છે અને સુગંધના મોહમાં ભમરો કમળપુષ્પમાં બંદીવાન બને છે. લાલચનો ભોગ બનીએ એટલે નાશ જ થયો સમજો. જેને આ વાત સમજાઈ તે લાલચ-લોભ તરફ નજર પણ નહીં કરે અને સ્વૈર આનંદનો ઉપભોગ લે છે. લાલચમાં લપટાયો ન હોત તો વાઘ ફસાયો ન હોત. માછલી મૃત્યુમુખમાં ન પડત અને ભ્રમર પાંખડીઓમાં કેદ ન થાત. આથી

લાલચ-લોભનો ત્યાગ કરો. આ દુર્ગુણે ઘણાઓનો નાશ કર્યો છે. તેને લીધે વૃત્તિ બદલાઈ જાય છે, લોભ મોહમાં ગૂંચવાઈ જાય છે. સંગીતના નાદ-ગાનમાં મૃગ તલ્લીન થાય છે અને સાવધાનતા ત્યજે છે.

ઉપર પ્રમાણે કહેલી વૃત્તિ લઈ આગળ વધનાર પાછો ક્યારે ફરશે? ઉલટું, નરકના કીડાની જેમ અધિકાધિક વિષયમાં લપટાય છે. તેમને કદી પણ વિષયથી કંટાળો આવતો નથી. કૂતરો ઉલટી કરીને તે પાછો ખાઈ જાય છે તેવી જ સ્થિતિ મનુષ્યની પણ થાય છે. આથી સ્વહિત છોડીને બીજા રસ્તે કયો સુજ્ઞ જશે? પ્રથમ સપડાઈ જવું અને પછી મુક્ત થવા પ્રયત્ન કરવા તે રીત મને માન્ય નથી. દુર્વાસાએ શ્રીદત્તને કહ્યુંઃ મને તમારું કહેવું સો ટકા માન્ય છે. આનંદમાં ઈચ્છાનુસાર રહેવું, બંધનની આપણને શી જરૂર? પુત્રોની આવી વાતો સાંભળી અત્રિ-અનસૂયા ચકિત થયા અને મનોમન બોલ્યાઃ આ તો પૂર્ણતઃ વિરક્ત છે. અમારું કહેણ કેમ માન્ય કરશે? સતીએ પતિને કહ્યુંઃ તમે કોઈ બોધ આપી પુત્રોનું માનસ પલટાવો. વંશવૃદ્ધિ અને સર્વ કુળને આનંદ થાય તેમ કરો.

કાંતાનું પ્રિય વચન સાંભળી અત્રિઋષિ પુત્રોને કહેવા લાગ્યાઃ તમે હવે જ્ઞાની છો, સુજ્ઞ છો. ગૃહસ્થાશ્રમ સ્વીકારવા તમારે સંકોચ કે ભય લગાડવાની જરૂર જ નથી. સંસારમાં આસક્ત ન થતાં વંશવૃદ્ધિ કરવી. વંશને ખંડિત ન થવા દઈ સત્કર્મા બનો. તેમાં તો દોષ નથીને? અમને ગમે તેવું શુદ્ધ આચરણ કરવું. આ આશ્રમ (ગૃહસ્થાશ્રમ) કરતાં બીજા આશ્રમોમાં આટલી મીઠાશ નથી. આ આશ્રમને લીધે સંતતિ વધે, બધા જ ધર્મોનું પાલન થાય છે. આથી ગૃહસ્થાશ્રમ ધન્ય છે. અતિત અભ્યાગતની સેવા, દાનધર્મને લીધે ભાગ્યવૈભવ તેમજ લોકસંગ્રહ થાય છે.

ગૃહસ્થાશ્રમમાં જે કર્મ કરીએ તેનું કરોડગણું ફળ પ્રાપ્ત થાય છે અને તે પુણ્યને લીધે સ્વર્ગનું સુખ મળે છે. જુદા જુદા યજ્ઞો કરી ઇંદ્રભુવન પ્રાપ્ત કરી શકીએ અને ઈચ્છિત પદ મેળવી વૈભવ ભોગવી શકીએ. આ રીતે ગૃહસ્થાશ્રમ બધા જ પ્રકારનાં સારાં ફળો મેળવી આપે છે. સપત્નીક યોગ સાધો તેવું અમને લાગે છે. તમને શું લાગે છે? અત્રિઋષિનું ભાષણ સાંભળી તેમણે પ્રેમથી વંદન કરી જવાબ આપતાં કહ્યું: હે તાત, તમારું કહેવું યોગ્ય જ છે પરંતુ પસંદગી વગર વાનગીનો સ્વીકાર કરી શકાતો નથી. જેને જે ગમે તેમાં જ તેને મીઠાશ મળે છે. આ માર્ગનું અનુસરણ કરીએ જેથી તમે ઉત્તમ ફળની આશા બતાવો છો પરંતુ તે છેતરામણી આશા કરોડો જન્મોનું કારણ બને છે. અનંત પુણ્ય કરવું, મૃત્યુ પછી ફરી જન્મ લેવો અને કર્માનુસાર ફરી ફળને ભોગવવું તેની યાદ કોને રહે છે? અને તે ફળ મળે તો પણ પુણ્ય ખલાસ થતાં જ ફરી મૃત્યુલોકમાં આવવું પડે છે અને જન્મ લઈ સુખ ભોગવી ફરી મૃત્યુ આવીને ગ્રસે છે. આ અસંખ્ય જીવોની ગતિ છે. કર્મ કરી સપડાવું, સંકલ્પ-વિકલ્પને લીધે જન્મ-મૃત્યુને પ્રાપ્ત થવું આવું કયો દેવ કહેશે? આ નિરર્થક કષ્ટ જ છે. જેના માથે મૃત્યુ છે તેણે સંપૂર્ણ ભોગ ભોગવવા અને જેને ફળની આશા છે તેણે કર્મ કરવાં. આ લોકોની રીત કેવી છે તે જુઓ! અસત્યને સત્ય સમજે છે. મીઠાશવાળી વસ્તુને થૂંકી દે છે અને કડવી વાનગી આનંદથી ખાય છે. હે તાત, જે જે મિથ્યા પદાર્થ છે તે જ તમને સત્ય પદાર્થ ભાસે છે.

આ સંસાર માયામય છે. તેમાં લોભ નામનો દુષ્ટ સર્પ રહે છે. આવો સર્પ કરડે તો તેનું ઝેર શરીરમાં પ્રસરી જીવને અત્યંત ભ્રમ અને મોહ થાય છે. જે ગર્ભસ્થિતિમાં સ્વરૂપસ્થિતિમાં લીન હોય છે તે જ જીવ જગતમાં પ્રવેશ કરતાં જ માયાનું આવરણ તેને ઢાંકે છે જેથી સોહં

(તે બ્રહ્મતત્ત્વ હું છું.) ને બદલે કોહં (હું કોણ છું?) એમ બોલે છે. તે સમયે તે પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. કોહં શબ્દનો અવાજ આવતાં જ તેના મુખમાં સ્તન્યદૂધ પડે છે અને લોભથી તેની રસના તેમાં રંગાઈ જાય છે. પૂર્વનું તે બધું ભૂલી જાય છે અને તેની સમક્ષ જે જે વસ્તુ આવે તેમાં લપટાઈ જાય છે. વિવિધ રમતોમાં તે રંગાઈ જાય છે.

બાળકને ભૂખ લાગી એટલે તેને માતા યાદ આવે છે. ઈતર સમયે તે આજુબાજુના આપ્તલોકોમાં આનંદથી ડોલતો હોય છે. તે બાળકને ઈતર લોકો ઘુંટણિયે ચાલવા, બોલવા, અન્નગ્રહણ કરવા શિખવે છે. તેઓ માયિક સંબંધો પણ જોડે છે અને તે પ્રમાણે બાળક બધાને ઓળખવા લાગે છે. પછી તે બાળકો સાથે રમવા લાગે છે. બાળકથી કિશોર થતાં તેને બીજા પદાર્થોમાં આનંદ દેખાય છે અને લોભથી તેમાં તે લપટાય છે. વિવાહ પછી પ્રેમમાં મીઠાશ તેને લાગે છે. તેને ખબર પડતી નથી કે આપણા પગમાં બેડી પડી છે. વિષયસુખ માટે તેની લાળ ટપકે છે. સ્ત્રી ઉપવર થતાં તે વિષયાસક્ત થાય છે. સ્વસ્ત્રીને ભૂલીને તે બીજી બધી વાતો ભૂલી જાય છે. વિષયસેવનથી તેનું આધ્યાત્મિક બળ ઓછું થાય છે અને તે દીન બને છે.

મનુષ્ય વિષયના મોહપાશમાં બદ્ધ થઈ તે કેદી પ્રમાણે વર્તે છે. એકાદ બળદનું નામ 'રાજા' રાખવામાં આવે છે પરંતુ તેની પાસેથી માર મારીને કામ કરાવવામાં આવે છે. આ જ પ્રમાણે તેની સ્ત્રી તેને ઘરમાલિક તરીકે સંબોધી તેને અનેક કામોમાં બાંધી રાખે છે. ફક્ત રતિસુખમાં લુબ્ધ થઈ તે પાડા પ્રમાણે પખાલનું વહન કરે છે. વિષયને જ મધુર સમજનારા આ મૂર્ખને શું કહેવું? તેની સ્ત્રી, વસ્ત્રો, અલંકાર માટે વારંવાર રીસાઈ જાય છે અને કદી પણ મધુર ન બોલતાં ગુસ્સાથી ભાષણ કરે છે. પ્રપંચમાં કાંઈ ઓછું પડતા દાંત કચકચાવે છે અને વારંવાર

પતિને ઉતારી પાડે છે. ફક્ત રતિસુખ માટે પુરુષે આ બધું સહન કરવું પડે છે.

આગળ જતાં કન્યા-પુત્ર થતાં સ્ત્રી વધુ લોહી શોષે છે. ઈચ્છા પ્રમાણે ન થતાં તે કર્કશ અવાજમાં કલહ કરવા લાગે છે. પ્રાણી લોભમોહથી ખરડાઈ કામક્રોધનો કોળિયો બની દંભ અહંકારથી ત્રસ્ત થઈ મત્સર દ્વેષને જન્મ આપે છે. આ પ્રકારે કુટુંબી થએલો ગૃહસ્થ થોડો પણ સ્વહિત માટે સાવધાન ન રહેતાં પ્રપંચમાં હીંચકા ખાય છે. ઘડપણ આવતાં આપણાં બધાં અંગો શક્તિહીન થઈ જાય છે. પરંતુ પ્રપંચમાં ખરડાએલું ચિત્ત તેમાંજ લપેટાયલું રહે છે. ઉલટપક્ષે વધુ મોહ અને લોભ પેદા થાય છે. આ રીતે સ્ત્રીના પ્રપંચમાં લિપ્ત થએલો, સ્ત્રીનો ગુલામ થએલો વધુમાં વધુ અપેક્ષા રાખનારને સ્વહિતનો નાશ થતો દેખાતો નથી. પ્રાણી લોભમોહમાં મૃત્યુ પામ્યો કે સ્વહિત કલ્યાણથી હાથ ધોયા! વિષયસુખને લીધે કરોડો જન્મના ફેરામાં સપડાય છે.

સ્ત્રીભોગ અને વિષય સુખમય ભાસે છે પરંતુ તે દુઃખમય હોય છે. આથી સ્ત્રીસુખ ભોગવવાની તક અમને ન જોઈએ. આથી અમે તમારા ચરણે વિનંતી કરીએ છીએ કે અમારા પર દયા કરો. જે વાત અમને ગમતી નથી તેનો આગ્રહ અમારી પાસે શા માટે કરો છો? અત્રિમહર્ષિએ જવાબ આપતાં કહ્યુંઃ અવિનાશ, તમને કયું આચરણ ગમે છે? તે અમને કહો. કોઈ પણ શંકા રાખ્યા વગર કહો. આ પ્રશ્નના જવાબમાં શ્રીદત્તે આનંદથી ઉત્તર આપતા કહ્યુંઃ

અમારા મનનો હેતુ પ્રગટ કરીએ છીએ. ઉદાસ (વિરક્ત) નિઃસંગ રહેવું. યોગસાધના કરવી. હોવા છતાં ન હોવા બરાબર વર્તન રાખવું. નિરંજન અવસ્થા હોવી જોઈએ. ભિક્ષાન્ન ગ્રહણ કરવું. સર્વ અદ્વયપણે નીરખવું અને સત્સંગમાં રત રહેવું. આવી અમારી માન્યતા છે. એક

સ્થળે નિવાસ ન કરવો. પરિભ્રમણ કરી સર્વ યોગદષ્ટિથી જોવું, જે જે આવી પડે તેને સહન કરવું, બ્રહ્મસુખ ભોગવવું, કોઈને પણ દુઃખ ન આપવું, કોકના ધન તરફ દષ્ટિ ન જવા દેવી તેવું અમને ગમે છે. અમને મઠ, ગુફા, ઘર ગમતું નથી, લૌકિક સત્કાર ગમતો નથી. છત્ર, સિંહાસન, વસ્ત્રાલંકાર અથવા કોઈની તાબેદારી સ્વીકાર્ય નથી. હંમેશાં જાગ્રત રહેવું, સ્વાત્મસુખ ભોગવવું, સર્વ સિદ્ધાંતને સમજવા અને અનન્ય (શરણાગત)ને તે કહેવા ગમે છે. કામક્રોધને બાળી નાંખવા, હૃદયમાં દયા શાંતિ રાખવી, બીજા સાથે ક્ષમાશીલ રહેવું અને જીવની ભ્રાંતિ નષ્ટ કરવી.

જીવનાં સર્વ દુઃખો દૂર કરવાં, આપણું સુખ બધાને વહેંચવું, બીજાના ભયને નાબૂદ કરવો, પ્રેમળ આશ્રિતોને મળવું એમ ગમે છે. શમ, દમ સાધવા, દેહઅહંકારને દૂર કરવો, મનનો લય કરી ઉન્મન બની વિશ્વરૂપ થવું તે મને ગમે છે. સર્વત્ર આપણે જ વ્યાપી રહ્યા છીએ તેવું અનુભવવા મળે તો જ બચી જવાનું યોગ્ય ગણાય. વૃથા જીવવાથી યમયાતના જ ભોગવવી પડે છે. આ જ પ્રેમનો માર્ગ સ્વીકારી સર્વ જીવ સાર છોડીને (શ્રેય) અસાર લે છે. તેની રીતનું જીવન જીવવું અમને ગમતું નથી. જેમણે સ્ત્રીને વરી છે તેઓ ઘોર સંકટમાં પડે છે. તે અમારો વિષય નથી. એકલા રહેવું યોગ્ય છે. અમારો વિનયપૂર્વક જવાબ બીજો કોણ સમજી શકે? મનમાં કોઈ પણ હઠાગ્રહ ન રાખતાં આ નિવેદન કર્યું છે. અમને સ્વતંત્ર રહેવું ગમે છે. જે જે અમારાથી થાય છે તે તમને વિશદ કર્યું છે. તેનો સાક્ષી આપનો જ્ઞાનસૂર્ય છે. શ્રીદત્તનો ઉત્તર સાંભળી અત્રિમુનિને સંતોષ થયો. તેમણે અનસૂયાને કહ્યુંઃ આ વિરક્તિ શ્રેષ્ઠ કોટિની છે. અહીં આપણો હઠાગ્રહ ન જોઈએ. દુર્વાસાને પૂછી જોઈએ.

અનસૂયાએ કહ્યુંઃ વંશવૃદ્ધિ માટે સારો ઉપાય શોધી રાખવો. ઉભય દંપતીએ વિચાર કરી થોડા દિવસો જવા દીધા. પછી દુર્વાસાને

બોલાવી તેને પ્રેમથી કહ્યુંઃ હે દુર્વાસા, હવે તું સત્વર ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર. અનેક માગાં આવે છે તેમાંથી યોગ્ય યુવતીનો સ્વીકાર કર. પ્રથમ તને વધૂ બતાવીએ. તને જે ગમે તેની સાથે વિવાહ કરાવી આપીશું. તેથી અમને સંતોષ થશે. પિતાનું કથન સાંભળી દુર્વાસાએ હાથ જોડી જવાબ આપ્યોઃ અમને હંમેશાં તપાચરણ અને તીર્થાટન ગમે છે. કનક અને કામિની ગમતી નથી. હંમેશાં વિરક્ત રહી શુદ્ધ આચરણ દ્વારા યોગસાધના કરી ઋષિઓના સહવાસમાં રહેવાનું ગમે છે. અમને આ સંસાર ગમતો નથી. જગતમાં નિઃસંગપણે વિચરણ કરવું, વિષયવાસના અઘોર હોવાથી તેનો ત્યાગ કરવો ગમે છે.

જે લોકો આ પ્રપંચમાં ડૂબ્યા તેઓ ખરે જ ભ્રમિત થયા છે. પોતાના શ્રેયને ભૂલીને ચક્રમાં સપડાયા તે દુરાશા અમને ન જોઈએ. જેને તેના પ્રતિ આકર્ષણ હોય તે પાશ ભોગવવા તૈયાર રહે. તે પોતાનો નાશ નોંતરે છે અને નરકવાસ ભોગવવો પડે છે. વડીલોએ અમારી પાછળ આ જંજાળ લગાવવી ન જોઈએ. અમને આ ગમતું નથી. આપે અમને સ્વતંત્ર રાખવા, અમે સ્વેચ્છાએ ગમન કરીએ છીએ, ઈચ્છા પ્રમાણે તપ આચરીએ, ઉદાસ નિઃસ્પૃહ રહી સુખથી કાળક્રમણ કરીશું. લૌકિક સંબંધો, લોભ, મોહ અમારી પાછળ ના લગાડશો. લૌકિકાચાર લોકો માટે રહેવા દો. આકાશનાં નગરો, વૃક્ષછાયા અથવા સ્વપ્નનો રાજવૈભવ પ્રમાણે જ આ સંસાર છે. જે જે બાહ્યતઃ છે તે નાશ પામે છે. તેને કિંમતી કેમ સમજવું?

જીવ ગાંડો થઈ ભૂલાવામાં પડે છે. નિદ્રિતને સ્વપ્ન સાચું જ લાગે છે. જાગી જતાં નિદ્રિત ચકિત થઈ પસ્તાય છે. વિચાર કર્યા પછી તે મિથ્યા છે તેની ખાતરી થાય છે. તે જ પ્રમાણે આ દેખાય છે તે દૃશ્યમાન મિથ્યા છે. દેખતો માણસ આંધળાપણાને થોડું સ્વીકારે? તાતને આ નમ્ર નિવેદન છે. બજારમાં બાજીગર વિવિધ ખેલ બતાવે છે.

વિવિધ વસ્તુપ્રકાર બતાવે છે. અવનવી ચીજો જોઈ લોકો (પ્રેક્ષકો) તેમાં લીન થઈ જાય છે. પરંતુ તે બધી વસ્તુઓ અસત્ય જ- ભાસમાત્ર હોય છે. તે તે વસ્તુઓ ક્ષણમાં નિર્માણ પામી ત્વરિત નાશ પામે છે. આથી તેવી ચીજોમાં અમને રસ નથી. કૃપાવંતને આ નમ્ર નિવેદન છે. પુત્રનાં વચન સાંભળી અત્રિઋષિને હર્ષ થયો પરંતુ અનસૂયા ચિંતા કરવા લાગી.

અનસૂયા વિચાર કરતી હતી કે પુત્રો જો વેરાગી થયા તો તેનો આપણને કોઈ ઉપયોગ નહીં રહે. આમ થોડો સમય પસાર થયો. યોગેશ્વર દત્તે માતાના મનનો વિચાર જાણી ચમત્કાર સર્જ્યો. સ્નાનોત્તર કર્મ પછી ત્રણેય પુત્રો જપ-ધ્યાન માટે બેઠા. ત્યારે અત્રિઋષિએ ત્રણ સતેજરૂપો જોયાં. એક ચતુર્મુખ બ્રહ્મા, બીજો શ્યામસુંદર જેના કંઠમાં વૈજયંતિમાલા, કમરે પીતાંબર, હાથમાં શંખચક્ર, ભીમાસુર વદન, આકર્ણ વિશાળ નયન અને આજાનુબાહુ તેવી મૂર્તિ જોઈ ચિત્તમાં આનંદ સમાતો ન હતો. ત્રીજી મૂર્તિ દશભૂજ પંચવદન, અંગે ભસ્મવિભૂતિ, ગળામાં રુદ્રાક્ષમાળા, માથે જટા, ધગધગતી ત્રીજી આંખ, શરીર પર સર્પવિભૂષણ, નીલવર્ણનો કંઠ. આવું સ્વરૂપ જોઈ અત્રિમહર્ષિ વિસ્મિત થયા. તેમણે બૂમ પાડી અનસૂયાને બોલાવી અને તે પણ આ દશ્ય જોઈ અચંબામાં પડી. બંને એકી સાથે બોલ્યાઃ પ્રત્યક્ષ ઈશ્વર આપણા ઘેર પ્રગટ થઈ આપણા પર કૃપા કરી છે. હવે તેમને નમસ્કાર કરી સ્તુતિ કરવા જાય છે તો પુનઃ પુત્રરૂપે દેખાય છે. આ જોઈ બંને આશ્ચર્યચકિત થયા.

ત્યાં સુધીમાં ત્રિમૂર્તિએ ધ્યાન વિસર્જન કરી ત્રણેએ વંદન કર્યા. તેમને આશીર્વાદ આપી અવધૂતને પ્રશ્ન કર્યોઃ હે લાલા, આજે અમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને સહજ રીતે પ્રત્યક્ષ જોયા. તેમની સ્તુતિ કરવા મન થયું તો તે અદશ્ય થઈ તેમની જગ્યાએ તમે દેખાયા.

અત્રિએ દુર્વાસાને પ્રશ્ન કર્યોઃ આ કેવી રીતે શક્ય બન્યું? દુર્વાસાએ અવિનાશને કહ્યુંઃ આમની શંકા દૂર કરો. પિતાજીને વંદન કરી દિગંબર કહેવા લાગ્યાઃ હજુ તેમાંથી સાર ગ્રહણ કર્યો? તમારી શંકા દૂર કરવા માટે જ આ પ્રમાણે પ્રત્યક્ષ દર્શન થયાં. કોનો કેવો અધિકાર છે તેનો વિવેકપૂર્ણ વિચાર કરવો.

શ્રીદત્તનું ચતુરાઈભર્યું વચન સાંભળી અત્રિ મનમાં વિચાર કરવા લાગ્યાઃ પેલી બાજુનો દુર્વાસા એ પ્રત્યક્ષ શંકર જે સંહારનું કાર્ય કરે છે. આ સત્ત્વગુણી મેઘશ્યામ, કામાતીત અને નિષ્કામ છે. જગતનો ઉદ્ધાર એ તેનું કાર્ય છે. તેને સંગ કરવો ગમતો નથી. ભવભંગ કરવા માટે તેનો અવતાર છે. આ પ્રપંચમાં હંમેશાં અસક્ત છે. આ બંને દ્વારા આપણો હેતુ (વંશવેલાને ચાલુ રાખવો) પાર પડવાનો નથી. હવે ચતુર્મુખ વિધાતા એટલે ચંદ્ર રજોગુણી અને ઉદ્ભવકર્તા છે. તેના દ્વારા પ્રજાની ઉત્પત્તિ થશે. આથી તેનું નામ પ્રજાપતિ. તેનો જ વિવાહ કરવો એટલે સંતતિ વૃદ્ધિ પામશે. આ પ્રમાણે વિચાર કરી તેમણે અનસૂયાને બધી જ વાત સ્પષ્ટ રીતે સમજાવી. વાત સાંભળીને અનસૂયાને સંતોષ થયો.

અવિનાશ દત્તે કહ્યુંઃ અમારું વચન સત્ય માનો. મૂળ કારણ જે છે તે પિતાશ્રીએ સ્પષ્ટ કર્યું જ છે. આથી હવે આગ્રહ કરવાનું કોઈ કારણ રહ્યું નથી. ચિત્ત શાંત રાખો અને ચંદ્રને ગૃહસ્થાશ્રમ આપો જેથી સંતતિ વૃદ્ધિ થશે. અમે વિતરાગ, યોગી, સ્વાત્મરંગ છીએ. અમને રજા આપો. અમને પ્રપંચનો બોધ કરશો નહીં. નિત્ય નિયમથી અમારી સેવા સ્વીકારવી. અમે દેહધારી હોવા છતાં વિદેહસ્થિતિ ભોગવીએ છીએ. દુર્વાસાએ પણ માતાને કહ્યુંઃ માતા, શ્રીદત્તે તને કહ્યું જ છે આથી બીજું મારે કશું કહેવું નથી. અત્રિ અનસૂયાને કહેઃ હવે આમને વધારે આગ્રહ કરવો જોઈએ નહીં. શાંત રહી આમને આજ્ઞા આપવી જોઈએ.

આ પ્રત્યક્ષ હરિહર છે. તિમિરાંધકાર દૂર કરી જગતના ઉદ્ધાર માટે ત્રિગુણાત્મક અવતાર ધારણ કર્યો છે. તેના મહિમાનું ગાન વેદ પણ યથાર્થ રીતે કરી શકતા નથી. તમારા હેતુ માટે ચંદ્રને મૂક્યો છે. અત્રિના વચનથી અનસૂયાના મનની ચિંતા દૂર થઈ અને તેને ખૂબ આનંદ થયો.

માતાને પ્રસન્ન થએલી જોઈને બંનેએ તેનાં ચરણો પર મસ્તક મૂક્યું. માતાએ તેમને ખોળામાં બેસાડ્યા અને પ્રેમથી ચુંબન લીધું. માતાએ કહ્યુંઃ હવે તમે સ્વેચ્છાથી વિચરણ કરી શકો છો. તમારી ઈચ્છા પૂરી થશે. અમને વચ્ચે વચ્ચે દર્શન આપતા રહેજો. તમારું ક્ષેમકુશળ થાવ. આમ કહી માતાએ તેમના મસ્તક પર હાથ મૂક્યો. જવાબમાં અવિનાશ દત્તે માતાને પુનઃ નમન કરી કહ્યુંઃ તમારા બંને સિવાય અમારું બીજું કોઈ દૈવત નથી. તમારું નિત્ય દર્શન એ જ અમારું ધ્યાન અને પૂજન. માતાપિતા સિવાય જે બીજા દેવની પૂજા કરે છે તેમને મુક્તિ ક્યાંથી? તેઓ તો જન્મમરણના ફેરામાં જ રહે છે. પુત્રને માતા-પિતા, ગૃહિણીને પતિ, શિષ્યને સદ્‌ગુરુ, સેવકને સ્વામી, ગૃહસ્થને અતિથિ એ જ દેવ છે.

અન્ય વર્ણને બ્રાહ્મણ સિવાય કોઈ દૈવત નથી. બ્રાહ્મણોએ સૂર્ય, અગ્નિ અને ગોમાતાની ઉપાસના કરવી જોઈએ. ઈતર લોકોએ પોતપોતાની કુળદેવતાની ઉપાસના કરવી. વેદમાં આ જ જ્ઞાન-ઉપદેશ છે. અધર્માચરણ ન કરતાં આ પ્રમાણે વર્તન કરીએ એટલે ચતુર્વિધ પુરુષાર્થ લાધે છે. આ પ્રમાણે ધર્મ અનુસાર અમે તમારા ચરણે વિનત છીએ. માટે હે માતા, તમે આનંદમાં મગ્ન રહો. લોકોને સુખ આપવા માટે અમે ત્રણેયને નિત્ય ભ્રમણ આવશ્યક છે. તેમ છતાં રોજ રાત્રે અમે તારાં દર્શને આવીશું. તેમાં અસત્ય બિલકુલ નથી. હું સર્વવ્યાપી હોઈ નાના રૂપે વિસ્તાર પામું છું. ભક્તની નિષ્ઠા જોઈ પ્રગટ થાઉં છું. પરંતુ તારી સાથે તો હું હંમેશાં જ છું. કેવી રીતે એમ

પૂછે તો કહું છુંઃ સહ્યાદ્રિ એ કાયારૂપી પર્વત છે. શિખર એ શોભાવંત મંદિર છે. પ્રણવરૂપી અત્રિ તેના પર બિરાજમાન છે. તેના પર અર્ધચંદ્રાકાર તું સ્થિત છે. તેના પર હું વ્યંજન પ્રમાણે સ્થિત છું. જે વેદોનું મૂળ તે જ બાકી બધાનું બીજરૂપ છે. તે જ હું સર્વસ્વ દત્ત કરવા માટે (દા-દત્ત-આપવા માટે) સગુણરૂપે પ્રગટ્યો છું.

જે ભક્તો મને ભાવથી ભજશે તેમનાં દુઃખો દૂર થશે. દયાઘન સદ્‌ગુરુ અત્રિએ મને સનાથ કર્યો છે. આથી હું એકત્વ પામ્યો છું. હવે જગતને પાવન કરવાની ખેવના છે. હે માતા, તું અત્રિ (જે ત્રિગુણથી પર છે)ને શરણે જા એટલે દેહમાં જ અવિનાશને મળીશ. માયિક પદાર્થ નાશવંત છે. આ ગૂઢ વાતની સંતોને જ ખબર છે. આથી તેઓ શાશ્વતમાં જ રાચે છે. સર્વને અભેદપણે સર્વત્ર જુએ છે. સંત અને દત્તમાં ભેદ નથી. ગુરુકૃપા વગર જીવ યોગ્ય માર્ગ પર કેવી રીતે આવશે? આથી અનન્યભાવે ગુરુને શરણે જવું. અને ચરણે તન, મન, ધન અર્પીને સંકટમાંથી છૂટવું. આ સાંભળી અનસૂયા તેમાં લીન થઈ અને નાદ સાંભળી જેમ સાપ ડોલે છે તેવી તેની સ્થિતિ થઈ. આગળના પ્રસંગે શ્રીદત્ત પ્રસિદ્ધ ગુરુ વિશે વિવેચન કરશે. તેનું શ્રવણ કરી જ્ઞાન અને સમાધાન થશે. સંતકૃપા વગર અવિનાશની પ્રાપ્તિ નથી. આથી અનંતસુત હંમેશાં સંતચરણે વિનત હોય છે. આ રીતથી સચ્ચિદાનંદનો અનુભવ કરું છું.

॥ ઈતિ ષોડશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

# અધ્યાય - ૧૭

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥
॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ, અભયકર, સદય, ઉદાર, જ્ઞાનસાગર, અવિનાશરૂપ, પરાત્પર, જગદુદ્ધારક, જગત્પતિ, તને નમસ્કાર. હે જગત્ વ્યાપક, ભયહારક, અનાથનાથ, ભવભંજક, કરુણાકર, વિશ્વરંજક, રિપુનાશક તને નમસ્કાર. તું શાંત, ત્રિવિધ તાપનું શમન કરનાર છે. તારો જયજયકાર. હે ત્રિગુણાતીત, ભેદરહિત, અનંતોનું કલ્યાણ કરનાર એવા અનંત સમર્થ દત્ત, તને નમસ્કાર. તારી કૃપાદષ્ટિના પરિણામ સ્વરૂપ આ ગ્રંથ શ્રોતાઓને સંભળાવું છું. તારા માહાત્મ્યનું વર્ધન કરવાથી આ દાસ પાવન થયો છે. મારા હૃદયમાં પ્રીતિ નિર્માણ કરી તારી લીલા વર્ણન કરવાની બુદ્ધિ મને પ્રદાન કર.

ગત અધ્યાયમાં શ્રીદત્તે માતાને એક રહસ્ય બતાવ્યું. તું અત્રિને તરત જ શરણે જા અને તે જ્ઞાનને પ્રાપ્ત કર. આ માયાયુક્ત મોહ તને અત્યંત બાધક છે. તે મોહ નષ્ટ થાય તે માટે તને મેં ઉપાય કહ્યો છે. આશા તૃષ્ણા ખૂબ જ છેતરનારા છે. તેના લીધે પ્રાણીઓ બંધનમાં પડે છે અને ભ્રમ પામે છે. તેને લીધે મનુષ્યનો નાશ થાય છે. ઈશ્વરી માયા ઉત્પત્તિ-વિનાશનું કારણ હોઈ વિષયપદાર્થોમાં જીવને તેણે લિપ્ત કરી નાખી છે. કામ, ક્રોધ, મદ, મત્સર, દંભ, અહંકારના સંગથી અનેક વિકાર પેદા થાય છે અને તેને નિયંત્રિત કરવું દુષ્કર થઈ પડે છે. લોભ, મોહ અને આશા એ તેમની જાળમાં જીવને ફસાવે છે. બિનજરૂરી આશાનું પ્રમાણ વધે છે અને જીવન નાશને માટે કારણરૂપ બને છે.

(કોશેટો) કોસલા નામનો એક કીડો પોતાની આજુબાજુ રેષાઓથી ઘર બનાવે છે. તેમાં તે પ્રવેશ કરે છે પરંતુ બહાર નીકળવાનો માર્ગ ન રાખવાને લીધે તે અંદર જ મૃત્યુ પામે છે. આ જ પ્રમાણે વિષયલોભમાં જીવ ફસાય છે અને જન્મમરણનું આમંત્રણ સ્વીકારે છે. જન્મમરણના ચક્રમાં અપાર કષ્ટ ભોગવે છે. પરંતુ તેના પ્રતિ નફરત થતી નથી. જેને સાપ કરડ્યો હોય તેને લીમડો મીઠો લાગે છે, મીઠું ખાંડ પ્રમાણે ગળ્યું લાગે છે અને ગોળ કડવો લાગે છે. ઠંડી વસ્તુ ગરમ લાગે છે અને ગરમ વસ્તુ ઠંડી લાગે છે. ઊંઘ આવવા લાગે છે અને પગને ખાલી ચઢી હોય તે પ્રમાણે ભારે લાગે છે. અથવા દારૂ પીનારને અતિશય ભ્રમ થાય છે, તે આનંદથી કાદવમાં આળોટે છે અને ગમે તેવો લવારો કરે છે. તેને પોતાની વિટંબણા જણાતી નથી પરંતુ તે મનમાં આનંદ જ માને છે.

આવા કિસ્સામાં તેવો માણસ ઉન્માદમાં તલ્લીન હોય છે. બીજા લોકો ઉપાય કહે તો પણ તેને તે ગમતો નથી. હિતેચ્છુ આવા લોકોની પરિસ્થિતિથી અંતઃકરણમાં અતિ દુઃખી થાય છે. તે દુઃખી માણસને ઉપાય કહે છે અને હિતેચ્છુની સલાહ પ્રમાણે વર્તનાર સુખી થાય છે. આથી હે માતા, હું તને વિનંતી કરું છું કે ઉતાર વગર ઝેર કદી પણ ઉતરતું નથી. શરીરમાં વ્યાધિ નિર્માણ થયા પછી વૈદ પાસે જવું જ જોઈએ. વૈદ દવા આપી રોગનો નાશ કરે છે. અનેક પ્રકારના સાપ કરડે છે. સાપ કરડવાથી પ્રાણીઓ પીડા અનુભવે છે. ઉતાર વગર ઝેર ઉતરતું નથી.

વર્ષાઋતુમાં પગપાળા જતાં નદી વચ્ચે આવે. તેને પાર કરવા ઉતાર (નાવડી)ની જરૂર હોય છે. તે જ પ્રમાણે જીવ ભવભ્રમમાં ફસાઈ જાય છે. ભવભ્રમમાંથી જીવને છોડાવનાર સદ્‌ગુરુ સિવાય કોઈ બીજો સમર્થ નથી. સદ્‌ગુરુ એ ભવસાગરને પાર કરાવનાર નૌકાનો નાવિક છે.

શરણે આવેલાને તે ભ્રાંતિનદી પાર કરાવવા ખાતરીપૂર્વક મહાસમર્થ હોય છે. સદ્‌ગુરુ ભવભીતિ દૂર કરે છે, ભ્રાંતિનો સમૂળ નાશ કરે છે અને શિષ્યને પોતાના સમાન કરે છે. હે અનસૂયા, હજુ એક વાત સાંભળ. ભયને દૂર કરવા માટે મેં પણ ઉપાય કર્યો. હું અનેક ગુરુઓને શરણે ગયો અને ભ્રાંતિનું સમૂળ ઉચ્ચાટન કર્યું. મેં અનેક ઉપદેશનાં બોધવચનો સાંભળ્યાં, સ્વીકાર્યાં અને અનેક શાસ્ત્રીય ઉપાયોથી અજ્ઞાનનો નાશ કર્યો. આવા પ્રયત્નો કરવાથી મને વિવેકજ્ઞાન પ્રાપ્ત થયું અને હું અવિનાશ પદે પહોંચ્યો.

વિવિધ ગુરુઓના ઉપદેશ થકી મારું દ્વૈત ઓગળી ગયું, ચિંતા-ખેદ પલાયન કરી ગયાં અને અનુપમ બોધ ઉદ્‌ભવ્યો. અનેક ગુરુઓના ઉપદેશથી મને શાંતિ, વૈરાગ્ય, વિરક્તિ અને વિશુદ્ધ પ્રેમ મળ્યો. અનેક ગુરુઓની કૃપાને લીધે ત્રિવિધ તાપ (શારીરિક, માનસિક અને આધ્યાત્મિક) નષ્ટ થયા. જ્ઞાન પ્રજવલિત થયું અને જન્મમરણનું ચક્ર થંભી ગયું. દેહના વિકારો નિઃશેષ થઈ વૃત્તિ બ્રહ્માકાર થઈ. ચરાચરમાં હું જ વ્યાપી રહ્યો છું. હે (અનસૂયા) માતા, તું પણ મારા જેવી જ જ્ઞાનદીપ્ત થા તેમ મને લાગે છે. આથી હું તારા ચરણે વિનંતી કરું છું.

શ્રીદત્તની વિનંતી સાંભળી અનસૂયાએ કહ્યુંઃ હે દત્ત, તેં મને મારા હિત માટે જે ઉપદેશ કહ્યો તે સાંભળી મને આનંદ જ થયો છે. પરંતુ મારો એક પ્રશ્ન છે. તેં અનેક ગુરુઓ કર્યા છે તે કયા કયા અને કેટલા તે વિશે મને સમજાવ. સદ્‌ગુરુ તો એક જ હોય છે. પછી તેં અનેક ગુરુઓ કર્યા, તેનો શો મર્મ? મારા મનમાં અનેક શંકાઓ પેદા થઈ છે. તે અંગે તું સ્પષ્ટતા કર જેથી મારા મનની શંકાઓ નિર્મૂળ થાય. માતાનો પ્રશ્ન સાંભળી દિગંબરને ખૂબ આનંદ થયો. તે બંને હાથ જોડી કહેવા લાગ્યાઃ

સ્વચ્છંદતાથી આનંદપૂર્વક પરિભ્રમણ કરતા મને યદુરાજા મળ્યા. મારી આનંદપૂર્વકની સ્થિતિ જોઈ તેણે નાના પ્રકારે સ્તુતિ કરી અને મારા ચરણે નતમસ્તક થયો. તેને યોગ્ય મુમુક્ષુ જાણી અધિકારી શિષ્ય સમજી મેં ત્યાં જ બેઠક લીધી. તેણે કરેલા પ્રશ્નો અંગે મેં વિવેચન કર્યું અને મેં આનંદમય સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત કરી તે અંગે બોધ કર્યો. ત્યારે મેં અનેક ગુરુઓનો ઉલ્લેખ કર્યો ત્યારે તેના મનમાં સંશય ઉત્પન્ન થયો. સંશયને દૂર કરવા મેં તેનું વિસ્તારથી વિવેચન કર્યું. શ્રીદત્તનું કથન સાંભળી સતી અનસૂયાએ પૂછ્યુંઃ યદુ એ કોણ? અને તે કયા વંશમાં જન્મ્યો તે વિગતવાર મને કહે. માતાના પ્રશ્નના જવાબમાં શ્રીદત્તે કહેવાની શરૂઆત કરીઃ

સોમવંશમાં નહુષ નામનો એક પરમ સુશીલ રાજા હતો. તેને યયાતિ નામનો એક પરાક્રમી અને અતિશય ધાર્મિક પુત્ર હતો. તે યયાતિનો પુત્ર યદુ હતો. તે પરમ તેજસ્વી, સુંદર અને વિવેક સંપન્ન હતો. તે (યદુ) અનન્યશરણ થઈ વિચાર કરતો થયો ત્યારે તેને બોધ કરી સામ્યતા મેળવી આપી. તે બોધ તને પણ શ્રવણ કરાવું છું તે ધ્યાનથી સાંભળ. સત્ય વાત એ છે કે ગુરુઓ અનેક છે. જેઓ સન્માર્ગ બતાવે તેમને જ ગુરુનાથ સમજવા. સત્કર્મ અને દુષ્કર્મ આ બંને માટે ગુરુ હોય છે. આ જગતમાં ગુરુ વિના કોઈ પણ કાર્ય થતું નથી.

પિંડ અને બ્રહ્માંડની રચના પણ ગુરુરૂપ જ છે. કોઈ પણ કાર્યની ગતિ કે સ્થિતિ ગુરુ વિના થતી નથી. ગુરુની વ્યાપ્તિ અપરંપાર છે. ગુરુ જ કાર્યકારણ અને કર્તૃત્વનો આધાર છે. ગુરુ સર્વાંતર્યામી છે. ગુરુનું માહાત્મ્ય યથાર્થ રીતે વેદશ્રુતિશાસ્ત્રો પણ જાણી શકતાં નથી. પુરાણોમાં પણ ગુરુમહિમા ગાયો છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પણ ગુરુનો પાર લાગતો નથી. સહસ્રમુખ શેષ પણ જ્યાં ગુરુમહિમા કહેતાં થાકી જાય છે તો બીજાની તો શી વિસાત? બજારમાં અનેક વસ્તુઓ

વેચાણ માટે હોય છે પરંતુ ઘરાક તેની પોતાની જરૂરિયાત અને વસ્તુને ખરીદવા પોતાની પાસે રહેલા પૈસાનો વિચાર કરી વસ્તુ ખરીદે છે. સાગર, સરોવરો જળથી પરિપૂર્ણ હોય છે પરંતુ પાણી પીનાર પોતાની તરસના પ્રમાણમાં પાણી પીએ છે. હે માતા, આથી મેં મારી જરૂરિયાત પ્રમાણે ગુરુ-ગુણોનો સંગ્રહ કર્યો છે. તેનું વિસ્તારથી વિવેચન સાંભળ.

પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય (ગભસ્તિ), કપોત, અજગર, સાગર, પતંગિયુ, ભમરો, મધમાખી, હાથી, મૃગ, માછલી, વેશ્યા, ટિટોડી, બાળક, કુમારીકંકણ, સર્પ, શરકાર અને કરોળિયો, પેષષ્કાર. આ પ્રમાણે મેં ગુણાનુસાર ચોવીસ ગુરુ કર્યા છે. તદ્ઉપરાંત નરદેહ એ પચ્ચીસમો ગુરુ કે જેનાથી માનવદેહધારી ગુરુનો લાભ થાય છે. સર્વ સ્વીકૃત ગુરુઓમાં માતા, પિતા, જયેષ્ઠ બંધુ, કુલગુરુ અને મોક્ષગુરુનો સમાવેશ થાય છે. સતી અનસૂયા આ બધું સાંભળીને કહેવા લાગીઃ તારી વિશેષ પ્રજ્ઞા ધન્ય છે. હવે મને તેમના ગુણોનું વિવેચન કર. કોની પાસેથી કયો ગુણ સ્વીકાર્યો અથવા ત્યાગ્યો તે સવિસ્તર કહે. માતાની જિજ્ઞાસા જોઈ અવિનાશને સંતોષ થયો.

અવિનાશ દત્તે કહ્યુંઃ કયા ગુરુ પાસે કયો ગુણ લીધો તે સાંભળ. સૂપડું, ચાળણી અને રાંધવું આ ત્રણ પ્રકાર ગ્રહણ કરવા અથવા ત્યાગવા માટે વપરાય છે. સૂપડું સત્ત્વનો સંગ્રહ કરે છે અને ત્યાજ્ય વસ્તુનો ત્યાગ કરે છે. ચાળણી સત્ત્વને ત્યાગી હલકી વસ્તુ (ત્યાજ્ય)નો સંગ્રહ કરે છે. રાંધવાની ક્રિયામાં પદાર્થને ઉષ્ણતા આપી રાંધે છે. આ ત્રણ ગુણોને સમજી ગ્રાહ્ય, અગ્રાહ્યનો વિચાર કરવો જોઈએ. હવે જે કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળ.

સ્ત્રી-પુરુષના સંયોગ સમયે પિતૃબીજ માતાના જઠરમાં વાયુની સહાયથી ગર્ભધારણા કરે છે. તે ગર્ભ જઠરમાં ગરમીથી બફાય છે

(ગર્ભાશયમાં) અને દિવસે દિવસે વૃદ્ધિ પામે છે. ત્યાં નરક અને મૂત્રને લીધે અતિ ત્રાસ ભોગવે છે. હે માતા, મૂળ કથા કહું છું. ભગવાન નારાયણે બ્રહ્મદેવને આજ્ઞા કરી કે તું સૃષ્ટિ ઉત્પન્ન કર. હું વિષ્ણુરૂપથી તેનું પાલનપોષણ કરીશ. રુદ્રશક્તિ તેનો સંહાર કરશે. વિધાતાએ "જેવી આજ્ઞા" એમ કહી સૃષ્ટિની રચના કરી અને ચોર્યાસી લાખ યોનિ પેદા કરી. એકપાદ, દ્વિપાદ, ત્રિપાદ, ચતુર્પાદ એ રીતે અનેક જીવોની રચના કરી.

બ્રહ્મદેવની સૃષ્ટિરચના જોઈ નારાયણે કહ્યુંઃ આ સર્વ નિર્માણ કર્યું પરંતુ આ બધી યોનિ શિશ્નોદરપરાયણ છે. તેનાથી મને આનંદ થતો નથી. તેમાં મારી વિશ્રાંતિને સ્થાન નથી. મને જાણવાની શક્તિ આ પૈકી કોઈ પણ જીવમાં નથી. પૂર્ણત્વ મેળવવા માટે શું કરવું જોઈએ તે જ્ઞાન મેળવી શકશે નહીં. આથી વિધાતા ચિંતામાં પડ્યા અને બે હાથ જોડી પૂછ્યુંઃ હવે શું કરું? સર્વેશ્વરે જવાબ આપતા કહ્યુંઃ મારા પ્રમાણે જ બે હાથ અથવા અધિક હાથવાળા જીવ બનાવ. પરંતુ ચાર હાથવાળા બનાવીશ નહીં. તે જીવને સર્વ જ્ઞાન આપ. બીજા બધા કરતા તેમને શ્રેષ્ઠ કર (પરંતુ ચાર હાથવાળા બનાવીશ નહીં.) અને નિર્માણ પામેલી સૃષ્ટિ તેમને સ્વાધીન કર. તેમને વર્ણાશ્રમ વિભાગી આપ. વેદમર્યાદાનો બોધ કર અને અધિકારાનુરૂપ ધર્માચરણ કરવા પ્રવૃત્ત કર.

યજ્ઞ-યાગાદિ ક્રિયાનું તેમને જ્ઞાન આપી તેમને સુખ ભોગવવા દે. તેમને મારી માયા રમાડશે. તેં કરેલી સૃષ્ટિ એળે નહીં જાય. વેદાજ્ઞા અનુસાર સર્વભાવથી જે મને ભજશે તે અનુસાર હું તેમના પર કૃપા કરીશ. તેમનું કર્મ વિસ્તાર પામશે. સંકટમાં મને આર્તપોકાર કરવાથી મને-કેશવને તરત દોડી જઈ તેમનું રક્ષણ કરવું પડશે. ભક્તે મને બોલાવતાં જ મારે પ્રગટ થવું પડશે અને સર્વસ્વ આપવું પડશે. મારું

નામ પુરુષોત્તમ છે. તું પુરુષોદ્ભવ છે. આથી મને સંતોષ થાય તેવું કર્મ કર. ચોર્યાસી લાખ યોનિ કરતાં શ્રેષ્ઠ મનુષ્યોનું નિર્માણ કર કે જે મારી વિશ્રાંતિનું સ્થાન હશે. તે નરયોનિ સદ્ભાવના આધારે મને જાણવા યોગ્ય થશે અને બધાં જ પ્રકારના કર્મનો કારક હશે.

વિધાતાએ નારાયણને હાથ જોડી કહ્યુંઃ મેં તમારો વિચાર જાણ્યા વગર બિનજરૂરી સૃષ્ટિ વિસ્તાર કર્યો, તે મારો ઘોર અપરાધ છે. દેવતા સિવાય ભવ્ય મંદિર, રાજા વિના સૈન્ય અને પ્રાણ વગર શરીરની કોઈ કિંમત નથી તે રીતે સૃષ્ટિની રચના થઈ. હવે મને આપે બોધ કર્યો અને સાવધ કર્યો તેથી આપની આજ્ઞાનુસાર નરદેહ નિર્માણ કરી તેને વેદમર્યાદાનું જ્ઞાન કરાવીશ અને સર્વમાન્ય બનાવીશ. અવધૂત અનસૂયાને કહે છેઃ આજ્ઞાનુસાર બ્રહ્મદેવે નરદેહ નિર્માણ કર્યો અને સૃષ્ટિ રચનાને પૂર્ણતા આપી. પરિપૂર્ણ સૃષ્ટિ જોઈને હરિને આનંદ થયો.

જે સમયે બ્રહ્મદેવે નરદેહની રચના કરી ત્યારે જીવને આજ્ઞા કરી કે સુખને ભૂલી ન જતાં પરમાત્માનું ભજન કર. હે જીવ, તું સાવધાન રહેજે. નરદેહ ધારણ કર્યા પછી તારા ફરતે માયામોહનું ઘેરું આવરણ જકડી રાખશે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ શત્રુઓ તને જર્જર કરશે. આશા, મનીષા, તૃષ્ણા, કલ્પના, ભ્રાંતિ, ઈચ્છા, વાસના, લોભ, મોહ ઇત્યાદિથી તારી ઘોર વિટંબણા થશે. અનેક કલ્પનાઓ ઉદ્ભવશે, અનેક દ્વન્દ્વો ઊઠશે, લોભ, મોહને લીધે ઘાત થશે. પરિણામે જન્મમરણના ચક્રમાં તું સપડાઈ જઈશ. આવી પરિસ્થિતિમાં કર્મમાર્ગના સુપંથ અને કુપંથ એવા બે માર્ગ છે. જે પ્રમાણે જીવ આચરણ કરશે  તે રીતે કલ્યાણ અથવા અધોગતિ થશે.

સંસારમાં સુખ ભોગવવા અનેક પ્રકારના કર્મો જીવ કરે છે. કાળ કોઈની રાહ જોતો નથી. તેનો ફાંસો તો તૈયાર રાખે જ છે. તું કુકર્મનું અવલંબન લઈશ, સુખ સમજીને ઝેરને સ્વીકારીશ તો યમપાશમાં

બંધાઈને અનિવાર્ય નરકયાતના ભોગવીશ. જયારે યમ ઘાત કરવા આવશે ત્યારે છોડાવવા કોણ આવશે? જીવે આચરેલા પાપ અનુસાર યમ યોગ્ય યોનિમાં પુનર્જન્મ આપશે. એક-એક યોનિમાં કોટિ-કોટિ ફેરા થશે. જયારે પુણ્ય-પાપનું પલ્લુ સરખું થશે ત્યારે જ મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે.

પ્રાણી જેમજેમ પાપ કરે છે તેમ તેમ તે બંધન પામે છે. તેમાંથી છુટકો નથી અને આગળ દારુણ દુઃખ છે. આ માટે આ પ્રકારના વિકારો સામે સાવધાન રહેવું જોઈએ. બ્રહ્મદેવ કહે છે કે સુમાર્ગ છોડી કુમાર્ગ ગ્રહણ કરી લોભમોહમાં પડીશ નહીં. બ્રહ્મદેવનું કથન સાંભળી જીવ ખૂબ ગભરાઈ ગયો. જીવ કહે, હે દેવ, મારે જન્મ જોઈતો નથી. અનિવાર્ય માયા મોહથી મને ખૂબ ભ્રમ થશે. ષડ્‌વિકારથી ઘેરાયા પછી હું ધીરજ ખોઈ બેસીશ. જીવ બેબાકળો થઈ "મારે જન્મ નથી જોઈતો" તેમ કહેવા લાગ્યો. બ્રહ્મદેવે જીવને આશ્વસ્ત કરતાં કહ્યુંઃ તું સન્માર્ગગામી થા અને ધર્માચરણ કર, તેથી તને સુખ જ મળશે. કોઈ પ્રકારની બીક રાખીશ નહીં.

બ્રહ્મદેવ વધુમાં કહે છેઃ લોભ મોહમાં ન પડતાં નિર્વિકારપણે રહેવું અને પાપકર્મને ત્યજવાં. આથી તું સર્વ પ્રકારનાં સુખ ભોગવીશ. જીવે પોતાની શંકા વ્યક્ત કરતાં પૂછ્યુંઃ કર્મ કરતાં ધર્મ કરવો અને ધર્માચરણથી કર્મ કરવું તે વાત સાચી છે પરંતુ કર્મફળ ભોગવતાં સહજ રીતે લોભમોહમાં ઢસડાઈ જવાય છે. મોહ એટલે મમતા માયા. મમતા-માયા પ્રાણીને છેતરી સંકટમાં નાંખે છે. તેને દૂર કેવી રીતે કરી શકાય? માયા મોહને લીધે જ જીવને અનેક યોનિમાં ભ્રમણ કરવું પડે છે. માયા જીવને વિસ્મરણ કરાવે છે, દીન બનાવે છે અને ફસાવે. મને બીક લાગે છે. આ પ્રમાણેનું કથન સાંભળી વિધાતા વિચારમાં પડ્યા. તેમણે નારાયણની પ્રાર્થના કરી કે જીવના ભયનિવારણ માટે અભય આપવું.

વિધાતાના પ્રશ્નના જવાબમાં વિશ્વેશ્વરે કહ્યુંઃ નરદેહ મારું જ વાસ્તવ્ય સ્થાન છે. હું જીવમાત્રમાં નિવાસ કરું છું. તે પછી વિશ્વેશ્વરે પ્રગટ થઈ જીવાત્માને કહ્યુંઃ હું નિશ્ચિંતપણે તારી પાસે રહીને તારું રક્ષણ કરીશ. તારી અને મારી અતૂટ સંગત છે. મને જો તું ભૂલીશ નહીં તો તને ક્યારેય દુઃખ નહીં થાય. તું જે જે કર્મ કરીશ તે તું મને અર્પણ કર. તેનો હું સ્વીકાર કરીશ અને તારા ક્લેશનું નિવારણ કરીશ. આ ઉત્તમ નરદેહનો સ્વીકાર કર. હું તારી સાથે જ છું. નિર્ભય રહે અને આંતરદૃષ્ટિ રાખ. આથી તારા પર કર્મફળનો બોજ આવશે નહીં.

જે જે કર્મ થાય છે તે મારા લીધે જ થાય છે તેમ સમજ અને નિશ્ચિંત રહે. હું તારી સહાય કરીશ. તું મારું સ્મરણ કરીશ તો ક્યારેય દુઃખી થઈશ નહીં. સુખ (આનંદ) ભોગવીને અંતે મને જ પ્રાપ્ત કરીશ. વધુ શું કહું? જન્મ લીધા પછી મારું (ઈશસંબંધી) વિસ્મરણ થશે અને ખોટી (માયા-મોહ) વાતોમાં ફસાઈશ તો તેમાં મારો દોષ નથી. તારું તારે જ ભોગવવું પડશે. વિષયોમાં જે આસક્ત છે તે જીવ અને જે સર્વત્ર અનાસક્ત તે શિવ છે એમ ચોક્કસપૂર્વક માન. તદ્ઉપરાંત તને જે જે સ્વીકારવાનું ગમે તેનો સ્વીકાર કર. જીવાત્મા અને પરમાત્મા, બંનેમાં પ્રાણ તેમનો જ છે. ઉપાસના દ્વારા આ બધું સમજાય છે. વિશ્વેશ્વરના આ પ્રકારના આશ્વાસનથી જીવને સંતોષ થયો. તેના અંતઃકરણનો ભય દૂર થયો. અતિ હર્ષથી તે બોલી ઊઠ્યોઃ આ સર્વશ્રેષ્ઠ લાભ થયો.

તે પછી જગદીશ્વર બ્રહ્મદેવને કહે છેઃ મેં જીવને ઉપાસનાનું કથન કર્યું છે. હવે તું તેમના કાનમાં તારકમંત્ર કહે. જગદીશ્વરના કહેવા પ્રમાણે આજ્ઞા માન્ય કરી વિધાતાએ જીવાત્માને સોહં મંત્ર પ્રદાન કર્યો અને તેને જપવા કહ્યું. આ પ્રમાણે ઉપદેશ કરીને જીવને ગર્ભાગારમાં પ્રવેશ કરાવ્યો. શ્રીદત્ત અનસૂયાને કહે છેઃ હે માતા, પૂર્વે કથન કરેલી વાત

યાદ કર. ગર્ભમાં અન્ન અને પાણીના સંયોજનથી જઠરાગ્નિની ગરમીથી પિંડ બફાય છે. દિવસો વીતતાં તે રંધાય છે. નરક અને પેશાબ તેમજ હાથ-પગ બંધનમાં હોવાથી જીવ ગભરાય છે. અંતર્મુખ થઈ તે શિવાત્મા તરફ દ્દષ્ટિ કરી તેની કરુણા વાંછી રટણ કરે છેઃ હે પરમાત્મા, તું મને અહીંથી છોડાવ. હે દેવાધિદેવ હૃષિકેશ, મને જો અહીંથી છોડાવીશ તો હું તને કદી પણ વિસરીશ નહીં. મારા પર દયા કરી મને છોડાવ.

શંખ, ચક્ર, ગદા અને પદ્મ લઈ અત્યાર સુધી તેં મારું રક્ષણ કર્યું છે. હવે આ ગર્ભ-કારાગૃહમાંથી મુક્ત કરી પતિતનું રક્ષણ કર. જવાબમાં જગદીશ્વર અભય આપતાં કહે છેઃ તું મારું વિસ્મરણ કરીશ નહીં. હું તારી સાથે જ છું. તે અનંતને કરુણા ઉપજી અને તેણે જીવને ગર્ભનર્કાગારમાંથી બહાર કાઢ્યો. નવ મહિના અને નવ દિવસ પછી સુતિકાવાયુ થકી માતા કંપવા લાગી અને દુઃખ અનુભવી પ્રસૂતિ થઈ. મહત્પુણ્યથી જન્મ થયો. બંધનમાંથી જીવ મુક્ત થયો પરંતુ માયાનો સ્પર્શ થતા ભ્રમ થકી તે કોડહંનું રટણ કરવા લાગ્યો.

જન્મ પછી માતાએ તેલ ચોળી અભ્યંગ સ્નાન કરાવ્યું અને કાન ફૂંકીને દૂધ પીવડાવ્યું. નાળ કાપી અને દસ દિવસ વૃદ્ધિસૂતક પાળ્યું. અગિયારમે દિવસે શુદ્ધ થઈ બારમા-તેરમા દિવસે નામકરણ વગેરે સંસ્કાર કર્યા. મહિના પછી બાળક મોટો થયો. માયામોહથી તે લિપ્ત થયો અને પૂર્વ કર્મ ભૂલી આપ્ત લોકોમાં ભ્રમ પામ્યો. કોક વાર સ્ફૂર્તિ થતા તેને સ્વરૂપની યાદ આવી અને મુલાકાત થતી નથી તેથી આક્રોશ કરવા લાગ્યો. માતા, બંધુ અને બહેને તેને ઘેરી લીધો. ભૂખ લાગી હશે તેમ માની બળજબરીથી સ્તનને વળગાડ્યો. સગાંવહાલાંઓએ તાલીઓ બજાવી, જુદા જુદા અવાજો કાઢી, અનેક કલ્પિત નામોચ્ચાર કરી તેનું ધ્યાન આકર્ષિત કર્યું. પ્રેમથી બાળકનું ચુંબન લીધું. બાળકે ચહેરો જોયો અને મનમાં જુદો જ વિચાર આવી તે ખડખડાટ હસ્યો.

બાળકને લાગ્યું કે મારાં પોતાનાં ક્યાં ગયા? અને આ જુદા જુદા નવા ચહેરા ક્યાંથી આવ્યા. તેને યાદ કરી ફરી રડવા લાગ્યું. આ પ્રમાણે મહિના પછી મહિના પસાર થતા ગયા અને પોતાનું મૂળસ્વરૂપ ભૂલી ગયું. અને પછી તો સામે જે દેખાય તેનું જ આકર્ષણ થઈ તેમાં જ રમવા લાગ્યો. પાંચ મહિના થતાં તે અચ્યુતને પૂર્ણતઃ ભૂલી ગયો. પછી તેને સર્વથા માતા ગમવા લાગી. સ્વકીયને તે નીરખવા લાગ્યો. દિવસે દિવસે તે સમજવા લાગ્યો, પડવા, ચઢવા લાગ્યો અને ઘૂંટણિયે પડી, ભીંતના આધારે ઈતર લોકો તેને ચાલવાનું શીખવવા લાગ્યા. પ્રેમથી તે બાળકને અન્નપ્રાશન કરાવવા લાગ્યા.

બાળકને હવે અલંકાર ભૂષણો પહેરાવી તેને જુદા જુદા શબ્દો બોલતાં શીખવવા લાગ્યા. તેની જીભને જુદા જુદા રસનો ચસ્કો લગાડ્યો. મનમાં ઘરેણા પ્રત્યે આકર્ષણ લગાડ્યું. મનમાં રમકડા પ્રત્યે આસક્તિ જગાડી. બાળકને રમવા માટે ખેલાડીની વ્યવસ્થા કરી. બાળક સાત વર્ષનો થયો એટલે તેને જનોઈ આપવામાં આવી અને બ્રાહ્મણ દ્વારા વિદ્યાભ્યાસ કરાવ્યો. વિદ્યામાં પ્રવીણ થયા બાદ તેના ડહાપણની ચોમેર પ્રશંસા થઈ. તેનાથી માતાપિતા હરખાયાં. તેનું લગ્ન થાય તેમ માતાપિતાને લાગ્યું. જે-તે કહેવા લાગ્યો કે પોતાની કન્યા તેને આપશે. વિધિસંકેત અનુસાર વિવાહ થયો.

લોકો કહે લગ્ન થયું. પરંતુ એક રીતે તે બંધન જ. પગમાં બેડી પડી. માતા કહેઃ વહુ, તું મારા જેવો સંસાર કર. તને સર્વસ્વ સોંપી દીધું છે. બાળકને સુખેથી પ્રસવ. સ્ત્રી દિવસે દિવસે વૃદ્ધિંગત થવા લાગી. ફળપ્રાપ્તિ પછી તે સ્વપતિને જળોની જેમ ચોંટી. વસ્ત્ર-અલંકાર ન મળ્યા એટલે ચડભડ કરવા લાગી. આ પ્રમાણે તે શરીર દ્રવ્ય અને બાહ્ય દ્રવ્યોનું આચમન કરવા લાગી અને અનેક ઉપાધિ વહોરવા લાગી. તેની ઈચ્છા પૂરી ન થઈ એટલે તે પતિને પણ ત્રાસ આપવા લાગી. લોભમોહના પાશમાં પુરુષ ફસાયો કે સ્વહિત તરફ તે દુર્લક્ષ કરે છે.

વાર્ધક્યમાં પ્રાણ આકુળવ્યાકુળ થાય છે પરંતુ મન પ્રપંચમાં ફસાયેલું રહે છે. વ્યાધિ અને રોગગ્રસ્ત શરીર થયું હોય તો પણ મન સંસારમાં જ લિપ્ત રહે છે. મોઢા વાટે લાળ ટપકે, નાક વાટે લીંટ વહે, પથારી મળમૂત્રથી બગડે છે. અડધી મૃતઅવસ્થા થઈ તો પણ પ્રપંચનું વ્યસન છૂટતું નથી. ઘરના અને બહારના બધા લોકો ત્રાસી જાય છે. લોકો નિષ્ઠુર થઈ બોલે છે. છેવટે કોઈ પણ કામમાં આવતા નથી. ચારે બાજુથી અનિવાર દુઃખ પ્રાપ્ત થાય છે તેમ છતાં તે કહેતો ફરે છે કે જો હજુ જીવીશ તો સારો સંસાર કરી બતાવીશ. સામાન્ય લોકો મારી ભલે નિંદા કરે. મૃત્યુ બારણે દસ્તક આપે ત્યારે પણ મન પ્રપંચમાં ગૂંચવાએલું રહે છે. આથી જીવ દારુણ ભવપાશમાં સપડાય છે. આ પ્રમાણે પ્રપંચ વિશે કલ્પના વિલાસ કરતાં કરતાં બેઠકના સ્થળે જ પ્રાણ ઊડી જાય છે. યમરાજ જીવને બાંધીને લઇ જાય છે અને કર્મ પ્રમાણે તેને વિટંબણા ભોગવવી પડે છે.

યમલોકમાં કર્મ પ્રમાણે ભોગ ભોગવવા પડે છે. જીવને નરકવાસ પણ ભોગવવો પડે છે. આ જન્મ-મરણનું દુઃખ અવર્ણનીય છે. આ બધું જોતાં પ્રાણીને સુખ ક્યાંથી? આ બધું જાણી હું અત્યંત સાવધ થયો છું. આ નરદેહ એક દૃષ્ટિએ જોતાં શ્રેષ્ઠ પ્રકારનો હીરો. પરંતુ કિંમતી હીરો મેળવ્યા છતાં તેનો સદુપયોગ ન કર્યો તેવા મૂર્ખને શું કહેવું? માનવ જન્મમાં બે માર્ગ છે, એક બંધન કરાવે છે અને બીજો મુક્તિ તરફ જાય છે. આ સત્યને વિવેકથી જેણે તેણે જાણવું જોઇએ. જે મુક્ત થશે તે શ્રેષ્ઠ અને બંધન તરફ વળે તે તદ્દન ખોટો. બીજો માર્ગ નરક તરફ અને યમદરબાર તરફ વળે છે.

મુક્તિ તરફ જવું હોય તો દૃઢ વૈરાગ્ય જોઇએ. વિવેકનો પાલવ ઝાલી ભોગનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઇએ. અવધૂત અનસૂયાને કહે છેઃ તને વિસ્તારથી વિવેચન કર્યું. જેના લીધે જીવ ફસાય છે (ઘાત

થાય છે) તેનું યથાર્થ વિવેચન કર્યું. પરંતુ તેમાંથી મેં જે ગુણ લીધો તે કહું છું. ચોર્યાસી લાખ યોનીનો પાવન ગુરુ એટલે આ નરદેહ છે. તે સર્વ ગુણને જાણનાર, વિવેકથી જાણીએ કે સર્વમાં શ્રેષ્ઠ જ્ઞાતા આ નરદેહ છે. બીજા ગુરુ પિતા. માતા પ્રેમથી ઉછેર કરે છે અને લાલન પાલન કરે છે. તે ગુરુ પિતા કરતાં જુદી છે.

વિદ્યાગુરુ શિક્ષણ આપી વિદ્યા પ્રદાન કરે છે. સર્વમાં માન્યતા મેળવી આપે છે. હું તેને શરણે ગયો. મને તેણે બ્રહ્મત્વ પ્રદાન કર્યું. કાનમાં ગાયત્રીમંત્ર કહ્યો, વેદશાસ્ત્રમાં પ્રવીણ કર્યો અને અર્થબોધ કર્યો. તે કુલગુરુને મેં વંદન કર્યાં. વેદાર્થબોધ લઈને વેદમતાનુસાર જયેષ્ઠબંધુ દુર્વાસાને વંદન કર્યાં. આ પ્રમાણે વડિલોને વંદન કરવાં અને કનિષ્ઠોને આશીર્વાદ આપવા. આ વિચારો વિશે જોઈએ તો બંને તરફ ફસાઈ જવાય છે. વેદમત જોઈએ તો ઘણા જયેષ્ઠો (વૃધ્ધો)નો ઉલ્લેખ છે. ઘણી વખત વંદન કરતાં મનમાં વિકલ્પ આવે છે આથી મેં વિવેકને ગુરુ કર્યા. વૈરાગ્ય, અનુતાપનાં ઘરેણાં પરિધાન કર્યાં. પિતાની શોધ કરતાં તે (બ્રહ્મ) સર્વવ્યાપી છે તે જણાયું.

હે માતા! તારામાં જેમ શ્રેષ્ઠત્વ (વડિલપણુ) છે તેવી જ રીતે તે મારામાં અને સર્વ સમાજમાં છે. તો પછી નમસ્કાર કોણે કોને કરવા? આ વિચારથી જો વંદન ન કરીએ તો વેદ અને વડિલોને આદર આપવાની પરંપરાને દૂષણ લાગે. આથી મારો મત એવો છે કે શ્રેષ્ઠત્વને ભૂલી સર્વને વંદન કરવાં. નારી, નર, વડિલ, કનિષ્ઠ, પશુ, પક્ષી, સર્વ જીવજંતુ, સ્થાવર, જંગમ, લઘુ, સ્થૂળ સર્વને પ્રેમથી વંદન કરવાં. આ પ્રકારના વિવેકથી આચરણ કરતાં શ્રેષ્ઠત્વનો ભાર જ હલકો થાય છે. બધા જ પ્રકારના ભેદ ઊડી જાય છે અને અનેકમાં એકત્વ સિદ્ધ થાય છે. જીવ-શિવનું દ્વૈત મટીને એકત્વ સિદ્ધ થયું. કોણે કોને નમન કરવું?

મનનું અ-મન થયું. તેમ છતાં શ્રેષ્ઠાચારનું માન રાખવા ખાતર વિવેકથી વિચાર કરીએ એટલે અવિનાશ સર્વાંતર વ્યાપક અને પાવનતા વિશે સર્વશ્રેષ્ઠ છે. નરદેહ એ નાશવંત અને પતિત હેવાથી સર્વદેહમાં તે કનિષ્ઠ છે. તેણે આ અધિકાર પ્રાપ્ત કરવા સર્વને નમન કરવું. બીજી મહત્વની એ વાત છે કે સ્વાત્મહિત જાણવા માટે આ એકમાત્ર નરદેહ જ સમર્થ છે અને સર્વપ્રકારનું જ્ઞાન આ જ દેહમાં પ્રાપ્ત થાય છે. બીજા કોઇ દેહમાં નહીં. નરદેહ આ પ્રથમ ગુરુ છે. આ સર્વગુણનો સમુચ્ચય છે. તેનાથી શ્રેષ્ઠ અને અલભ્ય લાભ થાય છે.

બધી જ યોનિમાં નરદેહ શ્રેષ્ઠ, પરંતુ જ્ઞાનહીન હોય તો અતિ કનિષ્ઠ. તેનું કારણ એ કે અજ્ઞાનથી મતિભ્રષ્ટ થાય તો અનેક સંકટમાં પાડે છે. ષડ્‌રિપુને લીધે મન પાંચ વિષયોમાં પૂર્ણ મોહિત થતાં આશા, લોભ મોહથી ભ્રમ પામીને નરકવાસ સુધી લઇ જાય છે. વેદ વિદ્યાગુરુની કૃપાથી તેમના ઉપદેશથી હું સમજ્યો છું કે ઘાતક દ્વંદ્વો અતિ સંઘર્ષ નિર્માણ કરે છે. તેનું નિવારણ કરવાનું સામર્થ્ય કોઇનામાં નથી. જે કોઇ પણ કર્મ કરીએ તે અહંકારને વધારે છે તેથી તે કર્મ ભવસાગરમાં લઇ જઇ ડૂબાડે છે અને જન્મમરણના ચક્રમાંથી મુક્તિ મળતી નથી. તેમાં જીવને ક્યાંયે સુખ નથી. આ દુઃખથી જીવને છોડાવનાર કોઇ નથી. તેથી જીવને અનુતાપ અને ચિત્તને ચિંતા થઇ. ત્યારે મેં વિવેકપૂર્વક વિચાર ર્ક્યો કે સર્વથી શ્રેષ્ઠ સદ્‌ગુરુ છે. તેઓ જ મારો ભવભય દૂર કરી મને નિર્વિકાર કરશે.

સદ્‌બુદ્ધિ, અનુતાપ અને વિવેકને લીધે મને આ ઉપાય (રસ્તો) જલદી જડ્યો. જે રીતે નદીમાં પડ્યા પછી મોટુ કોળુ હાથમાં આવે, દરિદ્રી માણસના હાથમાં અચાનક દ્રવ્યઘટ મળે, સાપે દંશ કર્યા પછી અચાનક સર્પમણિ પર પડ્યો, ચોરોએ ઘાત કરવા માટે ઘેરી લેતાં વાઘ આવીને ચોરની હત્યા કરે અથવા વનમાં આગ લાગતા જેમ અચાનક

મેઘવર્ષા થાય તે જ પ્રમાણે સંસારમાં ડૂબતા મને તારણહાર ગુરુ મળ્યા. મારા મનમાં અતિ આનંદ, ઉલ્લાસ થયો. હું સદ્‌ગુરુને શરણે ગયો.

શ્રીસદ્‌ગુરુ અત્રિને હું અનન્યભાવે શરણે ગયો. પ્રેમથી તેમના ચરણો હૃદયસરસા ચાંપતાં જ તેમણે મને પાવન કર્યો. તેમણે મારું આર્દ્ર અંતઃકરણ ઓળખી મારો અંગિકાર કર્યો અને શ્રેષ્ઠ તારકમંત્રનો ઉપદેશ કરી મસ્તક પર અભય હસ્ત મૂક્યો. સમગ્ર બ્રહ્માંડને જોઈએ તો પણ સદ્‌ગુરુ જેવો દયાળુ કોઈ દેખાતો નથી. તેમના માટે કોઈ પણ ઉપમા જડતી નથી. સદ્‌ગુરુએ તત્કાળ મને તેમની જેમ કર્યો. મારા ત્રિવિધ તાપ દૂર કર્યા, અજ્ઞાનનો સમૂળે છેદ કર્યો, જ્ઞાનદીપ પ્રજ્વલિત કર્યો અને નિજ તેજ પ્રકાશિત કર્યું.

શ્રીગુરુની કૃપાથી હું જ સર્વ વિશ્વમાં વ્યાપી રહ્યો. તેમણે મારા મનનું ઉન્મન (અ-મન) કર્યું. આથી હું-મારું તું-તારું એવો ભાવ નષ્ટ થયો. સદ્‌ગુરુએ મારું અંતઃકરણ નિર્ભય કર્યું અને સર્વ વિકારો નષ્ટ કર્યા. તેમના કેટલા ઉપકારોને યાદ કરું? સદ્‌ગુરુ એ ધન્ય દાતા છે. હે માતા, તું પણ સદ્‌ગુરુને શરણે જા. તેમણે દયા કરતાં જ તું સંપૂર્ણ સુખ પામીશ. જેઓ સદ્‌ગુરુને શરણે ગયા તેઓ સર્વથા મુક્ત હોય છે. સદ્‌ગુરુ અનંત એ દયાસાગર છે. આ અનંતસુત (કાવડીબુવા) તેમના ચરણકમળનો ભ્રમર છે. નિરંતર મકરંદ સેવન કરી આ ગ્રંથમાં ગુંજારવ કરે છે. સાધુ-સંત, સજ્જનોનાં ચરણે દૃષ્ટિ કરી, અમને પાવન કરે તેથી આ ગ્રંથને માટે તેમનું કૃપાદાન યાચું છું.

॥ ઈતિ સપ્તદશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋❋❋

# અધ્યાય - ૧૮

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુરાય, જ્ઞાનસાગર, પરમાત્મા, ગુણાતીત, મારા પર દયા કર. મારી માયા નષ્ટ કર. હું તારે શરણે આવ્યો છું. તું સર્વજ્ઞ, સર્વસાક્ષી ઉદાર અને સદય છે. માર પ્રતિ કૃપાદષ્ટિ રાખી ષડ્‌રિપુઓથી રક્ષણ કરી શરણાગતને સ્વ-પદે સંલગ્ન રાખ. તું ભવભયનો નાશ કરે છે આથી તારું નામ પતિતપાવન છે. મારા અજ્ઞાનનો સંહાર કર. તારાં ચરણો જ મારા માટે ભવતારક છે. ભવપાર કરવા માટે મારા સારથી તે જ ચરણકમળ છે. તારા ચરણોની ધૂળ તે જ મારું તીર્થ છે. તેનો સ્પર્શ કરતાં જ પાપમોચન થાય છે. તારા ચરણોનું તીર્થ સર્વ તીર્થથી શ્રેષ્ઠ છે. તે પ્રાપ્ત થતાં જ પ્રાણીનો ઉદ્ધાર થઈ મોક્ષપદને પામે છે. હે ગુરુરાય, તું સર્વ દેવનો પણ દેવ અને દીનનો બંધુ છે. સર્વ ઉપાય તારે સ્વાધીન છે. ભક્તની ભાવના જોઈ તું તેનો ઉદ્ધાર કરે છે. તારી કૃપાથી આ ગ્રંથનું વિવેચન થઈ રહ્યું છે. દિવસે દિવસે તેને તું રસભરિત કરી રહ્યો છે.

ગત અધ્યાયમાં અવધૂત પોતાની માતાને કહે છેઃ હું સદ્‌ગુરુની કૃપાથી આત્મસ્થિતિ પામ્યો. ભવભયની ભ્રાંતિ નષ્ટ કરી. ઉપરોક્ત કથા શ્રોતાઓએ પ્રેમથી શ્રવણ કરી. હવે આગળની કથા પ્રેમથી કહું છું તે સાંભળો. શ્રોતાઓ કહેવા લાગ્યાઃ અમને કથામૃત પાન કરાવી સુલક્ષણ સદ્‌ગુરુદપ્રબોધ વિસ્તારથી કથન કર્યો તેથી ભયનાશ થશે. અવધૂતે કહેલું સુંદર ગુરુગુણમાહાત્મ્ય શ્રવણ કરવા મહેનત

કરી કામ ક્રોધ દૂર કરીશું. પાવન અવિનાશ કથા એ અમૃત છે; હવે ભવભય ક્યાંથી બાકી રહેશે? તમારું મધુર કથન અમારા જીવને શાંતિ આપે છે. હવે આગામી કથાશ્રવણ માટે અમે ઉત્સુક છીએ.

શ્રોતાઓની મધુર વાણી સાંભળી વક્તા કહે છેઃ તમે શ્રોતાઓ દીનને પાવન કરો છો. મારા દ્વારા તમે જ બોલી રહ્યા છો. તમારી કૃપાથી મૂગો પણ પંડિતની જેમ વક્તવ્ય આપવા લાગે છે. મારા જેવા મહામૂર્ખને જ્ઞાનવિચાર ક્યાંથી આવશે? મારા બોબડા બોલને તમે સ્વીકારો છો આથી તે યથામતિ હું નિવેદન કરું છું. અવધૂત અનસૂયાને કહે છેઃ

મને સદ્‌ગુરુએ પાવન કર્યો અને બધા જ સંકટોને વારી ચરણોમાં આશ્રય આપ્યો. તે અવર્ણનીય સુખને તું પણ પ્રાપ્ત કર. તે માટે સદ્‌ગુરુને શરણે જા. અનસૂયાએ કહ્યુંઃ તું જે બોધ કરે છે તે મને માન્ય છે. યદુરાજાને જે ચોવીસ ગુરુએ ગુણ નિવેદન કર્યું તે શ્રવણ કરવા મારું મન ઉત્સુક છે. અવધૂતે કહ્યુંઃ તું યોગ્ય શ્રોતા છે. શ્રીમત્ સદ્‌ગુરુએ મને તારક ઉપદેશ કરી પોતાની સમાન કર્યો* અને મારા દ્વૈતભાવનો નાશ કર્યો. તદ્‌ઉપરાંત એક વધારાની સૂચના આપી કે વિવેકરૂપી સાધન દ્વારા આ જ્ઞાન આત્મસાત કરવું જોઈએ. મન ચંચળ હોય છે. આથી તેને પ્રથમ શાંત કરવું જોઈએ.

વિષયલોભનો સંપૂર્ણ ત્યાગ કરવો અને મન આસક્તિરહિત નિર્મળ કરવું જોઈએ. કમળ પાણીમાં હોવા છતાં તેના પાંદડાને પાણી સ્પર્શી શકતું નથી તે જ રીતે આપણે જગતમાં રહેવા છતાંય એવું વર્તન રાખવું જોઈએ કે વિષયલોભ આપણી આજુબાજુ હોવા છતાંય તે આપણને સ્પર્શે નહીં તેનો ખ્યાલ રાખવો જોઈએ. આથી ગુણોની

---

* આપ સમાન કરે શિષ્યન કો, દેવે પદ નિરબાના...

-પૂ.શ્રી રંગ અવધૂત

શોધ કરી તેનો સ્વીકાર કરવો જોઈએ અને મન અમનસ્ક, અચળ હોવું જોઈએ. યોગ નિર્વિઘ્નપણે પૂર્ણ થવા માટે ઉત્તમ ગુણોની સંગત જોઈએ. તે થકી મન ઉદ્વેગશૂન્ય થઈ નિઃસંગતા પ્રાપ્ત થશે.

સદ્‌ગુરુનાં આ સુવચનો સાંભળી મેં તેમનાં ચરણ ઉપર મસ્તક મૂક્યું. આજ્ઞા અનુસાર ગુણ સ્વીકાર કરવા માટે મેં તેમને શોધીને ગુરુ કર્યા. તે ગુણોનો અંગિકાર કરતાં જ મેં અનુપમ સુખ અનુભવ્યું. તે બોધ મેં યદુરાજાને કહ્યો અને હવે તને કથન કરું છું. હે માતા, મન નિર્વિકલ્પ કરી સાવધાન થઈ બોધ શ્રવણ કર.

પૃથ્વીઃ- પ્રથમ પૃથ્વીને ગુરુ કર્યો. પર્વત, વૃક્ષ અને ભૂમિ પાસેથી ગુણ ગ્રહણ કર્યા. જમીનને હળથી લોકો ખેડે છે તેનાથી તે દુઃખી ન થતાં વધારે પાક આપે છે. પૃથ્વીમાં લોકો કૂવા, તળાવ, વાવ ખોદે છે. ભૂમિ આથી પાણી આપે છે. ખોદવાથી થતું દુઃખ તે મનમાં લાવતી નથી. પૃથ્વી હંમેશાં શાંત હોય છે. લોકો પૃથ્વી પર મળ-મૂત્ર ત્યાગ કરે છે. જીવ અનેક પ્રકારનાં મલિન કૃત્યો કરે છે. કેટલાક થૂંકે, ઉલટી કરે તો પણ પૃથ્વી તેમને કશું કહેતી નથી. સહન કરે છે. ક્યારેય તે વિલાપ કે શોક કરતી નથી. ખેડૂતો ઉત્તમ પાક વાવે છે તો કેટલાક મંદિર, મકાન, ઘાટ બાંધે છે. કેટલાક ચંડાળની જેમ પિશાચવત્ પણ વર્તે છે. કેટલાક વળી સ્મશાન બાંધે છે તો કેટલાક નર્કકૂપ બાંધે છે. લોકોની આવી વર્તણૂંક હોવા છતાં તે મનમાં રાગદ્વેષ આણતી નથી કે સુખદુઃખ માનતી નથી. બધા સાથે તે અભેદરીતથી રહે છે.

વૃક્ષઃ- પૃથ્વીની શાંતતા માટે કોઈ ઉપમા જ નથી. હે માતા, મેં પૃથ્વી પાસેથી શાંતિ અને ક્ષમાનો ગુણ લીધો. હવે વૃક્ષ પાસેથી જે ગુણ લીધો તે કહું છું. વિવિધ પ્રકારનાં વૃક્ષોને લોકો છેદે છે, કાપે છે, છૂંદે છે. કોઈ પ્રેમથી વૃક્ષ વાવે છે તો કોઈ શસ્ત્રથી કાપે છે. તરુ બંને પ્રકારના માણસો માટે છાયા પ્રદાન કરી તાપ નિવારણ

કરે છે. કોક ચંદનના વૃક્ષને ઉછેરે છે જ્યારે બીજો શસ્ત્રથી તેનું છેદન કરે છે. ચંદનનું વૃક્ષ બંનેને સરખી રીતે શીતળ સુગંધ આપે છે.

માળી બગીચામાં ફળફૂલના છોડ વાવે છે, તેને ઉછેરે છે. ફળ-ફૂલ લેનાર વૃક્ષ પરથી યથેચ્છ ફળફૂલ તોડે છે. વૃક્ષ ફળફૂલ તોડનાર પ્રત્યે કે છોડ વાવનાર-ઉછેરનાર પ્રત્યે તટસ્થભાવ કેળવે છે. હે માતા, લોકો શેરડીનો પાક વાવે છે. વર્ષ સુધી તેનો ઉછેર કરે છે. પશ્ચાત્ તેને મૂળથી ઉખેડી નાંખે છે છતાં તે પોતાની મીઠાશ છોડતું નથી. શેરડીને દાતરડાથી કાપીએ, સંચામાં (રસ કાઢવાના યંત્રમાં) પીલીને રસ કાઢી, તે રસને પાત્રમાં ઉકાળે છે. ઉકાળી ઘટ્ટ કરે તો પણ તેની મીઠાશ ઉત્તરોત્તર વધતી જાય છે. વૃક્ષનો *મીઠાશનો ગુણ અને ક્ષમાશીલતાનો ગુણ મેં સ્વીકાર્યો. હવે પર્વત વિશે સાંભળો.

પર્વતઃ- પર્વત પરોપકાર માટે વિવિધ વનસ્પતિનો સંગ્રહ કરે છે. પોતે તેનો ઉપયોગ કરતો નથી. તે વનચરોનું પાલન કરે છે. વૈદ્યરાજોને ઔષધિ વનસ્પતિ પૂરી પાડે છે. પોતે અચળ રહે છે. અગ્નિ, વાયુથી તે ડરતો નથી. અગ્નિથી દગ્ધ થાય તો પણ બીજ વેડફતો નથી. વર્ષાઋતુમાં તે બીજને સિંચન કરી ફરી પરોપકાર માટે ઉગાડે છે. હે માતા, આ રીતે પર્વત પાસેથી મેં શાંતિ, દયા અને અચલત્વ આ ગુણો સ્વીકાર્યા. તું પણ તેનો સ્વીકાર કર. હવે વાયુ. આ ગુરુ વિશે સાંભળ.

વાયુઃ- વાયુનું બેધારી લક્ષણ છે. વાયુ શરીરને સ્પર્શ કરે છે પરંતુ દેખાતો નથી. અનેક વસ્તુઓને સ્પર્શ કરવા છતાંય તે કોઈ પણ વસ્તુમાં આસક્ત થતો નથી. વાયુ કોઈ પણ વસ્તુમાં આસક્ત થતો

---

* કડવા મીઠા સબકા સૂનના, મુખ અમૃત બરસાના,
રે મન મસ્ત સદા દિલ રહના..

- પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ

નથી તેમ છતાં તે વસ્તુના અંશને ફેલાવે છે અને સુગંધનો ફેલાવો આ રીતે થાય છે. શરીર બહારનો વાયુ બાહ્ય વસ્તુઓને હલાવે છે જ્યારે શરીરના અંદરનો વાયુ અંતરંગ વસ્તુઓને રમાડે છે. નાસિકા દ્વારા તે બાર આંગળ સુધી પ્રચલન કરે છે. વાયુનો અનાસક્તપણાનો ગુણ મેં પ્રેમથી સ્વીકાર્યો. વાયુ અંતર્બાહ્ય બંને રીતે છે. તેને પકડી શકાતો નથી પરંતુ તેની અનુભૂતિ થાય છે. વાયુના આ ગુણને લીધે મેં નક્કી કર્યું કે અલિપ્તપણે સંસાર કરવાથી પ્રપંચમાં વ્યવહાર અનાસક્તપણે કરવાથી તે સાધકને નડતો નથી. હું પણ સંસારમાં આ જ રીતે વર્તન રાખું છું. તે પછી મેં આકાશને ગુરુ કર્યો.

આકાશઃ- જેનો અંત નથી તેને આકાશ કહેવું. આકાશના પેટાળમાં ગ્રહ, તારા, સૂર્ય, વાદળાં, સૂસવાટા મારતો પવન જેવા અનેક પદાર્થ હોય છે. પક્ષીઓ પણ વિહાર કરે છે. મેઘધનુષ્ય હોય છે. જોનારને એમ લાગે કે આકાશ આ બધી વસ્તુઓથી ભરેલું છે. પરંતુ આકાશ આ વસ્તુઓથી જુદું છે. આકાશ પાણીથી ભરેલું લાગે છે પરંતુ તે તેનાથી જુદું અને નિર્મળ છે. ઘટમાં તે ઘટરૂપે ભાસે છે. હલાવતાં તે હલાવેલું ભાસે છે. પરંતુ તે હોય છે તેમ જ હોય છે. અદશ્યમાં આકાશ દેખાય છે પરંતુ અદશ્યભંગ થતાં તે ભંગ પામતું નથી. તે અભંગ, અવિનાશી છે. ઉપાધિમાં તે કદી પણ ગૂંચવાતું નથી. વાયુના સ્પર્શથી તે પાણીમાં હાલે છે પરંતુ વસ્તુતઃ તે કદી પણ હાલતું નથી. જ્યાં છે ત્યાં જ તે હોય છે. વ્યાપીને નિર્મળપણે શેષ હોય છે.

ભાસમાત્ર જે જે છે તેનો નાશ થાય છે. જે ભાસતું નથી તે આકાશ. તે નિશ્ચળ, નિર્મળ, નિર્દોષ હોઈ તેનો અંત જ નથી. આ બ્રહ્માંડનું ઢાંકણ આકાશ છે; તે પ્રત્યક્ષ રીતે બધાને દેખાય છે પરંતુ પકડી શકાતું નથી. ગગન એ ફક્ત નામ છે. હવે ચોથો ગુરુ પાણી છે. તેનાં ગુણોનું વર્ણન કરું છું.

જળઃ- જળ નિર્મળ હોય છે. જળ બીજી વસ્તુઓને પણ નિર્મળ કરે છે- સ્વચ્છ કરે છે. તે પાતળું તથા કોમળ છે. જળ વહે છે ત્યારે પવનને લીધે ચમકે છે. તે સર્વથા શીતળ હોય છે અને પ્રાશન કરતાં તે તાપાગ્નિને શાંત કરે છે. સ્વાદમાં તે મધુર અને વ્યાપકત્વની દૃષ્ટિએ સર્વગામી છે. જે રંગ અથવા સ્વાદ સાથે તેનો સંગ થાય છે તે રંગનું અથવા તે સ્વાદનું જળ થાય છે. જળ સ્વભાવથી જ પવિત્ર હોઈ તે ઈતરને પણ પવિત્ર કરે છે. અંતર્ગત તેજને લીધે તે પ્રાણીમાત્રને જીવન અર્પણ કરે છે અને બીજાનું મળક્ષાલન કરે છે. જળ તીર્થરૂપ થાય છે ત્યારે સ્નાન વડે પાપને ધોઈ નાંખે છે. બીજાને પવિત્રતા અર્પે છે અને તેના નિંદ્ય ગુણ જોતું નથી. જળને જ્યાં પણ વળાવીએ ત્યાં તે સહજ પ્રવાહિત થાય છે. તેનો ઉપયોગ કોઈ પણ પ્રકાર માટે કરતાં તે કોઈ પણ પ્રકારનો વિરોધ કરતું નથી.

જળ, જેના તેના સંગે તેવું ભાસે છે. પરંતુ પોતે નિર્મળ રહે છે. આ જળનો ગુણ મેં સ્વીકાર્યો છે. તું પણ આજ પ્રમાણે અનુસર. હવે પાંચમા ગુરુ અગ્નિ વિશે સાંભળ.

અગ્નિઃ- અગ્નિ પાંચ ગુણોથી શોભે છે. તેનું તેજ અસંભાવ્ય છે. તે સર્વવ્યાપક છે. તેની શક્તિ અતિ અદ્‌ભુત છે. તે દાહકતામાં પ્રબળ હોઈ વસ્તુને ખાખ કરવા પ્રજવલિત હોય છે ત્યારે કૃતાંત કાળની જેમ સમગ્ર બ્રહ્માંડનો કોળિયો કરશે તેમ લાગે છે. તેનો સંગ્રહ કરીએ તો તેની દહનશક્તિને લીધે સર્વ નાશ પામે છે. અંતે જો કે તેનું પેટ ખાલી જ રહે છે. અગ્નિ સર્વ કાંઈ ભક્ષણ કરે છે. તે ઉચ્ચ, નીચ, સારું, નરસું તેમ કોઈ ભેદ માનતો નથી. ભક્ષ્ય કે અભક્ષ્ય સર્વ ભક્ષણ કર્યા પછી પણ તે પવિત્ર જ રહે છે. ઊંચા કે નીચલા સ્થળે હોવા છતાં તેનો હંમેશાં વિજય જ હોય છે.

અનેક પ્રકારની વસ્તુઓને દગ્ધ કર્યા પછી તે તે વસ્તુઓને તે પોતાની જેમ અગ્નિસ્વરૂપ કરેછે. આમ, તે વસ્તુના નામ રૂપને નષ્ટ કરે છે. આ તેનો ગુણ મહત્ત્વનો હોઈ તીવ્ર વૈરાગ્ય, અનુતાપ, રુચિહીનતા અને અદ્વયત્વ માટે અગ્નિને ગુરુ કર્યો. તે પછી સૂર્યને ગુરુ કર્યો.

સૂર્યઃ- હવે ચંડકિરણ (સૂર્ય)ના ગુણો કથન કરું છું. સૂર્ય તેના પ્રખર તેજ દ્વારા દશ્ય પદાર્થ દશ્યમાન કરાવે છે. ઠંડીનું નિવારણ કરે છે, પોતાના પ્રકાશથી અંધારાનો નાશ કરે છે અને વસ્તુની ઓળખાણ કરાવી આપે છે. પોતાનાં કિરણો થકી તે સાગરનું જળ શોષી લે છે અને ભૂમિને સૂકી કરે છે. ઋતુની તે જાણ કરાવે છે અને વાદળાં નિર્માણ કરી પર્જન્યનો વર્ષાવ કરે છે. પર્જન્યને લીધે જમીનમાં બીજનું અંકુરણ થાય છે, જળથી પ્રાણીઓને જીવન મળે છે અને વૃક્ષો પણ ફળ પુષ્પાન્વિત થાય છે.

સૂર્ય, ષડ્ઋતુ માટે કારણરૂપ થાય છે. ઋતુ પ્રમાણે (શીત, ઉષ્ણ કે શીતોષ્ણ) સૂર્ય થાય છે અને દક્ષિણાયન કે ઉત્તરાયણ ને ગતિ દર્શાવે છે. સૂર્ય જીવોને ઊંઘમાંથી જાગ્રત કરે છે, અંધારાને નષ્ટ કરે છે, ભ્રમણમાં આનંદ માને છે અને સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે. આ બધા જ ગુણો યોગીને માટે ઉત્તમ છે. આથી મેં તે ગુણોને સૂર્ય પાસેથી ગ્રહણ કર્યા છે અને તને પણ સ્વીકારવા કહું છું. હવે તને ચંદ્રનો ગુણ કહું છું.

ચંદ્રઃ- પોતાની શીતળતા માટે તેમ જ શીતળ પ્રકાશ માટે જાણીતો છે. કુમતિને દૂર કરી સુખ આનંદ આપી તાપનિવારણ કરે છે. તેના શીતળ પ્રકાશરૂપી અમૃતસ્રાવથી અનેક વનસ્પતિનો વિકાસ થવા દે છે. તેવી વનસ્પતિઓના સેવન થકી રોગ નિવારણ થાય છે અને જીવનો અંતરાત્મા સંતોષ, શાંતિ અનુભવે છે. આમ, શીતળતા, સંતોષ

આદિ ગુણ મેં ચંદ્ર પાસેથી સ્વીકાર્યો અને તને પણ તે સ્વીકાર કરવા જણાવું છું. તેં મને ગૃહસ્થાશ્રમ સ્વીકારવા કહ્યું પણ મેં તે સૂચનનો સ્વીકાર કર્યો નથી. તેનું કારણ જાણ.

કપોતઃ- સ્વેચ્છાથી વનોપવનમાં વિચરણ કરતાં મેં એક કપોત જોડાને જોયું. વિષયથી આસક્ત થઈ કપોત, ક્ષણ માટે પણ કપોતીનો સંગ છોડવા તૈયાર ન હતો. બંને એક જ માળામાં રહેતાં અને સાથે વાતચીતમાં તેમ જ ચારા પાણી માટે જતા. એક ક્ષણ માટે પણ એકબીજા વગર રહેતા નહીં. એક સાથે વિહાર કરવો, પેટ ભરાયા પછી ઘેર આવવું. પાંખોની શય્યામાં નિદ્રાસુખ અનુભવવું અને લેશ માત્ર પણ વિખૂટા ન પડતાં વિષયસુખ ભોગવવું એ તેમનો દૈનિક ક્રમ હતો.

થોડા દિવસો પછી કપોતીને ગર્ભ રહ્યો. કપોતને પુષ્કળ આનંદ થયો અને તે વધુ સમય કપોતી પાસે પસાર કરી તેની આજુબાજુ નાચતો. ઉભય બંને ચારો ચરવા સાથે જતાં અને સાથે જ પાછા આવતાં. કપોત કપોતીનું દિનરાત રક્ષણ કરતો. બંને વચ્ચે ગાઢ પ્રીતિ બંધાઈ. ભાગ્યનો ઉદય થઈ કપોતી પ્રસૂત થઈ અને તેણે ઈંડું મૂક્યું. ઈંડું જોઈને કપોત આનંદથી નાચવા લાગ્યો.

કપોતી ઘાસની શૈયા પર ઈંડું મૂકી સેવવા લાગી. કપોત એકલો જંગલમાં જઈ ચારો ચરી આવતો અને કપોતી માટે પણ દાણા લઈ આવતો. વિષયલોભમાં ધક્કા ખાઈને તે થાકી ગયો પરંતુ તેને જરીકે કંટાળો ન આવ્યો. કષ્ટને તે સુખ જ માનતો. આ પ્રકારે થોડા દિવસો પછી ઈંડાં ફૂટ્યાં અને બે બચ્ચાં બહાર આવ્યાં. તે જોઈને કપોત-કપોતી બંનેને અતિ આનંદ થયો. બચ્ચાંને જોઈ મોહ નિર્માણ થયો અને તે બચ્ચાંને માટે ચારાપાણી લઈ આવી તેમનું પોષણ કરવા લાગ્યાં.

હવે કપોત-કપોતીએ નક્કી કર્યું કે પ્રપંચનો વિસ્તાર થયો છે. હવે ચાર જીવોના પોષણ માટે બહાર જવું જ પડશે. આથી બંને બચ્ચાઓ

માટે ચારોપાણી લેવા બહાર જવા લાગ્યાં. લાવીને બચ્ચાઓનાં મોંમાં તેઓ દાણા ચાંચથી લુગદી કરી નાંખતા. વારંવાર આમ તેઓ આવ-જા કરતા. પોતે અડધા ભૂખ્યા રહીને પણ બચ્ચાઓનું પોષણ કરવા લાગ્યાં. આ રીતે આહાર-નિદ્રાનો ત્યાગ કરી લોભ મોહમાં લિપ્ત થઈ પોતાના શરીર તરફ ધ્યાન ન આપતા અત્યંત શ્રમ લઈ તેમણે બચ્ચાંઓનો ઉછેર કર્યો. બચ્ચાઓને પગ, આંખ ખૂલે તથા પાંખો આવે તેની રાહ જોવા લાગ્યાં. બચ્ચાંઓને હલનચલન કરતાં શીખવ્યું.

બચ્ચાંઓનો પૂરતો વિકાસ થયો ન હોવાથી બચ્ચાઓ જ્યાં ત્યાં જ બેસી રહેતાં-રમતાં. કપોત કપોતી તેમને જોઈને આનંદ પામતાં. એક દિવસ કપોત-કપોતી ચારો લાવવા દૂર ગયાં. પ્રારબ્ધની ગતિ ગહન છે. તે જ અરસામાં એક પારધી શિકારની શોધમાં જંગલમાં આવ્યો. તેણે પક્ષીઓને પકડવા જાળ પાથરી. કપોતીનાં બચ્ચાં સહજ ઊડીને તે જાળમાં સપડાયાં. બંધન પામીને બચ્ચાંઓ મૃત્યુ પામ્યાં. કપોતીએ આવીને જોયું તો બચ્ચાં ગતપ્રાણ થયાં હતાં. શોક મોહથી તેને પણ ભ્રાંતિ થઈ અને શું કરવું શું ન કરવું તે વિશે કોઈ વિચાર કરી શકી નહીં. આક્રોશથી તે પણ જાળમાં પડી. તેણે પણ પ્રાણ ગુમાવ્યા. કપોત માળામાં પાછો આવ્યો. તેણે માળામાં બચ્ચાં તેમ જ કપોતીને ન જોયાં.

આજુબાજુ નજર કરતાં તેણે બચ્ચાં સાથે કપોતીને જાળમાં મૃત્યુ પામેલાં જોયાં. દુઃખી થઈને તે વિચાર કરવા લાગ્યોઃ વિષયસુખમાં મેં કુટુંબને ગુમાવ્યું. મારા જીવનને ધિક્કાર હો. બંને બચ્ચાને મેં કેટલું દુઃખ વેઠીને ઉછેર્યાં! મારી વિષયલાલસા હજુ પૂરી થઈ નથી તેટલામાં આ સંકટ કેવી રીતે આવ્યું? બચ્ચાંઓને મેં હજુ રમતાં પણ જોયાં નથી. મારા અંતઃકરણમાં મોહનાં મોજાં ઉછળે છે. આ પ્રમાણે વિરહમાં લિપ્ત કપોત વિચાર કરવા લાગ્યો કે હવે જીવીને પણ શું કરવું છે?

હવે આ દેહનો અંત જ કરું છું. આમ કહીને પુત્ર-કાંતાના મોહમાં, વિષયસુખમાં ખરડાએલ હોવાથી પોતે જાળમાં જઈ પડ્યો અને તેણે પણ પ્રાણ ગુમાવ્યા.

કપોત-કપોતીની વિષયપ્રીતિ અને લોભ-મોહથી બદ્ધ વૃત્તિ જોઈને અવધૂત કહે છે કે મારા મનમાં તીવ્ર અનુતાપ થયો અને આ દુર્ગુણનો મેં ધિક્કાર કર્યો. આ દુર્ગુણ સાધકને બાધક જ છે. તેનો હંમેશાં ત્યાગ કરવો જ જોઈએ. હે માતા, તું પણ તેમાં ગૂંચવાઈશ નહીં. વિવેક પ્રાણીને બંધનમુક્ત કરે છે. આ સાંભળીને અનસૂયા શ્રીદત્તને કહે છેઃ તું વિષયલોભને સ્પર્શ કરતો નથી, પ્રીતિ અને મોહનો ત્યાગ કરે છે પરંતુ આ દેહના રક્ષણ માટે કાંઈ તો કરવું જ જોઈએ ને? જવાબમાં યોગીરાજ દત્ત કહે છેઃ તેં પ્રશ્ન કર્યો તે યોગ્ય જ છે. તે દૃષ્ટિથી જ મેં અજગરને ગુરુ કર્યો છે અને તેની પાસેથી જે ગુણ ગ્રહણ કર્યો તે સાંભળ.

અજગરઃ- સર્વ સર્પથી અજગરનું શરીર વિશાળ. આથી તેની ગતિ પણ મંદ. બધી જ દૃષ્ટિએ તે ધીરજથી વર્તન કરનાર. માથે અનેક ઉપાધિ, વિટંબણા હોય, રસ્તો સર્પાકાર હોય તો પણ તે ગભરાતો નથી. તેને કોઈએ છંછેડ્યો, પથ્થર માર્યો કે પૂંછડી પકડી ખેંચ્યો તો પણ તે ધીરગંભીરની જેમ જ શાંત રહે છે. તે ચપળતાપૂર્વક હાલચાલ કરતો નથી. તેનું નામ જ અજગર છે. જે તે સ્થળે પડી રહીને તે વાયુભક્ષણ કરી પડી રહે છે. તે પોતે થઈને કોઈ પ્રયત્ન કરતો નથી. તેની વૃત્તિ અયાચકપણાની હોય છે. તે કોઈની પાસે માગતો નથી. તેની નજીક કોઈ પદાર્થ આવે તો તેનું તે આનંદપૂર્વક સેવન કરે છે. તે ડાબી-જમણી બાજુ દોડતો નથી. તે જીવનનિર્વાહ માટે કોઈ પ્રયત્નપૂર્વક ઉદ્યોગ કરતો નથી અને નિશ્ચિત હોય છે. તેને વિશ્વંભર પર પૂર્ણ ભરોસો હોવાથી અન્નપાણી માટે ક્યાંય દોડાદોડ કરતો નથી. આસક્તિરહિતપણાનો ગુણ મેં તેની પાસેથી ગ્રહણ કર્યો.

સાગરઃ- સર્વનું પાલન જો જગદીશ્વર કરનાર હોય તો વિના કારણ ચિંતા કેમ કરવી? જરાય પ્રયત્નો ન કરવા. વિવેકથી મન ધીર-ગંભીર રાખવું. ઈંદ્રિયોને છૂટી ન મૂકવી. વધુમાં વધુ મર્યાદાપાલન કરવું. આથી મેં સાગરને ગુરુ કર્યા. સાગરનો વિસ્તાર હજારો માઈલ હોય છે. ઊંડાણ અપાર હોય છે. તેના મોજાં ખૂબ ઊંચે સુધી જાય છે. તેના પેટાળમાં અનેક રત્નો મળે છે. અગણિત સંપત્તિ પણ તેમાં હોય છે. સાગરના કિનારા સુંદર મનોહર હોય છે. તેના પ્રવાહનો ખળખળ અવાજ અમોઘ અને ગર્જનાત્મક હોય છે. તેના મોજાં પર્વત જેટલાં ઊંચાં હોય છે.

આ સાગરમાં કેટલાય બેટ હોય છે. બેટમાં અનેક મોટાં વૃક્ષો હોય છે. તેના કાંઠે વેપારી-બંદરો હોય છે. તેના કિનારે અનેક વેલા હોય છે. પરંતુ સાગર કદી પણ મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. પોતાની સીમામાં જ ગર્જના કરીને મોજાંઓને ઉછાળે છે. તેનું જળ નિર્મળ હોય છે. તેના જીવનમાં હંમેશાં સ્વચ્છતા અને દેહમાં નિર્મળતા હોય છે. તે હંમેશાં આનંદઘન રહીને સૌભાગ્યસંપન્ન હોય છે. તે ઉદાર હોઈ અનેક જળચર જીવોનું પાલન કરે છે. જલવર્ષા માટે તે વાદળાંઓને ઉદક (જળ) આપે છે. તે કદી પણ કૃપણ કે દરિદ્રી હોતો નથી.

સમુદ્રના પેટાળમાં વડવાગ્નિ હંમેશાં પ્રજવલિત હોવા છતાં તે દુઃખી થતો નથી. સાગર કૃપાળુ છે; આ પ્રકારના ગુણો સાગરના છે. આ બધા ગુણો યોગી પાસે પણ હોવા જોઈએ. હવે ત્યાગનો ગુણ ગ્રહણ કરવા પતંગને ગુરુ બનાવ્યો.

પતંગિયુંઃ- રાતદિવસ તે સ્ત્રીના રૂપમાં લપેટાય છે. મનમાં વિષયાસક્ત થયો. ઉત્તમ સ્ત્રીઓને કામદૃષ્ટિથી જુએ છે. ભોગ માટે સર્વસ્વ આપે છે. ગધેડો જેમ આસક્ત થઈ ગધેડીની લાતો પણ ખાય છે પરંતુ મનમાં વિષાદ માનતો નથી. આ પ્રમાણે દેહનું પતન

થવા આવ્યું હોય તો પણ વિષયનો ત્યાગ સૂઝતો નથી. સ્ત્રીરૂપમાં ભળેલી વાસના તેવી જ રહે છે. મૃત્યુ પછી તે પતંગિયું થાય છે. દિવાની જ્યોત પર આસક્ત થઈ શરીર નાંખી દે છે અને પરિણામે મૃત્યુ પામે છે. પગ અને પાંખો બળી જાય છે. આટલું જોવા છતાં બીજું પતંગિયું પણ જ્યોત પર કૂદકો મારે છે.

આમ, પતંગિયાં એક પછી એક મૃત્યુ પામવા છતાં કૂદકો મારવાનું છોડતાં નથી. વિષય મૂળરૂપથી મનમાં હોવાથી ફરી જન્મ લેવો પડે છે. જે સ્ત્રીઓ ધનથી મોહિત થઈ પરપુરુષનો સંગ કરે છે, રૂપ અને ધનને ભૂલી ગમે તેનો સંગ કરે છે તેને પતંગિયાનો કે ઉર્વશીનો જન્મ લેવો પડે છે. કેટલી સ્ત્રીઓ કામલોભથી પતિની ઉપરછલ્લી સેવા કરે છે. પતિના મૃત્યુ પછી ત્રાસીને સતી થાય છે. સ્વજન ત્રાસ આપશે તેના કરતાં મરણ સારું એમ માની, સતી થવાથી નામના થશે અને ફરી આજ પતિ મળશે તે આશાથી જેઓ પતિ સાથે સહગમન કરે છે તેમને અગ્નિથી દાહકતાને લીધે ત્રાસ થાય છે. તેઓ અગ્નિને શત્રુ માને છે. આ વેરભાવનાને લીધે તેઓ નર-માદા પતંગિયાનો જન્મ લે છે. પ્રજવલિત જ્યોતને જોઈ તેઓ ક્રોધિત થાય છે, મારા પતિને (અગ્નિએ) બાળ્યો, મને પણ ભસ્મ કર્યો, હવે મારી પાંખોથી જ્યોતને બુઝાવી દઉં છું એમ વિચાર કરી જ્યોતને બુઝાવતાં તે પોતે જ બળીને ભસ્મ થાય છે. આને શી મૂર્ખતા કહેવી? વિષયને લીધે સર્વનાશ થાય છે. મદન એ ઘાતક છે. તેણે લગભગ બધાને જર્જર કર્યા છે. તેની સંગતને લીધે અઘોર નરક ભોગવવું પડે છે. આથી પતંગિયાને જોઈને મને ચિતરી ચઢે છે. તેના પરથી બોધ લઈને મેં વિષયોથી મનને પરાવૃત્ત કર્યું. આ સંસારમાં ક્યારેય પડવું ન જોઈએ.

વિષયો ક્ષણભંગુર અને અસત્ય છે. આત્મામાં આસક્તિ રાખવી. આ પ્રમાણે અગિયાર ગુરુના લક્ષણો નિરુપણ કરી સમજાવ્યા. બાકીના

તેર ગુરુ રહ્યા તે પણ તને સમજાવીશ. ગુરુ અનેક છે પરંતુ તેના સાર-અસાર તને કહ્યા. આ વિખ્યાત ગુરુમાહાત્મ્ય જે શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે છે અને વિવેકથી સ્વીકારી તે પ્રમાણે વર્તન રાખે છે તેઓ મુક્ત થઈ જાય છે. શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભાગવતમાં ઉદ્ધવને આ જ ઉપદેશ આપ્યો હતો. તે જ ઉપદેશ શ્રી શુકદેવજી દ્વારા રાજા પરીક્ષિતે શ્રદ્ધાથી શ્રવણ કર્યો. સૂતઋષિ દ્વારા નૈમિષારણ્યમાં અનેક ઋષિમુનિઓને કહેવામાં આવ્યો. અનંતસુત શ્રોતાઓને તે જ વાત ફરી દોહરાવે છે.

આ દત્તપ્રાસાદિક વાણીને તે જ બોલાવી રહ્યો છે. દત્ત દિગંબર યોગી જે પરબ્રહ્મ અવિનાશી છે; તેને ભાવિક ભક્તો અને સંતો પ્રિય છે. તેમને દર્શન આપવા તે પંઢરપુરમાં ઊભો છે. તે કૃપાદષ્ટિથી ભક્તો તરફ જોઈ રહ્યો છે. આવેલા ભક્તોને આલિંગન આપી તેમનાં કષ્ટ નિવારણ કરે છે. અવધૂતને સંકીર્તન ખૂબ ગમે છે. સંતો કીર્તનમાં નાચતા હોય ત્યારે તેમની હાંક સાંભળી તે તરત જ દોડી આવે છે. સંતોના કીર્તનમાં બ્રહ્માનંદ પ્રગટ થાય છે અને તે ભક્તોની મનોકામના પૂરી કરે છે. ભક્તો તે જ સાધુ-સંત. સંત ત્યાં જ અનંત. અનંત ત્યાં જ ગુરુ દત્ત. તે અનંતના ચરણે અનંતસુત (કાવડીબુવા) છે. અનંતસુત સજ્જનોને વિનંતી કરે છે કે અગામી મીઠી કથા શ્રદ્ધાથી શ્રવણ કરો. શ્રવણ પછી મનન કરો અને મનન પછી નિદિધ્યાસન કરો. તે થકી આગળ જતાં સાક્ષાત્કાર થશે. સાક્ષાત્કાર થકી ચિત્તને પરમાનંદ સંતોષ થશે. આપનાર સદ્ગુરુ અવિનાશી છે. તેના ચરણે અનન્યશરણ થઈ કૃપાદાન માગવું. બધી જ ખરાબ ભાવનાનો ત્યાગ કરી સંતચરણોમાં સંલગ્ન થવું. તેમના અંતઃકરણમાં ખૂબ દયા છે. અનંતસુતે તેમનાં ચરણોને વંદન કર્યાં અને તે ચરણોએ મને અભય વર આપ્યો.

॥ ઈતિ અષ્ટદશોડધ્યાયઃ સમાપ્તઃ ॥

# અધ્યાય - ૧૯

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રી ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ, સર્વાત્મક, ગુણસિંધુ, કર્મવિમોચક, જ્ઞાનબોધક, દીનોદ્ધારક, તને નમસ્કાર. ભવસાગરમાંથી તું સર્વને તારે છે. તું સંકટનું નિવારણ કરે છે; તું અનાદિ અને સર્વવ્યાપક છે. તારો જયજયકાર. હે સદય ઉદાર, સચ્ચિદ્‌ઘન, ષડ્‌ગુણ ઐશ્વર્યસંપન્ન, માયાતીત, નિરંજન, તને નમન હજો. જ્ઞાન, બુદ્ધિ અને વિવેકનો તું દાતા છે આથી તારા ચરણે મેં મસ્તક મૂક્યું છે. હું હીન, દીન અને મતિમંદ છું પરંતુ તારે શરણે આવ્યો છું. સ્વામી મને પાવન કર.

ગત અધ્યાયમાં તેં અનસૂયાને ગુરુના ગુણનું વર્ણન કર્યું. તે સાંભળી શ્રોતાઓએ શ્રવણની ઉત્સુકતા દર્શાવી. હવે બાકીના તેર ગુરુઓનાં લક્ષણો કહીને સજ્જન શ્રોતાઓને સંતોષ પ્રદાન કરો. આ ગુરુગુણની ખ્યાતિ ધન્ય છે. તેના શ્રવણ માત્રથી મતિ દિવ્ય થાય છે. વિવેકથી તેનો સ્વીકાર કરતાં ભ્રાંતિ રહેતી નથી. તારી કૃપાથી શાંતિ મળે છે. હે સદ્‌ગુરુ દયાનિધિ, આપના બોધથી અજ્ઞાનાંધકારને દૂર કર. કોઈ પણ સંશય રહેવા દઈશ નહીં. જ્ઞાનનો બોધ કર. અવિનાશે માતાને વિનંતી કરીઃ સાવધાન થઈને શ્રવણ કર. મેં ભ્રમરને ગુરુ કર્યો છે.

ભ્રમરઃ- ભ્રમર વનોપવનમાં સંચાર કરી ફૂલમાંથી રસ શોષી લે છે. અનેક પ્રકારનાં ફૂલો વનમાં હોય છે. તેમને કોઈ પણ પ્રકારની હાનિ કર્યા વગર તેમનો રસ ભ્રમર ચૂસી લે છે અને પ્રેમથી ગુંજારવ કરે છે.

ભ્રમર કોઈ પણ એક જ સ્થળે આસક્ત રહેતો નથી. આ ફૂલ સાધારણ છે, આ ફૂલ ઉત્તમ છે તેમ ભેદ રાખતો નથી. વૃક્ષની જાત તરફ ધ્યાન ન આપતા ફક્ત તેના રસ તરફ ધ્યાન આપે છે. ભ્રમરનો આ ગુણ મેં સ્વીકાર્યો અને તેથી એક ઠેકાણે ન રહેતાં હું હંમેશાં ભ્રમણ કરું છું અને ભિક્ષાન્નનું સેવન કરું છું. અનેક પુષ્પોના રસની જેમ મારી ભિક્ષાનું છે. તેમાં હું ભેદ કરતો નથી.

મધમાખીઃ- હવે મધમાખીનો ગુણ કહું છું. મધમાખીના બે પ્રકાર છે. જંગલમાં નિવાસ કરતી મધમાખી અનેક નાની મોટી વનસ્પતિમાં સંચાર કરી મધનો સંગ્રહ કરે છે. મધ મોઢામાં સંગ્રહ કરી તે પોતાના ઘર એટલે કે મધપૂડામાં સાચવી રાખે છે. અસંખ્ય મધમાખીઓ મધપૂડામાં મધ એકઠું કરે છે. મધપૂડો તેના થકી મોટો થતો જાય છે. ત્યાં જ તેમનો વંશ વિસ્તાર પણ થાય છે. ત્યાં એકઠા થએલા પુષ્પરસને મધ એવી સંજ્ઞા છે.

મધમાખીઓ તે મધનું પ્રાણની જેમ રક્ષણ કરે છે. તેમને છંછેડવામાં આવે તો તેઓ ડંખ મારી ઉપદ્રવ કરનારને ભગાડી મૂકે છે. આ પ્રમાણે આશા-લોભમાં કેટલીય મધમાખી મૃત્યુને શરણ થાય છે. પરંતુ ઉદારતાથી મધનું દાન કરતી નથી. તેમની વૃત્તિ કંજૂસ હોય છે. મધમાખીઓ વ્રતસ્થ હોય છે. તેઓ બીજા કોઈ ખાદ્ય પદાર્થોને સ્પર્શ કરતી નથી સિવાય કે મધ! વૃક્ષોનાં ફૂલોમાંથી રસ એકઠો કરી તેનો સંગ્રહ કરે છે. તે રસ મધુર હોય છે અને તેનું સેવન કરવાથી શરીરને તાજગી-પુષ્ટિ મળે છે. ઔષધ તરીકે પણ મધ વપરાય છે. તે માખીઓનો મેલ (મીણ) સૌભાગ્યચિહ્ન કંકુ બનાવવામાં વપરાય છે.

હવે ગામમાં રહેનાર માખી વિશે કહું છું. ગામ-ઘરમાં રહેતી માખી પક્વ-અપક્વ અન્ન, સ્વચ્છ, અસ્વચ્છ, ગંદી વસ્તુ, ઉલટી કરેલ અન્ન પર, ગંદકી, નરક બધાનું સમાનતાથી સેવન કરે છે. તે સોળા કે

ઓળા, વંદ્ય કે નિંદ્યનો વિચાર કરતી નથી. વિષ્ટા કે ખાંડ, સ્વાદિષ્ટ અને કડવું, રસાળ કે રસહીન આ બધા જ પદાર્થોનો તે સમાનતાથી સ્વીકાર કરે છે. મળેલો પદાર્થ (વસ્તુ) મીઠો છે તેમ માની તેનો સંગ્રહ ન કરતાં પંખ ફફડાવીને છટકી જાય છે. દિવસ દરમ્યાન ગમે ત્યાં ભ્રમણ કરવું, ચંચળતાથી ફરવું અને રાત્રે જ્યાં પણ આડશ મળે ત્યાં બેસવું. આ પ્રમાણે સામે આવેલો પ્રસંગ ધીરજથી સહન કરે છે.

હે માતા, આ ગુણ યોગીઓ પાસે અવશ્ય હોવો જોઈએ. આ ગુણ ગ્રહણ કરી હું અનાસક્ત (આસક્તિરહિત)પણે વિચરણ કરું છું. તું પણ સંસારમાં રહી આ ગુણનો અંગિકાર કરી લોભ અને આશા છોડી મોહપાશને કાપી નાંખ. યોગી નિર્મોહી, નિરહંકારી, નિર્લોભી, નિર્વિકાર, નિર્દ્વન્દ્વ, અભેદ, નિર્મત્સર અને આશારહિત હોય છે. તે થકી તું દોષમુક્ત થઈશ. તું કહીશ કે આ ગુણોને લીધે પોતાનામાં સમતા આવશે. પરંતુ લોકો દ્વારા થનાર ત્રાસ? તેથી થનારો ચિત્તક્ષોભ કેમ ટાળી શકાય? આ કારણથી મેં હાથીને જોઈને ગુરુ કર્યો.

હાથીઃ- હાથી સ્વભાવે ઉન્મત્ત હોય છે. હાથી નીચે મોઢું રાખી સીધા રસ્તે ચાલે છે. ક્યારેય તે વાંકાચૂંકા રસ્તે ચાલતો નથી. સેંકડો શ્વાન પણ તેના પર ભૂંકવા લાગે તો પોતે ખેદ માનતો નથી. તે પોતાની જ મસ્તીમાં ડોલતો ચાલતો રહે છે. પગ નીચેની માટી સૂંઢથી ઊંચકી તે પોતાના માથા પર નાંખે છે. તે દ્વારા તે દર્શાવવા ઈચ્છે છે કે આથી પોતાનું કાર્ય સરળ થાય છે. આ સ્વાર્થી જગતમાં સગાંવહાલાંઓ કૂતરાઓની જેમ ત્રાસ આપે તો પણ આપણે શાંત રહેવું જોઈએ. અભિમાનરહિત થઈ સર્વને વંદન કરવાં. આ બે પાઠ હું હાથી પાસેથી શીખ્યો. સૃષ્ટિમાં જે કોઈ વસ્તુ છે તે સર્વમાં અદ્વૈત પ્રમાણે બ્રહ્મદષ્ટિથી નીરખી મદોન્મત્ત હાથી પ્રમાણે ડોલતા રહેવું. હવે મૃગનો ગુણ કહું છું.

મૃગઃ- મૃગને હંમેશાં જીવભીતિ હોય છે. સહેજ પણ હાલચાલ દેખાય તો શિકારી આવ્યો તેમ માની હરણ ઊંચે કૂદકા મારતો પલાયન

કરે છે. શિકાર થવાથી મૃત્યુ પામીએ તો ફરી આ જ જન્મ મળશે નહીં આથી તે દોડતું રહે છે. પ્રત્યેક જીવને કાળભીતિ નિશ્ચિતપણે છે. આથી કાળના હાથમાં સપડાઈએ નહીં તેમ વર્તન રાખવું. હંમેશાં સાવધાન રહેવું. મૃગ વાઘની ભીતિથી શિકારીને ઘાસ સમજી ઊભા રહે છે અને શિકારીની જાળમાં ફસાય છે. તે સમયે છોડાવનાર કોઈ પણ હોતું નથી અને જીવ નિઃસહાય થઈ આક્રંદ કરે છે.

ત્રીજી વાત એ કે જંગલમાં ફરતા મૃગોના ઝૂંડને તરસ લાગી ગળું સૂકાય છે અને બપોરના તડકાથી ઝાંઝવાના નીરનો તેમને ભાસ થાય છે. જળની આશાથી તેઓ દોડતા રહે છે. વાસ્તવિક જળ ન હોઈ તે મૃગજળ હોવાથી તેઓ વૃથા દોડધામમાં થાકી જાય છે પરંતુ તે મૃગજળ છે તેમ સમજતા નથી. તે જ પ્રમાણે પ્રત્યેક જીવને આ પ્રમાણે ભ્રમ થાય છે. માયાના મૃગજળ પાછળ દોડતા તેમને સ્વહિતની ખબર પડતી નથી. હે માતા, તું ખાસ કરીને સાવધાન થા અને મૃગજળને ઓળખી લે. ગુરુને શરણે જા. ગુરુ સર્વ ભ્રાંતિને નિવારી સંકટોને દૂર કરી વૃત્તિને શાંત કરે છે. ગુરુના દાસ* થઈએ એટલે તેઓ આત્મપદ સુધી લઈ જશે. સદ્ગુરુ ચરણે લીન થવા માટે મેં માછલીને ગુરુ કર્યા.

મીન માછલી જળનો ત્યાગ ક્યારે પણ કરતી નથી. કારણ કે જળનો ત્યાગ કરતાં જ પ્રાણત્યાગ કરવાનો વારો આવે. તેનું જીવન એટલે જ જળ. તે જ રીતે જીવને તારનાર એ સદ્ગુરુ. માછલી જેમ જળની અનન્ય શરણાગત છે તે જ રીતે જીવે સદ્ગુરુને અનન્ય શરણ જવું. તેનાથી સુખ અને સુખ જ પ્રાપ્ત થશે. સદ્ગુરુચરણનો વિયોગ થતાં માછલીની જેમ જેનો આત્મા છટપટે છે તેવાને જ સદ્ગુરુકૃપા પ્રાપ્ત થાય છે.

---

* દત્તાજી મૈં તો તેરો હી એક ગુલામ...

- પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ

માછલી અંગે એક બીજી વાત પણ જણાવું છું. લોટના ગલની લાલચ તેને મૃત્યુમુખમાં ધકેલે છે. માછીમાર તારમાં માંસનો ટૂકડો અથવા લોટની ગોળી લટકાવી તે પાણીમાં છોડી દે છે. તેને ખાવા જતાં અણિદાર ગલ મોઢામાં ફસાઈ જાય છે અને માછલીનું તેમાં મૃત્યુ થાય છે. માછીમાર ફસાએલી માછલીને જળ બહાર કાઢી જાળમાં નાંખે છે. માયા મોહરૂપી ઊંડા પાણીમાં જીવ તરતો હોય છે. કાળરૂપી ધીવર (માછીમાર) માયારૂપી જાળ પાથરી દ્રવ્ય અને સ્ત્રી આ બે પ્રલોભનો વિષય લોભરૂપે ગલને લટકાવી રાત દિવસ જીવને પકડવા માટે તત્પર હોય છે.

જીવ પ્રલોભન તરફ આકર્ષાતા જીભને કાંટો વાગતાં તે છટપટે છે. પ્રાણત્યાગ પછી જીવને બાંધીને યમલોકમાં લઈ જાય છે અને ભયંકર શિક્ષા કરે છે. હે માતા, આ દુઃખથી ગભરાઈને હું સાવધ થયો. મુખ્યત્વે ધન, કામ જેવા વિષયો અને લોભ મોહ સંકટ લાવે છે. તેમાંથી બચવા મને એક ઉપાય સૂઝ્યો. તે ઉપાય તને કહું છું.

વેશ્યાઃ- હું પૃથ્વી પર ફરતાં ફરતાં અચાનક વિદેહનગર ગયો. ત્યાં જે મેં જોયું તે તને કહું છું. ત્યાં પિંગલા નામની એક વેશ્યા રહેતી હતી. પુરુષને જોતી અને ભોગ દ્વારા ધન કમાતી. રોજ નવો શ્રૃંગાર કરી ભભકદાર વસ્ત્રાલંકાર પરિધાન કરી સર્વ ઉપભોગ સામગ્રી સિદ્ધ કરી તે પુરુષની પ્રતીક્ષા કરતી. શ્રીમંત પુરુષને નેત્રકટાક્ષ દ્વારા મોહમાં પાડી, તેને સંતુષ્ટ કરી, દ્રવ્ય હરી પુષ્કળ ધન એકઠું કર્યું હતું. એક દિવસ તે હંમેશની જેમ શ્રૃંગાર કરી પ્રતીક્ષા કરતી રહી. કમનસીબે તે દિન કોઈ પણ પુરુષ તેના દ્વારે ફરક્યો પણ નહીં.

કલાક પછી કલાક પસાર થયો. પ્રતીક્ષા કરતાં તે થાકી ગઈ. આમ ને આમ સાંજ પડી ગઈ. તો પણ કોઈ પુરુષ તેના દ્વારે ન આવ્યો. આવું કદી પણ બન્યું ન હતું. પિંગલા મનમાં ખૂબ જ ખિન્ન થઈ. તેને વિવેક સ્ફૂર્યો અને તે વિચાર કરવા લાગી. છેવટે તે પોતાનો જ

ધિક્કાર કરવા લાગી. તે સ્વગત વિચાર કરવા લાગી કે વિષયમાં ખૂંપી તેણે કેટલી મૂર્ખતા કરી છે? રાત દિવસ જહેમત કરી છેવટે મારા ઉપયોગમાં શું આવશે? આશા અને લોભથી મોહાન્વિત થઈ મેં વિવેકનો ત્યાગ કર્યો. આ વિષય વાસનાને ધિક્કાર હો. કામ ભ્રમ કરાવી ઝેરને સુખ કરાવનાર તરીકે ઓળખાવે છે. આમ પાપના પર્વતો ઊભા થાય છે.

મેં વિષયમાં ખૂંપીને દેહવિક્રય દ્વારા ધન ઉપાર્જન કર્યું. ઉન્મત્ત થઈને મેં ન ખાવા જેવી વસ્તુ ખાધી; યોગ્ય અને અયોગ્યનો વિચાર ન કર્યો. આ બધાનું શું પરિણામ આવશે તેનો પણ વિચાર કર્યો નથી. હાય! હાય! આટલું બધું પાપ આચરવાને લીધે અંતે યમનું આમંત્રણ આવશે. મને ભયંકર શિક્ષા થશે. ઘોર નરકની યાતના ભોગવવી પડશે. પ્રાણ આકુળવ્યાકુળ થશે ત્યારે કોણ બચાવવા આવશે? મેં સમગ્ર આયુષ્ય બરબાદ કર્યું. આ ધનસંપત્તિ બળીને ભસ્મ થાવ!

અતિ પશ્ચાત્તાપ થવાથી તેણે પોતાની સમગ્ર સંપત્તિ લૂંટાવી દીધી. દેહની નશ્વરતા તેના ચિત્તમાં ઘર કરી ગઈ અને તે વિરક્ત થઈ. પિંગલાને વૈરાગ્ય થતાં તે સર્વાંતરયામી નારાયણને શરણે ગઈ. પિંગલાની ભક્તિ જોઈ હૃષિકેશે તેનો ઉદ્ધાર કર્યો. હે માતા, તે પિંગલાને મેં ગુરુ માની છે. તેના વિષયત્યાગ ગુણનો મેં સ્વીકાર કર્યો છે. અસ્તુ. જીવનો લોભ વધે છે અને પરિણામે અભિમાન થાય છે. તે થકી તેને જન્મમરણના ફેરામાં સપડાવું પડે છે. તેમાંથી બચવા માટે મેં ટિટોડીને ગુરુ કર્યા. શા માટે? તે સાંભળ.

ટિટોડીઃ- ટિટોડીનો સમૂહ વનમાં વિહાર કરતો હતો. તેમાંથી એક ટિટોડીને એક માંસનો ટૂકડો દેખાયો. ટિટોડીએ માંસનો ટૂકડો મોંમાં પકડી તે ઊડવા લાગી. સમૂહના બીજા સભ્યોએ તે જોયું અને માંસ ટૂકડાની આશાએ તેની પાછળ પડ્યા. બીજા સભ્યો તે ટિટોડીને ઘેરી

વળ્યા અને તેના પર ઝડપ મારવા લાગ્યા. ટિટોડી પ્રાણથી પણ વધારે કિમતી કે પ્રિય સમજી તેનું જતન કરવા પ્રયત્ન કરવા લાગી. બીજી ટિટોડીઓ માંસનો ટૂકડો ન છોડે તો તેના પ્રાણ હરણ કરવા તૈયાર થઈ. એકલી ટિટોડી ગભરાઈ ગઈ, થાકી ગઈ. પરંતુ અભિમાનનો ત્યાગ કરી ન શકી. આ માંસટુકડો મેં મહેનત કરીને મેળવેલો છે. મારો શો અપરાધ કે બીજા સભ્યો મને મારવા તત્પર થયા છે?

ઉપર પ્રમાણે વિચાર કરી ટિટોડીએ તે માંસનો ટૂકડો ચાંચમાંથી નાંખી દીધો. સમૂહની ટિટોડીઓએ તે ટિટોડીને છોડી દીધી અને નાખી દીધેલા માંસના ટૂકડા તરફ વળ્યા. આશા-લોભનો ત્યાગ કરતાં જ ટિટોડી પ્રાણભયથી મુક્ત થઈ અને તે સુખી થઈ. મને આ રીતે ગુરુ પ્રાપ્ત થયો. આશા-લોભ અત્યંત ઘાતક છે. તેનો મનપૂર્વક ત્યાગ કરવો અને અનાસક્ત રહેવું. યોગને હાનિકારક માન-અપમાન છે. જગતમાં લૌકિક પ્રતિષ્ઠા મેળવ્યા પછી અત્યંત સુખ માનવામાં આવે છે. આથી દેહમાં અભિમાન વધે છે. તેમાં વ્યત્યય આવતા મન ખિન્ન થાય છે અને રોષ પ્રગટે છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે ક્રોધી માણસ બીજાના અવગુણ શોધવા લાગે છે. તેનાથી પરસ્પર વાદવિવાદ નિર્માણ થાય છે. પોતાની વાત સાચી ઠેરવવા બંને પક્ષે અધર્મનો આશરો લેવાય છે. અધર્મને લીધે સંતાપ, સંતાપથી પાપ, પાપથી જ્ઞાનલોપ અને છેવટે સદાચરણમાં ખલેલ પહોંચે છે. તેના માટે મેં બાળકને ગુરુ કર્યો.

બાળકઃ- બાળક એટલે અજ્ઞાની બાળક. ભૂખ લાગે ત્યારે જ રડારોળ કરે છે, નહીં તો શાંત. તેના સ્વાનંદમાં રમતો હોય છે. તેને કોઈ પણ વસ્તુનો મોહ હોતો નથી. ગમો-અણગમો હોતો નથી. અગ્નિ અથવા દીવાને સ્પર્શ થતાં હાથ દાઝશે અથવા ફોલ્લા પડશે તેની તેને બીક નથી હોતી. સાપ, વીંછી, ઉંદર, કૂતરો કે બિલાડી પૈકી કોઈ પણ

નજરે પડે તો તે તેને સ્પર્શ કરવા જાય છે. સ્પર્શ કરવાથી તેઓ કરડશે અથવા પીડા થશે તેની કોઈ કલ્પના તેને નથી હોતી. બાળકને જે કાંઈ હાથમાં આવે તે વસ્તુ મોંમાં નાંખે છે.

કોઈ બાળકને પારણામાં ઝૂલાવે, જમીન પર સૂવડાવે અથવા ઘોડા પર બેસાડે તો પણ તેને કોઈ પણ પ્રકારનું માન-અપમાન નથી હોતું. કોઈ તેને પ્રેમથી રમાડે, કોઈ ધૂત્કારી કાઢે, કોઈ ધમકાવી કાઢે તો પણ તેને ખેદ થતો નથી. કોઈ તેને ખોળામાં લે, દૂર મૂકે, તેના હાથપગ ખેંચે તો પણ તેને મનમાં ખેદ થતો નથી. કોઈ તેને પ્રેમથી બોલાવે, વહાલ દર્શાવે છતાં તે નિર્દોષતાથી હાસ્ય કરે છે. કોઈ પણ કૃત્યથી તે માન-અપમાન માનતું નથી. બાળકનું આવું વર્તન જોઈ સ્વકાર્ય માટે તેનો સ્વીકાર કર્યો છે. સ્વાત્મસુખ પ્રાપ્ત થાય તે માટે સત્યની શોધ કરવી જોઈએ તેમ મને લાગે છે.

તે સત્ય અવધૂત સતી અનસૂયાને આગળના અધ્યાયમાં કહેશે. તે દિગંબર પંઢરપુરમાં પુંડલિક સામે કમર પર હાથ મૂકી ઊભો છે. (વિઠ્ઠલ ભગવાન અને દત્તાત્રેય બંને એક જ છે.) અવિનાશ પંઢરપુરમાં તિલક ધારણ કરે છે અને ભક્તોને દર્શન આપી તેમના પર કૃપા કરે છે. અવધૂતે જગદુદ્ધાર માટે અવતાર ધારણ કર્યો છે. તે વિવિધ વેષમાં વિચરણ કરે છે. તેમનાં દર્શન-પૂંજીના ભાગ્યવાન તમે સહુ સાધુ સંતો છો. આ અનંતસુત પર કરુણા કરી તેને તમારા ચરણોની સેવા આપો. તેમાં કદી પણ વિક્ષેપ પડવા ન દેશો. આપની સેવાથી હું પ્રસન્ન થાઉં છું.

॥ ઈતિ એકોનવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

# અધ્યાય - ૨૦

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ, જગન્નિવાસી, માયાતીત, અવિનાશ, દિગંબર, અનંતવેષી, પુરાણપુરુષ, તને વંદન હજો. હે માતાપુરનિવાસી, વિજ્ઞાનરૂપ, સર્વસાક્ષી, ગુણનિધાન, તને નમસ્કાર. તું પોતે કર્મથી અતીત છે અને પોતાના ભક્તનોને કર્મબંધનોથી છોડાવે છે. ભક્તોના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી તેમની પાપરાશિનો નાશ કરી મોક્ષ પ્રદાન કરે છે. તારા ચરણે હું મસ્તક મૂકું છું. તેં કૃપાપ્રસાદ આપી પોતાનું ગુણવર્ણન કરાવી શ્રોતાઓને સંતુષ્ટ કર્યા. હવે પછી પણ આ પ્રમાણે જ તું શ્રોતાઓને સંતુષ્ટ કરજે.

દુષ્ટોને આ ગ્રંથ ગમશે નહીં. તે કાગડાઓને ગંદી વસ્તુઓ જ ગમશે. પોપટને જ આમ્રરસ ગમે છે. ભ્રમર જ પુષ્પરસને જાણે છે. હે દયાનિધિ, તું સર્વનું અંતઃકરણ જાણે છે. આથી તારું મધુર ચરિત્ર સંભળાવ. તેમના કાન શ્રવણ કરવા આતુર થયા છે. આ વિનંતી સાંભળી સર્વોત્તમને દયા ઉપજી અને શ્રીદત્ત માતાને કહે છેઃ હે માતા, તું ભ્રમ છોડી દે. અનસૂયા કહે છેઃ તારાં વચન મને અમૃતથી પણ મીઠાં લાગે છે. હવે પાંચ ગુરુનાં ગુણવર્ણન બાકી છે. તે કથન કર. તેના જવાબમાં શ્રી દત્તાત્રેય કહે છેઃ શ્રીગુરુના ગુણ આપણામાં સમરસ કરી પોતાનો યોગ પરિપૂર્ણ કરવો. પરંતુ ઘણા દેખાતા વ્યવધાનો (અડચણો)ને લીધે તેમ શક્ય થતું નથી. આ પ્રમાણે ગુરુની શોધ કરતા મને એક કુમારી (કન્યા) દેખાઈ.

કુમારી કંકણઃ- તે કુમારી (કન્યા)ની રહેણીકરણીનું મેં નિરીક્ષણ કર્યું. તે કન્યા ઉપવર થઈ હતી, ચતુર હતી, લાવણ્યવતી હતી. તેને

એકલીને ઘેર મૂકી તેના માતાપિતા બહારગામ ગયાં હતાં. બહારગામ જતી વખતે માતાપિતા તેને કહી ગયા હતા કે ઘરે અતિથિ આવે તો તેમનું આતિથ્ય કરવું. એક દિવસ ઘેર અચાનક મહેમાન આવ્યા. કન્યાએ તેમને બેસવા આસન આપ્યું. અતિથિને ભૂખ્યા જાણી તેણે ડાંગર ખાંડવાનું નક્કી કર્યું. ખાયણામાં ડાંગર ખાંડતાં તેના બંને હાથમાં કંકણો હતાં તેનો અવાજ થતો હતો. તેણે દરેક હાથમાં બબ્બે કંકણ રાખી બાકીનાં કંકણો હાથમાંથી કાઢી મૂક્યાં. બબ્બે કંગન હોવા છતાં ખાંડતી વખતે ખખડવાથી કંગનનો અવાજ થતો હતો. આથી તે કન્યાએ દરેક હાથમાં ફક્ત એક-એક કંગન રહેવા દઈ ડાંગરને સાંબેલાથી ખાંડવા લાગી. આથી તે કુમારી અવાજ થયા વગર ડાંગર ખાંડી શકી.

ડાંગરમાંથી ચોખા કાઢતાં જ તે ભાત રાંધી શકી અને અતિથિને ભોજન પીરસી શકી. ભોજન કર્યા પછી મહેમાન પોતાના ઘેર જતા રહ્યા. હે માતા, સાધના માટે મેં એકાકી રહેવાનો ગુણ સ્વીકાર્યો. એકાંતવાસથી સંભાષણ આદિમાં સમય બરબાદ ન થતાં ઉત્તમ રીતે સાધના થાય છે. મનુષ્યનું મન ચંચળ છે. જ્યાં ત્યાં ખેંચાય છે આથી તે અંગે શું કરવું તેમ વિચાર કરતાં મને શરકાર દેખાયો.

શરકારઃ- શરકાર એટલે ધનુષ્ય માટે બાણ તૈયાર કરનાર કારીગર. તેની કુશળતાનું વર્ણન કરું છું. શરકાર દુકાનમાં બેસી બરુનો ભારો લઈ તેમાંથી વાંકાચૂંકા ન હોય તેવા સીધા બરુને જુદા કાઢે છે. તે પછી બરુની યોગ્ય તે લંબાઈ રાખી વધારે લંબાઈવાળો ભાગ કાપી નાંખે છે. આ કામ થઈ ગયા પછી તેના પર તે ધાતુના અણિદાર બાણાગ્ર બેસાડે છે. તે બેસાડતી વખતે બરુના બીજા છેડે યોગ્ય આકારનાં પીંછા જોડે છે.

બેસાડેલા બાણાગ્રને તેણે પથ્થર પર ઘસી ધારદાર બનાવ્યા. અત્યંચ એકાગ્રતાથી તેણે બાણાગ્ર અને પીંછાની સમાનતા ચકાસી જોઈ જેથી બાણ સીધી દિશામાં જશે તેની ખાતરી કરી. તે પછી તે બાણને

રંગથી રંગી નાંખ્યા. આ બધું કરતા શરકાર એટલો એકાગ્રચિત્ત થયો કે તેની આજુબાજુ શું ચાલી રહ્યું છે તે તરફ તેનું સહેજેય ધ્યાન ન રહ્યું. અકસ્માત એક રાજસેવક તેની પાસે આવ્યો અને પૂછવા લાગ્યો કે રાજાની ઢોલનગારા સાથે સવારી નીકળી તે આજ રસ્તે આગળ ગઈ? શરકારે જવાબ આપ્યોઃ મને ખબર નથી. રાજસેવકે આશ્ચર્ય કરતાં જણાવ્યું કે આટલી મોટી સવારી ઢોલનગારા સાથે આ રસ્તેથી ગઈ કે નહીં તેની તને જાણ નથી? તું આંધળો છે કે બહેરો?

શરકારે જણાવ્યું કે બાણ બનાવવાના કામમાં હું એટલો મગ્ન હતો કે મને જગતનું, આજુબાજુ શું ચાલી રહ્યું છે તેનું બિલકુલ ભાન જ ન હતું. હે માતા, મને શરકારનો આ ગુણ ખૂબ જ ગમ્યો. આ ગુણને લીધે મનોવ્યાપાર થંભી જ જાય છે. મેં શરકારને મનોમન વંદન કર્યા. અસ્તુ. હવે સાધન કરવા એકાંત જગ્યા, ઘર, મંદિર વગેરે જોઈએ. તેટલામાં મેં એક સર્પને જોયો.

સર્પઃ- સર્પ નિઃસંગતાથી એકલો જ ફરે છે. સાપ ક્યારેય પણ પોતાનું ઘર બનાવતો નથી. તે કદી સંગ્રહ પણ કરતો નથી. તે તૈયાર ઘરમાં રહે છે. સહુ પ્રથમ કીડીઓ રાફડો બનાવે છે. અંદરની માટી બહાર કાઢે છે. પછી મંકોડા અંદર પ્રવેશે છે. આથી કીડીઓ ત્યાંથી અન્યત્ર જતી રહે છે. મંકોડાની સંખ્યા વધે છે. તેઓ પણ પોતાનું ઘર બનાવે છે. અંદરની માટી અને કાંકરા બહાર કાઢે છે. ચોમાસામાં તેઓ બહાર આવે છે. પછી અંદર પાણી પ્રવેશે છે. ત્યાં ઉધઈ ઘર બનાવે છે. તે ભીની માટી બહાર કાઢે છે અને પોતપોતાનાં અલગ અલગ ઘર બનાવે છે. રાફડા મોટા થાય છે. ઉધઈ રાફડાની અંદર ગાયનું છાણ સંગ્રહ કરે છે.

છાણ અને ઉધઈને લીધે ઈયળો પેદા થાય છે. તે પણ મરણ પામે છે. રાફડાઓ એમને એમ પડી રહે છે અને મોટો થાય છે. આમ

કીડા-ઈયળોનું સ્થળ ઊંચું થાય છે. તેને જ આપણે રાફડો કહીએ છીએ. તે તૈયાર રાફડામાં સાપ શાંતિથી રહે છે. તેને પ્રયત્ન ન કરતાં તે ઘર પ્રાપ્ત થાય છે. આ તેનો ઉપક્રમ મને ગમ્યો. વાસ્તવિક તેણે ઘર બાંધવા માટે જરીકે શ્રમ કર્યો નથી. કોઈ પણ દરમાં તે રહી સમય પસાર કરે છે. સાપ રહે છે, ફરે છે, ડોલાયમાન થાય છે પરંતુ તે કોઈની સાથે પણ સંભાષણ કરતો નથી. તે હંમેશાં મૌન રહે છે. કવચિત્ જ કોઈ સ્વકીય મળે તો તે આનંદ પ્રદર્શિત કરે છે. આમ, સાપ પાસેથી મેં ચાર ગુણ લીધા. તેનાથી યોગધારણા સુંદર થાય છે.

યોગીએ નિરંતર નિઃસ્પૃહતાથી વર્તન રાખવું જોઈએ. હે માતા, આ સંસારમાં કેમ વર્તવું, કયા આધારે જીવવું તે શંકા જીવને થાય છે. તેની શોધમાં હું સર્વત્ર ભટક્યો. ત્યારે મને કરોળિયો દેખાયો.

કરોળિયોઃ- કરોળિયો પોતાની નાભિમાંથી તંતુ નિર્માણ કરે છે. તે તંતુને આધારે કરોળિયાનો સંચાર, હલનચલન હોય છે, ચઢવું, ઉતરવું, અનેક પ્રકારનાં ઘરો તેમાંથી નિર્માણ થાય છે. તે ઘરોમાં તે આનંદથી સંચાર કરતો હોય છે. તંતુને તે ઊંચે ટિંગાડી પોતે નીચેની સપાટી પર સરકી આવે છે. ત્યાંથી ફરી તે તંતુ ગળી જઈને ઊંચે ચઢે છે. અસંખ્ય ઘરો નિર્માણ કરે તો પણ તે તંતુ કદી પણ ખલાસ થતો નથી. સર્વ ક્રીડા કરીને પણ તે અલિપ્ત રહે છે. તે કોઈ એક ઠેકાણે સ્થિર રહેતો નથી. તે હંમેશાં પૂર્વરચનાની પરવા ન કરતાં નવી રચના કરતો જ રહે છે. તેની રચના વિશે તેને અભિમાન છે. પરંતુ તેનો નાશ થાય તો પણ તે દુઃખ માનતો નથી.

કોઈ બાહ્ય ઉપસર્ગને લીધે તેનું ઘર નષ્ટ થાય તો પણ તે ખેદ કરતો નથી. મનમાં તંતુ દૃઢ ધરી રચના કરતો જ રહે છે. પોતે સર્વત્ર ફરતો રહે છે. ક્ષણભર એક સ્થળે થોભે છે અને ફરી ફરી તે જ કાર્ય આરંભે છે. તેનું તાંતણાનું અનુસંધાન છૂટતું નથી. કરોળિયાનો આ

ગુણ મેં સ્વીકાર્યો. સોડહં આ તંતુથી સર્વ વ્યાપેલું હોઈ તે તાંતણાનો ક્યારે પણ નાશ નથી. તે તંતુના આધારે સર્વ શરીર પરોવેલા મણિ પ્રમાણે સ્થિત હોય છે. તે તંતુ સર્વત્ર વ્યાપીને પણ બાકી રહે છે.

બીજી વાત એ કે કરોળિયાની માયાને સમજીએ તો પુરુષને (તંતુને) પેટમાં સમાવે છે. બ્રહ્મરૂપ પુરુષ નાભિસ્થળે તંતુરૂપે હોય છે. કરોળિયા કલ્પના કરે છે અને તે ત્રિગુણને એકરૂપે પ્રસવે છે. ત્રિગુણ કેવી રીતે એમ વિચાર કરીએ તો કરોળિયાની કલ્પના એ તંતુ છે. તંતુના અવલંબનથી તે અનેક રચનાની રમત કરે છે. તંતુના આધારે માયાની રમતનો વિસ્તાર કરે છે. તંતુ થકી નિર્માણ પામેલ વસ્ત્રના ઘટ મઠ આદિની રચના થાય છે.

અનેક પ્રકારની રચના એ એક માત્ર તંતુનો જ વિસ્તાર હોય છે. અનેકત્વ એ આભાસમાત્ર છે. તંતુનું સ્વરૂપ માત્ર સત્ય હોય છે. તે તાંતણો (તંતુ) રૂમાંથી બને છે. વસ્ત્ર, કોથળો, પાથરણું, ઓઢવાનું, છત્ર, ચામર ધ્વજ એ બધું જ તે તંતુ પાસેથી તૈયાર થાય છે. હે માતા, તું જ વિચાર કરી જો. ત્યારે અનસૂયાએ તેને 'હા' કહી. અવિનાશે કહ્યુંઃ સર્વનું કારણ તંતુ છે. તે જ અનેક રૂપ લે છે પરંતુ પરિણતી રૂમાં થાય છે.

જે રીતે રૂની પૂણી તેવી જ રીતે કરોળિયાનું પેટ. ખેંચવાથી તેની નાભિમાંથી તંતુ નીકળે છે. રૂ કપાસમાંથી, કપાસ બીમાંથી. બીજ વૃક્ષના ફળમાં હોય છે. વૃક્ષ પણ બીજમાંથી પેદા થાય છે અને બીજમાં પરિણમે છે. બીજના પ્રકાર અનેક છે. અનેક હોવા છતાં બીજ એટલે એક જ પ્રકાર જે જેમાંથી વૃક્ષ વિકાસ પામે છે. તેની સમજ પડે તે માટે હું તને કહું છું. તે બીજ વૃક્ષમાં છે અને તે વૃક્ષ હે માતા, તું જ છે. બીજ બતાવનાર ફક્ત એક સદ્‌ગુરુ છે. બધી જ લોક લજ્જા, સંકોચ

છોડી તેના શરણે જા. ગુરુની કૃપા થતાં જ તારી અંતરની ઈચ્છા પૂરી થશે. સદ્‌ગુરુ શું કરે છે તે વિશે મને શંકા હતી. શંકા નિવારણ માટે હું ખૂબ ફર્યો.

પેષષ્કારઃ- એક વનમાં વિશ્રાંતિ માટે બેઠો હતો ત્યાં એક નવીનતા જોઈ. એક પેષષ્કાર (ભ્રમર) ઈયળને મોંમા લઈ ઝાડ ઉપર આવ્યો. ત્યાં ભ્રમરનું ઘર હતું. તે ઘરમાં તેણે ઈયળ મૂકી અને ઘરનું દ્વાર બંધ કરી દીધું. મારું ધ્યાન ત્યાં જ હતું. ભ્રમર રોજ ત્યાં આવી ઈયળને ડંખ મારતો. કેટલાક દિવસો પછી મેં જોયું કે તે ઘરમાંથી એક બીજો ભ્રમર બહાર પડ્યો. હું આશ્ચર્ય પામ્યો કારણ કે ઘરમાં તો ઈયળ મૂકી હતી. ભ્રમરની સંગતિથી ઈયળ પણ ભમરો થઈ. ભ્રમરે ઈયળ પર રોજ કરેલા સંસ્કાર (ડંખ)નું પરિણામ! ઈયળને પોતાનું સ્વરૂપ આપ્યું. આ ગુણનો સ્વીકાર કરીને હું સદ્‌ગુરુને શરણે ગયો. તેમણે મારું મારાપણું દૂર કર્યું (અહંપણું) મને તદ્રૂપ કર્યો.

સદ્‌ગુરુના ચરણે મસ્તક મૂકતાં ગુરુએ મસ્તક પર અભય કર મૂકી મારા કાનમાં બીજ મંત્ર કહ્યો. મને દિવ્ય જ્ઞાનનો ઉપદેશ કરી અજ્ઞાનનો સમૂળો નાશ કર્યો. પિંડમાં સમગ્ર બ્રહ્માંડનાં દર્શન કરાવ્યાં અને તત્ત્વજ્ઞાનનો બોધ કર્યો. જીવ-શિવનો ભેદ, પંચભૂતનું વિવરણ, પંચપ્રાણનો વિસ્તાર એ સર્વનું વિવેચન કર્યું. અવિનાશ તત્ત્વ સાથે મુલાકાત કરાવી. તે યોગની સાધના કરીએ એટલે બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે અને જન્મમરણ વ્યથા રહેતી નથી. તે માટે હે માતા, હું તને વિનંતી કરું છું કે સ્વહિત સાધવા સાવધાન થઈ જા.

આ નરદેહ શાશ્વત નથી. માનવશરીર બધા કરતા હલકા કક્ષાનું છે કારણ કે તે કાળનો શિકાર થાય છે. ઈતર પ્રાણી/વનસ્પતિના શરીર મૃત્યુ પછી ઉપયોગમાં આવે છે. પ્રાણીઓનું માંસ ખાવાના કામમાં તેમ જ ચામડું બીજી રીતે ઉપયોગી છે. હાથીના દાંત અને હાડકાં

ઉપયોગી છે. સર્વમાં હલકું ડુક્કર. તેને પણ કેટલાક લોકો ભક્ષ્ય બનાવે છે. ડુક્કરના વાળમાંથી બ્રશ અને બીજી ઉપયોગી ચીજો બનાવે છે. પશુઓની નાડીમાંથી તાંત બનાવે છે. જળચર અને વનચરના પણ અનેક ઉપયોગ છે. મનુષ્ય શરીરની ચામડી, માંસ, ચરબી, શિરા કોહવાઈ જાય છે. માનવદેહને અગ્નિથી બાળવામાં આવે છે. તેનો દસમો ભાગ તીર્થોમાં પધરાવવામાં આવે છે. ઉપયોગમાં બીજું કશું આવતું નથી. જન્મ લઈને પણ કોઈ ઉપયોગ નથી. ફક્ત પ્રપંચનું દુઃખ ભોગવવું પડે છે.

આયુષ્યનો અડધો ભાગ નિદ્રામાં જાય છે. બાકીના અડધા ભાગમાંથી ચોથો ભાગ બાળપણમાં, અડધો ભાગ યુવાનીમાં અને વધેલો ભાગ વૃદ્ધાવસ્થામાં વેડફાઈ જાય છે. વૃદ્ધાવસ્થામાં શરીરને અનેક ક્લેશ ભોગવવા પડે છે અને અનેક વિટંબણા થાય છે. બાળપણ રમતમાં, યુવાની વિષયભોગના ચિંતનમાં પસાર થાય છે. તે સમય દરમ્યાન જ આશા, અહંકાર વધતા જાય છે. સ્વહસ્તે સ્વહિતનું અથવા પુણ્યનું એક પણ કામ થતું નથી. છેવટે યમલોકમાં જઈ શિક્ષા ભોગવવી પડે છે.

વિષયભોગ, સ્વાર્થ માટે બીજાને કરેલી પીડા, બીજાઓનું કરેલું અપમાન ઇત્યાદિના પરિણામે છેવટે યમલોકમાં જઈ શિક્ષા ભોગવવી પડે છે. પુત્ર, મિત્ર, પતિ, પત્ની, કન્યા, સગાં ઇત્યાદિ જ્યાં સુધી નસીબનો સાથ હોય ત્યાં સુધી હા માં હા ભેળવે છે. નસીબ બદલાઈ જતાં પોતાનું મોહરુ બદલે છે. આપણો ત્યાગ કરે છે. એટલું જ નહીં પરંતુ આપણું મૃત્યુ પણ ઈચ્છે છે. પ્રાણી લોભ મોહમાં પડી મૃત્યુ પામે છે ત્યારે વિદાય આપી બધા જ પોતપોતાના કાર્યમાં મગ્ન થઈ જાય છે. યમલોકમાં જીવ શિક્ષા ભોગવે ત્યારે તેના કોઈ પણ આપ્ત સ્વકીય તેને મદદ કે મુક્ત કરી શકતા નથી. આથી સજા ભોગવનાર

જીવને ખૂબ જ પશ્ચાત્તાપ થાય છે. તેમ છતાં કર્મફળ ભોગવ્યા વિના તેમાંથી છૂટી શકાતું નથી.

તે પછી એક એક યોનિમાં કરોડ કરોડ ફેરા ફરવા પડે છે. કર્મભોગ ભોગવ્યા પછી ફરી મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. તે ઉત્તમ હોવા છતાં ક્ષણભંગુર હોવાથી આત્મહિત સાધી મનુષ્યે તે જન્મ સાર્થક કરે તેવી નારાયણની ઈચ્છા હોય છે. હે માતા, તેં આ દુર્લભ નરદેહને પ્રાપ્ત કર્યો છે. લોભમોહમાં જીવન વ્યર્થ ગુમાવીશ નહીં. તે હાથમાંથી સરકી જાય તો સ્વહિતને ગુમાવીશ. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા નરદેહ જેવું બીજું કોઈ સાધન નથી. આયુષ્ય દરેક ક્ષણે ઓછું થતું જાય છે. તું હવે સાવધાન થઈ જા અને સદ્‌ગુરુનાં ચરણો પકડી લે. માયિક મોહનો ત્યાગ કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લે અને ચૈતન્યરૂપે આનંદને ભોગવ.

અવિનાશનો બોધ સાંભળી અનસૂયા કહે છેઃ હે લાલા, તને મારા માટે આત્મીયતા છે માટે તું મને તારક બોધ કરે છે. સંસારનો તાપ અને ભયનું વર્ણન કરી તેનો ઉપાય કહ્યો તે મને સમજાયો. હું સદ્‌ગુરુને શરણે જઈશ. તેં જે ગુરુગુણનું વર્ણન કર્યું છે તે પણ મને સમજાયું. તારું વિવેચન સાંભળી મને કેટલીક શંકા થઇ છે. મારી શંકાનું સમાધાન કર. અપાર બ્રહ્માંડની જેમ પિંડ છે એમ તેં કહ્યું તે મને સમજાયું નથી. તત્ત્વજ્ઞાન એટલે શું? કઇ વસ્તુ શામાંથી ઉત્પન્ન થાય છે? બ્રહ્માંડને ત્રણ ગુણોએ કેવી રીતે વ્યાપી લીધું છે; તેનો વિલય કેવી રીતે થાય છે તે વિશે વિગતવાર સમજાવ. અવધૂતે કહ્યુંઃ રોજ રાત્રે હું તારા પ્રશ્નોના જવાબ આપી તને સંતુષ્ટ કરીશ. તેને તું શ્રવણ કરજે.

આગામી અધ્યાયમાં યોગીરાજ શ્રીદત્ત માતાને આત્મજ્ઞાનનો ઉપદેશ કરશે. યોગીઓ જ તે જ્ઞાનને જાણે છે. આગમ અને નિગમ અંતર્ગત રહસ્ય એ સંતોની થાપણ છે. કૃપાદાન પ્રાપ્ત થવા માટે સંત

સજ્જનોનાં ચરણો પ્રતિ ચાતક નજર કરી આ અનંતસુત (કાવડીબુવા) હાથ જોડીને ઊભો છે. હે સંત, સાધુજનો, મારો ભાર તમારા પર છે. મારા મસ્તકે કૃપાહસ્ત મૂકી મારા અંતઃકરણને પુલકિત કરો. તમે મારાં મા-બાપ છો. આ સેવક પાસેથી સેવા સ્વીકારો. મને બાળકને આગળ કરી પ્રશ્નોત્તરરૂપી બોધ શ્રીદત્ત જ વદી રહ્યા છે. આગળ પણ તેઓજ કથન કરશે. આ રસમય મધુર અને પાવન કથા શ્રવણ કરવાથી સકળ અજ્ઞાન ઓગળી જાય છે અને શ્રીદત્તની કૃપાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

॥ ઈતિ વિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૨૧

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રીગુરુદત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ, સચ્ચિદાનંદ, પરમ કૃપાળુ, અદ્વૈતબોધ સ્વરૂપ, અવિનાશરૂપ, સ્વતઃ સિદ્ધ, સર્વજ્ઞ, અભેદ, સુખસાગર, તને નમન. તું આદિ અનાદિ વિશ્વંભર છે. સર્વાત્મન્ અને સર્વેશ્વર છે. તું ગુણોથી પર, નિર્વિકાર, દયાસાગર અને દીનબંધુ છે. તેં પરમ કૃપા કરી જીવનો ભવભય દૂર કરવા દત્તાત્રેય નામથી અવતાર ધારણ કર્યો છે. તું ત્રિવિધ તાપ દૂર કરે છે. તું અનેક રૂપ ધારણ કરી ત્રિભુવનને કૌતુક બતાવે છે. તારા માટે કોઈ પણ ઉપમા યોગ્ય નથી લાગતી. તું શરણાગતને પાવન

કરનાર છે, મોક્ષ આપનાર છે. તારા નામનું સ્મરણ કરવાથી દુષ્ટ વાસના નષ્ટ થાય છે. તારી કીર્તિ વર્ણવવા માટે તને વિનંતી કરું છું કે તું મને શક્તિ આપ. તારા પ્રસાદરૂપ સંવાદ હોવાથી આ ગ્રંથનું નામ શ્રીદત્તપ્રબોધ છે.

વીસમા અધ્યાયના અંતે અનસૂયાએ શ્રીદત્તને અધ્યાત્મજ્ઞાન કથન કરવા સૂચન કર્યું અને કેટલાક પ્રશ્નો પૂછ્યા. જવાબમાં અવધૂતે કહ્યુંઃ સહસ્રાર્જુને આવા જ પ્રશ્નો પૂછ્યા હતા. આ જ પ્રકારના પ્રશ્નો પાર્વતીએ શંકરને પૂછ્યા હતા. તે સમયે ભગવાન શંકરે પ્રસન્ન થઈ તેને આધ્યાત્મજ્ઞાન કથન કર્યું હતું. તે જ જ્ઞાનનો મને સદ્‌ગુરુએ બોધ કર્યો. જે પ્રમાણે મેં સહસ્રાર્જુનને બોધ કર્યો હતો તે જ પ્રમાણે હું તને પણ બોધ કરું છું. તેને સાવધાન થઈ શ્રવણ કર. કલામાં કુશળતા જેવી વિદ્યાઓ લૌકિક જ્ઞાનની વાતો છે. સ્વાત્મહિત માટે તેનો ઉપયોગ નથી. જેને સ્વાત્મહિત માટે તત્પરતા છે તેને જ અધ્યાત્મ શ્રવણ ગમે છે. તેને પોતાને જે જોઈએ તે તેને મળે છે. આ વિચારમાં જે આગળ વધે છે તે જ ઉત્તમ નરદેહ ધરાવનાર તરીકે જાણો. તેને આત્મસુખ અને આનંદ મળશે.

અનંત પુણ્ય જેની પાસે છે તે જ અધ્યાત્મજ્ઞાન તરફ વળે છે. બીજા કોઈ નહીં. ગધેડાને દૂધપાકની શી કિંમત? હે માતા, સૂર્ય જે પ્રમાણે કિરણો દ્વારા જળ શોષી લે છે તે જ પ્રમાણે તું પોતાની પ્રખર બુદ્ધિથી જ્ઞાનનો સ્વીકાર કર. તારાં ચરણોને આલિંગન આપું તેમ મને લાગે છે. માતા, તારા પ્રશ્નો અને શ્રવણ બંને ધન્યવાદને પાત્ર છે. આપણા સંવાદને લીધે ખરેખર જગતનો ઉદ્ધાર થશે. શ્રોતાઓએ હવે સુરસ અધ્યાત્મ વિચારોનું આદરપૂર્વક શ્રવણ કરવું. શ્રવણ કરવાથી સત્યજ્ઞાન પ્રાપ્ત થશે. મનન દ્વારા સતત અનુસંધાન રાખવાથી આપણી થાપણ આપણને (જ્ઞાનરૂપી) પાછી મળશે.

પૂર્વે મૂલતઃ બધું જ નિરાકાર હતું. વાયુ, જળ, પૃથ્વી, આકાશ, તેજ, ચંદ્ર, સૂર્ય, તારાઓ, ગ્રહ, ભૂ, પાતાળ, સ્વર્ગ, યક્ષ, રાક્ષસ, મનુષ્ય, તીર્થ, દેવી-દેવતા, પર્વત, સાગર, સરિતા, શબ્દ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, શાસ્ત્રો, આકાર, વિકાર, કશું જ ન હતું. આથી તે નિરાકાર તરીકે ઓળખાતું. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, દ્વીપ, ખંડ, નાદ, બિંદુ, કલા આ પૈકી કશું જ ન હતું. તે નિરાકારમાંથી નિરાલંબ શૂન્ય નિર્માણ થયું. શૂન્યને આકાર મળ્યો. તેનાથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી તેજ, તેજથી જીવન (જળ), જળથી ભૂમિ, આ રીતે પંચમહાભૂતો એકઠા થઈ આ ભૂતસૃષ્ટિ અને ચરાચર નિર્માણ પામ્યા.

જે શુદ્ધ નિખિલ બ્રહ્મ પાસેથી ચૈતન્ય ઈચ્છા નિર્માણ થઈ. તે મહત્તત્ત્વ તરીકે ઓળખાયું. મહત્તત્વથી ૐરૂપ માયા અને તેનો વિસ્તાર પુરુષ અને પ્રકૃતિ આ બે ગુણોથી થયો. મૂળ શુદ્ધ બ્રહ્મને ઈચ્છા નિર્માણ થઈ. અવિદ્યાને લીધે તે જીવદશાને પ્રાપ્ત થયો. "અહં બ્રહ્માસ્મિ" આ ઉદ્ગાર દ્વારા મહામાયાની ઉત્પત્તિ. તેમાંથી "બહુ સ્યામ્" આ આશા નિર્માણ થતાં જ પુરુષ પ્રકૃતિ દશાને પામ્યો. પરમાત્મા એ માયાતીત છે. આ તત્પદ, ત્વં પદ એટલે જીવાત્મા. માયાનો વિકાર થતાં જ જીવ મૂળસ્વરૂપને ભૂલી ગયો અને અવિદ્યાથી વેષ્ટિત થયો. તેને જ જીવ કહે છે.

પૂર્ણ ચૈતન્ય એટલે પરમાત્મા જ્યારે પ્રત્યગ્ ચૈતન્ય એટલે જીવ. મૂળ મહાતત્ત્વ એ જ માયા. તે અર્ધમાત્રા થઈ ગુણત્રયનો પ્રસવ કરાવ્યો. અકાર, ઉકાર અને મકાર એ ત્રણ એકઠા થઈ ૐકાર. અકાર માત્રા એટલે બ્રહ્મદેવ, ઉકાર માત્રા એટલે વિષ્ણુ અને મકાર માત્રા એટલે શંકર. તેમના ગુણોનું વર્ણન સાંભળ. બ્રહ્માનો રજોગુણ, વિષ્ણુનો સત્ત્વગુણ અને શંકરનો તમોગુણ. મૂળ પ્રકૃતિ તે જ દેહ. માતૃકા અન્વયે પુરુષ ૐકાર છે. પરાવાણીના યોગે સર્વસ્વરૂપી તે અભિમાની છે.

તે અવસ્થા સર્વસાક્ષીની છે. સર્વ ઉત્પત્તિ ત્યાંથી જ છે. હવે તને ત્રિમાત્રાનું વિવેચન કહું છું.

માયાદેહની મકારમાત્રા, અભિમાની રુદ્ર, વાચા (વાણી)- પશ્યંતિ અને અવસ્થા પ્રલય.

હિરણ્યગર્ભ દેહમાં ઉકારમાત્રા, અભિમાની દેવતા વિષ્ણુ, વાણી- મધ્યમા અને અવસ્થા પાલક.

વિરાટ દેહમાં માત્રા-અકાર, અભિમાની દેવતા બ્રહ્મદેવ, વાણી વૈખરી, અવસ્થા-ઉદ્‌ભવ.

બ્રહ્મદેવ સૃષ્ટિ રચનાર, વિષ્ણુ પાલક અને રુદ્ર સંહારક. આ ત્રણ માત્રાથી ત્રણ અહંકાર નિર્માણ થયા. સાત્ત્વિક અહંકારથી અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. સાત્ત્વિક અહંકારનો સંચાર આત્મા પ્રતિ હોય છે. વિવેક તેના દ્વારા કરાય છે. રાજસ અહંકારથી પાંચ જ્ઞાનેંદ્રિય કાન, નાક, આંખ, જીભ અને ત્વચા. પાંચ તન્માત્રા- શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. પાંચ કર્મેન્દ્રિય- મુખ, હાથ, પગ, શિશ્ન અને ગુદા.

આ પૈકી જ્ઞાનેંદ્રિયોને જ્ઞાન થાય છે. કર્મેન્દ્રિયો કર્મો કરે છે. માત્રા સુખ-દુઃખ ભોગવે છે. ત્રીજા તામસ અહંકારથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી તેજ, તેજથી જળ અને જળથી પૃથ્વી. આ જ શૂન્યમાંથી ઉત્પત્તિ. નિઃશૂન્યમાંથી જ શૂન્ય થયું. ચૈતન્યરૂપથી પ્રસાર પામ્યું. ઈચ્છા કરતાં જ સ્ફૂરણ પામ્યું અને મહામાયા એ તત્ત્વ પ્રગટ થયું. તે અર્ધમાત્રાનો પ્રસાર તે જ ઓંકાર. તેનાથી ત્રિમાત્રા અને ત્રિગુણની ઉત્પત્તિ થઈ. આ રીતે પંચમહાભૂતો, પંચ જ્ઞાનેંદ્રિયો, પંચ કર્મેન્દ્રિયો, પાંચ તન્માત્રા અને અંતઃકરણપંચક મળીને પચ્ચીસ સંખ્યા થઈ. આ પચ્ચીસ તત્ત્વોનો ગુણવિચાર અગામી અધ્યાયમાં થશે.

અનસૂયાનું માધ્યમ કરી શ્રીદત્ત લોકોને ઉપદેશ કરી રહ્યા છે. અને તેમના અજ્ઞાનનું નિરસન કરે છે. જીવની ઉપાધિ જાણી તે દયાળુ થઈ બોધ કરે છે. જયાં સંત ત્યાં જ દત્તરાજ હોય છે. જેણે સ્વહિત કરી લેવું હોય તે જ સમજી શકે છે. આથી સંત સહવાસ કરવો, તેમની સેવા કરવી. અંતઃકરણપૂર્વક તેમના શરણે જવું. જે સર્વ દેવોનો દેવ તે અવિનાશ માન-અપમાન ભૂલી સંતોના કીર્તનમાં તલ્લીન થઈ પોતાને ભૂલી જાય છે. તે જ અવિનાશ ઈંટ ઉપર (વિઠ્ઠલ તરીકે) ઊભો છે. તે જ સર્વત્ર વ્યાપેલો છે. સંતો દયાળુ, ઉદાર, શાંત અને પવિત્ર હોય છે. શરણાગતોને તેઓ પ્રેમથી સ્વીકારે છે. તેમના સર્વ દુઃખોનું નિવારણ કરે છે અને અવિનાશ સાથે મિલન કરાવે છે. આ જ લાભ માટે નરજન્મ મળ્યો છે. તે સંત, સદ્‌ગુરુ અનંતના ચરણે આ પુત્ર પ્રેમથી જોડાએલો છે.

॥ ઈતિ એકવિંશોડધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

## અધ્યાય - ૨૨

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે જ્ઞાનોદય પ્રકાશવાન્, હે વિભો સદ્‌ગુરુ સમર્થ, તું અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી ભવભયનું નિવારણ કરે છે. તું ઉદાર, સર્વજ્ઞ, પ્રબોધકર્તા, ગુણનિયંતા, ગુણજ્ઞ, સુપ્રસન્ન, સૂજ્ઞ વરદાતા છે. તું વેદાંતનો

જ્ઞાનભંડાર, સિદ્ધાંતજ્ઞાનનો ફળદ્રુપ તરુ, આધ્યાત્મજ્ઞાનનો સાગર અને પરાત્પર છે. હું અનન્યભાવથી તારા ચરણે મસ્તક મૂકી વિનંતી કરું છું. તું કૃપાદૃષ્ટિથી અવલોકન કરી મારા ભયનું નિવારણ કરી મને અભય પ્રદાન કર. હું અજ્ઞાની બાળક હોઈ તું મારી પ્રેમાળ સદ્‌ગુરુ મા છે. મારા અંતઃકરણનો હેતુ જાણી મારી આશા પૂરી કર. તારા કથામૃતરસની વાણી દ્વારા શ્રોતાઓના કાનને પાવન કરી પ્રાકૃત ભાષામાં પ્રગટ કર. હીનદીન સીધાસાદા પામરોને અધ્યાત્મજ્ઞાન જાણવાનો અધિકાર નથી હોતો. આ માટે હું હાથ જોડી પ્રાર્થના કરું છું કે તે જ્ઞાન પ્રાકૃતમાં (ગુજરાતીમાં) કથન કર.

ગત અધ્યાયના છેવટે દત્તાત્રેયે અનસૂયાને પંચભૂતની ઉત્પત્તિ વિશે કહ્યું હતું. અનસૂયાએ પૂછ્યુંઃ આ પચ્ચીસ તત્ત્વોની વિસ્તારથી માહિતી, શાનાથી શું નિર્માણ થયું તે સવિસ્તર કથન કર. અનસૂયાએ જિજ્ઞાસાવશ પૂછેલા સવાલથી અવધૂતને આનંદ થયો અને તેણે કહ્યુંઃ હે માતા, તારા પ્રશ્નનું માર્ગદર્શન મળશે. આધ્યાત્મિક જ્ઞાનના જિજ્ઞાસુઓને તેમજ મુમુક્ષુઓને માટે જાણે કે આ એક જ્ઞાનદીપ જ પ્રગટ્યો છે! તેના પ્રકાશમાં જેઓ માર્ગસ્થ થશે તેઓ ખરેખર મોક્ષ પામશે. હું કહું છું તે સાંભળઃ

હાડકાં, માંસ, નાડી, ત્વચા અને વાળ. એ પૃથ્વી તત્ત્વના. વીર્ય, રક્ત, લોહી, પેશાબ અને પરસેવો (સ્વેદ) એ જળતત્ત્વના. નિદ્રા, મૈથુન, ક્ષુધા, તૃષા અને આળસ એ તેજ તત્ત્વથી. ચલન, વલન, આકુંચન, પ્રસરણ અને નિરોધન એ વાયુથી નિર્માણ પામ્યા છે. દ્વેષ, ભય, ક્રોધ, લોભ અને મોહની ઉત્પત્તિ આકાશથી થઈ છે. આ પ્રમાણે પચ્ચીસ તત્ત્વો થયા. હવે પૃથ્વી પાસેથી જે પાંચ થયા તે પૃથક્ પૃથક્ કહું છું.

વાળ એ આકાશનો, નાડી વાયુનો, ત્વચા તેજનો, માંસ જળનો અને હાડકાં પૃથ્વીનો ભાગ છે. હવે જળતત્ત્વ વિશે વિસ્તારથી કહું છું.

આકાશમાંથી વીર્ય, વાયુથી લાળ, તેજથી રક્ત, જળથી પેશાબ અને પૃથ્વીથી પરસેવો ઉત્પન્ન થાય છે. તેજ તત્ત્વનો વિસ્તાર આ પ્રમાણે. આકાશથી નિદ્રા, વાયુથી મૈથુન, તેજથી ક્ષુધા, જળથી તૃષા અને પૃથ્વીથી આળસ.

વાયુતત્ત્વનો વિસ્તાર આ પ્રમાણેઃ આકાશથી પ્રસરણ, વાયુથી ચંચલતા તેજથી ગમન, જળથી ભ્રમણ અને પૃથ્વીથી આકુંચન. હવે આકાશતત્ત્વનો વિસ્તાર- આકાશથી ભય, વાયુથી દ્વેષ, તેજથી ક્રોધ, જળથી લોભ અને પૃથ્વીથી મોહ ઉત્પન્ન થાય છે. આ રીતે પોતપોતાના ભાગે આવતું કામ જે તે તત્ત્વ કરે છે. મૂળ પાંચ તત્ત્વોમાંથી પચ્ચીસ તત્ત્વો થયાં. કુલ ત્રીસ. તેમાં પૂર્વ અધ્યાયમાં કહેલી પાંચ તન્માત્રા એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ. આમ કુલ પાંત્રીસ તત્ત્વો થયા. આ પાંત્રીસ તત્ત્વોને પેદા કરનાર પ્રેમતત્ત્વ એ સર્વથી જુદું છે. તે સદ્‌ગુરુ સિવાય સમજાતું નથી. હે માતા, આમ છત્રીસ તત્ત્વોનો આ ઉત્તમ દેહ બન્યો છે. આ સાડા ત્રણ હાથ લાંબા શરીરમાં આ તત્ત્વો વસે છે.

અનસૂયાએ શ્રીદત્તને કહ્યુંઃ તારા વિવેચનને લીધે મને આનંદ થયો. આ શરીરમાં દસ પવન (વાયુ) છે તેનું વર્ણન તથા કાર્ય કહે. અવિનાશ જવાબમાં કહે છે કે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ મુખ્ય પાંચ પ્રાણ છે. તદ્ ઉપરાંત નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય આ પાંચ ઉપપ્રાણ છે. તેમનાં સ્થાન અને કાર્યો નીચે પ્રમાણે છે. પ્રાણ હૃદયમાં રહી અન્નોદકનું સમાયોજન કરે છે. અપાન ગુદાસ્થળે રહી મળમૂત્ર વિસર્જન કરે છે. ઉદાન અંત સમયે પ્રગટ થાય છે અને તેનું સ્થળ કંઠમાં છે. સમાન વાયુ નાકમાં રહે છે અને સર્વ નાડીઓનું કાર્ય સંભાળે છે. નાગવાયુ તાળવામાં રહી સુગંધ લેવાનું કામ કરે છે. કૂર્મ નેત્રમાં રહી જુએ છે. કૃકલ કાનમાં રહી સાંભળવાનું કામ કરે છે. ધનંજયને લીધે છીંક આવે છે અને દેવદત્તને લીધે

બગાસું આવે છે. તેનું સ્થાન મુખ છે. ઉદાનથી હેડકી, વ્યાન થકી અંગમરોડ, પ્રાણથી ઓડકાર, ડૂંટી પાસે રહેલો સમાન વાયુ થકી હાસ્ય-રુદન થાય છે.

કયા તત્ત્વથી કયો પ્રાણ ઉદભવ્યો તે સાંભળ. આકાશથી કૃકલ, વાયુથી નાગ, તેજથી કૂર્મ, આપથી ધનંજય અને પૃથ્વીથી દેવદત્ત નિર્માણ થયો. મુખ્ય પ્રાણ વિશે પણ સાંભળ. વ્યાન આકાશથી, સમાન વાયુથી, ઉદાન તેજથી, પ્રાણ જળથી અને અપાન પૃથ્વીથી નિર્માણ પામ્યા. આવું સુંદર નિરુપણ સાંભળી અનસૂયાએ પૂછ્યુંઃ પંચતત્ત્વનો આહાર, વર્ણ, ઘર, મુખ, સ્વાદ અને શસ્ત્ર અંગે વિવેચન સંભળાવ.

અવધૂતે વિગતવાર સમજ પાડતાં કહ્યુંઃ પૃથ્વીનો વર્ણ પીળો, વસતીસ્થાન કલેજુ, મુખ જીહ્વા, આહાર ષડ્રસ, સ્વાદ મધુર, શસ્ત્ર ફરશ અને ગતિ ૧૬ આંગળ* છે. જળનો વર્ણ સફેદ, વાસ્તવ્યસ્થાન તાળવું, મુખ ઈન્દ્રિય, આહાર કામસેવન, સ્વાદ ખારો, શસ્ત્ર છરી અને ગતિ ૪ આંગળ છે. તેજનો વર્ણ લાલ, વાસ્તવ્યસ્થાન હૃદય, મુખ નયન, આહાર જોવું, સ્વાદ તીક્ષ્ણ (ભાંભરો-તૂરો), શસ્ત્ર ભાલો અને ગતિ ૮ આંગળ છે.

વાયુનો વર્ણ નીલ, વાસ્તવ્યસ્થાન ફેફસા, મુખ નાક, આહાર પરિમલ (સુગંધ) સેવન, સ્વાદ ખાટો (અમ્લ), શસ્ત્ર ખડ્ગ અને ગતિ ૧૨ આંગળ છે. આકાશનો વર્ણ કાળો (બધા રંગોવાળું), વાસ્તવ્યસ્થાન કાળજુ (હૃદય), આહાર શ્રવણ, સ્વાદ કડવો, શસ્ત્ર બાણ અને ગતિ ૨૦ આંગળ. જે સદ્ગુરુના સાચા દાસ હોય છે તેઓ જ આનું રહસ્ય

* પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ કૃત શ્રીગુરુલીલામૃતમાં પૃથ્વીનું માપ ૧૨ આંગળ, જળનું ૧૬ આંગળ, તેજનું ૪ આંગળ, વાયુનું ૮ આંગળ અને વ્યોમનું નાકમાંથી માંડ માંડ બહાર નીકળે છે તેટલું દર્શાવ્યું છે. તેમાં ટીપ આપી છે કે તે માપ હઠયોગના આધારે લખ્યા છે. સંસારી અને રાજયોગીમાં આ માપમાં વધઘટ રહેવાની છે. આથી તે પ્રમાણે જાણકારી મેળવી તે પ્રમાણે વર્તવું.

સમજી શકશે. આ બાબતોનું જ્ઞાન જેમને નથી તેઓ નરદેહમાં જન્મેલા પશુઓ જ છે. સંત સાધુ, ગુરુદેવની સેવા કર્યા વગર જેઓ સંપત્તિ-વિષયભોગમાં મગ્ન રહે છે તેમને યમલોકની યાતના ભોગવવી પડે છે. તેમને આ જ્ઞાન પ્રાપ્ત થતું જ નથી. હે માતા, તારી જ્ઞાનપ્રાપ્તિની ઉત્કટ ઈચ્છા પ્રશંસનીય છે. મૂળતત્ત્વની સાધનાથી બધા જ ઉપસર્ગો નાસી જાય છે. આથી સદ્‌ગુરુનાં ચરણોની સેવા કરવી જોઈએ. આથી તેઓ ભવભયનો નાશ કરી 'હું-મારું' ભાવનાનો નાશ કરે છે.

આવું સુંદર વિવેચન સાંભળી સતી અનસૂયાએ કહ્યુંઃ વિવેચન સાંભળી જીવને ટાઢક વળી ને મન પ્રસન્ન થયું. તેં મને સાવધાન કરી. હું મોહમાયાની ખીણમાં ગાઢા અજ્ઞાનરૂપી અંધકારમાં લોભરૂપી શૈયા પર ગાઢ નિદ્રામાં શયનરત હતી. તે સમયે છ ચોર મારું ઘર ફોડીને ચોરી કરતા હતા. (ષડ્‌રિપુઓ) ત્યારે મારાં આપ્ત પણ (વિવેક) ચોરોને સહાય કરવા સામિલ થયા. બધાએ મળી ઘરને ફોડ્યું અને મને પૂર્ણતઃ ઘેરો ઘાલ્યો. તેના થકી મોહ પામી હું એકદમ જડ થઈ ગઈ. તે અષ્ટ શક્તિની મોહિનીએ મને ઘેરી લીધી. મેં આંખો મીંચી દીધી હતી. આથી મને થએલું નુકસાન મને સમજાયું નહીં. હું મારા સ્વકર્મસૂત્રથી બંધાએલી હોવાથી મારી બધી દષ્ટિએ થતી હાનિ જોઈ તું દયાળુ થઈને દોડી આવ્યો. હાથમાં જ્ઞાનશસ્ત્ર લઈ વિવેકથી તે શત્રુઓને દૂર નસાડી દીધા.

મારા અંતઃકરણમાં બોધ ઠસાવી સત્વર મને સાવધ કરી. મારા શરીરે અનુતાપ કરાવી મને વૈરાગ્યરૂપી કવચ પહેરાવ્યું. માયિક વિષયબંધન તોડી મારી ભૂલ સુધારી. મને આ દિવ્ય આધ્યાત્મિક રસ પીવડાવી મારું દુઃખહરણ કર્યું. મને જન્મમરણના બંધનમાંથી છોડાવવા અને અવિનાશપદ પ્રદાન કરવાનું તને મનથી ગમ્યું. હે અવિનાશ, તું દયાળુ અને ઉદાર છે. દીનોને મદદ કરવી, સકલ જગતનો ઉદ્ધાર કરવો એવું તારા મનમાં છે. આથી હે નિરાલંબ, નિર્વિકાર, નિષ્કલંક,

નિરહંકાર, નિર્વિકલ્પ, નિરંજન હોવા છતાં ત્રિગુણાત્મક સગુણ અવતાર લીધો અને પુત્રરૂપે પ્રગટ થયો. મેં તને સાચેસાચ ઓળખી લીધો છે.

તારી જ્ઞાનશક્તિને, કર્તૃત્વશક્તિને મેં નીરખી છે અને તારા બોધથી હું પ્રફુલ્લિત થાઉં છું. તને પુત્ર કહેતાં મને શરમ આવે છે. તું સાચેસાચ ભવસાગરમાંથી પાર ઉતારનાર છે. પરંતુ તે માટે મને યોગ્ય ગણે છે. ઉત્તર આપતાં અવધૂતે કહ્યુંઃ હે જનની, તું આવું કેમ બોલે છે? તારી કૃપા થકી મારામાં જ્ઞાનજ્યોતનો ઉદય થયો. મને પ્રાપ્ત થયેલું જ્ઞાન મારા બાળમુખથી શ્રવણ કરે છે. જેનું તેને કહેતા શું મોટાઈ છે? જે બુદ્ધિમાં બાળક હશે તેને જ અહંકાર થશે. હે માતા, હું તેવો નથી. માતા-પિતા એ જ મારા ગુરુ છે. તેમની કૃપાનો જ મને ફક્ત આધાર છે. તેમણે આપેલા જ્ઞાનનો જ મેં સંગ્રહ કર્યો છે. તે જથ્થો મેં સદ્બુદ્ધિથી હૃદયમાં સંગ્રહ કર્યો. તેનું સંરક્ષણ હું પ્રાણથી પણ વધારે કરું છું.

આ જ્ઞાનધન તમારું જ છે. તે તમને આપવામાં શો વાંધો? બીજા પ્રકારના ધનના આદાનપ્રદાનમાં તેનો વ્યય થાય છે અને આપનાર-લેનાર બંને ખાલી ખિસ્સાના થાય છે. જ્ઞાનધનનો કલ્પ ના અંત સુધી પણ નાશ થતો નથી. આપ્યા સ્થળેથી દૂર સરકતું નથી, આપવાથી ઓછું થતું નથી. લેનારનું પણ ઓછું થતું નથી. સમેટવા જઈએ તો સમેટાતું નથી. તેજસ્વીપણાને લીધે તેને કાટ લાગતો નથી કે મેલું થતું નથી, અપવિત્ર થતું નથી. તેનો અંગીકાર કરીએ તો ગુપ્ત જ્ઞાન મળે છે અને ગમતી વસ્તુ મળે છે. અવિનાશની આ જ્ઞાનસભર વાતો સાંભળી અનસૂયાને પરમ સંતોષ થયો. મનન કરતાં તેના મનમાં વધુ વિચાર સ્ફૂર્યો.

અનસૂયાએ પૂછ્યુંઃ તેં તત્ત્વનું નિર્માણ અને તેનો વિસ્તાર કહ્યો. તેનું એકીકરણ પણ કહ્યું. હવે કયા ગુણને લીધે શું થયું તે મને કથન

કર. જવાબમાં અવધૂત કહે છેઃ મુખ્ય તમોગુણથી પૃથ્વી, આપ, તેજ, વાયુ, આકાશ આ પંચ મહાતત્ત્વો નિર્માણ થયા. રજોગુણથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષયો નિર્માણ પામ્યા. સત્ત્વગુણથી હાથ, પગ, મુખ, ગુદા અને ઉપસ્થ ઉત્પન્ન થયાં.

ત્વચા, કર્ણ, આંખ, જીભ અને નાક એ સમષ્ટિનાં. સત્ત્વગુણથી અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ઉત્પન્ન થયાં. પિંડ બ્રહ્માંડનું આ જ્ઞાન હું તને તારી જિજ્ઞાસા જોઈને કહું છું. આ સાંભળી અનસૂયામાતા કહેઃ તું સહજતાથી જે કથન કરે છે તે સાંભળી સમાધાન થાય છે. મારા આગામી પ્રશ્નો સાંભળ. પિંડની વૃદ્ધિ કેમ થાય છે? તે બ્રહ્માંડ જેવો કેમ? બંનેમાં અભેદ કેવી રીતે? અવધૂતે કહ્યુંઃ તારા સંશયનું નિવારણ હું સદ્‌ગુરુકૃપાથી કરીશ. તું એકાગ્રતાથી શ્રવણ કર.

ગુરુ દત્ત દયાસાગર, સિદ્ધ સાધુ યોગીઓનું પિયર, અત્યંત ઉદાર અને મોક્ષદાતા છે. અવધૂત એ યોગીઓનો રાજા, સંતોની ઉપાસના, વિશ્રાંતિનું સ્થળ છે. જેને દત્ત સાથે મુલાકાતની ઉત્કંઠા છે, તેમણે સંતોને શરણે જવું અને તેમના દાસ થવું. તેમની કૃપા થતાં જ તેઓ દત્તદર્શન કરાવે છે. આ વાતને ધ્યાનમાં રાખી આ અનંતસુત સંતોને શરણે ગયો.

॥ ઈતિ દ્વાવિંશતિતમોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁ ❁ ❁

# અધ્યાય - ૨૩

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુ શ્રી અનંત, દયાળુ, ઉદાર, ભાગ્યવંત, અનાથનો નાથ, કૃપાળુ તારો જયજયકાર. તને મારા વંદન. તારા કોમળ પાદપદ્મ ભવાબ્ધિમાંથી તારનાર છે. જેઓ પ્રેમથી તેઓનું સેવન કરે છે. તેમને તું તારું પદ આપે છે. તારાં ચરણોનું તીર્થ સર્વ તીર્થોને પાવન કરે છે અને તે થકી જ્ઞાનપ્રાપ્તિ થાય છે. ભક્તોનું ભવબંધન તૂટી જાય છે. યમ પણ તેમના શરણે આવે છે. સહજ વંદન કરી જે તારે શરણે આવે છે તેનાથી કાળ પણ ભય પામે છે અને તેનાથી દૂર પલાયન કરે છે. ભક્તિથી જે તારી પ્રદક્ષિણા કરે છે તે તારી કૃપાથી સર્વાંગી પ્રગતિ કરે છે. જે લોકો પ્રેમથી તારી સેવા કરે છે; સમગ્ર ત્રિભુવન તેમને આનંદથી વંદન કરે છે.

હે સદ્‌ગુરુ, અંતઃકરણમાં અનન્ય પ્રેમ ધરી જે લોકો તારું અર્ચન કરે છે તેમના પુણ્યને કોઈ માપ નથી (અમાપ). અગમ, નિગમ પણ તારો સમગ્ર પાર પામી શક્યા નથી. તેવી પરિસ્થિતિમાં અલ્પમતિ હું શું તારી સ્તુતિ કરી શકવાનો? તારા સ્વરૂપનું અવલોકન કરતાં એકાદશનેત્ર (શિવશંકર) પણ મોહ પામ્યો. દ્વિસહસ્રનયન (શેષ) પણ તારો મહિમા સર્વથા જાણી શક્યો નહીં. બ્રહ્મદેવ પણ તારું વર્ણન કરી શક્યા નથી. દ્વાદશનયન (ષડાનન) પણ થાકી ગયો. જે જે તારા સ્વરૂપનું અવલોકન કરી ગયો તે તે અંતર્મુખ થઈ તેમનો મનોલય થયો. તારા રૂપ, ગુણનો પાર નથી. તેનું અવલોકન કરી વર્ણન કરતાં શ્રેષ્ઠ લોકો પણ થાકી ગયા. આવી પરિસ્થિતિમાં હું શું તારું વર્ણન કરું?

હું અત્યંત દીન પામર છું પરંતુ મનમાં પ્રબળ ઈચ્છા છે કે પ્રેમથી તારાં ચરણોને વંદન કરું. સદ્‌ગુરુએ મારું અંતઃકરણ ઓળખ્યું અને પ્રેમથી સગુણ ધ્યાન કહ્યું. તેની આજ્ઞા માન્ય ગણી તે પ્રમાણે હૃદયમાં ધ્યાન કરવાનો પ્રારંભ કર્યો અને નિત્યનિયમથી રોજ માનસપૂજા અને ધ્યાન કરવા લાગ્યો. મનમાં પ્રેમભાવ સ્થિર થતાં જ દયાળુ સદ્‌ગુરુ પ્રગટ્યો. તેને માનસઉપચાર અર્પણ કરી સપ્રેમ ચરણોને વંદન કરી સ્તુતિ કરી. તેમને સાષ્ટાંગ નમસ્કાર કરતાં જ તેમણે મસ્તક પર અભયકર મૂક્યો અને મને આલિંગન આપ્યું અને કાનમાં લાભપ્રદ મંત્ર ફૂંક્યોઃ સર્વત્ર મને જો. મારા સિવાય સૃષ્ટિમાં બીજું કશું નથી.

હું નિર્વિકાર હોવા છતાં સ્વેચ્છાથી સાકાર થયો. હું જ ચરાચરમાં વ્યાપી રહ્યો છું. બ્રહ્માંડનો વિસ્તાર એ મારો પોતાનો જ વિસ્તાર છે. મારા થકી બ્રહ્માંડનું નિર્માણ થયું. મારો પિંડ મારામાં જ સ્થિત છે. મારે લીધે બધું સુંદર દેખાય છે. મારે લીધે જ સર્વ દૃશ્યમાન છે. મારી અનુપસ્થિતિમાં કશું જ રહેતું નથી. હું-તુંનો અભેદ કરી અર્થ સમજી લે. હું અને તું આ બે અક્ષરોનો લોમ-વિલોમ કરી ઉલટસુલટ કરી વચ્ચે <u>જ</u> મૂકી તે અર્થને આત્મસાત કરી જો. (તું જ હું અને હું જ એ તું) સદ્‌ગુરુકૃપાથી આ સમજાય છે.

તે લોમવિલોમ અર્થ આત્મસાત કર્યા પછી જે આનંદાબ્ધિ હૃદયમાં ઉછળતો હતો તેને એકઠો કરી શકતો ન હતો. કેવી રીતે વ્યક્ત કરવો તે પણ જાણતો નથી. આ સત્ય જેણે બતાડ્યું તે હૃદયસ્થ સદ્‌ગુરુને વંદન કર્યાં અને વિનંતી કરી અને તેમાં આંતરબાહ્ય બધે જ તેનાં દર્શન કર્યાં. આ અનંત અનેકવિધ રૂપોથી રંગાએલો છે. તે જ જગદ્‌ગુરુ દત્તસ્વરૂપે ત્રિગુણાત્મક પ્રગટ્યો. ચોવીસ નામોમાં પણ તે જ રાચી રહ્યો છે. શ્રીદત્ત એ જગતમાં વિદેહ અવસ્થામાં રહે છે, હંમેશાં નિઃસંગ હોય છે અને પાંચમા આશ્રમમાં સ્વાનંદમાં રમમાણ હોય છે.

જગતના ઉદ્ધાર માટે તે વિવિધ અવતાર ધારણ કરે છે. તે અવતારની રચના અતકર્ય છે. અહીં તે યોગીરાજ થયો છે. સચ્ચિદાનંદ અવિનાશ ભક્તો દ્વારા સ્મરણ કરતાં જ દર્શન આપે છે અને ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. પોતાનું ગુપ્ત (જ્ઞાનરૂપી) ધન ન્યોચ્છાવર કરવા હંમેશાં તત્પર હોય છે, પરંતુ તેને જરૂરી સમજનાર, માગનાર કોઈ વિરલો જ હોય છે! ઘણું કરીને બધા લોકો ઈચ્છાઓના ગુલામ જ હોય છે. ગુરુદત્ત અભેદરૂપે જેને જે જોઈએ તે આપીને તેને આનંદ કરાવે છે.

પૂર્વ પુણ્યાઈને લીધે જો અવિનાશની મુલાકાત થાય જ તો પણ આત્મલાભ થાય તે નક્કી નથી. લોકો વિષય, ભોગ, સિદ્ધિ જેવી નાશવંત વસ્તુઓ હઠ કરીને માગે છે. જેનો સાચે જ નિગ્રહ હોય તેને અવિનાશ અવશ્ય જાણી લે છે. તેને પૂરો કરી તે જતો રહે છે. જગતમાં સર્વ વિષયોની પાછળ દોડે છે. વિરક્ત અને નિષ્કામ શોધવો દુર્લભ! અવધૂતને સાચું આત્મધન પ્રદાન કરવાની ઈચ્છા હોવાથી કોઈની સાથે પણ વાર્તાલાપ કર્યા વગર યોગ્ય મુમુક્ષુની શોધમાં તે હોય છે.

આવા જ મુમુક્ષુશોધના પ્રસંગે અવધૂતની મુલાકાત યદુરાજા જોડે થઈ. યદુની જિજ્ઞાસાવૃત્તિથી અવધૂતને સંતોષ થયો. પોતાના રાજ્યપદનો વિચાર ન કરતાં વૈભવનો અહંકાર ન રાખતાં યદુ અનન્યભાવે દત્તાવધૂતને શરણે ગયો અને નમ્ર થઈ તેણે સ્તુતિ કરી. પોતાના શરીરનો તિરસ્કાર કરી, વિષયસુખનો ધિક્કાર કરી અનુતાપથી તેનું હૃદય આર્દ્ર થયું. સ્તુતિ કરતાં તેના અષ્ટ સાત્ત્વિકભાવો જાગ્રત થયા. (રોમાંચ ખડા થવા, આંખોમાં આંસુ આવવા, કંઠ ગદ્‌ગદ્ થવો ઈત્યાદિ આઠ પ્રકારના ભાવ સાત્ત્વિકતાની ઊર્મિ ઊઠે ત્યારે આ ભાવો પ્રગટ થાય છે.)

યદુના અંતરના ભાવો ઓળખી યોગીરાજ ત્યાં થોભ્યા. યદુની નિઃસ્પૃહતા વિશે પરીક્ષા કરી. હીરાની પરીક્ષા એરણ પર અને સોનાની

પરીક્ષા કસોટીના પથ્થર પર થાય છે. આ પ્રમાણે મુમુક્ષુની પરીક્ષામાં યદુરાજા ઉત્તીર્ણ થયા. ત્યારે દેવદત્તને યદુરાજાની દયા આવી અને તેનો અંગીકાર કરી તેને અનુગ્રહ આપી જ્ઞાનપ્રબોધ આપ્યો. તેને સ્વરૂપાકાર કરી આત્મસ્વરૂપમાં રમમાણ કર્યો. યદુ એ દત્તાત્રેયનો પ્રથમ શિષ્ય. તેની કીર્તિ દિગંતમાં પ્રસરેલી છે. આ કથા શ્રોતાઓએ પૂર્વે શ્રવણ કરેલી હશે જ. પરંતુ કથાપ્રવાહમાં ફરી કથન કરીએ તો શ્રોતાઓએ ક્રોધ કરવો નહીં.

ત્રેતાયુગમાં સહસ્રાર્જુન (કૃતવીર્યરાજાનો પુત્ર કાર્તવીર્ય) ગુરુ દત્તાત્રેયને શરણે આવ્યો. તેણે અનન્યપણે વિનયથી અવધૂતની સેવા કરી અને તેમને સંતુષ્ટ કરી મુમુક્ષુતાથી પ્રશ્ન કર્યો. ત્યારે તેની સેવા સ્વીકારી યોગીરાજ પ્રસન્ન થયા અને તેને અનુગ્રહ આપી સંપૂર્ણ અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. આત્મજ્ઞાન ઉપરાંત શ્રીદત્તે તેને વિદ્યા, કલા, નીતિ, બળ, સંપત્તિ અને પરાક્રમ પણ પ્રદાન કર્યું. આ જ સહસ્રાર્જુન સ્વબળે પૃથ્વી જીતીને દેવ અને માનવને તેના નિયંત્રણમાં લાવ્યો.

સહસ્રાર્જુન પાસે શ્રીદત્તનું સંરક્ષણકવચ હોવાથી પ્રતિસ્પર્ધીનું કશું જ ચાલ્યું નહીં. સૂર્યોદય થાય કે તેના તેજ સામે નક્ષત્રો નિસ્તેજ થઈ જાય છે- લોપ પામે છે. ચંદ્ર તેજવિહીન દેખાય છે. બૃહસ્પતિની પ્રજ્ઞા આગળ મૂર્ખ લોકોની કુંઠિત બુદ્ધિ હાસ્યાસ્પદ દેખાય છે. હાથીનું સિંહ આગળ કશું ઉપજતું નથી તે જ રીતે શ્રીદત્ત કૃપાપ્રસાદથી કોઈનું પણ તેની સામે ચાલતું નહીં. આથી બધા દેવો ચિંતામાં પડ્યા. દેવોએ અનન્યભાવથી શ્રીવિષ્ણુની સ્તુતિ કરી. ત્યારે દેવોના કાને અભયવાણી સાંભળવા મળી. "હું શ્રેષ્ઠ વર્ણમાં અવતાર લઈશ. તમે નિશ્ચિંત રહો."

ક્ષત્રિયો અતિ ઘમંડી થયા છે. તેમનાથી અનિવાર્ય પાપાચરણ થઈ રહ્યું છે. દ્વેષબુદ્ધિથી તેઓ ઋષિઓના યજ્ઞો બંધ કરાવે છે.

ક્ષત્રિયોની અનીતિનું વર્ણન થઈ શકે તેમ નથી. પૃથ્વીથી પાપનો ભાર સહન થતો ન હતો. તેથી સર્વેશ્વરે દુષ્ટ સંહાર માટે અવતાર લીધો. ક્ષત્રિય કરતાં શ્રેષ્ઠ એવા બ્રાહ્મણકુળમાં અવતાર લેવો એમ નક્કી કર્યું. શ્રેષ્ઠ તપસ્વી જમદગ્નિ ઋષિ. તેમની પતિવ્રતા શિરોમણિ સુશીલ પત્ની રેણુકાની પવિત્ર કુખે વસંતઋતુમાં વૈશાખ માસમાં શુક્લપક્ષની ત્રીજના દિવસે પ્રભુએ જન્મ લીધો. તે સમયે સુરગણોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. અપ્સરા, ગંધર્વ, કિન્નર, વિદ્યાધર, દેવાંગનાઓએ નૃત્ય-ગાયન કર્યું. મૃદંગ, વિવિધ વાજિંત્રો, દુંદુભીનો ઘોષ કર્યો અને અપાર આનંદ વ્યક્ત કર્યો.

ઋષિઓએ વેદોક્ત આશીર્વાદ આપ્યા. સર્વને આનંદ આનંદ થયો. દ્વિજસુહાગણો પણ આનંદમાં સહભાગી થયાં. અગિયારમે દિવસે શુદ્ધસ્નાન કરી બારમા દિવસે ઉત્સાહથી સમારંભ કર્યો અને તેરમા દિવસે પારણામાં નાંખી ‘રામ’ એ નામ પાડ્યું. હળદર, કંકુ, પતાસા, સાકર સ્ત્રીઓને વહેંચી અને દ્વિજોને દાન આપવામાં આવ્યાં. આ સમારંભ જોવા સ્વયં શ્રીદત્ત પણ હાજર રહ્યા. દિવસે દિવસે બાળક મોટું થવા લાગ્યું. યોગ્ય સમયે તેને યજ્ઞોપવીત સંસ્કાર આપી વિદ્યાદાનનો પ્રારંભ થયો.

રામે પિતા અને ગુરુ પાસેથી સર્વ વિદ્યા સંપાદન કરી. તેણે તપાચરણ, બ્રહ્મચર્યપાલન અને વેદાધ્યયન યથાસાંગ પૂર્ણ કર્યું. તેના તપથી શ્રીશંકર પ્રસન્ન થયા. તેને સમગ્ર ધનુર્વિદ્યા પ્રદાન કરી અભય આપ્યું. તેને ત્ર્યંબક નામનું ધનુષ્ય અને વજ્રતુલ્ય પરશુ નામનાં આયુધો આપ્યાં. શ્રીદત્તે આશીર્વાદ આપતાં કહ્યું કે યુદ્ધમાં કદી પણ અપયશ મળશે નહીં. જે કારણને લીધે તારો અવતાર થયો છે તે સહસ્રાર્જુનનો અને ક્ષત્રિયોનો નાશ કર. આ પ્રમાણે પ્રસાદ આપી શૂલપાણિ કૈલાસપ્રતિ ગમન કરી ગયા. રામ નિત્ય શિવધ્યાન કરતો અને તે આયુધો તેણે પૂજામાં રાખ્યાં. રામે માતાનો પક્ષ લઈ યુદ્ધમાં ક્ષત્રિયોનો સંહાર કર્યો.

ક્ષત્રિયોના સંહારની વાત સહસ્રાર્જુનના કાને આવી અને તે રામ જોડે યુદ્ધ કરવા આવ્યો. સહસ્રાર્જુનને હજાર હાથ હતા. આથી તેણે પાંચસો ધનુષ્ય સજ્જ કરી રામ સાથે તુમુલ યુદ્ધ શરૂ કર્યું. રામે પોતાના ત્ર્યંબક ધનુષ્ય વડે અર્જુનને જર્જર કર્યો. એકબીજા સાથે ઘણા સમય સુધી યુદ્ધ કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નહીં. એકબીજાના રથો ભગ્ન થયા, અશ્વોનો સંહાર થયો છતાં યુદ્ધનું પરિણામ આવવાના સંકેત દેખાતા ન હતા. આકાશમાં દેવો આ અદ્ભુત યુદ્ધ જોવા એકઠા થયા. દેવોએ પણ બંને લડવૈયાઓ માટે ધન્યોદ્ગાર કાઢ્યા.

(પરશુ)રામ ક્રોધથી બાણ છોડતો પરંતુ સહસ્રાર્જુનને જરા પણ ઈજા થતી ન હતી. પરશુ વડે પ્રહાર કરવા છતાં તેને કોઈ પણ ઈજા થતી ન હતી. આથી પરશુરામ આશ્ચર્ય પામી કૈલાસ પહોંચ્યા અને શિવે આપેલાં શસ્ત્રો પાછાં આપ્યાં અને બનેલી ઘટના કહી સંભળાવી. રામનાં વચન સાંભળી શંકર કૈલાસથી સહસ્રાર્જુન પાસે આવ્યા અને તેને પૂછ્યુંઃ તારા પર શસ્ત્રની અસર કેમ થતી નથી? સહસ્રાર્જુને બંને હાથ જોડી કહ્યુંઃ દત્ત દિગંબર અવધૂત એ મારો સદ્ગુરુ છે અને તે જ તું પણ છે. તમારા પ્રસાદને ઓછપ લાવનાર ત્રિભુવનમાં કોઈ છે નહીં.

સહસ્રાર્જુનની વાત સાંભળી શંકર રામને કહેઃ શ્રીદત્તનું કાર્ય અદ્ભુત છે. તેની સામે કોઈનું કશું ચાલશે નહીં. ભાર્ગવરામે (પરશુરામે) તે સાંભળી કહ્યુંઃ અવતાર કારણ (મારું) તમે જાણો જ છો. બંને બાબતોને ધ્યાનમાં લઈ તમે યોગ્ય તે નિર્ણય લો. આ પ્રમાણેની અર્જુનની વાત સાંભળી શિવશંકર બોલ્યાઃ તેં ખરેખર સદ્ગુરુકૃપા સંપાદન કરી છે. તું ધન્ય છે! તેં સાચું જ્ઞાન મેળવ્યું છે, દત્તકવચ પ્રાપ્ત કર્યું છે. સંપત્તિ, વૈભવ અને આયુષ્ય પણ તેં અપાર ભોગવ્યું. અવિનાશીપદ પણ મેળવ્યું. હવે આયુમર્યાદા ઉલ્લંઘીને કેમ મચી રહ્યો છે?

શંકરનું કથન સાંભળી અર્જુન તેનો અર્થ સમજયો. તેણે શિવજીની સ્તુતિ કરી અને વિનંતી કરતાં કહ્યુંઃ આ (પરશુ)રામ અવતારનું અવતરણ મારા માટે છે તે હું જાણું છું. આપની આજ્ઞાનું ઉલ્લંઘન હું કરતો નથી. ભગવાન શંકરે કહ્યુંઃ તારા આશ્રયથી ક્ષત્રિયો ઉન્મત્ત થયા છે. તેમણે નિંદનીય કાર્ય કર્યું છે. તેમણે દ્વિજોને ત્રાસ આપ્યો છે અને યજ્ઞયાગનો વિધ્વંસ કર્યો છે. તેમના દ્વારા અનેક પાપાચરણ થયું છે. તેમની સંગતિથી તેં પણ અનેક દુષ્ટાચરણ કર્યાં છે. તથાપિ તારું પુણ્ય પ્રબળ છે; આ જન્મમાં તારા પર સદ્‌ગુરુની કૃપા થઈ છે. આથી હું પોતે તને બોધ આપવા પ્રગટ થયો છું. હવે તું ગુરુનું સ્મરણ કર.

શ્રીશંકરનું કથન સાંભળતાં જ સહસ્રાર્જુને ગુરુ દત્તાત્રેયનું સ્મરણ કર્યું. ગુરુ સ્મરણ કરતાં જ અર્જુનની દેહભાવના નષ્ટ થઈ. તેનો જીવભાવ શિવભાવમાં પરિણમ્યો. આ પ્રમાણે શ્રીદત્તે બે યુગમાં બે શિષ્યોને બોધ કર્યો. દ્વાપર યુગમાં શ્રીદત્તે ઉપદેશ કર્યો નથી. આ જગતના ઉદ્ધાર માટે શ્રીદત્તના હૃદયમાં ખૂબ દયા હતી. આથી તેણે અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ માતાને કર્યો. જગત એ જ માતા છે. લોકોના કલ્યાણ માટે અવધૂતનું ચિત્ત દ્રવ્યું અને બોધરૂપે જગત પર કૃપા કરી. મુમુક્ષુઓનું કલ્યાણ થાય તે માટે અનસૂયાએ પ્રશ્ન પૂછ્યા. શ્રીદત્તે તે શંકાનું નિરસન કરી આધ્યાત્મિક જ્ઞાનનો બોધ કર્યો.

ગત અધ્યાયમાં અનસૂયાના પ્રશ્નો શ્રોતાઓએ સાંભળ્યા છે, તે પ્રશ્નોના જવાબ શ્રીદત્ત આપશે. શ્રોતાઓએ ધ્યાનપૂર્વક તે પ્રશ્નોને સાંભળવા. પિંડજ્ઞાન વગર આત્મજ્ઞાન થતું નથી અને આત્માનુભવ સિવાય કોઈ લાભ થતો નથી. આત્માનુભવ લીધેલ મનુષ્ય જગતમાં રહેવા છતાંય જગતથી નિરાળો હોય છે. જગત એ માયાથી વીંટળાયેલું હોઈ અજ્ઞાનાંધકારથી ગ્રસ્ત છે. ત્યાં જ્ઞાન ક્યાંથી? આથી શ્રીદત્તના

મનમાં દયા ઉપજી અને માતાના નિમિત્તથી જ્ઞાનપ્રબોધ કર્યો. તે જ ગૂઢ અર્થ હું પ્રાકૃતભાષા (ગુજરાતીમાં) કહું છું. તેને એકાગ્રતાથી સાંભળો.

શ્રીદત્ત માતાને કહે છેઃ જે શિવશંકરે પાર્વતીને કહ્યું તે જ હું તને કહું છું. સ્ત્રી પુરુષ એકબીજામાં રમમાણ થતાં ચિત્તમાં પ્રેમનો ઉદ્ભવ થાય છે. બ્રહ્મસ્થળે સિંધુ ઉછાળા મારે છે અને બિંદુનું પતન થઈ સ્ત્રીગર્ભમાં પ્રવેશ કરે છે. તે સ્થળે તેમનું રક્ત અને વાયુનું સંમિલન થાય છે. એકજીવ થઈ તે પિંડ વધવા લાગે છે. સત્તરમો પ્રકાર એટલે કે (ષોડશ કલાથી સત્તરમી કલા) અમૃતકળાનો વર્ષાવ થઈ તે પિંડની વૃદ્ધિ થવા લાગે છે. તેને વિવિધ અંકૂર ફૂટે છે. સ્વાધિષ્ટાન ચક્રની ઉપર અને મણિપુર ચક્રની નીચે પિંડની વૃદ્ધિ થવા માંડે છે.

પ્રથમ મહિનામાં ફક્ત માંસનો ગોળો હોય છે. બીજા મહિને ડોક બને છે. ત્રીજા મહિને આંખોનું સ્થાન નિર્માણ થાય છે. ચોથા મહિનામાં હાથપગ અને બીજી શાખા ઉત્પન્ન થાય છે. તે જ સમયે અસ્થિ અને શિરાઓ નિર્માણ થાય છે. પાંચમા મહિને પંચતત્ત્વોની વ્યાપ્તિ થઈ આત્મા પ્રવેશે છે. છઠ્ઠા મહિને છ પદ્મો (મૂળાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા), આંગળીઓ, નાક, કાનની આકૃતિ તૈયાર થાય છે. સાતમા મહિનામાં સાત ધાતુઓ, નખ, વાળ નિર્માણ થઈ પિંડને ઠોસ આકાર આવે છે. તે જ સમયે માતાને દોહદ આવે છે.

આઠમા માસે અષ્ટાંગ ને બળ આવે છે. તે પછી ગર્ભ હાલચાલ શરૂ કરે છે. શંખિની નાડી માર્ગે જીવ સંચાર કરે છે. સુષુમ્ણા દ્વારા શિવ આરુઢ થાય છે. બકનાળ દ્વારા શરીરમાં જે રસ ભરાય છે તેનું જીવ સેવન કરે છે. ગર્ભવાસ દરમ્યાન જીવ 'સોડહં' મંત્રનું રટણ કરતો હોય છે. ત્યાંના વાતાવરણથી ત્રાસીને જીવ શિવની કરુણા યાચે છે. નવ મહિના પૂરા થાય એટલે જીવ બહાર આવવા તલપાપડ થાય છે.

સૂતિકા વાયુ માતાના શરીરે વીંટળાય એટલે ગર્ભ કમળમાંથી છૂટો પડે છે અને માતાના શરીરમાંથી નિર્ગમન કરે છે.

જીવના નિર્ગમન સમયે માતાને ખૂબ જ ક્લેશ ભોગવવા પડે છે. બહારના વાયુનો સ્પર્શ થતાં જ બાળકને પોતાના 'સોડહં' જપનું વિસ્મરણ થાય છે અને 'કોડહં'નું રુદન શરૂ થાય છે. આથી બાળકને ભૂખ લાગી છે તેમ માની માતા તેને સ્તનપાન કરાવે છે. અસ્તુ.

પ્રથમ પિંડની રચના કરી અને પછી બ્રહ્માંડની રચના થઈ. નવમા માસે આ પ્રચંડ નવ ખંડ પૃથ્વી રચી. માયા એટલે જ પંચભૂત. તેણે પંચભૂતોનો પ્રસવ કર્યો. આનું પૂર્વે વિવેચન આવી જ ગયું છે. છત્રીસ તત્ત્વો અને દસ પ્રાણનું વિવેચન કર્યું જ છે. પિંડ અને બ્રહ્માંડમાં તાત્ત્વિક કોઈ ફરક નથી. આપણી બુદ્ધિથી તેને સમજવા જતાં સમજાતું નથી. તે માટે ગુરુકૃપારૂપી અંજન આવશ્યક છે. સદ્‌ગુરુનાથને શરણે જવું. પછી તેઓ ગૂઢ માર્ગ બતાવે છે. તેથી આત્મધન મળે છે. અગામી અધ્યાયમાં અનસૂયામાતા પ્રશ્ન પૂછશે અને તેના ઉત્તર શ્રીદત્ત આપશે. તેથી શ્રોતાઓને પણ આનંદ થશે. અવધૂત આનંદનો ભંડાર છે. દત્તકૃપાની જેમને આશા છે તેઓએ સંતોની સેવા કરવી. આ સાંભળી અનંતસુતનો પ્રેમ ઉભરાઈ આવ્યો અને તે સંતોને શરણે ગયો અને તેમના ચરણે મસ્તક મૂક્યું.

॥ ઈતિ ત્રયોવિંશોડધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

# અધ્યાય - ૨૪

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રી સદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥
॥ શ્રી કુલસ્વામિને નમઃ ॥

હે જગદ્‌ગુરુ જગદાત્મા, અવિનાશ, તું સજ્જનોના ચિત્તને, યોગીજનોના ચિત્તને આનંદ આપે છે. તારો જયજયકાર! હે દયાળુ શ્રીદત્ત, તું અજ્ઞાનાંધકારનો નાશ કરી દયા દાખવી જ્ઞાન પ્રદાન કરે છે અને દાસની ચિંતા હરણ કરે છે.

ગત અધ્યાયમાં શ્રીદત્તે માતાને પિંડની ઉત્પત્તિ વિશે કહ્યું. શ્રીદત્ત અનસૂયા સંવાદનું શ્રવણ તત્પરતાથી કરી તેનું રહસ્ય આત્મસાત કરવાથી સર્વ ચિંતા નષ્ટ થશે અને શ્રવણનો આનંદ વધતો જ જશે. તમારો શ્રેષ્ઠ અધિકાર ઓળખી આ નિવેદન કરું છું. આમ તો હું કથન કરું છું તેમ કહેવું પણ યોગ્ય નથી. આપ જ્ઞાનના સાગર છો જ્યારે હું તેની એકાદ લહેર! ચંદ્રની સામે જેમ આગિયો હોય તેમ હું એક આગિયો છું. બૃહસ્પતિ સામે જેમ મૂર્ખ ડહાપણ બતાડવાનું સાહસ કરે તેમ હું આ વિવેચન કરું છું. મને આપ યોગ્ય શિક્ષા કરો. આપનાં ચરણે હું મસ્તક મૂકું છું.

જવાબમાં સંત શ્રોતાઓ બોલ્યાઃ શ્રીદત્તની કૃપાથી તમે કથન કરો છો. આ તમારી કૃતિ અમને સમજાતી નથી. વદાવનારો કોઈ નિરાળો છે. સદ્‌ગુરુની કૃપાથી શ્રીદત્તે તમને પાવન કર્યા છે. તેઓ જ તમારા દ્વારા બોલી રહ્યા છે. શ્રીદત્ત ભગવાનનો મહિમા ખૂબ જ મોટો છે. અભિમાન ન કરતાં તેનાં ચરણે ધ્યાન રહેવા દો. અમને તે વાતથી સંતોષ છે. આ કથા અજ્ઞાનીજનોને પથપ્રદર્શક બની રહેશે

અને પરમાર્થના ભાથું તરીકે કામ આવશે. અમૃતને સર્વશ્રેષ્ઠ રસ કહે છે. સ્વર્ગપ્રાપ્તિ પછી અમૃતપ્રાશન કરવા તક મળે છે. પરંતુ યથાકાળે મૃત્યુલોકમાં (પુણ્યક્ષય થતાં જ) પાછા આવવું પડે છે. તેથી અમૃતના મહિમાને દોષ લાગે છે. શ્રીદત્ત કથામૃત તેના કરતાં પણ શ્રેષ્ઠ છે. સદ્ભાવથી તેનું સેવન કરતાં તે અવિનાશી પદ મેળવી આપે છે. હે વક્તા મહોદય, પ્રશ્નોત્તર વિશે અમારી (શ્રોતાઓની) જરૂરિયાત ધ્યાનમાં લઈ તમે વર્ણન શરૂ કરો. શ્રોતાઓની વિનંતી સાંભળી વક્તાએ 'ઠીક' કહ્યું અને જ્ઞાનબોધ કરવાનું શરૂ કર્યું.

શ્રી અનસૂયા માતાએ શ્રીદત્તને પૂછ્યુંઃ બાહ્યદેહનું વિવેચન મેં સાંભળ્યું. હવે દેહની આંતરરચના સમજાવ. શ્રીદત્તે સમજાવવાની શરૂઆત કરી. આ દેહમાં નવ નાડીઓ છે. કુંડલિની એ સર્વ નાડીઓનું ઉત્પત્તિસ્થાન છે. નવ નાડીઓ આ પ્રમાણે છેઃ (૧) હંસરૂપિણી (૨) પ્રાણવાહિની (૩) ઈડા (૪) પિંગળા (૫) ગાંધારી (૬) હસ્તિની (૭) પુંખા (૮) શંખિની. આ નાડીઓ વિશે વિગતવાર સાંભળો.

ગાંધારી અને હસ્તિની કાન પાસેથી શરૂ થાય છે. પૂંખા અને શંખિની નેત્રો પાસેથી શરૂ થઈ પગના અંગૂઠા સુધી પહોંચે છે. ઈડા અને પિંગલા નાકમાંથી શરૂ થઈ કંઠ સુધી પહોંચે છે. હંસવાહિની અને પ્રાણવાહિની પગની એડી સુધી જાય છે. આ આઠેય નાડીઓને કુંડલિનીનું બળ મળે છે. સુષુમ્ણા એ તેજસ્વી વજ્રનાડી. વજ્રદંડ મણિપુર માર્ગથી જાય છે. તેની ઓળખાણ શ્રીગુરુકૃપાથી જ થાય છે. હવે તને શરીરના સાંધાઓ વિશે કહું છું.

ઘુંટી, ઘુંટણ, કોણી, કાંડું, ડોક, ખભા આ પ્રત્યેક સ્થળે બબ્બે સાંધાઓ એટલે કુલ ૧૨ સાંધાઓ છે. હૃદય, કંઠ, શિર ઈત્યાદિ (ભવ) ૪ સાથે કુલ ૧૬ સાંધાઓ છે. શરીરમાં ૭૨ કોઠા છે. આધાર (મૂળાધાર) ચક્રના સ્થળે ૧, બીજું સ્વાધિષ્ઠાન ચક્ર પાસે, નાભિસ્થળે ૧૦, અનાહત

ચક્રના ૧૨, કંઠના ૧૬, વાયુયંત્રના ૪, ધ્વનિ સામવણના ૨, અગ્નિ ચક્રના ૨ અને કરોડના ૨૧, ઊર્ધ્વસ્થળનું ૧. આમ કુલ ૭૨.

હવે બીજ, રજનું પ્રમાણ કહું છું. આ દેહમાં સવા ઘટિકા રજ અને સાડા ત્રણ પળ બીજ છે. તે નિર્માણનું કામ કરે છે. અનસૂયાએ પ્રશ્ન કર્યો કે પૂર્વે તેં પિંડનિર્માણ સમયે રજ, બીજ અને ત્રીજો પવન કહ્યો હતો પરંતુ પવનનો ભાગ કેટલો તે કહ્યું ન હતું. અવિનાશે જવાબમાં કહ્યું કે રજ એ માતાનો અંશ, બીજ એ પિતાનો અંશ અને ત્રીજો ભાગ વાયુનો હોય છે. રજનો રજોગુણ, બીજનો તમો ગુણ અને વાયુનો સત્ત્વગુણ હોય છે. બીજના અંશથી અસ્થિ-ત્વચા અને રજના અંશથી મેદ-માંસ નિર્માણ થાય છે. વાયુનો વિસ્તાર નાડીઓમાંથી હોય છે.

આ દેહમાં ૩૬૦ હાડકાં છે. પ્રથમ તને ૧૬ સાંધાઓ કહ્યા છે જ. તદ્ઉપરાંત પણ ૫૬ સાંધાઓ છે. તેમનાં સ્થાન અને સંખ્યા સાંભળ. પગની આંગળીઓના ૧૩ સાંધા છે. બે પગના મળી ૨૬ સાંધાઓ થાય. હાથની આંગળીઓના ૧૫ અને બે હાથના ૩૦ સાંધાઓ. આમ, કુલ ૫૬ સાંધાઓ થયા. બધા ધ્યાનમાં લેતાં ૭૨ સાંધાઓ થયા. શરીરમાં સાંધાઓ અને કોઠાઓ દરેક ૭૨ સાંધાઓ થયા. આટલું સાંભળ્યા પછી અનસૂયાએ પ્રશ્ન કર્યો કે અંતઃકરણ ચતુષ્ટય એટલે શું તે મારે જાણવું છે.

અવિનાશ દત્તે કહ્યુંઃ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચારનો સમૂહ એ અંતઃકરણ ચતુષ્ટય કહેવાય છે. મન સંકલ્પ-વિકલ્પ કરે છે. ચિત્ત ચિંતન કરે છે. બુદ્ધિ નિશ્ચય કરે છે અને અહંકાર એ અહંની ભાવનાનું સ્ફૂરણ કરે છે. બીજી વાત કહું છું. શરીરમાં પ્રાણવાયુ છે. રાત દિવસ તે શરીરમાંથી અંદર-બહાર આવ-જા કરવાનું કામ કરે છે. 'હં' અક્ષરનો અવાજ કરી પ્રાણવાયુ શરીરની બહાર આવે છે અને 'ક્ષં' અક્ષરનો અવાજ કરી શરીમાં પ્રવેશે છે. 'ક્ષં' એ ઈડા નાડીમાં

ડાબી બાજુએ અને હં એ પિંગલા નાડીમાં જમણી બાજુ હોય છે. બંને નાડી એકબીજાને છોડીને (ત્યાગ કરીને) રહેતી નથી. આ વિવેચન સાંભળી અનસૂયાને આનંદ થયો. તેણે અવિનાશને બીજા પ્રશ્નો કર્યા.

અનસૂયાએ શ્રીદત્તને પૂછ્યુંઃ વાણીઓના કેટલા પ્રકાર તથા તેમના ઉદ્ભવસ્થાન વિશે પ્રકાશ પાડ. શ્રીદત્તે કહ્યુંઃ પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી આ ચાર પ્રકારની વાણી છે. ચારેય વાણી કેવી રીતે જન્મે છે તે સાંભળ. મન સાથે પવન (વાયુ) ગગનમાં જઈ અથડાય છે. ત્યાંના ઘર્ષણથી પરા વાણી ઉદ્ભવે છે. ત્યાંથી તે વાયુ હૃદયમાં પ્રવેશે છે. તેના થકી મધ્યમાનો જન્મ થયો. તે વાયુ નાકમાં આવતાં મુખ વાટે જે શબ્દોચ્ચાર કરે છે તે વૈખરી વાણી છે. આ ચાર વાણી સિવાય પાંચમી વાણી નિરાકારી છે. તેનું વર્ણન અશક્ય છે.

હવે દેહના પ્રકાર કહું છું. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ આ ચાર પ્રકારના દેહ છે. પાંચમો અતિકારણ દેહ છે. આ ચારેય દેહનો પરિચય કરી લેવો. પછી દસ પ્રકારના દેહને પણ સમજવો. અનસૂયાએ પૂછ્યુંઃ દસ પ્રકારના દેહનું વિવરણ કર. પ્રત્યેક દેહમાં કોણ કોણ વાસ્તવ્ય કરે છે તે વિગતવાર કહે જેથી સમજણ પડે. શ્રીદત્ત કહે છેઃ પ્રથમ સ્થૂળ દેહ તેનું તત્ત્વ પૃથ્વી, વેદ ઋગ્વેદ, વર્ણ પીળો, હ્રસ્વ માત્રા, રજોગુણ, અકારપૂર્વક વાયુ, જાગૃતિ અવસ્થા, ઈંદ્રિય કારણ, વાચા વૈખરી, અભિમાની વિશ્વ, સ્વર ઉદાત્ત, મુક્તિ સાલોક્ય, અંગ આસન, અહં દીક્ષા, વસતી સત્યલોક, કોષ અન્નમય, અગ્નિ વડવાગ્નિ, ક્રિયાશક્તિ, ક્ષર નિર્ણય, ગાયત્રી પ્રથમ પદ, દૈવત વિઘ્નેશ, વાદ્ય તંતુવાદ્ય, સ્થાન નેત્ર, આકાશ ઘટાકાશ, વિષ્ટ્યાનંદતા મુદ્રા ષણમુખી, માર્ગ પિપીલિકા, કળા ઊર્મિ અને ચામરી મુદ્રા.

હવે સૂક્ષ્મ દેહનું વિવરણ સાંભળો. તેનું તત્ત્વ જળ, વેદ યજુર્વેદ, વર્ણ શ્વેત, માત્રા દીર્ઘ, ગુણ સત્ત્વ, ઉકાર વાયુ, અવસ્થા સ્વપ્ન, વાણી

મધ્યમા, અભિમાની તૈજસ, સ્વર અનુદાત્ત, મુક્તિ સામિપ્ય, કોષ પ્રાણમય, વાયુ કુંભક, ત્વમહં દીક્ષા, લોક વૈકુંઠ, દૈવત ભાસ્કર, શક્તિ જ્ઞાન, અક્ષર નિર્ણય, અગ્નિ ઉદર, આનંદ યોગાનંદ, દ્વિપદા ગાયત્રી, મઠાકાશ, વિતંતવાદ્ય, ઉન્મની મુદ્રા, માર્ગ વિહંગમ, કળા ધૂમ્રકળા, મુદ્રા ખેચરી, ગુરુ લિંગ, વિષ્ણુ દૈવત.

હવે કારણ દેહ વિશે જાણોઃ શિવલિંગ, રુદ્રભક્તિ, તમોગુણ, સુષુપ્તિ અવસ્થા, શ્યામવર્ણ, પશ્યંતી વાણી, વાયુ રેચક, સ્વર સ્વરિત, મુક્તિ સરૂપતા, કોશ મનોમય, કોડહં દીક્ષા, કૈલાસ લોક, અદ્વૈત આનંદ, શોકાગ્નિ, ઈચ્છાશક્તિ, વિષ્ણુ દેવતા, ત્રિપદા ગાયત્રી, સામવેદ, મહદાકાશ, શાંભવીમુદ્રા, કપિ માર્ગ, અગોચર મુદ્રા.

હવે મહાકારણ દેહ વિશે જાણોઃ તેમાં જંગમ લિંગ, ઈશ્વર દેવ, નીલ વર્ણ, અર્ધમાત્રા, પરા વાણી, અથર્વવેદ, વાયુ ઋષિ, તુર્યાવસ્થા, ત્રાટક પવન, સાયુજ્ય મુક્તિ, ધારણા અંગ, વિજ્ઞાનમય કોષ, શિવોડહં દીક્ષા, લોક-આશ્રય, દેવી આદિ શક્તિ, રુદ્ર દૈવત, ૐકાર ચતુષ્પદા ગાયત્રી, વોષાદિ વાદ્ય, પ્રત્યગાત્મા અભિમાની, મૂર્ધાસ્થાન, કામાગ્નિ, ચિદાકાશ, આત્મનિ મુદ્રા, મીન માર્ગ, ખેચરી મુદ્રા, મુક્તિ સાયુજ્ય.

હવે અતિકારણ દેહનું વિવરણ સાંભળો. પ્રસાદ લિંગ, સદાશિવ દેવ, આકાશ તત્ત્વ, અનિર્વાચ્ય વાણી, જ્ઞાન દેહ, સૂક્ષ્મ વેદાંત, ઉન્મની અવસ્થા, આનંદમય કોશ, કૈવલ્ય મુક્તિ, અનામયોડહં દીક્ષા, બ્રહ્માનંદ, નિરાશ્રય લોક, બ્રહ્માગ્નિ, પરાશક્તિ, શક્તિ દેવતા, અનાહત વાદ્ય, નિરંજન અભિમાની, શિખા સ્થાન, પંચ પદા ગાયત્રી, નિરાકાશ, અંતર્માર્ગ, શેષ માર્ગ, કળાતીત કળા, અલક્ષ મુદ્રા.

હવે છઠ્ઠા દેહનું વિવરણ સાંભળો. બ્રહ્મરંધ્રનું સ્થાન, મહાલિંગ. તે મહાલિંગ પાસે હેતુવિકાર જરીકે નથી. ત્યાં પરંજયોતિ કોટિસૂર્ય પ્રમાણે પ્રજવલિત હોય છે. પરંતુ દાહકતા જરીકે નથી. ચંદ્ર કહીએ તો

શીતળતા નથી. જે અનંત બ્રહ્માંડનો સ્વામી ત્યાં ચંદ્ર-સૂર્યની શી વિસાત? તે તેજ સામે અગ્નિ પણ ઝાંખો પડે. તેને કોઈ પણ ઉપમા જ નથી. જેને શ્રેષ્ઠ સદ્‌ગુરુ મળે તેઓને જ તે માર્ગ દેખાય. અસ્તુ.

તે બ્રહ્મરંધ્રને પાર કરીએ એટલે નિર્ગુણ નિરામય નિર્વિકાર, નિરાભાસ છે. નિગમ-આગમોને પણ તેની જાણ નથી. આ ગુપ્ત જ્ઞાન તારી સમક્ષ પ્રગટ કર્યું. આ જ જ્ઞાન જગદુદ્ધાર માટે યોગીજનો, સંતોને ઉપયોગી થશે. જે સાધક ગુરુસેવા કરશે તેને જ આ આત્મધન મળશે. અનસૂયાએ કહ્યુંઃ હે યોગીરાજ, વિવેચનને તું પૂર્ણ વિરામ આપવાનો હોય તેમ બોલે છે. હજુ ચાર દેહનું વિવરણ બાકી છે. માતાનું વાક્ય સાંભળી શ્રીદત્ત આશ્ચર્યથી પીગળી ગયા. અવિનાશ (દત્ત) બોલ્યાઃ તારા શ્રોતાઓ પણ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

ગ્રંથકાર કહે છેઃ શ્રોતાઓ ઘણા હોય છે. કથા-કીર્તનમાં શ્રવણ માટે શ્રોતાઓ જાય છે. કેટલાક માન મળે તે માટે જતા હોય છે. બહુમાન ન મળે તો તેઓ મનમાં દુઃખી થાય છે અને ત્યાંથી ઊઠી પણ જાય છે. કોક વળી લોકૈષણા માટે કથાશ્રવણ માટે બેસે છે. શ્રોતાઓમાં સરળહૃદયી, ભોળા, ભાવિક, શ્રેષ્ઠ, વૈદિક પંડિત, શાસ્ત્રજ્ઞ, પુરાણિક, દશગ્રંથી, જ્યોતિષી, ચતુર, ગુણજ્ઞ, સંત, સાધુ, યોગી, જ્ઞાની, અનુભવી, સિદ્ધ, આબાલ-વૃદ્ધ બેઠા હોય છે. જેવી વ્યક્તિ તે તેમની પ્રકૃતિ, સ્વભાવ અનુસાર કથા શ્રવણ કરે છે અને ગુણગ્રહણ કરે છે. અપેક્ષાપૂર્તિ થાય તો હર્ષાન્વિત થાય છે. નહીં તો નીચી મૂંડી કરી બેસી રહે છે. શ્રવણમાં તેમનું ચિત્ત હોતું નથી.

શ્રોતાઓમાં કેટલાકનું ધ્યાન વર્ણ તરફ, કોકનું શબ્દ તરફ, કોકનું અર્થ તરફ અને કોકનું જ ધ્યાન સમગ્ર કથા તરફ હોય છે. કેટલાક સુરતાલ સાંભળી ઊંઘમાં ઝોકાં ખાય છે. કેટલાક વિનોદમાં ડોક હલાવે છે. કેટલાક અરસપરસ ઘોંઘાટ કરે છે. શિસ્ત પાળવા સૂચન

થાય તો તેઓ દુઃખી થાય છે અથવા વિરોધ વ્યક્ત કરે છે. વક્તાની વિવરણમાં ભૂલ થાય તો કાગડાની જેમ કા-કા કરી વિરોધ કરે છે. વક્તાનું અપમાન પણ કરે છે. કેટલાક તો વળી કથા સાંભળતાં સાંભળતાં નિદ્રાધીન થાય છે અથવા આળસ ખાય, બગાસાં ખાય છે. કેટલાક થાંભલાના ટેકે ઊંઘ લઈ લે છે. મોટા તકિયાને અઢેલી ઝોકાં ખાય છે. કથામાં પાન ચાવે છે. હુક્કો પણ કેટલાક પીએ છે. હે માતા, આ પ્રકારે કથા શ્રવણ કરવાથી શો લાભ? ઉલટું આવા લોકો દોષી થઈ તેઓ વધુ બંધન પામે છે. કારણ? જ્યાં કથાકીર્તન ચાલુ હોય ત્યાં સ્વયં નારાયણ હાજર હોય છે.

વક્તા પોતાની બુદ્ધિ પ્રમાણે પરમાત્માની કીર્તિના વર્ણન કરતો હોય છે. શ્રોતાઓએ શ્રવણનું અપમાન કર્યું એટલે તે ઈશ્વરના અપમાનના અપરાધી છે. તેવા લોકોને યમ ભગવાન કઠોર દંડ આપે છે. કીર્તનમાં લવારો કરનાર દેડકાનો જન્મ પામે છે. કથામાં નિદ્રા કરનાર અજગર થાય છે. કથામાં તાંબુલ ભક્ષણ કરનાર કાગડાનો જન્મ પામે છે. તકિયાને અઢેલીને બેસનાર ઘર વગરનો થાય છે. કીર્તનનો વિરોધ કરનાર હૃદયરોગી થાય છે અને પછી વાંદરાનો જન્મ પામે છે. વક્તા જોડે જીભાજોડી (વાદ) કરનાર ઉદરશૂળથી ગ્રસ્ત થાય છે. શ્રોતા શાંત, ભાવિક, પ્રેમાળ, વિરક્ત અને શ્રદ્ધાળુ હોવો જોઈએ. જ્ઞાની હોવા છતાં જે શ્રોતા નમ્ર છે, પ્રસંગે વક્તાને મદદ કરનાર, તેનો મહિમા વધારનાર શ્રોતા જ શ્રેષ્ઠ કોટિનો કહી શકાય. તેનાથી શ્રોતા વક્તા બંનેને આનંદ થાય છે. હે માતા, તું પ્રેમથી અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે છે આથી મને વક્તવ્ય આપતાં આનંદ થાય છે.

બાકીના ચાર દેહ વિશે સાંભળ. એક અર્ધશૂન્ય દેહ, બીજો ઊર્ધ્વશૂન્ય દેહ, ત્રીજો મધ્યમશૂન્ય દેહ અને ચોથો મહાશૂન્ય દેહ.

આ ચારે મળીને એક જ મહાશૂન્ય વ્યક્તિ થાય. તે શૂન્યથી આ ઈશ્વરી માયાનો વિસ્તાર થયો. જીવજંતુ, કાષ્ઠ-પાષાણ, વર્ણાવર્ણ, વાણી-ખાણી, સપ્ત પાતાળ, એકવીસ સ્વર્ગ આ બધાનું ઉત્પત્તિ-લયસ્થાન શૂન્ય જ છે. શૂન્યને નામરૂપ નથી. તે સ્થળે જાગૃતિ-સ્વપ્ન, રાત-દિવસ, કશું નથી. અનુભવ વિણ તેનું જ્ઞાન થતું નથી. જેને આ અનુભવ જોઈએ તેણે સદ્‌ગુરુની સેવા કરવી જોઈએ. આ સાંભળી અનસૂયા કહે છેઃ તું સત્ય જ કથન કરે છે. તારું કથન સાંભળી મને આનંદ થાય છે.

હે અવિનાશ, મને જિજ્ઞાસા થઈ છે કે તેં પૂર્વે ચંદ્ર-સૂર્યની ૧૨ અને ૧૬ કળા કહી હતી. તેમનાં નામ તેમજ સત્તરમી કળા કઈ તે સમજાવ. માતાનો પ્રશ્ન સાંભળી અવધૂતને આનંદ થયો અને તેનો જવાબ અવિનાશ આગામી અધ્યાયમાં આપશે. અવધૂત દયાનો સાગર, જ્ઞાનનો દરિયો અને શ્રોતાઓના મનોરથ સિદ્ધ કરનારો છે. તે અનન્ય ભક્ત પર અવશ્ય કૃપા કરે છે. આ અનંતરૂપી અનંતને સાધુસંત જાણે છે. આથી અનંતસુત અનુદિન સંતસાધુની સેવામાં મગ્ન છે. દીન વત્સને ગાય ભાંભરીને બોલાવે છે અને આંચળથી દુગ્ધપાન કરાવે છે. તે જ પ્રમાણે સંતમાઉલી (માતા) મારા પર કૃપાનો છાંયડો કરે છે અને મારા મનોરથ પૂરા કરે છે. તેમનાં ચરણોનો જ મને આધાર છે.

॥ ઈતિ ચતુર્વિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❋❋❋

# <u>અધ્યાય - ૨૫</u>

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રી સદ્‌ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે સદ્‌ગુરુસ્વામી અનંત, અનાથનાથ, આ શરણાગત પર તું કૃપા કરી સંભાળ રાખ. તારો જયજયકાર. અમને સર્વથા તારો જ આધાર છે. હે સદ્‌ગુરુ માઉલી, તું અમારા અંતરની ઈચ્છા પૂરી કર. તારી કૃપા થતાં જ દિવ્ય જ્ઞાન પ્રગટ થાય છે. કૃપા વગર કાંઈ જ શક્ય નથી. તારી કૃપાથી જ આ ગ્રંથલેખન ચાલુ છે. ગત અધ્યાયમાં અનસૂયા માતાએ પૂછેલા પ્રશ્નોના જવાબમાં અવધૂત કહે છેઃ ચંદ્રનું સ્થાન મસ્તકના તાલુમાં છે અને તે ૧૬ કળાથી પરિપૂર્ણ છે. તે કળાનાં નામઃ શંખિની, પદ્મિણી, લક્ષ્મિણી, કામિની, પુખિણી, શાપિની, વિદ્યા, મોહિની, પ્રમોદિની, મંથુવી, વિકાશિની, અમૃતા, અમૃત શ્રવણી, નિજન, વિજ્ઞાન અને દૃષ્ટિ. આ સોળે કળા સાથે શશી મુખ નીચે કરી પૂર્વ તરફ દોડે છે.

હવે સૂર્ય વિશે કહું છું. તેની કળા ૧૨ છે. તેમનું નામ જવાલિની, કરુની, દહની, દીપિની, જયોતિની, તેજિની, વિદ્યા, મોહિની, જવાળા, જેતિની, પ્રકાશિની અને દીપકલિકા. આ ૧૨ કળા સાથે સૂર્ય પશ્ચિમ માર્ગે ચાલે છે. તેને ઓળખવાની રીત એટલે નાકમાં વહેતો શ્વાસ. નાકના બંને નસકોરામાંથી આ વાયુ સીધો વહે છે. તેમાં સૂર્ય-ચંદ્રની રમત ડાબા-જમણા નસકોરામાં ચાલતી રહે છે. ડાબી બાજુ ચંદ્ર અને જમણી બાજુ સૂર્ય ઊગે છે. ચંદ્ર એટલે મન અને સૂર્ય તે પવન. તેમનું ચલન અઢી ઘટિકા છે. બંને સ્વર સમાન રીતે વહે છે. તે સમયને સંક્રમણ કહે છે. તે બધાં જ કાર્યો માટે શૂન્ય છે. આ ચંદ્ર સૂર્યના પ્રવાહમાં પાંચેય તત્ત્વો હોય છે.

કોઈ પણ સ્થળે ન વહેતાં જે વચલે રસ્તે વહે તે ધરણી (પૃથ્વી). જે અધોમુખ વહે છે તે જળ. જે ઊર્ધ્વ તરફ વહે છે તે તેજ. જે બાજુથી વહે તે વાયુ. સર્વવ્યાપકતા એ આકાશ તત્ત્વની ઓળખાણ છે. શુક્લપક્ષ ચંદ્રનો. કૃષ્ણપક્ષ તે સૂર્યનો. પ્રતિપદાથી ત્રીજ સુધી એકનો ભોગ સમજવો. તેવા એક ઉપર એક આવે છે અને ત્રણ ત્રણ દિવસ ભોગે છે. આ પ્રમાણે માસ, પક્ષ અને તિથિ બંનેનાં નક્કી થયાં છે. તે જ પ્રમાણે દિવસો પણ નક્કી થયા છે. રવિ, શનિ અને મંગળ એ સૂર્યના. બુધ, સોમ અને શુક્ર એ ચંદ્રના. સંક્રમણને માટે ગુરુવાર છે.

નક્ષત્રો પૈકી અશ્વિનીથી શરૂ કરી ચાર અને આર્દ્રાથી શરૂ કરી પાંચ આમ કુલ નવ નક્ષત્રો ચંદ્રનાં છે. પૂર્વાષાઢાથી ત્રણ, રેવતી અને અનુરાધા એમ ચૌદ નક્ષત્રો છે. સૂર્યનાં નક્ષત્રો પૂર્વાથી શરૂ કરી સળંગ છ, ધનિષ્ઠાથી ચાર, મૃગ, જયેષ્ઠા અને મૂળ એમ ૧૩ છે. સંક્રમણને અભિજિત નક્ષત્ર હોય છે. પ્રસંગાનુરૂપ આ વર્ણન કર્યું છે. જેને ઉપયોગમાં લેવું હોય તે લઈ શકાય છે. ચંદ્ર-સૂર્ય સુફળ હોય છે. તેની અંતરગતિ જાણી લેવી. ધીરજપૂર્વકનું કામ પૃથ્વી તત્ત્વમાં કરવું. જળતત્ત્વથી સુલગ્ન સાધવું. શીઘ્રકામ તેજ તત્ત્વ પર કરવું. વાયુથી સમત્વ સાધવું.

આકાશતત્ત્વમાં કામ નિષ્ફળ થાય છે. સંક્રમણમાં નાશ થાય છે. યોગ્ય ગુરુ થકી આ બધું સમજાય છે. ઈડા ડાબા ભાગે તો પિંગલા જમણી બાજુ હોય છે. ઈડા એ ગંગા, તો પિંગલા એ યમુના છે અને સુષુમ્ણા એ સરસ્વતી છે. હવે સત્તરમી (કળાનું) વિવેચન સાંભળ. તે શક્તિને લીધે પ્રાણ આ દેહમાં સુખેથી વિદ્યમાન રહે છે. દેહની પુષ્ટિ થાય છે અને ઈંદ્રિયો સારી રહે છે. તેનાથી અમૃતનો પ્રવાહ વહે છે. જીભને ભીની રાખી મીઠાશ પેદા થાય છે. આ પ્રત્યેકનો અનુભવ છે. તે જ પંચપ્રાણને વધારે છે. આ બધું જ્ઞાનદષ્ટિથી જોવું.

સદ્‌ગુરુપ્રસાદથી ધ્યાનની કળા હસ્તગત થાય એટલે ઊર્ધ્વદૃષ્ટિ થાય છે અને તેનું જ્ઞાન થાય છે.

સત્તરમી કળાનું જ્ઞાન થયા પછી કોઈ પણ પ્રકારનું અજ્ઞાન રહેતું નથી. સત્તરમી સુધી જે પહોંચ્યો તેને સર્વ સિદ્ધિ વશ થાય છે. જે સાધક તેના પ્રતિ તટસ્થભાવ રાખી આગળ વધે છે તે અવિનાશ પદે પહોંચે છે. સમર્થ સદ્‌ગુરુ જ આ માર્ગ બતાવશે અને અભ્યાસના બળ પર આ જ્ઞાન પ્રાપ્ત કરાવશે. આ પ્રત્યક્ષ અનુભવની વાત છે. પદાર્થની મીઠાશનું વર્ણન ગમે તેટલા વિસ્તારથી કરીએ તો પણ ભૂખ્યા માણસનું તેનાથી સમાધાન ન થાય. અનસૂયાએ શ્રીદત્તને પૂછ્યુંઃ આ દેહમાં સપ્ત દ્વીપ, સાગર અને પર્વત કયા કયા અને ક્યાં ક્યાં છે તે કહે. તદ્‌ઉપરાંત નવ ખંડ પણ ક્યાં છે તે કથન કર.

શ્રી અવધૂતે માતાને કહ્યુંઃ માતા, તારી મતિ શુદ્ધ છે અને સારી રીતે શ્રવણ કરે છે. પ્રથમ દ્વીપ વિશે કહું છું તે સાંભળ. દ્વીપોની સંખ્યા સાત છે. જંબુ દ્વીપ, શંખ દ્વીપ, કુશ દ્વીપ, ક્રૌંચ દ્વીપ, શ્વેત દ્વીપ, પુષ્કર દ્વીપ અને શાલ્વ દ્વીપ. અસ્થિઓમાં જંબુ દ્વીપ છે, મેદમાં શંખ દ્વીપ, માંસમાં કુશ દ્વીપ, મસ્તકમાં ક્રૌંચ દ્વીપ, ત્વચામાં શાલ્વ દ્વીપ, વાળમાં શ્વેત દ્વીપ અને નાભિમાં પુષ્કર દ્વીપ છે.

હવે સાગરોનું વિવેચન સાંભળોઃ નીર, ક્ષીર, દધિ, ઘૃત, ક્ષાર, રત્નાકર અને મધુ આ સાત સાગર છે. નેત્રમાં નીરસમુદ્ર, સત્તરમી કળા ક્ષીર, નાકમાં દધિ (દહીં) સાગર, નાભિમાં રત્નાકર, મસ્તકમાં મધુસાગર, હૃદયમાં ઘૃત (ઘી) સાગર અને ક્ષારસારગર તળિયે આવેલો છે. હવે પર્વતનું વર્ણન સાંભળો. પૂર્વમાં ઉદયગિરિ, પશ્ચિમમાં અસ્તાચલ, ઉત્તરમાં કનકગિરિ, દક્ષિણમાં શેષગિરિ, નૈઋત્યમાં નારાયણગિરિ, વાયવ્યમાં ઔષધિકગિરિ, ઈશાનમાં મહિગિરિ અને અગ્નિખૂણામાં સિંહાદ્રિ છે. આ પ્રમાણે આઠ દિશામાં આઠ પર્વતો આવેલા છે.

આ આઠેય ગિરિ કરતાં મેરુ એ જુદો છે. તે સર્વથી શ્રેષ્ઠ છે. તે ભૂમિના મધ્યભાગે હોઈ સુવર્ણનો છે. બધા જ લોકો તેના પર વસેલા છે. દેવો તેના પર નિવાસ કરે છે. તે પર્વતની સમાન બીજો કોઈ પર્વત આવેલો નથી.

હવે નવ ખંડ વિશે શ્રવણ કરોઃ ભરતખંડ, વ્રતખંડ, રમેશખંડ, દ્રાક્ષખંડ, દ્રાક્ષમાળખંડ, કેતુખંડ, વિધિવંશ ખંડ, હરિખંડ અને સુવર્ણખંડ. આ નવ ખંડ થયા. પૂર્વ દિશામાં ભરતખંડ, અગ્નિ ખૂણામાં વ્રતખંડ, દક્ષિણમાં રમેશખંડ, નૈઋત્યમાં દ્રાક્ષખંડ, પશ્ચિમમાં કેતુખંડ, વાયવ્યમાં હરિખંડ, ઉત્તરમાં દ્રાક્ષમાળખંડ, ઈશાનમાં વિધિવંશ ખંડ અને સુવર્ણખંડ મધ્યભાગે છે. તદ્ઉપરાંત દસમો ખંડ કાશીખંડ છે. તે હંમેશાં યોગીઓના ધ્યાનમાં હોય છે. હે માતા, તેં પૂછેલા ચારેય પ્રશ્નોના આ જવાબ રહ્યા.

હવે ખાણો બદલ સાંભળ. જારજ, સ્વેદજ, અંડજ અને ઉદ્ભિજ્જ આ ચાર ખાણો છે. સ્વેદની જગ્યાએ સ્વેદજ ખાણો છે, અસ્થિમાં અંડજ ખાણો છે. મજ્જાના સ્થળે જારજ ખાણો અને વાળની જગ્યાએ ઉદ્ભિજ્જ ખાણો આવેલી છે. આ સાંભળીને અનસૂયાએ મેરુ વિશે માહિતી પૂછી.

શ્રીદત્ત કહે છેઃ સર્વ પર્વતોમાં મેરુ પર્વત વિશાળ છે. તે સુવર્ણનો હોઈ તેનો વિસ્તાર અદ્ભુત છે. તેની ઊંચાઈ ત્રણ ખર્વ યોજન છે તેમ શાસ્ત્રો કહે છે. પહોળાઈ ચાર લાખ યોજન છે. સોળ હજાર યોજન ભૂમિગર્ભમાં ત્રણ પર્વત ટેકા સ્વરૂપે છે. તેનો વિકાસ કમલપુષ્પની જેમ છે. તેને ત્રણ શિખર છે અને બોંતેર દ્વાર છે. તે પર નવ ટાંકા છે. ત્યાં નવ ગ્રહ વાસ કરે છે અને રક્ષણ કરે છે. આ પ્રમાણે આ મેરુ સર્વથી શ્રેષ્ઠ છે અને તે ભ્રામા દેવીનો અંકુર છે. તે પાંચ પ્રકારથી વિભૂષિત છે. તેના દક્ષિણે અમરાવતી નગર છે. તેનો વિસ્તાર નવ હજાર યોજન છે. ત્યાં દેવો સાથે ઈંદ્ર વાસ કરે છે.

અમરાપુર ઉપર ત્રણ શિખર છે. પૂર્વના શિખર પર બ્રહ્મદેવ રહે છે. લોકો તેને સત્યલોક કહે છે. આ શિખર તેર હજાર યોજન વિસ્તીર્ણ હોઈ ત્યાં બ્રહ્મગણો રહે છે. બ્રહ્મદેવ અહીં રહીને સર્જન કરે છે. પશ્ચિમ શિખર પર વૈકુંઠ આવેલું છે. ત્યાં ભક્તો સાથે વિષ્ણુ ભગવાન રહે છે. તેની પહોળાઈ સાત હજાર યોજન છે. વિષ્ણુની સેવા રમા કરે છે. વિષ્ણુને બધા જ દેવો શરણે જાય છે. ઉત્તર દિશામાં શુભ્ર શિખર પર શંકર નિવાસ કરે છે. તેની અર્ધાંગિની અપર્ણા (પાર્વતી) છે. તે શિખર ઓગણીસ હજાર યોજન વિશાળ છે. ત્યાં રુદ્રગણો નિવાસ કરે છે. રુદ્રગણો શિવની અનન્ય ભક્તિ કરે છે. સુરવરો પણ નિત્ય દર્શન માટે આવે છે.

એકવીસ સ્વર્ગ અને સાત પાતાળની વચ્ચે ભૂમંડળ આવેલું છે. તે પણ માનવીદેહમાં આવેલું છે. અતલ, વિતલ, સુતલ, મહાતલ, તલાતલ, રસાતલ અને પાતાળ આ સાત પાતાળ છે. પગના તળિયે અતલ, તેની ઉપર વિતલ, ઘુંટીમાં સુતલ, તેની ઉપર મહાતલ, સાંધાઓમાં તલાતલ, જાંઘોમાં રસાતલ અને કટિ નીચે પાતાળ જાણવું.

પહેલું પાતાળ પુષ્પાવતીનગર નામે ઓળખાય છે અને ત્યાં રક્તગુંજ રાજા રાજય કરે છે. બીજું પાતાળ શૈલ્યપુરનગર તરીકે ઓળખાય છે અને ત્યાં ગંધનામા રાજય કરે છે. ત્રીજું પાતાળ નરુકુમળજા નામથી પ્રસિદ્ધ છે અને ત્યાં શ્રીધર પટ્ટન ત્યાં રાજય કરે છે. ચોથા પાતાળનું નામ ચાતકપુર છે અને ત્યાં મલુદ્‌વન નામનો રાજા રાજય કરે છે. પાંચમું પાતાળ રુદ્રાવતીનગર નામથી ઓળખાય છે અને ત્યાં ઈશાન્ય રાજા રાજય કરે છે. છઠ્ઠું પાતાળ કંજવાયુનગરી તરીકે ઓળખાય છે અને ચક્રનાગ ત્યાં રાજય કરે છે. સાતમું પાતાળ ઉગ્રાવતી નગરથી ઓળખાય છે અને ત્યાં શત્રુત્વતી રાજા રાજય

કરે છે. આ પ્રમાણે આ સાત પાતાળો છે. તેને જ્ઞાનદષ્ટિથી ઓળખવા/ સમજવા.*

બાકી વધેલા એકવીસ સ્વર્ગ તે એકવીસ મણકા. આ માર્ગ પણ યોગીજનોને જ ગમ્ય છે. ગુરુકૃપાથી મુમુક્ષુને તે માર્ગ સાંપડે છે. પ્રાણ અપાનનું મિલન થયા પછી તે વાયુ કુંડલિનીમાં પ્રવેશે છે અને મણિ (કરોડરજ્જુના મણકા) માર્ગથી પરા (વાણી)થી ઊઠે છે. વ્યાન માર્ગે તે (મણિપુર ચક્ર) આગળ પ્રવાસ કરે છે અને સોળ (પાંખડીવાળા કમળ) એટલે કે હૃદયથી ઉકુચન કરે છે અને બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે. પ્રાણ જેમ ઊર્ધ્વગતિ કરે ત્યારે માર્ગ અશુદ્ધ હોવાથી ઘણું સહન કરવું પડે છે અને તે સહન કરવું અઘરું હોય છે. તે સમયે કુંડલિની ભડકે છે અથવા ઉગ્ર થાય છે અથવા ઊંચે ચઢે છે ત્યારે જીવ ગભરાય છે. વાજિંત્રોના મોટા અવાજો સંભળાય છે. (દશવિધ નાદ સંભળાય છે.)

વાયુનો નિરોધ ધીરજથી કરવો પડે છે. ગુરુકૃપાથી સાધન પૂર્ણ થાય એટલે પૂર્વદ્વારે ગમન થાય છે અને સ્વરૂપમાં સંધાન કરી શકીએ છીએ. આ સ્પષ્ટ બોલીએ છીએ પરંતુ કરવામાં અઘરું છે. ગુરુકૃપા વગર દ્વાર ખૂલતું નથી. હજારોમાંથી એકાદને આત્મગુહ્ય હાથ લાગે છે. (રહસ્ય હસ્તગત થાય છે.) તેવો ભાગ્યવાન કોઈ વિરલો જ! તેના ચરણોને વંદન કરવાં. આ જ્ઞાનવાણી સાંભળી અનસૂયા શ્રીદત્તને કહે છેઃ તું જે બોધ કરે છે તે મારા હિતમાં જ છે. હવે મને ત્રિગુણનું વર્ણન સંભળાવ. તદ્ઉપરાંત પદપિંડ એટલે શું? રૂપ અને રૂપાતીત વિશે પણ સમજાવ. શ્રીદત્ત પ્રસન્ન થઈ બોલે છેઃ હે માતા, આવા ઊંડા પ્રશ્નો બીજા કોઈના મનમાં આવે પણ નહીં. તારું શ્રવણ ધન્યવાદને પાત્ર છે. મને પણ ઉત્તર આપતાં આનંદ થાય છે.

---

* ધ્યાનયોગના સાધકો જેમની ત્રીજી આંખ ખૂલી છે અને ધ્યાન દ્વારા અંતર્યાત્રા કરે છે તેમને આ બધા લોકોનાં દર્શન થાય છે.

શ્રીદત્ત કહેઃ હે માતા, તને સત્ત્વ, રજોગુણ અને તમોગુણ વિશે કહ્યું છે. સત્ત્વગુણ સફેદ, રજોગુણ પીળો અને તમોગુણ ગાઢો કાળા રંગનો હોય છે. પ્રભાત સમયે સાત્ત્વિક, મધ્યાહ્ન કાળે તામસગુણ અને સૂર્યાસ્ત સમયે રાજસગુણ હોય છે. ત્રણેય ગુણો સ્વપ્રકાશથી પ્રકાશે છે. આ ત્રિગુણથી દેહ બંધાય છે. રજોગુણ સ્વાધિષ્ઠાનમાં નિવાસ કરે છે. સત્ત્વગુણ નાભિસ્થળે (મણિપુર ચક્રમાં) વાસ કરેછે. તમોગુણ અનાહત ચક્રમાં એટલે કે હૃદયસ્થળે વાસ કરે છે. આ પ્રમાણે પિંડ ત્રિગુણસ્વરૂપી હોય છે.

આ પિંડના પોષણ માટે જે અન્નોદક સેવન કરવામાં આવે છે તે બે કોઠીઓમાં જાય છે. જમણી બાજુની કોઠીમાં પાણી અને ડાબી બાજુની કોઠીમાં અન્ન જાય છે. ઉદરમાં જઠરાગ્નિ પ્રદીપ્ત હોય છે. તે અન્નને પચાવે છે. તેમાંથી રસ ઈંદ્રિયોને પહોંચાડી શેષ નિરસ પદાર્થ તળિયે પહોંચાડે છે. તળિયે બે કોઠા હોય છે. ત્યાં મળ મૂત્ર એકઠું થાય છે. ત્યાં કાર્ય, પ્રાણ અને અપાન કરે છે. પ્રાણ રસ શોષીને ઈંદ્રિયોને પહોંચાડે છે. અપાનવાયુ મળ મૂત્ર ત્યાગ કરવાનું કામ કરે છે. પ્રાણવાયુ તૃપ્તિનો ઓડકાર કરાવે છે અને ક્યાંક વત્તુઓછું હોય તો તેની જાણ કરે છે. તે જ પ્રમાણે અપાનવાયુ અન્નથી નિર્માણ થયેલા વાયુનો ત્યાગ કરાવે છે અને રેચ કરાવી કોઠો સાફ કરાવે છે.

પ્રાણ અને અપાન, જીર્ણ અને અજીર્ણનો પણ ભેદ બતાવે છે. અગ્નિ પ્રદીપ્ત થાય (પ્રજવલિત થાય) એટલે અન્ન પાણી માંગે છે. અગ્નિ શાંત હોય તો તે સ્વસ્થાને (જઠરમાં) શાંત રહે છે. પ્રાણ ક્રોધથી ભડકે એટલે હાડમાંસને દાહ કરાવે છે. આથી બાહ્ય જવર પેદા થાય છે અને જીભનો સ્વાદ જતો રહે છે. તે જ અગ્નિ મંદ થાય એટલે ખાધેલું અન્ન પચતું નથી. તેથી ઈંદ્રિયોને રસ પહોંચતો નથી અને ક્ષીણ (નિર્બળ) થાય છે. અને અગ્નિમાંદ્ય જેવા રોગો થાય છે. આ જઠરાગ્નિમાં

અન્ન અધિક અને પાણી ઓછું મળે તો અન્ન બળે છે અને વરાધ અને તીખા ઓડકાર નાકમાં પણ આવે છે. અગ્નિમાંદ્યને લીધે દિવસે દિવસે શરીરમાં રોગ ઘર કરી જાય છે. આવા અનુભવો જેની જેવી પ્રકૃતિ તેને જ તેવા અનુભવો આવે છે. આથી આવા કિસ્સામાં વિવેકપૂર્ણ અન્ન પાણીનું સેવન કરવું ઈચ્છનીય છે. એક ચતુર્થાંશ પેટ ખાલી રાખી આહારનું સેવન કરવું જોઈએ.

હવે પિંડપદ વિશે કહું છું. પર એટલે પરમાત્મા. તેને જ ૐકારપુરુષ કહે છે. આદિનું બીજ પણ કહેવાય છે. ગુરુકૃપાથી આ પદ જાણવું. પિંડ એટલે કુંડલિની. તે જ આદિશક્તિ સકલ સ્વામિની. તે જ દસ પ્રકારના વાયુની અધિષ્ઠાત્રી છે. તે પિંડને વીંટળાઈને રહે છે. રૂપ એટલે નાદબિંદુ. રૂપાતીત તે નિરંજન, નિરાકાર, નિર્ગુણ, અરૂપ, નિરામય અને નિઃસંગ. આ શાબ્દિક જ્ઞાનની ઓળખાણ મેં કરાવી હોવા છતાં તેની સાચી (અનુભવજન્ય) ઓળખાણ કેવળ અધિકારી ગુરુપુત્ર (શિષ્ય)ને જ થશે. સદ્‌ગુરુને શરણે જવાથી અનન્યભાવથી તેઓ કરુણા કરી અંતરની માયાને નષ્ટ કરે છે. અજ્ઞાનનો નાશ કરે છે, દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી આત્મજ્ઞાન આરોપે છે. તે જ્ઞાન પ્રાપ્ત થતાં જ દેહઅહંતા તૂટે છે અને અવસ્થા દેહાતીત થઈ તે વિશેની ચિંતા સ્વપ્નમાં પણ ઉદ્‌ભવતી નથી.

આ પ્રમાણેનું જ્ઞાન સાંભળી અનસૂયા માતા કહે છેઃ હે લાલા, આ જ્ઞાનવાણી સાંભળીને મનમાં આનંદ ઉપજે છે. જે જિજ્ઞાસુ આનો અભ્યાસ કરે છે તેમના આનંદને કોણ વર્ણવી શકે? તેમને ચારમાંથી કોઈ પણ મોક્ષ (મુક્તિ)ની ખેવના હોતી નથી. અભ્યાસ કરવો અઘરો છે પરંતુ શ્રવણ કરવું તેમ લાગે છે. આથી તને પ્રશ્ન પૂછું છું. નાદબિંદુનું સ્થાન ક્યાં આવ્યું? મન, પિંડ અને પવનનું વસતીસ્થાન કયું? સ્વામી દત્ત કહે છેઃ આ બ્રહ્માંડ શિખર પર નાદબિંદુ વાસ્તવ્ય

કરે છે. મન હૃદયમાં નિવાસ કરે છે અને પવન (વાયુ) નાભિસ્થળે સ્થિત છે. આ પ્રમાણે નાદબિંદુ, મન અને વાયુ આ ચારેય શરીરમાં નિવાસ કરે છે. તેનાથી જ પિંડનું કામ ચાલે છે.

અનસૂયાએ પૂછ્યુંઃ હૃદય ન હોય તો મન ક્યાં રહે છે? અને નાભિ ન હોય તો પવન (વાયુ) ક્યાં નિવાસ કરે છે? અવધૂતે જવાબ આપતા કહ્યુંઃ જ્યારે હૃદય નહોતું ત્યારે મન શૂન્યમાં હતું. તેવી જ રીતે જ્યારે નાભિ ન હતી ત્યારે પવન નિરાકારી હતો. અનસૂયાએ ફરી જિજ્ઞાસા પ્રગટ કરી કે નિરાકાર સાકાર થયો અને પંચભૌતિક વિસ્તાર થયો તેનો અંત (પરિણામ) કેવી રીતે થાય છે? અવધૂત કહે છે હે માતા, તને પંચ પ્રલય વિશે વિવેચન કરું છું.

અવધૂત કહે છેઃ જીવ માત્ર જીવન દરમ્યાન અન્નોદક સેવન કરે છે, અનેકવિધ ઉપભોગ લે છે અને સુખપૂર્વક નિદ્રા લે છે. દિવસે હરે ફરે છે અને રાત્રે શયન કરે છે. આ નિત્ય પ્રલય છે. પ્રભાત સમયે ફરી જન્મ થાય છે. જ્યાં સુધી આયુષ્ય છે ત્યાં સુધી નિત્ય જન્મ-મૃત્યુ છે. આયુષ્ય પૂર્ણ થતાં દેહ નાશ પામે છે. આ બીજો પ્રલય. ચાર યુગ હજાર વખત આવે-જાય છે. ત્યારે બ્રહ્મદેવનો એક દિવસ થાય છે. તે નિત્ય ઉત્પત્તિ કરે છે. પ્રપંચનો દિવસ સમાપ્ત થયો કે વિધાતા સુખાસને શયન કરે છે. બ્રહ્મા શયન કરે એટલે બધા લોકો મર્યાદા છોડે, અનેક પાપાચરણ થશે, પૃથ્વી કંપાયમાન થશે. પાપને લીધે પાક થશે નહીં, પ્રાણીઓ અન્ન વગર મૃત્યુ પામશે. મેઘવર્ષાવ અતિશય થશે, પૃથ્વી ડૂબી જશે, સર્વત્ર પાણી જ પાણી થશે.

તે પાણી સત્યલોક સુધી ચઢશે અને રાત્રી સમાપ્ત થયા પછી અંગૂઠાને પાણીનો સ્પર્શ થતાં જ બ્રહ્મદેવ જાગૃત થશે. ઉત્પન્ન સૃષ્ટિનો નિદ્રામાં લય થયો જાણી બ્રહ્મદેવ વિસ્મય પામશે. તેઓ ફરી પૂર્વવત્ સૃષ્ટિરચના કરશે. બ્રહ્મદેવના આયુષ્યની સમાપ્તિ થાય એટલે

રુદ્રપ્રલય થાય છે. તે પછી શક્તિનો મહાપ્રલય થાય છે. બધું જ સૂકાઈ જાય છે. પંચમહાભૂત લય પામી મૂળમાં લય પામે છે. પૃથ્વીને જળ શોષી લે છે. જળને તેજ શોષી લે છે, તેજને વાયુ શોષી લે છે અને વાયુને આકાશ ખાઈ જાય છે. આકાશને શૂન્ય ગ્રાસી લે છે. શૂન્યાકાર નિરાકારમાં લય પામે છે.

આ પ્રમાણે વૃક્ષ બીજમાં સમાઈ જાય છે. જેટલું દશ્યમાન છે તેટલું નાશ પામે છે. જીવ જો માયાપાશમાં ન લપેટાય તો પોતે જ અવિનાશી બની જાય છે. માયાને લીધે જ જીવપણું અને નામ આવે છે. પ્રથમ અરૂપ રૂપને પામે છે. માયાદેવીએ તેને 'અહં' એવું નામ આપ્યું. જેવી રીતે પોતાની છાયા હોય છે તેવી જ ઈશ્વરની માયા હોય છે. જીવ પોતાને ભૂલી ગયો અને છાયાને પણ ભૂલી જાય છે. છાયા સ્થિર હોય ત્યારે સત્ય ભાસે છે. તે જ રીતે માયા પણ સત્ય ભાસે છે. છાયાનો ત્યાગ કરી વિવેકથી આત્મવિચાર કરવો. તેને જ આત્મધન પ્રાપ્ત થાય છે. આ તને ખાતરી આપું છું. તેથી અસારનો ત્યાગ કરી સારવસ્તુને ગ્રહણ કર. આ સાર જેનો તેની પાસે છે. આત્મવિચારથી તેની શોધ કરવી. તેનાથી જે પ્રયત્ન કરે તેને જ લાભ થાય છે.

શ્રીગુરુકૃપાથી ષટ્ચક્રનો ભેદ જાણી લેવો અને સાતમા ચક્રની શોધ કરવી. જે સર્વજ્ઞાન પ્રાપ્ત કરશે તેને સાતમા ચક્રની ખબર પડશે અને પોતાનું બીજ પોતે જ જોશે. તે બીજ જેના હાથે ચઢે (તેનું જ્ઞાન થાય) તે જન્મમરણના ચક્રથી છૂટી અવિનાશ પદે પહોંચે છે. જેનો નાશ નથી તે અવિનાશ. ભ્રમરના સંપર્કથી જેમ કીટ ભ્રમરરૂપને પામે છે. અગ્નિના સ્પર્શથી કાષ્ઠ જેમ અગ્નિરૂપને પામે છે, દીપને મળવા જતા દીવેટ દીપરૂપ જ થઈ જાય છે, જેમ કે બિંદુ સિંધુમાં પડે એટલે તે સિંધુરૂપ જ થઈ જાય છે. હે માતા, તને રહસ્ય કહ્યું છે. હવે તું તેનો

અભ્યાસ કર અને પોતાનું હિત સાધી લે. આ જ હેતુ માટે નરદેહની પ્રાપ્તિ થાય છે. ગુરુકૃપાથી સાધના કર્યા પછી જ દેહનું શ્રમસાફલ્ય છે. આ સાંભળી અનસૂયા કહે છેઃ હે ગુણનિધાન, તેં કરેલા વિવેચનની નજર ઉતારવાની જરૂર છે. તારા વિવેચનને લીધે ભાવિક સજ્જનોને બોધ પ્રાપ્ત થાય છે. તારા બોધને લીધે દિવસે દિવસે જ્ઞાન વધુ દૃઢ થાય છે.

શ્રવણ કરવાથી સાધનસંપન્ન થવાય છે. મનનને લીધે અધિકાર વધે છે અને નિદિધ્યાસનથી અભ્યાસ કરી સત્વર દર્શન થાય છે. નિજતત્ત્વ સાથે મુલાકાત થતાં અભેદત્વ થાય છે અને તેની લગોલગ દ્વૈત નાશ પામી અદ્વૈતનો લાભ થાય છે. જેમ કે માખણ ઘીમાં સમરસ થાય છે. તારા આ વિવેચનથી મારા કર્ણ તૃપ્ત થયા છે પરંતુ મન હજુ વધુ શ્રવણ કરવાની ઈચ્છા કરે છે. તું કંટાળીશ નહીં. ષટ્ચક્રનું ભેદન સાંભળવાની મને તીવ્ર ઈચ્છા થઈ છે. તું જ્ઞાતા (વક્તા) છે અને હું શ્રવણ માટે સાવધાન (શ્રોતા) છું. તે સિવાય મને બીજું કશું ગમતું નથી.

માતાનું ચિત્ત શ્રવણમાં લીન થયું છે તેની અવધૂતને જાણ થઈ. તે પાત્ર કાચું નથી તે જાણીને અવધૂતને આનંદ થયો. આ અવધૂત દયાળુ, ઉદાર હોઈ આર્તજીવોના અંતઃકરણને ઓળખે છે. અવધૂતને દયા આવી શરણાગતના બધા જ મનોરથો પૂરા કરે છે. આગામી અધ્યાયમાં અવધૂત ષટ્ચક્રભેદન વિશે વિવેચન કરશે. હે સંતશ્રોતાઓ, તમને હું હાથ જોડી વિનંતી કરું છું કે તમારા માટે આ ખેતરનો પાક તૈયાર છે. તેમજ તમે તેના સાચા માલિક છો. પસંદગી પ્રમાણે તે રસનું સેવન કરવું, તૃપ્તિ થાય ત્યાં સુધી સેવન કરવું. અનંતસુતને ભોજનપંક્તિમાં સ્વીકારી શેષપ્રસાદ આપવો.

॥ ઈતિ પંચવિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

# અધ્યાય - ૨૬

॥ શ્રીગણેશાય નમઃ ॥ શ્રીસરસ્વત્યૈ નમઃ ॥

॥ શ્રી સદ્ગુરુ દત્તાત્રેયાય નમઃ ॥

હે અજ, અવિનાશી, પરાત્પર, શાંત, સદ્ગુરુ, સર્વેશ્વર, પરમ ઉદાર, પરમાત્મા, તને નમસ્કાર. હે વિશ્વોદ્ધાર, વિશ્વપતિ, કરુણાઘન, કૃપામૂર્તિ, તું સર્વ જીવોની વિશ્રાંતિ છે. સર્વનું તું પ્રીતિપૂર્વક પાલન કરે છે. તારો જયજયકાર. તું અજ્ઞાનાંધકારનો નાશક, રોગ, પીડા અને દોષનો દાહક, જ્ઞાનાદાતા, સુખદાયક અને સર્વજ્ઞ છે. તું સમર્થ પતિતપાવન છે અને જ્ઞાનબોધ કરી પરમાર્થની પ્રાપ્તિ કરાવે છે. તારો મહિમા એટલો અગાધ છે કે તેનું વર્ણન કરતાં શેષની મતિ પણ કુંઠિત થશે. મને તો તે વર્ણન કરતાં આવડશે જ નહિ. આથી મેં તારાં ચરણો પકડ્યા છે. સર્વજ્ઞાનમાં શ્રેષ્ઠ જે આત્મજ્ઞાન તેનો બોધ કરી મને તેમાં તન્મય કર. મારી આર્ત પ્રાર્થના સાંભળી તેં કૃપા કરી છે તો હવે મારાથી યોગ્ય વિવેચન કરાવ. પચ્ચીસ અધ્યાય સુધીનું વિવરણ સાંભળી શ્રોતાઓ આનંદ પામ્યા છે.

ષટ્ચક્ર વિશે પ્રશ્ન સાંભળી અવધૂત માતાને કહે છેઃ આ સાડા ત્રણ હાથ લાંબા શરીરમાં અને ચક્રોમાં અજપા* ગાયત્રીનો જપ થતો

---

* અજપા નામ ગાયત્રી યોગીનાં મોક્ષદાયિની ।
અસ્યા સંકલ્પમાત્રે ચ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥૪૩॥
અનયા સદશી વિદ્યા અનયા સદશો જપઃ ।
અનયા સદશં જ્ઞાનં ન ભૂતો ન ભવિષ્યતિ ॥૪૪॥
કુંડલિન્યાં સમુદ્ભૂતા ગાયત્રી પ્રાણધારિણી ।
પ્રાણવિદ્યા મહાવિદ્યા યસ્તા વેત્તિ સ વેદવિત્ ॥૪૫॥
- ગોરક્ષસંહિતા, પ્રથમ શતક (૪૩,૪૪,૪૫)

હોય છે. કયા ચક્રમાં કયો વર્ણ, કઈ માતૃકા, કયું સ્થાન, કયા દેવ, કયા ઋષિ, કેટલો જપ થાય છે તે હું તને સવિસ્તર કહું છું. આધારચક્ર (મૂલાધાર) કરોડની નીચે ગુદાસ્થાને આવેલું છે. તેને ચાર પાંખડીઓ છે. ચંદ્ર અને આરક્ત સૂર્ય (લાલાશ પડતો- ઊગતો સૂરજ) દેવતા ગણપતિ અને આ ચક્રની શક્તિ ડાકિની છે. ઋષિ ઈશ્વર છે. ઊંચાઈ ચાર આંગળ અને છસો (સોઽહં)નો જાપ થાય છે. તેમાં ચાર ગુણ અને ચાર માતૃકા છે.

સ્વાધિષ્ઠાન ચક્ર લિંગસ્થળે (જનનેંદ્રિય) આવેલું છે અને તેને છ પાંખડીઓ છે. તેનો વર્ણ તપ્ત સુવર્ણ જેવો છે. સાવિત્રી સાથે બ્રહ્મદેવ ત્યાં વાસ કરે છે. બં થી શરૂ કરી લં સુધી છ માતૃકા ત્યાં વિરાજે છે. અહીંયાં છ હજાર જપ થતા હોય છે.

ત્રીજું મણિપુરચક્ર નાભિસ્થળે આવેલું છે. તેનો વર્ણ શ્યામ હોઈ તે ચક્રને દસ પાંખડીઓ છે. તેની ઊંચાઈ દસ આંગળ છે. દસ ગુણ તથા ડં થી શરૂ કરી ફં સુધીની દસ માતૃકા ત્યાં નિવાસ કરે છે. લક્ષ્મી સાથે વિષ્ણુ અહીં નિવાસ કરે છે. અહીં ઋષિ પવન (વાયુ) છે અને છ હજાર જપ થાય છે.

ચોથું અનાહત ચક્ર હૃદયસ્થળે વિદ્યમાન છે. તેનો વર્ણ કપૂર જેવો હોઈ તેને ૧૨ પાંખડીઓ છે. અહીંનું દૈવત ઉમા સાથે રુદ્ર નિવાસ કરે છે. આ ચક્રની ઊંચાઈ બાર આંગળ છે અને ૧૨ ગુણ છે. અહીં કં થી શરૂ કરી ઠં સુધીની ૧૨ માતૃકાઓ છે. અહીંના ઋષિ ઇંદ્ર છે અને અહીં છ હજાર જપ થાય છે.

પાંચમું વિશુદ્ધચક્ર કંઠસ્થળે આવ્યું. તે ચક્રને ૧૬ પાંખડીઓ છે. તેની ઊંચાઈ ૧૬ આંગળીઓ છે. તેનો વર્ણ તેજસ્વી શુભ્ર છે. અહીંની દેવતા આદિશક્તિસહ લિંગ છે. (શિવલિંગ). અહીં ઋષિ વિષ્ણુ છે

અને જપ એક હજાર થાય છે (સ્વતઃ). તેનો વર્ણ શ્યામ છે. અહીંના ગુણ ૧૬ હોઈ અ થી અઃ સુધીની ૧૬ માતૃકા નિવાસ કરે છે.

છઠ્ઠું આજ્ઞાચક્ર ભ્રૂસ્થાને (કપાળે બે આંખની વચ્ચે) આવેલું છે. જેને બે પાંખડીઓ છે. અહીંની દેવતા ઈચ્છાશક્તિ સાથે પરમહંસ છે. તેની ઊંચાઈ બે આંગળ છે. બે પાંખડીઓમાં ઈડા અને પિંગળા છે જ્યારે તે બે વચ્ચે સરસ્વતી છે. તે સુષુમ્ણા નામથી પણ ઓળખાય છે. વાયુ તેમાંથી વહે છે. રેચક, કુંભક, પૂરક અને ત્રાટક ત્યાંથી જ નિર્માણ થાય છે. રાજયોગ અને હઠયોગના માર્ગે જતા સાધકોએ આ જ માર્ગે આગળ વધવાનું હોય છે. પ્રાણાયામ માટે પણ આ જ સ્થળ યોગ્ય છે. આજ્ઞાચક્રમાં બે ગુણ હોઈ હં અને ક્ષં આ બે માતૃકાઓ તેમાં છે. અહીં હંસ ઋષિ વિદ્યમાન હોઈ તેઓ બે હજાર જપ (સોઽહં) કરે છે. પાંખડીઓનો વર્ણ માણેક પ્રમાણે નીલ રંગનો છે.

આ પ્રમાણે છ ચક્રોનું વિવેચન થયું છે. છ એ ચક્રમાં થતો જપ એકવીસ હજાર અને છસો થાય છે અને માત્રા બાવન થાય છે. પચાસ પાંખડીઓમાં છે. વધારાની બે માત્રાઓ છે. આ છ ચક્રની ટોચે મૂળચક્ર આવ્યું. તે સહસ્રદલ અથવા સહસ્રાર ચક્ર તરીકે ઓળખાય છે. તે બ્રહ્મરંધ્રના સ્થળે છે અને તેના તેજને કોઈ પણ ઉપમા લાગુ પડતી નથી. કોટિ સૂર્ય, અગ્નિનું તેજ અને કોટિ ચંદ્રનું તેજ એકઠું કરીએ તો પણ તેનાથી વધારે તેજ સહસ્રદલચક્રનું છે. સહસ્રદલમાં દેવગુરુ નિવાસ કરે છે. ત્યાંની શક્તિ જ્ઞાનશક્તિ છે. નિર્ગુણ, નિરાકાર આ બ્રહ્મસ્થાન છે. અહીં જપ એક હજાર છે. બધા જ ચક્રોના દેવતા આસન નાંખી અહીં જપ કરે છે. અહીંના ઋષિ પ્રકાશક છે. સાડા ત્રણ માતૃકા અહીં નિવાસ કરે છે. અકાર, ઉકાર અને મકાર સાથે ૐકારનું અહીં વાસ્તવ્ય છે. તેનો કોઈ અંત દેખાતો નથી. સાડા બાવન માત્રાની અહીં રમત છે. આ બધાથી પર જે વસ્તુ વધે છે તે નિર્મળ

બ્રહ્મવસ્તુ છે. તેને નિરંજન પણ કહે છે. તેની પેલે પાર નિરાભાસ નિર્ગુણ છે.

શ્રીદત્ત દ્વારા ઉપર પ્રમાણે વિવેચન સાંભળી માતા અનસૂયાને અતિ હર્ષ થયો. તેણે કહ્યુંઃ હે અવધૂત, તારા વિવેચનનો જોટો જડવો મુશ્કેલ છે. તું મારો પુત્ર નથી પરંતુ સ્વયં ઈશ્વર જ છે. તેં મને બોધ કરી મારો ઉદ્ધાર કર્યો. તારું વિવેચન સાંભળી મારું મન શાંત થયું. હવે મારી કોઈ શંકા રહી નથી. મારા અંતઃકરણમાં આનંદ આનંદ પલ્લવિત થઈ રહ્યો છે. હું હવે બ્રહ્મરૂપ જ થઈ રહી છું. તેમ છતાં મારા મનમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો છેઃ

આ દેહમાં મન વાસ્તવ્ય કરે છે. તે ક્ષણે ક્ષણે બદલાય છે, અનેક પ્રકારની કલ્પના કરે છે. તેનું શું કારણ? મન અત્યંત ચંચળ છે તે વિશે અવધૂત કહે છેઃ મન, મીન (માછલી) અને મારુત (વાયુ) અને માંખ ખૂબ જ ચંચળ છે. આ સર્વ સ્વચ્છંદતાથી રમે છે. કોઈ પણ ઉપાયથી સ્થિર રહેતા નથી. મન તો તે સર્વમાં સહુથી વધુ અસ્થિર છે. જીવ અને મન એક જ જાણવા. જીવરૂપી હંસ રમતાં રમતાં બિંદુસ્થળે અથડાયો. જમણી-ડાબી બાજુએ અટવાતા અટવાતા અષ્ટદળમાં આવ્યો. તે આઠ પાંખડીઓવાળું કમળ છે. આઠ પાંખડીઓ આઠ ગુણયુક્ત છે. હર્ષ, વિષાદ, ભય, આનંદ, ઉત્સાહ, પ્રમાદ, શોક, મોહ એ આઠ ગુણ છે.

વચ્ચેની તે બેઠક. ત્યાં જીવ નિર્વિષય સ્વાત્મસુખ ભોગવવા ઈચ્છે છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, અગ્નિ ખૂણો, નૈઋત્ય અને વાયવ્ય આ આઠ પાંખડીઓ પર મનરૂપી ભ્રમર ફરે છે. તે તે પાંખડીનો જેવો જેવો ગુણ હોય તે પ્રમાણે મન થાય છે. તેની ભાવના તે પ્રમાણે થાય છે. પરંતુ તે ત્યાં જ ચોંટી રહેતું નથી. આ પ્રમાણે મનની એક રીત છે. જયાં સુધી એકાદ પાંખડી પર રહે છે ત્યાં સુધી

તેવી જ વૃત્તિ શરીરમાં હોય છે. તે પ્રમાણે ક્રિયા પણ કરે છે. બીજી પાંખડી પર જતાં પહેલાંની વાસનાનો ત્યાગ કરે છે. જ્યાં હોય છે ત્યાંની પ્રીતિ વધારે છે. બાહ્ય પ્રકૃતિમાં જે ફેરફાર થાય છે તેના પરથી આ જાણવું.

યોગ્ય અને અયોગ્યનો નિર્ણય વિવેકપૂર્ણરીતે લેવો. મન રંગ પ્રમાણે રમે છે. ભોગ પ્રમાણે લચીલો બને છે. ઈંદ્રિયો તે જ ગુણથી દોડે છે અને ઈચ્છાનુસાર કાર્ય સ્વીકારે છે. મન ઈંદ્રિયોનો રાજા છે. તેની આજ્ઞા (મન) પ્રમાણે તે (ઈંદ્રિયો) કાર્ય કરે છે. તેને ફસાવનાર પાંચ શત્રુઓ છે. તે પાંચ જણને લીધે મને લોલુપ થાય છે. કાન, નાક, આંખો, જીભ અને જનનેંદ્રિય. અહીં પાંચ વિષયો મનને સતેજ કરે છે.

જીભ રસનું સેવન રસપૂર્વક કરે છે. મન લોલુપતાથી સ્વાદને ચોંટે છે આથી તે અયોગ્ય કર્મ કરાવી ફક્ત રસને લીધે પોતાની મોટાઈ ગુમાવે છે. છ પાંખડીઓનો વિકાર, સંગથી સંગ વધે છે અને મનને ઉન્માદ ચઢે છે અને સર્વ રીતે આઘાત પામે છે. કાનથી સાંભળવું, હૃદયમાં સંગ્રહ કરવો, મનથી તે સ્વીકારવું અને તે અનુસાર આચરણ કરવું. દૂરની પ્રિય વાત સાંભળવી, શરીર ઝોંકીને તે પાછળ દોડવું, સાંભળ્યા પ્રમાણે ભોગ ભોગવવા અને મન ત્યાં જ લુબ્ધ થઈ જાય છે.

મનથી શ્રવણ કર્યું, બીજાએ કાંઈક જુદું કહ્યું, પરંતુ મન બીજી વાતમાં રત હોવાથી તે કથન (શ્રવણ) વ્યર્થ ગયું. આંખો રૂપ નીરખે છે. તે રૂપને મન હૃદયમાં સંગ્રહ કરે છે. તે રૂપ ગમી જતાં, ભ્રમર જે પ્રમાણે કમળમાં ફસાઈ જાય છે તે પ્રમાણે મન તે રૂપમાં ફસાઈ જાય છે. નેત્ર જે જે જુએ છે તે તે વસ્તુ પાછળ મન દોડે છે. શરીર પોતાના મૂળસ્થાને ભલે આવેલું હોય, મન તે વસ્તુની ચાહમાં લિપ્ત હોય છે.

માર્ગ ઉપર ચાલતાં આવતા જતાનો ખ્યાલ ચિત્તને નથી હોતો. અથવા બીજા કોઈએ હાથથી ઈશારો કરતાં તે સમજાતું નથી. ભાન ઉપર આવતાં (બહિર્મુખ થતા) કોઈએ પૂછતાં કે અમે તમને બોલાવ્યા; તમે જવાબ કેમ ન આપ્યો? નજીકથી પસાર થએલો માણસ પૂછે છેઃ અમે તમારી બાજુથી પસાર થયા ત્યારે કેમ તમે કશું ના બોલ્યા? ત્યારે જવાબ આપે છેઃ મેં તમને નીરખીને જોયા ન હતા. તમારા પ્રમાણે જ બીજા એકે મને બોલાવ્યો તે પણ મેં સાંભળ્યું નહીં. તેવા સમયે તે વ્યક્તિ અમુક નિશાની કહે છે. ત્યારે નિશાનીનો ખ્યાલ આવતાં કહે છેઃ તમે સાચું કહો છો પરંતુ મારું ચિત્ત બીજી બાજુમાં હોવાથી મેં તમને જોયા જ નહીં. બીજી બાજુ ધ્યાન ન હોત તો અવશ્ય ઓળખ્યા હોત.

આ મન અડધું આંધળું, પાંગળું, બહેરું, મૂંગુ અને સ્વાદરહિત હોય છે. પરંતુ બતાવેલા સ્થળે તે ત્વરિત ચોંટી જાય છે. મન અને સ્ફટિક (અથવા કાચ) બંને રંગ પ્રમાણે રંગાય છે. રંગ કાઢી લેતાં ફરી ઉપાધિરહિત દેખાય છે. આ તેમનો સારો ગુણ છે. મન પરાધીન છે. બતાવેલા સ્થળે, વસ્તુમાં તે ચોંટી રહે છે, તેનો ત્યાગ કરતું નથી. જગતમાં હિતકર્તા અને અહિતકર્તા બે માર્ગ છે. સ્વહિત કરવા માટે મનને પરમાર્થમાર્ગે લગાડવું. વિવેકનો સ્વીકાર કરીને પરમાર્થનો માર્ગ સ્વીકારીએ તો સર્વ સંકટો દૂર થાય છે અને શરીર બ્રહ્મરૂપ થાય છે. આથી મનને નિત્ય શિખામણ આપી (બોધ કરવો) તેને સત્સંગમાં પરોવીને આત્મસુખ પ્રાપ્ત કરવું અને દુઃસંગને ટાળવો.

આ પિંડ-બ્રહ્માંડની રચના, અષ્ટચક્રનું ભેદન તત્ત્વબોધનું નિરુપણ (વિવેચન) ઇત્યાદિ સર્વ જ્ઞાન તને કથન કર્યું. પરંતુ તેનો અનુભવ થવો જોઈએ અને તે માટે પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. આ અભ્યાસ માટે બિનઅનુભવીએ સદ્ગુરુનું માર્ગદર્શન

મેળવવું જોઈએ. સદ્‌ગુરુ વગર કોણ માર્ગદર્શક થશે? માર્ગદર્શન માટે તેને કાયા વાચા મનથી શરણે જવું. સદ્‌ગુરુ એ સૂર્ય પ્રમાણે તેજસ્વી અને જ્ઞાનના સાગર હોવા જોઈએ. તેવા સદ્‌ગુરુ જ શિષ્યને પોતાના જેવો સમર્થ કરી શકે છે. તેવા સદ્‌ગુરુને શોધવો.

બીજા અનેક પ્રકારના ગુરુઓ હોય છે. જેઓ શિષ્યની ધન-સંપત્તિની અભિલાષા રાખે છે, લોકોમાં મહંત તરીકે પ્રતિષ્ઠા પામવાની ઈચ્છા રાખે છે. કેટલાક ગુરુ શિષ્યનું ઐશ્વર્ય, ધન જોઈને તેમને અનુગ્રહ આપે છે અને શિષ્યથી અંજાઈ જાય છે. જેઓ શિષ્યની પ્રશંસામાં રાચે છે, શિષ્યની મરજી અનુસાર વર્તે છે, શિષ્ય સાથે લૌકિક આચાર પાળે છે. શિષ્યનું ધન મેળવવા આ બધું કરતા હોય છે. તેવા ગુરુને લોભી જાણવા. તેઓ શિષ્યને કેમ કરીને તારશે? તેવા ગુરુઓ પોતાનો જ ભાર વહન કરી શકતા નથી તો બીજા અનેકને પેલે પાર કેમ કરીને લઈ જશે? અસ્તુ.

ગુરુના અનેક પ્રકાર છે. તેઓ સદ્‌ગુરુની તોલે આવી શકે નહિ. સદ્‌ગુરુનો મહિમા અદ્‌ભુત છે. તેને કોઈની ઉપમા આપી શકાય નહીં. એક વાત યાદ આવી. હીરો પૃથ્વીના પેટાળમાં હોય છે, ફરે છે. અગ્નિ પણ પૃથ્વીના પેટાળમાં હોય છે. હીરાના સ્પર્શથી ગારો પણ હીરામાં પરિવર્તન પામે છે. તે ગારો (વિજ્ઞાન પ્રમાણે કોલસો તેના પર પ્રચંડ દબાણ થવાથી તે હીરામાં પરિણમે છે.) હીરા પ્રમાણે ફરતો નથી (પૃથ્વીમાં) અને ગારાના સ્પર્શથી હીરામાં પરિણામ થતું નથી. ઉપમા માટે આ સ્પર્શગુણનું ઉદાહરણ આપ્યું.

અગ્નિનું ઉદાહરણ લો. અનેક વસ્તુઓ અગ્નિમાં નાંખતાં અગ્નિના સ્પર્શથી તે વસ્તુઓ પણ અગ્નિસ્વરૂપ બની જાય છે. અગ્નિસ્વરૂપ બનેલા પદાર્થોમાં પણ બીજી વસ્તુનો સ્પર્શ થતાં તે પણ અગ્નિસ્વરૂપ થઈ જાય છે. ગુરુને કોઈ પણ ઉપમા લાગુ પડતી નથી.

શાંત, દાંત અને વિરક્ત, ભક્તિજ્ઞાન, વૈરાગ્યયુક્ત, ઉદાર, ધીર, ઐશ્વર્યયુક્ત એવા સદ્‌ગુરુ હોય છે જેઓ અનાથને સનાથ કરે છે. તેઓ વિવેકથી જ્ઞાનબોધ કરે છે, અજ્ઞાનનો નાશ કરે છે. ત્રિવિધ તાપને દૂર કરી પાવન કરે છે. નેત્રોમાં જ્ઞાનરૂપી અંજન આંજી આત્મરૂપનાં દર્શન કરાવે છે. શિલ્પનું વિનયરૂપી ધન જોઈ તેને પાવન કરે છે. બોધ વૈરાગ્યરૂપી કવચ પહેરાવી અહંકારનો નાશ કરે છે. જે શિષ્ય સહજ રીતે તેમની સેવા કરે છે, સદાચારયુક્ત વલણ રાખી અભ્યાસ કરે છે તેવો શિષ્ય ગુરુને ગમે છે, તેના પર તેઓ કૃપા કરે છે.

શિષ્ય વિવેકી, ભાવિક, સેવાનિષ્ઠ, શુદ્ધ ચિત્તવાળો, વિષયલંપટ ન હોય તેવો અને (આજ્ઞાધારક) આજ્ઞાંકિત હોવો જોઈએ. શિષ્યમાં વિકલ્પ, નિંદા, દ્વેષ, રોષ બિલકુલ ન હોવા જોઈએ. શિષ્યમાં ભક્તિભાવ અને પ્રેમ હોવો જોઈએ. તેવો શિષ્ય ઉપદેશને લાયક હોય છે. અભિમાની, દુરાચારી, અઘોર કૃત્યો કરનાર (કૂટ) નિંદક, દુષ્ટ, કપટી, દ્વેષી, ઘાતક, જાર, ચોર, મલિન, કઠોર અને વાચાળ શિષ્યને ઉપદેશ કરવો નહીં. તેવા શિષ્યને જો ઉપદેશ પ્રાપ્ત થાય તો પણ તેને બોધ કર્યો હોવા છતાં પોતાના અવગુણોનો ત્યાગ કરતો નથી ઉલટું સામે દલીલ કરવા પ્રવૃત્ત થાય છે. આથી જ તેનો ત્યાગ કરવો.

જે રીતે કસોટીના પથ્થર પર ઘસીને સોનાની, તેના પર હથોડાના ઘા મારીને હીરાની પરીક્ષા લેવામાં આવે છે તે જ પ્રમાણે શિષ્યની પરીક્ષા કરીને શિષ્યનો સ્વીકાર કરવો જોઈએ. અભ્યાસમાં (સાધના) જેને પ્રેમ છે, સાધનાની બાબતમાં જે હંમેશાં સાવધાન છે, પરમાર્થ પ્રત્યે જેને અત્યંત આદર છે તેવા જ શિષ્યને જ્ઞાનપ્રદાન કરવું. ગુરુ અને શિષ્યના ગુણો અને અવગુણો વિશે વિવેચન કર્યું. જેવો અધિકાર તેવો જ ગુણ પ્રાપ્ત થશે. ગુરુ-શિષ્યે પરસ્પર ગુણ-અવગુણો જાણીને

વર્તન રાખવું. બંને જયારે સમસમાન હશે ત્યારે શ્રેષ્ઠ ફળ મળશે. ત્યાં જ આનંદનો વર્ષાવ થશે અને કોઈ પણ શંકા રહેશે નહીં.

સત્સંગમાં સંલગ્ન રહેવાથી ગુરુ-શિષ્યમાં એકતા રહેશે, લાભપ્રાપ્તિ થશે અને લોભ અહંકાર ઓછો થશે. સત્સંગનો મહિમા ખૂબ મોટો છે. તેનાથી અંતઃકરણ શુદ્ધ થાય છે, નિકટ સહવાસથી સમજ આવે છે અને સેવા તરફ મન જાય છે. સેવાપરાયણ થવાથી વિકારો નિશ્ચિતપણે દૂર પલાયન થાય છે. (ગુરુ-ઉપદેશ) શ્રવણ કરવાથી જ અધિકાર પ્રાપ્ત થાય છે અને મનમાં ભક્તિપ્રેમનાં મૂળિયાં ઊંડાં જાય છે. હૃદયમાં ભાવ દૃઢ થતાં જ સદ્‌ગુરુ પ્રાપ્ત થાય છે અને શિષ્યનો ઉત્કટ પ્રેમ જોઈ તેને પોતાના ચરણે શરણ આપે છે. શિષ્યનું મન ગુરુચરણે લીન થતાં સદ્‌ગુરુ તેની સર્વ ચિંતા અને ક્લેશ નષ્ટ કરી પોતાની અમૂલ્ય આત્મસંપદા તેને આપી સ્વાનંદપદે સ્થાપે છે.

તેવી ઉચ્ચ સ્થિતિએ પહોંચતાં જ ગુરુનું ગુરુપણું અને શિષ્યનું શિષ્યત્વ બંને ઓગળી જાય છે. પછી કોણ કોને જુએ? મન પણ પોતાનું વિચાર કરવાનું કામ છોડી ઉન્મન થઈ જાય છે. જ્ઞાનરૂપ તેજથી બ્રહ્માંડ જ ચકચકે છે. વાણી તેનું વર્ણન કરી શકતી નથી. આવા સદ્‌ગુરુનો મહિમા વેદો પણ જાણતા નથી. શ્રીદત્ત અવધૂતે માતાને કહ્યુંઃ જેને સ્વહિત સાધવું છે તેણે સદ્‌ગુરુના શરણે જવું. અનસૂયાએ કહ્યુંઃ આજનું શ્રવણ મારા હૃદયમાં સોંસરવું ઉતરી ગયું છે. હું તૃપ્ત થઈ છું. હે અવધૂત, તારા વિવેચનરૂપી દિવ્ય રસાયણનું જે આદરથી સેવન કરશે તેમના ત્રિવિધ તાપ નષ્ટ થશે અને ફક્ત શ્રવણથી જ તેઓ પાવન થશે.

સંત, સાધુ, જ્ઞાની, વિરક્ત, યોગી, સિદ્ધ, પંડિત, પ્રેમળ, ભાવિક અને મુમુક્ષુ આ જ્ઞાનના અધિકારી છે. દાંભિક, અભિમાની, દ્વેષી, કુબુદ્ધિવાળો, દ્રોહી, ચાંડાળ, કુમતિવાળો અને અભાવિકને આ

જ્ઞાનનો અધિકાર નથી. અહીં જેમને અધિકાર છે તેમનું મન આ ગ્રંથમાં રમે છે. તેમને જ તેમાંનું જ્ઞાન પ્રગટ થાય છે. બીજાઓને તે કેવી રીતે પ્રાપ્ત થશે? તમે શ્રોતાઓ સંતો, જ્ઞાની, વિચક્ષણ અને પંડિત છે. આ દત્તકથાના વિવેચનનું શ્રવણ કરનાર તમે જ છો. તમને પ્રશ્નોત્તરો ગમે છે. તમારા લીધે જ આ ગ્રંથને મહત્ત્વ પ્રાપ્ત થયું છે. આગળ આવનાર પ્રશ્નોત્તરી અતિ મહત્ત્વની છે. શ્રીદત્ત યોગેશ્વર તેનું કથન કરશે. શ્રોતાઓને શ્રીદત્તના કથનથી અપાર સુખ પ્રાપ્ત થશે. તમારી કૃપાનો જ મને આધાર છે. તમે જ મારા મા-બાપ છો. મને સહાય કરો, મારો અંગીકાર કરો અને મને અભય પ્રદાન કરો.

॥ ઈતિ ષડ્વિંશોઽધ્યાયઃ સમાપ્તઃ ॥

❁❁❁

# દિવ્ય પંચમૂર્તિ દર્શન

